# એલલુશ્શરાએઅ

# (શરીઅતના હુકમોના કારણોના જવાબો)

- : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

HOME | એલલુશ્શરાએઅ-1 | VISIT US

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પેજ |
|---|---|---|
| ૧. | અલ્લાહ તઆલાએ ઉલુલ અઝમ નબીઓ શા માટે બનાવ્યા છે ? અને તેઓની ઇતાઅત કરવાનો હુકમ શા માટે આપ્યો છે ? | 80 |
| ૨ | જમીન ઉપર એકથી વધારે ઇમામ શા માટે નથી હોતા ? | 85 |

| | | |
|---|---|---|
| ૩ | શરીઅતમાં અમુક કાર્યો કરવાનો અને અમુક કાર્યો ન કરવાનો હુકમ શા માટે છે ? | 89 |
| ૪ | લોકોએ અલ્લાહની ઇબાદત શા માટે કરવી જોઈએ ? | 79 |
| ૫ | ઇબાદતનો હુકમ નમાઝના સ્વરૂપમાં શા માટે ? બંદાઓને નમાઝ પડવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ? | 91 |
| ૬ | વુઝુનો હુકમ શા માટે | 95 |

| | | |
|---|---|---|
| | આપવામાં આવ્યો ? | |
| ૭ | વુઝુમાં અમુક ભાગ ધોવાનો અને અમુક ભાગના મસાહ કરવાનો હુકમ શા માટે છે ? | 96 |
| ૮ | પેશાબ, હવા છુટવા અને ઊંઘ પછી વુઝુ શા માટે ? | 99 |
| ૯ | જનાબત પછી ગુસ્લ વાજીબ થાય છે તો પેશાબ કર્યા પછી કેમ નહીં ? | 101 |
| ૧૦ | અઝાનનો હુકમ શા માટે ? | 102 |
| ૧૧ | અઝાનનું પ્રથમ વાકય | 103 |

| | | |
|---|---|---|
| | “તકબીર” શા માટે ? | |
| ૧૨ | અઝાનમાં ચાર વખત તકબીર શા માટે ? | 105 |
| ૧૩ | અઝાનમાં તકબીર પછી શહાદતૈન શા માટે ? | 106 |
| ૧૪ | નમાઝમાં સુરાઓની તિલાવત શા માટે ? | 108 |
| ૧૫ | નમાઝમાં પહેલાં સુરએ હમ્દ પડવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ? | 109 |
| ૧૬ | નમાઝમાં તસ્બીહ | 116 |

| | | |
|---|---|---|
| | (સુબ્હાનલ્લાહ) નો ઝિક્ર, રૂકુઅ અને સિજદા શા માટે છે ? | |
| ૧૭ | નમાઝની એક રકાતમાં બે સિજદા કરવાનો હુકમ શા માટે છે ? | 118 |
| ૧૮ | નમાઝની બે રકાત પછી તશહ્હુદ શા માટે ? | 119 |
| ૧૯ | નમાઝમાં છેલ્લે સલામ શા માટે ? તકબીર, તસ્બીહ કે એવો કોઈ ઝિક્ર શા માટે નહીં | 119 |

| | | |
|---|---|---|
| | ? | |
| ૨૦ | નમાઝની ત્રીજી અને ચોથી રકાતમાં તસ્બીહ઼ાતે અરબાનો ઝિક્ર શા માટે હોય છે ? | 121 |
| ૨૧ | (પુરૂષો માટે) કેટલીક નમાઝો મોટા અવાજે અને કેટલીક નમાઝો ધીમા અવાજે પડવાનો હુકમ શામાટે ? | 122 |
| ૨૨ | નમાઝનો સમય નિશ્ચિત શા માટે ? | 124 |
| ૨૩ | નમાઝે અસ્રનો સમય, | 130 |

| | | |
|---|---|---|
| | નમાઝે ઝોહ્ર અને નમાઝે મગરીબની વચ્ચે શા માટે રખાયો છે ? | |
| ૨૪ | નમાઝે જુમ્આ ઇમામની સાથે પડવામાં આવે તો બે રકાત અને એકલા પડવામાં આવે તો (તેનીબદલે નમાઝે ઝોહ્ર) ચાર રકાત શા માટે ? | 133 |
| ૨૫ | નમાઝે જુમ્આમાં ખુત્બા શા માટે ? | 135 |
| ૨૬ | નમાઝે જુમ્આમાં બે ખુત્બા | 136 |

| | | |
|---|---|---|
| | હોવાનું કારણ ? | |
| ૨૭ | જુમ્આનો ખુત્બો જુમ્આની નમાઝની પહેલાં અને ઈદની નમાઝનો ખુત્બો ઈદની નમાઝની પછી શામાટે ? | 138 |
| ૨૮ | “કસ્ર” નમાઝ શા માટે ? | 140 |
| ૨૯ | નમાઝે મૈયતનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ? | 142 |
| 30 | નમાઝે મૈયતમા પાંચ તકબીર જ શા માટે ? ચાર કે છ તકબીર ન હોવાનું કારણ? | 143 |

| | | |
|---|---|---|
| ૩૧ | નમાઝે મૈયતમાં રૂકુઅ અને સજદા શા માટે નથી હોતા ? | 144 |
| ૩૨ | મૈયતને ગુસ્લ શા માટે આપવામાં આવે છે ? | 145 |
| 33 | મૈયતને કફન પહેરાવવાનો (તકફીનનો) હુકમ શા માટે ? | 146 |
| ૩૪ | મરનારને દફન શા માટે કરવામાં આવે છે ? | 148 |
| ૩૫ | મૈયતને ગુસ્લ આપનાર વ્યક્તિએ ગુસ્લે મસે મૈયત (મૈયતને અડક્યા પછી | 149 |

| | | |
|---|---|---|
| | કરવાનું ગુસ્લ) શામાટે કરવાનું હોય છે ? | |
| ૩૬ | માણસ સિવાયના બીજા પક્ષી-પ્રાણીઓના મુર્દાને અડકવાંથી ગુસ્લે મસે મૈયત શા માટે વાજીબ થતું નથી ? | 151 |
| ૩૭ | નમાઝે મૈયત પડવા માટે વઝુ જરૂરી કેમ નથી ? | 153 |
| ૩૮ | સુર્ય ગ્રહણની નમાઝ (નમાઝે આયાત) શા માટે ? | 153 |
| ૩૯ | યવ્મુલ ફિત્રને "ઈદનો | 155 |

| | | |
|---|---|---|
| | દિવસ” શા માટે કહેવામાં આવે છે ? | |
| ૪૦ | રોઝાનો હુકમ શા માટે ? | 156 |
| ૪૧ | રોઝા રાખવાનો હુકમ માહે મુબારક રમઝાનમાં જ શા માટે ? | 159 |
| ૪૨ | માહે મુબારકે રમઝાનની ફઝીલત | 161 |
| ૪૩ | માહે મુબારકે રમઝાનના આખા મહીનાના રોઝા શા માટે વાજીબ ? તેથી ઓછા કે | 162 |

| | | |
|---|---|---|
| | વધારે શા માટે નહીં | |
| ૪૪ | હૈઝના દિવસોમાં ઔરતો માટે નમાઝ રોઝા શા માટે નથી ? | 164 |
| ૪૫ | હૈઝમાં ન રખાએલ રોઝાની કઝા કરવાની હોય છે, જયારે નમાઝની કઝા અદા કરવાની હોતી નથી તેનું કારણ ? | 165 |
| ૪૬ | સખત ઊંઘની હાલતમાં નમાઝ પડવી જાએઝ શા માટે નથી ? | 166 |
| ૪૭ | હઝરત રસૂલે ખુદા | 167 |

| | | |
|---|---|---|
| | (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દરરોજ સવારે અને સાંજે ૩૬૦ વખત “અલ હમ્દોલિલ્લાહ” નો ઝિક્ર શા માટે કરતાં હતા ? | |
| ૪૮ | હજનો હુકમ શા માટે ? | 169 |
| ૪૯ | લોકો માટે હજ જિંદગીમાં એક વખત વાજીબ શા માટે ? | 173 |
| ૫૦ | હજ્જે તમત્તોઅનો હુકમ શા માટે ? | 174 |
| ૫૧ | પેશાબની નજાસતથી | 177 |

| | | |
|---|---|---|
| | બચવાનું કારણ ? | |
| ૫૨ | કુદરતી હાજત માટે વધારે સમય બેસવું મકરૂહ કેમ ? | 178 |
| ૫૩ | વુઝુ કરવા માટે બીજા કોઈની મદદ લેવી શા માટે યોગ્ય નથી ? | 179 |
| ૫૪ | વુઝુમાં શરીરના અવયવોને ધોવા અને મસહ કરવાનું કારણ ? | 179 |
| ૫૫ | સુર્યની ગરમી (તડકા)થી ગરમ થએલા પાણીથી વુઝુ | 182 |

| | | |
|---|---|---|
| | અથવા ગુસ્લ શા માટે ન કરાય ? | |
| ૫૬ | જનાબતથી ગુસ્લ શા માટે વાજીબ થાય છે ? પેશાબ અને સંડાસ કરવાથી ગુસ્લે જનાબત શા માટે વાજીબ થતું નથી ? | 183 |
| ૫૭ | ગુસ્લે જનાબત શા માટે ? | 185 |
| ૫૮ | ગર્ભવતી સ્ત્રીને હૈઝ (નું ખુન) શા માટે નથી આવતું ? | 188 |
| ૫૯ | હંમેશા બાવુઝુ રહેવું મુસ્તહબ | 189 |

| | | |
|---|---|---|
| | શા માટે ? | |
| ૬૦ | એક રાતનો તાવ એક વર્ષના ગુનાહોનો કફફારો કેવી રીતે બને ? | 190 |
| ૬૧ | મૈયતને ગુસ્લ શા માટે આપવામાં આવે છે ? | 191 |
| ૬૨ | ગુસ્લે મૈયત તથા મૈયતને ગુસ્લ આપનાર માટે ગુસ્લે મસે મૈયત શા માટે ? | 192 |
| ૬૩ | ગુસ્લે મૈયત અને ગુસ્લે મસે-મૈયત | 193 |

| | | |
|---|---|---|
| ૬૪ | દફન કરતી વખતે મૈયતનું મુખ કિબ્લા તરફ શા માટે રાખવામાં આવે છે ? | 195 |
| ૬૫ | મરનારના વારસદારોએ મરનારનો ઇન્તેકાલ થવા અંગેની ખબરનું એલાન શા માટે કરવું જોઈએ ? | 196 |
| ૬૬ | મૈયતને ઉમદા અને કીમતી કફન શા માટે આપવુ ? | 197 |
| ૬૭ | મૈયત પાસે "જરીદતૈન" (બે ડાળી - લાકડી) શા માટે | 198 |

| | | |
|---|---|---|
| | રાખવામાં આવે છે ? | |
| ૬૮/ ૭૦ | નમાઝે મૈયતમાં પાંચ વખત "તકબીર" શા માટે ? | 200 |
| ૭૧ | નજદીકના સગાઓ માટે (મૈયત ઉપર) કબ્રમાં માટી નાખવાની મનાઈ શા માટે ? | 206 |
| ૭૨-૭૩ | મૈયતને તાત્કાલિક (એકાએક) કબ્રમાં ન ઉતારવાનું કારણ | 207 |
| ૭૪ | મરનારને અંતિમ વખતે આંસુ આવી જવાનું કારણ શું ? | 210 |
| ૭૫ | મૈયતને એકલું ન રહેવા | 211 |

| | | |
|---|---|---|
| | દેવાનું કારણ શું ? | |
| ૭૬ | મૈયતને દફન કર્યા પછીની તલ્કીનનું કારણ ? | 212 |
| ૭૭ | કફનને ધુમાડો (ધુણી) આપવાની અને મૈયતને અત્તર (ખુશ્બુ) લગાડવાની મનાઈ શા માટે ? | 213 |
| ૭૮ | ઇન્સાનનો જન્મ અને મૃત્યુ જુદી જુદી જગ્યાએ થતા હોવાનું કારણ ? | 214 |
| ૭૯ | મોઅમિનની મૌતના સમાચાર | 215 |

| | | |
|---|---|---|
| | શા માટે છૂપાવવા ન જોઈએ ? | |
| ૮૦/ ૮૨ | કબ્રમાં અઝાબનું કારણ ? | 216 |
| ૮૩ | કબ્રનો અઝાબ (ફીશારે કબ્ર) | 219 |
| ૮૪ | કેટલાક લોકો સારા અખ્લાકવાળા અને કેટલાક ખરાબ અખ્લાકવાળા શા માટે હોય છે ? | 225 |
| ૮૫ | પિતાને તેના સંતાન સાથે જેટલી મોહબ્બત હોય તેટલી | 226 |

| | | |
|---|---|---|
| | સંતાનને તેના પિતા સાથે મોહબ્બત ન હોવાનું કારણ.? | |
| ૮૬-૮૭ | વૃધ્ધાવસ્થાનું કારણ ? | 227 |
| ૮૮ | વૃધ્ધાવસ્થા કયારથી શરૂ થઈ? | 230 |
| ૮૯-૯૦ | ઉલુલ અઝમ પયગમ્બરો "ઉલુલ અઝમ" કહેવાતા હોવાનું કારણ ? | 231 |
| ૯૧ | આપણા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) | 238 |

| | | |
|---|---|---|
| | અફઝલ શા માટે છે ? | |
| ૯૨ | કિતાબ અને વહીની ભાષા | 239 |
| ૯૩ | આપણા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના નામ અને લકબ મોહમ્મદ, અહમદ, અબુલ કાસિમ, નઝીર, દાઈ, માહી, આકીબ અને હાશિર શા માટે અપાયા હતા ? | 242 |
| ૯૪ | હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી | 245 |

| | | |
|---|---|---|
| | વસલ્લમ)નું નામ,..ફઝીલત | |
| ૯૫ | હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બાળકોને પણ સલામ કરતાં હતા તેનું કારણ | 251 |
| ૯૬ | હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અલ્લાહ તઆલાએ યતીમ શા માટે બનાવ્યા ? | 253 |
| ૯૭ | હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો | 254 |

| | | |
|---|---|---|
| | અલય્હે વ આલેહી વસલ્લમ)ને કોઈ પુત્ર સંતાન બાકી ન રહેવાનું કારણ | |
| ૯૮ | નમાઝની રકાતની સંખ્યામાં ૫૦ થી ઘટાડો કરાવવાનું અને પાંચ નમાઝોમાં ઘટાડો ન કરાવવાનું કારણ ? | 256 |
| ૯૯ | અલ્લાહની પાસે પંજેતનની પાંચ હસ્તીઓ માનવંત હોવાનું કારણ | 268 |
| ૧૦૦ | હઝરત અલી | 275 |

| | | |
|---|---|---|
| | (અલય્હિસ્સલામ)ની ફઝીલત | |
| ૧૦૧ | અલ્લાહ રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને એહલેબૈત (અલય્હેમુસ્સલામ) સાથે મોહબ્બત | 276 |
| ૧૦૨ | કયામત કયારે આવશે ? | 277 |
| ૧૦૩ | અલ્લાહ તઆલાની મોહબ્બત બાતિલ કયારે થાય છે ? | 281 |
| ૧૦૪ | અલ્લાહ તઆલા માટે જ મોહબ્બત અને તેની જ ખુશી | 282 |

| | | |
|---|---|---|
| | માટે બુઝ્ઝ કઈ રીતે રાખી શકાય ? | |
| ૧૦૫/ ૧૦૭ | હઝરત અલી (અલય્હિસ્સલામ)એ તેમના વિરોધીઓ સાથે લડાઈ શા માટે ન કરી ? | 286 |
| ૧૦૮/ ૧૧૦ | હઝરત અલી (અલય્હિસ્સલામ) પાસે હુકુમત આવી ગઈ છતાં તેઓએ "બાગે-ફીદક" પાછો શા માટે ન લીધો ? | 292 |

| | | |
|---|---|---|
| ૧૧૧ | હઝરત અલી (અલય્હિસ્સલામ) ચાર અંગુઠી (વીંટી) શા માટે પહેરતા હતા ? | 297 |
| ૧૧૨ | (એ) હઝરત અલી (અલય્હિસ્સલામ)નો લકબ અમીરૂલ મોઅમેનીન<br>(બી) તેઓ (અલય્હિસ્સલામ)ની તલવારનું નામ "ઝુલ્ફિકાર" | 299 |

| | | |
|---|---|---|
| | (સી) ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ)નો લકબ કાએમ મહ્દી હોવાના કારણ. | |
| ૧૧૩ | હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમ વહેંચનાર હોવાનું કારણ | 304 |
| ૧૧૪ | હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત | 313 |

| | | |
|---|---|---|
| | અલી (અલય્હિસ્સલામ) સિવાય બીજા કોઈને પોતાના વસી ન બનાવ્યા તેનું કારણ ? | |
| ૧૧૫ | હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની પરવરીશ કેવા સંજોગોમાં કરી હતી ? | 324 |
| ૧૧૬ | કેટલાક ઇમામોએ તલવાર | 328 |

| | | |
|---|---|---|
| | ઉપાડી, કેટલાક મૌન રહ્યા, કેટલાકે ઇમામત જાહેર કરી અને કેટલાકે ગુપ્ત રાખી અને કેટલાકે ઇલ્મનો પ્રચાર કર્યો. તેના કારણ | |
| ૧૧૭ | હઝરત અલી (અલય્હિસ્સલામ) સૌથી પહેલાં જન્નતમાં દાખલ થશે તેનું કારણ ? | 334 |
| ૧૧૮-૧૧૯ | જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નું નામ "ફાતેમા" | 336 |

| | | |
|---|---|---|
| | હોવાનું કારણ | |
| ૧૨૦ | જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ફકત બીજાઓ માટે જ દુઆ કરતાં હતા. પોતાના માટે કોઈ દુઆ ન કરતાં હતા. તેનું કારણ ? | 340 |
| ૧૨૧ | જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની મૈયતને દિવસમાં નહીં પણ રાત્રે દફન કરવામાં આવી તેનું કારણ ? | 341 |
| ૧૨૨ | હઝરત રસૂલુલ્લાહ | 342 |

| | | |
|---|---|---|
| | (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જે માણસને સૂરએ બરાઅત (તૌબા) લઈને મોકલ્યો હતો તેને પાછો બોલાવીને હઝરત અલી (અલય્હિસ્સલામ)ને મોકલ્યા તેનું કારણ | |
| ૧૨૩ | અઇમ્મા (અલય્હેમુસ્સલામ) હુજજતે-ખુદા હોવાની સાબિતી | 346 |
| ૧૨૪/ ૧૨૭ | જમીન કયારેય પણ હુજજતુલ્લાહ-અલલ-ખલ્કથી | 353 |

| | | |
|---|---|---|
| | ખાલી ન રહેતી હોવાનું કારણ | |
| ૧૨૮ | હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ઘર સિવાયના તમામ લોકોના ઘરના દરવાજા જે મસ્જિદમાં ખુલતા હતા તે બંધ કરાવી દીધા તેનું કારણ | 357 |
| ૧૨૯ | ઇમામ કોઈ મશહૂર કબીલા, કૌમ, નસ્લ, કુટુંબ માંથી હોવા | 359 |

| | | |
|---|---|---|
| | જરૂરી, મખ્લૂકમાં સૌથી વધારે સખી, બહાદુર, માફ કરનાર, તમામ ગુનાહોથી બચેલા અને “મઅસુમ” હોવાનું કારણ | |
| ૧૩૦ | ઇમામતનો ક્રમ, ઇમામે હસન (અલય્હિસ્સલામ)થી નહીં પણ ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)થી ચાલુ રહ્યો તેનું કારણ | 375 |
| ૧૩૧ | નબી પછી આવનારા | 379 |

| | | |
|---|---|---|
| | ઇમામની મઅરેફત મેળવવી જરૂરી છે, પરંતુ નબી પહેલાંના પયગમ્બરોની મઅરેફત મેળવવી જરૂરી નથી તેનું કારણ | |
| ૧૩૨ | હઝરત અલી (અલયહિસ્સલામ)એ દુશ્મનોને કત્લ ન કર્યાં પણ અહેસાન કર્યો, જયારે હઝરત કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઝહુર | 380 |

| | | |
|---|---|---|
| | ફરમાવશે, ત્યારે દુશ્મનોને ગિરફતાર કરશે. તેનું કારણ | |
| ૧૩૩ | "રોઝે-આશુરા" સૌથી મોટો ગમ અને મુસીબતનો દિવસ હોવાનું કારણ | 383 |
| ૧૩૪ | હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના સાથીદારો શહીદ થવા તત્પરતા દેખાડતા હતા તેનું કારણ | 397 |
| ૧૩૫ | ઇમામે કાએમ (અજ્જલલ્લાહો | 398 |

| | | |
|---|---|---|
| | તઆલા ફરજહુ શરીફ), ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કાતિલોના વંશજો પાસેથી બદલો લેવા માટે એ લોકોને કત્લ કરશે, તેનું કારણ | |
| ૧૩૬ | હઝરત ઇમામ જઅફર સાદીક (અલય્હિસ્સલામ)નો લકબ “સાદિક” હોવાનું કારણ | 402 |
| ૧૩૭ | ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને મામૂનની | 404 |

| | | |
|---|---|---|
| | વલી અહદી સ્વિકારવી પડી તેનું કારણ | |
| ૧૩૮/ ૧૪૨ | ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ)ની ગયબતનું કારણ | 413 |
| ૧૪૩/ ૧૪૫ | શરીઅતના હુકમો અને ઇસ્લામના સિધ્ધાંતોના કારણો | 422 |
| ૧૪૬ | "સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વલા એલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો | 434 |

| | | |
|---|---|---|
| | અકબર”ની તફસીર | |
| ૧૪૭ | માણસના પેટમાંથી કોઈ વસ્તુ બહાર નિકળે છે, ત્યારે વુઝુ જરૂરી થાય છે, પણ પેટમાં કોઈ વસ્તુ પ્રવેશે છે તો વુઝુ વાજીબ ન થતું હોવાનું કારણ | 441 |
| ૧૪૮ | કુદરતી હાજતે બેસતી વખતે પણ માણસ માટે અઝાનના વાકયો દોહરાવવા અને અલ્લાહનો ઝિક્ર કરવો જાએઝ હોવાનું કારણ | 442 |

| | | |
|---|---|---|
| ૧૪૯ | ગુસ્લે જુમ્માનું કારણ | 444 |
| ૧૫૦-૧૫૧ | લોકો સંડાસની તહારત પાણીથી કરવા લાગ્યા તેનું કારણ | 445 |
| ૧૫૨ | ગુસ્લે જનાબતમાં કોગળા અને નાકમાં પાણી નાખવાનું જરૂરી ન હોવાનું કારણ | 450 |
| ૧૫૩ | વુઝુ કરતી વખતે "બિસ્મિલ્લાહ" કહેવાનું કારણ | 451 |
| ૧૫૪- | ઔરતોને "હૈઝ" આવવાની | 452 |

| | | |
|---|---|---|
| ૧૫૫ | શરૂઆત કયારથી થઈ ? | |
| ૧૫૬ | દરેક નમાઝની પહેલાં "મિસ્વાક" (દાંતણ) વાજીબ ન કરવામાં આવ્યું હોવાનું કારણ | 455 |
| ૧૫૭ | સ્ત્રીઓ માટે હૈઝના સમયની નમાઝ કઝા પઢવામાં વાજીબ ન હોવાનું કારણ | 456 |
| ૧૫૮ | હાએઝહ સ્ત્રી અને મુજનીબ પુરૂષે મૈયતને તલકીન પડાતી હોય ત્યારે પાસે ન | 458 |

| | | |
|---|---|---|
| | રહેવાનો હુકમ હોવાનું કારણ | |
| ૧૫૯ | (૧) રૂહ નિકળી જવા પછી મૈયતના શરીરમાં બદબૂ પૈદા થવી<br>(૨) મુસીબત પછી સાંત્વન મળવુ<br>(૩) અનાજમાં જીવાત પૈદા થઈ જવાનું કારણ | 459 |
| ૧૬૦ | મૈયતને “ગુસ્લે મૈયત” આપવાનું કારણ ? | 460 |
| ૧૬૧ | ગુસ્લે મૈયત તથા ગુસ્લે મસે | 462 |

| | | |
|---|---|---|
| | મૈયતના કારણ ? | |
| ૧૬૨ | કબ્રને ચતુષ્કોણ (ચાર ખૂણાવાળી) બનાવવાનું કારણ | 464 |
| ૧૬૩-૧૬૪ | કબ્ર ઉપર પાણી છાંટવાનું કારણ | 465 |
| ૧૬૫/૧૬૭ | બે નમાઝ એક સાથે (એક જ સમયમાં) પડવાનું કારણ | 466 |
| ૧૬૮ | નમાઝની કિરઅત વિશે | 469 |
| ૧૬૯ | નમાઝે મગરીબ કસ્ર ન થતી હોવાનું કારણ | 475 |

| | | |
|---|---|---|
| ૧૭૦ | નમાઝે સુબ્હની બે રકાતની સંખ્યામાં વધારો ઘટાડો કરવામાં ન આવ્યો તેનું કારણ | 477 |
| ૧૭૧ | નમાઝે જમાઅતનું કારણ અને તાકીદ | 481 |
| ૧૭૨ | જાહિલ, બેવકુફ અને ફાસિક માસણની પાછળ નમાઝે જમાઅત ન પડવાનું કારણ | 482 |
| ૧૭૩ | નમાઝે જમાઅત | 485 |
| ૧૭૪ | સાહેબે ઇલ્મ સિવાય બીજા | 486 |

| | | |
|---|---|---|
| | કોઈ પાછળ નમાઝ પડનારે શું પરિણામ ભોગવવુ પડશે ? | |
| ૧૭૫ | નમાઝે નાફેલા શા માટે ? | 487 |
| ૧૭૬ | સજદાની હાલતમાં બંને હાથની હથેળીઓ જમીન ઉપર લગાવી દેવાનું કારણ | 489 |
| ૧૭૭ | સજદામાં ગોઠણ પહેલાં બંને હાથ જમીન ઉપર મુકવાનું કારણ | 490 |
| ૧૭૮ | નમાઝ પહેલાં સાત તકબીર, રૂકુઅમાં સાત વખત ઝિક્ર | 491 |

| | | |
|---|---|---|
| | અને સજદામાં “સુબ્હાન રબ્બેયલ અઅલા વબે હમ્દેહ”ના ઝિક્રનું કારણ | |
| ૧૭૯ | તકબીર કહેતી વખતે હાથ ઊંચા કરવાનું અને ગરદન જુકાવી દેવાનું કારણ ? | 496 |
| ૧૮૦ | નમાઝે સુબ્હ “તુલુએ ફજ્ર” (પ્રભાત થવા પહેલાં)ના સમયમાં પડવાની ફઝીલતનું કારણ | 499 |
| ૧૮૧ | પાંચ સમયની નમાઝ | 501 |

| | | |
|---|---|---|
| | અલ્લાહ તઆલાએ પાંચ જુદા જુદા સમયે વાજીબ કરી હોવાનું કારણ | |
| ૧૮૨ | નમાઝ ન પડનાર "કાફર" શા માટે ? | 509 |
| ૧૮૩-૧૮૪ | સજદામાં લંબાણ કરવાનો ફાયદો | 513 |
| ૧૮૫ | ખાવા અને પહેરવાની વસ્તુ ઉપર સજદો કરવો જાએઝ ન હોવાનું કારણ | 515 |
| ૧૮૬ | નાફેલા નમાઝો જૂદી જૂદી | 518 |

| | | |
|---|---|---|
| | જગ્યાઓએ પડવી મુસ્તહબ હોવાનું કારણ | |
| ૧૮૭ | આસમાન તરફ હાથ ઊઠાવીને દુઆ કરવાનું કારણ | 519 |
| ૧૮૮ | શરાબ પીનારની નમાઝ ચાલીસ દિવસ સુધી હિસાબમાં ન ગણાતી હોવાનું કારણ | 521 |
| ૧૮૯ | રૂજુએ કલ્બ (એકાગ્રતા, આજેઝી અને વિનમ્રતા) સાથે નમાઝ પડવાના હુકમનું અને | 524 |

| | | |
|---|---|---|
| | માથુ નમાવીને અથવા અશાંત અસ્થિર મને નમાઝ પડવાની મનાઈ હોવાનું કારણ | |
| ૧૯૦ | નમાઝે શબ પડનારના ચહેરા ઉપર રોનક હોવાનું કારણ | 527 |
| ૧૯૧-૧૯૨ | ઝકાતનું કારણ | 528 |
| ૧૯૩ | શિયાઓ માટે ખુમ્સ હલાલ હોવાનું કારણ | 531 |
| ૧૯૪ | ખુમ્સ લેવાની ઇજાઝતનું | 531 |

| | | |
|---|---|---|
| | કારણ | |
| ૧૯૫ | એહતલામ (સ્વપ્નદોષ) થવાથી રોઝો બાતિલ થતો નથી, જયારે હમબીસ્તરીથી રોઝો બાતિલ થઈ જાય છે. તેનું કારણ | 532 |
| ૧૯૬ | રોઝાની હાલતમાં ચુંબન કરવું મકરૂહ હોવાનું કારણ | 533 |
| ૧૯૭/ ૧૯૯ | મોઅમિન બિરાદરની ખુશી માટે મુસ્તહબ રોઝો ખોલી નાખવાનો બમણો સવાબ | 534 |

| | | |
|---|---|---|
| | હોવાનું કારણ | |
| ૨૦૦ | “શબે કદ્ર” દર વર્ષે આવતી હોવાનું કારણ | 537 |
| ૨૦૧ | માહે રમઝાનમાં રોઝા રાખનાર ઉપર ઈદુલ ફિત્રની રાત્રે મગફેરત નાઝિલ થવાનું કારણ | 537 |
| ૨૦૨-૨૦૩ | અલ્લાહ તઆલાએ સમગ્ર ઉમ્મતને ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહાની તૌફીક ન આપી હોવાનું કારણ | 541 |

| | | |
|---|---|---|
| ૨૦૪ | ઈદના પ્રસંગે આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના ગમ અને ઉદાસીનું કારણ | 545 |
| ૨૦૫-૨૦૬ | ફીત્રો આપવાનું કારણ | 546 |
| ૨૦૭ | ગુનાહે કબીરા અને તે હરામ હોવાનું કારણ | 547 |
| ૨૦૮ | સૌ પ્રથમ ઘોડે સવારી કરનાર કોણ ? | 563 |
| ૨૦૯ | અભિમાન કરનારા માટે | 564 |
| ૨૧૦ | કયાં બેસવુ ? કયાં ન બેસવુ | 565 |

| | | |
|---|---|---|
| | ? તે વિષે હઝરત લુકમાનની વસીયત | |
| ૨૧૧ | ઇમામ (અલય્હિસ્સલામ)ને શું પુછવું ? | 567 |
| ૨૧૨ | કયામતના દિવસે આબિદ અને આલિમના કાર્યો શું હશે ? | 568 |
| ૨૧૩ | આલિમને કેવી રીતે ચકાસવા ? | 569 |
| ૨૧૪-૨૧૫ | ખાનએ-કાઅબા, બયતુલ હરામ બનાવવાનું કારણ | 571 |

| | | |
|---|---|---|
| ૨૧૬ | બયતુલ્લાહ પૃથ્વી (જમીન)ની વચ્ચે હોવાનું કારણ | 573 |
| ૨૧૭ | મકકાનું નામ “મકકા” શા માટે રખાયું ? | 574 |
| ૨૧૮ | કાઅબાનું નામ “કાઅબા” શા માટે રખાયું ? | 575 |
| ૨૧૯ | કાઅબાનું નામ “બયતુલ હરામ” શા માટે ? | 577 |
| ૨૨૦-૨૨૧ | કાઅબાનું નામ “બયતુલ અતીક” હોવાનું કારણ | 577 |

| | | |
|---|---|---|
| ૨૨૨-૨૨૩ | હજ અને તેની વાજીબાતના કારણ | 580 |
| ૨૨૪ | તવાફના સાત ચકકર (રાઉન્ડ) નકકી થવાનું કારણ | 594 |
| ૨૨૫ | હજની જેમ ઉમ્રહની તાકીદનું કારણ | 602 |
| ૨૨૬ | હજને "હજ" કહેવાનું કારણ | 603 |
| ૨૨૭ | હજ માટે જનાર માટે ઉમ્રહ જરૂરી હોવાનું કારણ | 604 |
| ૨૨૮ | ખાનએ કાબામાં દાખલ થતી વખતે ગુસ્લ કરવાનું જરૂરી | 605 |

| | | |
|---|---|---|
| | હોવાનું કારણ | |
| ૨૨૯ | ખાનએ કાઅબાના તવાફ વખતે ઝડપથી ચાલવાનું કારણ | 606 |
| ૨૩૦/ ૨૩૪ | હજના અહકામમાં તલબીયહ (લબ્બૈક) કહેવાનું કારણ | 609 |
| ૨૩૫ | મકામે ઇબ્રાહીમ વિશે | 633 |
| ૨૩૬ | હજરે અસ્વદ, રૂકને યમાની અને મુસ્તજારને અડકવાનું કારણ | 638 |
| ૨૩૭ | આબિદ ફાસિક કેવી રીતે | 639 |

| | | |
|---|---|---|
| | થાય છે ? | |
| ૨૩૮ | વુઝુના સુન્નત કાર્યો (કોગળા કરવા - નાકમાં પાણી નાખવું) ના કારણ ? | 641 |
| ૨૩૯ | (અ) ૧૩, ૧૪, ૧૫ તારીખો અય્યામે બીઝ કેમ કહેવાય છે ?<br>(બ) પુરૂષો માટે દાઢી રાખવાનું કારણ ? | 642 |
| ૨૪૦ | હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી | 649 |

| | | |
|---|---|---|
| | વસલ્લમ)નો લકબ “ઉમ્મી” શા માટે ? | |
| ૨૪૧ | અમૂક લોકો બેડોળ અને કદરૂપા હોવાનું કારણ ? | 653 |
| ૨૪૨ | કર્ઝ લઈને (જાનવરની) કુરબાની કરવાનું કારણ | 654 |
| ૨૪૩ | કુરબાની | 656 |
| ૨૪૪ | હજ કરતી વખતે અહરામની હાલતમાં છાયામાં ન રહેવું જોઈએ તેનું કારણ ? | 657 |
| ૨૪૫ | નમાઝ - રોઝા કરતાં પણ | 659 |

| | | |
|---|---|---|
| | હજ અફઝલ હોવાનું કારણ | |
| ૨૪૬-૨૪૭ | હજ કર્યા પછી નબી (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) અને બીજા અઇમ્મહ (અલય્હેમુસ્સલામ)ની ઝિયારત જરૂરી હોવાનું કારણ | 661 |
| ૨૪૮ | છીલ્કા વગરની માછલી, ગધેડા અને પાળેલા ગધેડાનું ગોશ્ત ખાવાનું હરામ હોવાનો હુકમ | 662 |

| | | |
|---|---|---|
| ૨૪૯ | જુમ્આના દિવસે સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફેકૂનની તિલાવત કરવા વિશે | 673 |
| ૨૫૦ | સફા અને મરવા (બંને પહાડ, જે મકકા-એ-મોઅઝઝમામાં આવેલા છે) વચ્ચે "સઈ" કરવાનું કારણ | 674 |
| ૨૫૧ | સફા અને મરવાની વચ્ચે "હરવલહ"નું કારણ | 681 |
| ૨૫૨ | રમી જમરાતનું કારણ | 682 |
| ૨૫૩ | જાનવરોની કુરબાનીનું કારણ | 683 |

| | | |
|---|---|---|
| ૨૫૪ | મોઅમિનના મરવાથી જમીન અને આસમાનના ફરિશ્તા રડતા હોવાનું કારણ | 684 |
| ૨૫૫ | કાતિલ અને મકતુલ (કત્લ થનાર) બંને જહન્નમમાં જશે તેનું કારણ | 685 |
| ૨૫૬ | મોઅમિન ઉપર વિજળી પડતી નથી | 686 |
| ૨૫૭ | મુસ્તહબ કાર્યો કરવાથી અલ્લાહની નિકટતા વધે છે | 687 |
| ૨૫૮ | સેહમે ઇમામ | 690 |

| | | |
|---|---|---|
| | (અલય્હિસ્સલામ)ની અદાયગી | |
| ૨૫૯ | અલ્લાહ સિવાય બીજા કોઈ માટે કરવામાં આવતો અમલ બેકાર છે | 692 |
| ૨૬૦ | કયામતના દિવસ માટે આજે જ અમલ કરો | 694 |
| ૨૬૧ | હઝરત અલી (અલય્હિસ્સલામ)નો દુશ્મન યહૂદીનો વંશજ | 696 |
| ૨૬૨ | નમાઝે વિત્ર એક રકાત પણ | 697 |

| | | |
|---|---|---|
| | કબૂલ થશે | |
| ૨૬૩ | દરેકની ચાર ખ્વાહિશ હોય છે | 698 |
| ૨૬૪ | હઝરત અલી (અલય્હિસ્સલામ) રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના વસી કઈ રીતે ? | 700 |
| ૨૬૫ | મા-બાપની નાફરમાની કરવી હરામ હોવાનું કારણ | 703 |
| ૨૬૬-૨૬૭ | ઝીના (વ્યભિચાર) હરામ હોવાનું કારણ | 705 |

| | | |
|---|---|---|
| ૨૬૮/ ૨૭૧ | વ્યાજને હરામ કરવાનું કારણ | 707 |
| ૨૭૨ | કાગડાનું ગોશ્ત ખાવું શા માટે મકરૂહ છે ? | 712 |
| ૨૭૩ | મોઅમિનથી ગુનાહ અને કાફરોથી નેક કાર્યો થતા હોવાનું કારણ | 713 |
| ૨૭૪ | અલ્લાહ તઆલા બદઅખ્લાક માણસોની દુઆ કબૂલ કરતો નથી તેનું કારણ | 727 |
| ૨૭૫ | માખી પૈદા થવાનું કારણ | 728 |

| | | |
|---|---|---|
| ૨૭૬ | માખીનો ફાયદો | 729 |
| ૨૭૭ | પુરૂષ માટે ચાર સ્ત્રીઓ સાથે નિકાહ જાએઝ છે, જયારે સ્ત્રી માટે એકથી વધુ પુરૂષ (પતિ) જાએઝ નથી તેનું કારણ | 730 |
| ૨૭૮ | નવજાત શિશુના માથાના વાળ મુંડાવવાનું કારણ | 733 |
| ૨૭૯ | ખત્નાનું કારણ | 733 |
| ૨૮૦-૨૮૧ | ઝીનાના ગુનાહમાં ચાર અને કત્લના ગુનાહમાં બે ગવાહની જરૂર હોવાનું કારણ | 740 |

| | | |
|---|---|---|
| ૨૮૨ | કયા ગુનાહ વધારે સખ્ત ઝીના કે કત્લ ? | 743 |
| ૨૮૩ | પુરૂષોને સ્ત્રીઓ ઉપર અગ્રતા અપાઈ હોવાનું કારણ | 745 |
| ૨૮૪ | ઔરતોની ઇતાઅત કરવાની મનાઈ હોવાનું કારણ | 748 |
| ૨૮૫ | મહેર ચુકવવી પુરૂષ ઉપર શા માટે વાજીબ છે ? | 752 |
| ૨૮૬ | મૂછ, બગલ અને ગુપ્ત ભાગના વાળ વધારવાની મનાઈ હોવાનું કારણ | 753 |

| | | |
|---|---|---|
| ૨૮૭ | લસણ, ડુંગળી અને ગંદના ખાવા મકરૂહ હોવાનું કારણ | 754 |
| ૨૮૮-૨૮૯ | ડુંગળી ખાવી | 755 |
| ૨૯૦ | અલ્લાહ તઆલા બંદાઓની સજાને અઝાબ રૂપે આવતી શા માટે રોકે છે ? | 756 |
| ૨૯૧ | ગુનેહગારો ઉપર ત્વરીત અઝાબ નાઝિલ કેમ થતો નથી ? | 758 |
| ૨૯૨- | આમ અને ખાસ (સામાન્ય | 759 |

| | | |
|---|---|---|
| ૨૯૩ | અને વિશેષ) બંને પ્રકારના લોકો ઉપર અઝાબ નાઝિલ થવાનું કારણ | |
| ૨૯૪ | જન્નતી કાયમ જન્નતમાં અને જહન્નમી કાયમ જહન્નમમાં રહેશે, તેનું કારણ ? | 761 |
| ૨૯૫ | મોઅમિનની નિય્યત તેના અમલ કરતાં બહેતર હોવાનું કારણ | 763 |
| ૨૯૬ | અલ્લાહ તઆલાએ ઇબ્લીસને નિશ્ચિત સમય સુધીની મુદ્દત | 765 |

| | | |
|---|---|---|
| | આપી હોવાનું કારણ | |
| ૨૯૭/ ૩૦૧ | કર્ઝ લેવાનું મકરૂહ હોવાનું કારણ | 767 |
| ૩૦૨ | બંદા ઉપર ચાલીસ પર્દા અને તેના કારણ | 771 |
| ૩૦૩ | ઝીના કરનારને ૧૦૦ (એકસો) કરોડા અને શરાબ પીનારને (૮૦) કોરડાની સજાનું કારણ | 774 |
| ૩૦૪ | ઝીના કરનારને સખત કોરડા મારવાની સજાનું કારણ ? | 776 |

| | | |
|---|---|---|
| ૩૦૫ | ગીબતના ગુનાહ-ઝીના (વ્યભિચાર)ના ગુનાહ કરતાં પણ સખત હોવાનું કારણ | 777 |
| ૩૦૬ | (અ) મોઅમિન કયારેક જરૂરત કરતાં વધુ તેજ મીજાજનો, વધારે લોભી, કંજુસ અને જરૂરતથી વધારે નિકાહ કરનારો થઈ જતો હોવાનું કારણ ?<br>(બ) મોઅમિન પોતાના દીનમાં પહાડથી અડગ રહેતો | 778 |

| | | |
|---|---|---|
| | હોવાનું કારણ | |
| ૩૦૭-૩૦૮ | મોઅમિન મુકફફીર કેમ હોય છે ? | 783 |
| ૩૦૯ | રીયાકારી શિર્ક છે. | 786 |
| ૩૧૦ | મોઅમિનને તેના ગુનાહની સજા દુનિયામાં જ ઝડપથી આપી દેવામાં આવતી હોવાનું કારણ | 787 |
| ૩૧૧ | “બામ માછલી” વગેરે દરિયાઈ જંતુ ખાવાની મનાઈનું કારણ | 789 |

| | | |
|---|---|---|
| ૩૧૨ | મોઢાથી સીટી વગાડવી મકરૂહ હોવાનું કારણ | 789 |
| ૩૧૩ | કયામતના દિવસે તેમની માતાના નામથી બોલવાનું કારણ | 791 |
| ૩૧૪ | વ્યભિચારના પરિણામે પૈદા થએલ સંતાનને જન્નતમાં પ્રવેશ નહીં મળે તેનું કારણ | 792 |
| ૩૧૫ | વારસાની વહેંચણીમાં એક છોકરાને બે છોકરીઓ જેટલો હિસ્સો શા માટે ? | 792 |

| | | |
|---|---|---|
| ૩૧૬ | કેટલાક ઝાડ ફળ આપે છે, કેટલાક ફુલ આપે છે અને કેટલાક કાંટાળા હોય છે તેનું કારણ | 795 |
| ૩૧૭ | દિકરીના લગ્નમાં ઊતાવળ શા માટે કરવી જોઈએ ? | 796 |
| ૩૧૮ | અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો ઝિક્ર કરનારને દસ નેકી શા માટે ? | 799 |

| | | |
|---|---|---|
| ૩૧૯ | ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) બદલો લેનાર તરીકે કામ કરશે તેનું કારણ ? | 801 |
| ૩૨૦ | પિતાના મિત્રો સાથે સંબંધ તોડી નાખવાનું પરિણામ શું આવશે ? | 803 |
| ૩૨૧ | હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ | 804 |

| | | |
|---|---|---|
| | ફરમાવેલા રોજીંદા જીવનમાં ઉપયોગી થાય તેવા કેટલાક આદેશો | |
| ૩૨૨ | કયા ગુનાહનું શું પરિણામ ? | 809 |
| ૩૨૩ | બાળકો કારણ વગર હસે અને રડે છે શા માટે ? | 810 |
| ૩૨૪ | શર્મગાહ અને જમીન વચ્ચે પરદો રાખવાનું કારણ ? | 812 |
| ૩૨૫ | કર્ઝ લેનાર માટે | 813 |
| ૩૨૬ | સૂતી વખતે પડવાની દોઆ અને તેનું કારણ ? | 815 |

| | | |
|---|---|---|
| ૩૨૭ | ઇમામની શોધમાં નિકળવાનું કારણ | 817 |
| ૩૨૮ | ઊંઘનાર (સુનાર)ના ચાર પ્રકાર | 819 |
| ૩૨૯ | નાસ્બી અને મુરતદને કત્લ કરવાનો હુકમ | 821 |
| ૩૩૦/ ૩૩૨ | નમાઝે શબ વિશે ? | 822 |
| ૩૩૩ | એ કારણ જેના લીધે પુરૂષે નમાઝે શબ મોટા અવાજે પડવી જોઈએ | 828 |

| | | |
|---|---|---|
| ૩૩૪ | બીમારી અને આફતો મોહ્તાજો ઉપર શા માટે આવે છે ? | 829 |
| ૩૩૫ | લોકોમાં અકલ હોવાનું અને ઇલ્મ ન હોવાનું કારણ | 830 |
| ૩૩૬ | હજ કરવા માટે કોણ જાય ? | 832 |
| ૩૩૭ | વુઝુ અને મસાહ શા માટે ? | 836 |


* * * * *

**(૧) ઉલુલ અઝમ : કોઈ એવો પ્રશ્ન કરે કે અલ્લાહ તઆલાએ ઉલુલ અઝમ (અગ્રણી નબીઓ) શા માટે બનાવ્યા છે ? અને તેઓની ઇતાઅત કરવાનો હુકમ શા માટે આપ્યો છે ?**

આ પ્રશ્નનો જવાબ એ છે કે : આમ હોવાના ઘણા કારણો છે. તે પૈકીનું એક કારણ એ છે કે જયારે બંદાઓને તેમના કાર્યો અને તેની મર્યાદાઓની જાણ કરી દેવામાં આવી, તેમને એ વાતનો હુકમ આપવામાં આવ્યો કે તેઓ તેમની મર્યાદા ન ઓળંગે. કારણ કે મર્યાદા ઓળંગી જવામાં ખરાબી છે. તો જો

તેઓ પોતાની મર્યાદાઓની અંદર રહી ન શકે, તો તેઓને હદ-મર્યાદામાં રાખવા માટે કોઈ “અમીન” હોવો જોઈએ જે લોકોને એ વાતની જાણ કરતો રહે કે કયુ કાર્ય તેમના માટે મુબાહ છે અને કેટલી હદ સુધી મુબાહ છે. જો કોઈને તે મુબાહની હદથી આગળ વધી જતા (હદ ઓળંગી જતા) જુવે તો તેમને રોકે. જો એમ કરનાર કોઈ નહીં હોય તો દરેક વ્યક્તિ પોત પોતાનું મન ધાર્યું કરશે કોઈ પોતાના સ્વાર્થ કે લઝઝત છોડવા માટે તૈયાર નહીં થાય. દરેક પોતાના સ્વાર્થ માટે બીજા લોકોને થતા

નુકસાનની કોઈ પરવા નહીં. કરે. આવું ન થાય તે માટે અલ્લાહ તઆલાએ બંદાઓ ઉપર ઉલુલ અમ્ર અને કય્યુમ (સરદાર) નીમ્યા. તેથી તે લોકોને ફીત્ના ફસાદ ફેલાવાથી રોકે અને તેઓ પર ખાસ મર્યાદા (નિયમો) મૂકે.

આપણે એ વાત જાણીએ છીએ કે દુનિયાની કોઈ કૌમ, સમુહ કે જાતિ સરદાર વગર સુસંગઠિત રીતે રહી શકતી નથી. દીની કે દુન્યવી કોઈ પણ કાર્યમાં એક સરદારની જરૂરત રહે છે. તો પછી એક સાહેબે હિકમત

અને ઝાતે હકીમ (ડહાપણ અને અકકલથી ભરપુર ઝાત) પોતાની મખ્લૂકને એક સરદાર વગર કઈ રીતે રાખી શકે ? સરદારના માર્ગદર્શન વગર તે કૌમ બાકી અને જીવંત રહી શકતી નથી. અને તે સરદારની સાથે રહીને દુશ્મનનો સામનો કરી શકે છે. દુશ્મનો સામે જંગ કરી શકે છે. માલે ગનીમત મેળવીને તેની વહેંચણી કરી શકે છે. તેમજ ઝાલિમોને મઝલૂમ પર ઝુલ્મ કરતાં અટકાવે છે.

બીજુ કારણ એ છે કે :- જો અલ્લાહ્ તઆલા પોતાના બંદાઓ માટે કોઈ ઇમામ, કોઈ સરદાર, કોઈ રક્ષક ન બનાવે, તો પછી સમાજનો નાશ થઈ જાય. દીનનો અંત આવી જાય. સુન્નતો અને અહેકામાત બદલાઈ જાય. બીદઅતી લોકો (શરીઅતના અસલ હુકમોમાં) વધારો કરી દેશે. અને (મુલહીદ) ફાસિક, કાફિર (બેદીન) તેમાં ઘટાડો કરી નાખશે. જેના પરિણામે મુસલમાનો તેમના દીનના અહ્કામ વિશે શંકામાં પડી જશે. આપણે જોઈએ છીએ કે બંદાઓમાં ક્ષતિ હોય છે. બંદાઓમાં અંદરો

અંદર મતભેદ હોય છે. બંદાઓની હાલત અને સંજોગો જુદા જુદા હોય છે. આ સંજોગોમાં જો અલ્લાહ તઆલા બંદાઓ માટે કોઈ કય્યુમ (સરદાર) ન નીમે, જે અલ્લાહના રસૂલ દ્વારા લાવવામાં આવેલા સંદેશાઓની જાળવણી ન કરે તો એ લોકો તબાહ અને બરબાદ થઈ જાય.....

## (૦૨) જમીન ઉપર એકથી વધુ ઇમામ શા માટે નથી ? જો કોઈ એમ પુછે કે જમીન ઉપર એક જ જમાનામાં એકથી વધારે ઇમામ શા માટે હોઈ શકતા નથી ?

આ પ્રશ્નના જવાબમાં ઘણા કારણો આપી શકાય. અત્રે મુખ્ય કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૧) જો ઇમામ એક હોય તો તેના કાર્યો, વિચારો અને વ્યવસ્થામાં કોઈ વિરોધાભાસ ન હોય. જો બે ઇમામ હોય તો તે બંનેમાં બધી જ બાબતોમાં (જાહેરી રીતે) એક મત નહીં દેખાય. કારણ કે આપણે જોઈ શકીએ છીએ કે જયારે બે માણસ સાથે હોય છે ત્યારે તેમના વિચારો જુદા જુદા હોય છે, એક જ જમાના (યુગ)માં બે ઇમામ હોત અને જો બંનેના

વિચારો અલગ અલગ હોત તો બંને વાજીબુલ ઇતાઅત બનત. એટલે કે બંનેની ઇતાઅત કરવી વાજીબ હોત. બંનેમાંથી કોઈને (એક ઉપર બીજાને) અગ્રતા આપી શકાતી નથી. એ સંજોગોમાં બંદાઓમાં મત-મતાંતર, વિવાદ, ઝઘડા અને ફસાદ ઊભા થાત. એ વખતે જો કોઈ વ્યક્તિ એક ઇમામની ઇતાઅત કરે તો તે બીજા ઇમામનો નાફરમાન બની જાય. એ પરિસ્થિતિ આખી દુનિયામાં ઊભી થઈ જાય અને દુનિયામાં કોઈના માટે ઈમાન અને ઇતાઅતનો રસ્તો રહે નહીં. આવો હુકમ એક

જ જમાનામાં બે ઇમામ હોવાનું અલ્લાહ તઆલા તરફથી હોઈ શકે નહીં.

(૨) જો બે ઇમામ હોય તો તે બંનેમાંથી કોઈપણ એક મામલામાં ચુકાદો આપવામાં અમ્ર અને નહી કરવામાં આગળ વધી (અગ્રતા મેળવી) શકશે નહીં. એ રીતે બંનેને પોત પોતાની જગ્યાએ (પોતાના સ્થાને) બોલવાની શરૂઆત કરવી પડશે. જો એક જ કક્ષાની ઇમામત હશે તો બંનેમાંથી કોઈપણ એકને કોઈપણ બાબતમાં બીજા ઇમામ ઉપર પ્રભુતા મેળવીને બોલવાની શરૂઆત કરવાનો

અધિકાર રહેશે નહીં. જો એક માટે મૌન રહેવાના સંજોગો હશે તો બીજા ઇમામે પણ મૌન જ જાળવવુ પડશે. જેના પરિણામે બંને ઇમામો મૌન રહેશે તો શરીઅતના તમામ અહકામ (હુકમો), હકકો વગેરે બાતિલ થઈ જશે. લોકો માટે એવી હાલત થઈ જશે કે જાણે તેમના કોઈ ઇમામ જ નથી.

## (03) શરીઅતમાં અમૂક કાર્યો કરવાનો અને અમૂક કાર્યો ન કરવાનો હુકમ શા માટે છે ?

જો કોઈ એવો સવાલ કરે કે અલ્લાહ તઆલાએ બંદાઓને અમૂક કાર્યો કરવાનો

અને અમૂક કાર્યો ન કરવાનો હુકમ શા માટે આપ્યો છે ?

આ પ્રશ્નનો જવાબ એમ આપી શકાય કે અલ્લાહ તઆલા તેની મખ્લૂકની ભલાઈ અને અસ્તિત્વ, અમ્ર (સારા કામો કરવાનો હુકમ આપીને) અને નહી (ખરાબ કાર્યોથી રોકીને) કર્યા વગર અથવા તો ફસાદ અને એક બીજાના હક છીનવી લીધા વગર જાળવી શકે તેમ ન હતો. તેથી તેણે શરીઅતના જુદા-જુદા હુકમો આપ્યા.

## (૦૪) લોકોએ અલ્લાહની ઇબાદત શા માટે કરવી જોઈએ ?

જો કોઈ એવો પ્રશ્ન કરે કે અલ્લાહની ઇબાદત શું કામ કરવી જોઈએ ?

આ પ્રશ્નનો જવાબ એ આપી શકાય કે (અલ્લાહની ઇબાદત એ માટે કરવી જોઈએ) જેથી લોકો અલ્લાહના ઝિક્રને ભુલી ન જાય, તેના અદબ (આમાન્યા)ને છોડી ન દે, અલ્લાહે જે કાર્યો કરવાનો હુકમ આપ્યો છે તથા જે કાર્યો કરવાની મનાઈ ફરમાવી છે તેને ફકત ખેલ ન સમજવામાં આવે. હકીકતમાં

અલ્લાહના હુકમોનું પાલન કરવામાં જ લોકોની ભલાઈ અને તેમનું અસ્તિત્વ ટકાવી રાખવાની હકીકત સમાએલી છે. જો લોકો ઇબાદત કર્યા વગર રહે તો અમુક મુદ્દત પછી તેમના દિલ સખ્ત થઈ જશે.

## (૦૫) ઇબાદતનો હુકમ નમાઝના સ્વરૂપમાં શા માટે ?

બંદાઓને નમાઝ પડવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ?

(જો કોઈ એવો સવાલ કરે કે ઇબાદત જ કરવાની હતી તો બીજી કોઈ ઇબાદતની

રીતને બદલે) બંદાને નમાઝનો હુકમ શા માટે આપવામાં આવ્યો ?

આ સવાલનો જવાબ એ છે કે નમાઝમાં અલ્લાહની રબુબીય્યતનો સ્વિકાર છે. જેમાં સુધારણા, શિર્કથી છુટકારો, ખુઝુઅ અને ખુશુઅ સાથે અલ્લાહની બારગાહમાં ઊભા રહેવું, ગુનાહોનો સ્વિકાર, થઈ ગએલા ગુનાહોની માફી માટે વિનંતી, આ ઉપરાંત દરરોજ કપાળને જમીન ઉપર રાખવું, જેથી બંદો અલ્લાહને ભુલી ન જાય. અલ્લાહથી ડરતો રહે. અલ્લાહ તરફ સંબંધ જોડીને તેની પાસેથી

ઇચ્છાઓ પૂરી થવાની આશા રાખે. (નમાઝ દ્વારા) દુનિયા અને આખેરતમાં વિશાળતા (વૃધ્ધિ) પામવાની (અલ્લાહ તઆલાને) વિનંતી કરે. આ ઉપરાંત ફિત્ના-ફસાદથી નફરત વ્યકત્ કરે. નમાઝ દ્વારા આ અમલ દરેક દિવસ અને દરેક રાતમાં થતો રહે. જેથી બંદો પોતાના માર્ગદર્શકને ભુલીને ઉધ્ધત-બળવાખોર અને નાફરમાન ન બની જાય. પોતાના રબ સામે બંદો ઊભો રહે (નમાઝ પડે) તો તેથી ગુનાહ કરતો અટકે અને જાત જાતના ફિત્નાઓથી બચે.

## (૦૬) વુઝુનો હુકમ શા માટે આપવામાં આવ્યો ?

જો કોઈ એવો સવાલ કરે કે નમાઝ પહેલાં વુઝુનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ?

તેનો જવાબ એમ છે કે જયારે બંદો ખુદાએ જબ્બારની સામે મુનાજાત કરવા માટે ઊભો રહે ત્યારે પાકો-પાકીઝા, ફરમાબરદાર, તમામ ગંદકી અને નજાસતોથી પાક અને સાફ હોય. આ ઉપરાંત વઝુથી આળસ, સુસ્તી અને ઊંઘ દૂર થઈ જાય છે. તેમજ તેનું દિલ

ખુદાએ જબ્બારની સામે ઊભા રહેવા માટે સંપૂણ રીતે તૈયાર થઈ જાય છે.

## (૦૭) વુઝુમાં મોઢું અને બંને હાથ ધોવા તેમજ માથા અને પગના મસાહ કરવા શા માટે વાજીબ છે ?

એ અવયવો (માથુ અને પગ)ને ધોવા શા માટે વાજીબ નથી ? બીજા અવયવોને ધોવા અને તેના મસાહ શા માટે વાજીબ નથી ?

આના જુદા જુદા કારણો છે.

(૧) એક કારણ એ છે કે હકીકતમાં ઇબાદત, રૂકુઅ અને સજદાઓનું નામ છે.

રૂકુઅ અને સજદા ચહેરા (કપાળ) અને હાથથી થાય છે. માથા અને પગથી થતા નથી.

(૨) બીજુ કારણ એ છે કે બંદો હંમેશા (નમાઝ પડતા પહેલાં) તેનું માથુ અને પગ ધોઈ શકતો નથી, કારણ કે ઠંડીમાં, બીમારીમાં, દિવસે અને રાતે (હંમેશા) આ અવયવો ધોવા તેના માટે તકલીફનું કારણ થશે. જયારે ચહેરો અને હાથ ધોવા એ માથુ અને પગ ધોવા કરતાં ઓછું તકલીફ આપનારૂ કામ હોય છે.

શરીઅતના હુકમોમાં જે ફરજો નકકી કરવામાં આવી છે તે કમજોર અને અશકત

(ઓછી શક્તિ ધરાવતા) લોકોને ધ્યાનમાં લઈને નકકી કરવામાં આવી છે. અને ત્યાર પછી તે ફરજોને દરેક શક્તિશાળી અને કમજોર (તમામ લોકો) માટે લાગુ પાડવામાં આવી છે.

આ હુકમનું એક કારણ એ પણ છે કે માણસના માથા ઉપર અમામો (પાઘડી) અને પગમાં મોજા હોય છે. (એટલે કે માથુ અને પગ ઢંકાએલા હોય છે) માથુ અને પગ હંમેશા ખુલ્લા રહેતા નથી. જયારે હાથ અને ચહેરો ખુલ્લા રહે છે.

## (૦૮) પેશાબ, હવા છૂટવા અને ઊંઘ પછી વુઝુ શા માટે કરવું વાજીબ થાય છે ?

એવો સવાલ થાય કે પેશાબ અને સંડાસની જગ્યાએથી પેશાબ, સંડાસ અથવા હવા છુટવાથી તેમજ ઊંઘ આવી ગયા પછી વુઝુ શા માટે વાજીબ થાય છે ? જયારે શરીરના બીજા ભાગોમાંથી કોઈ વસ્તુ નિકળે છે (જેમકે આંખમાંથી પાણી વગેરે) વુઝુ કરવું પડતું નથી ?

આના જવાબમાં એમ કહી શકાય કે પેશાબ અને પાયખાના (સંડાસ) નિકળવાની

જગ્યા એ બંને જગ્યા એવી છે કે જેમાંથી ઇન્સાન પોતે નજાસત બહાર કાઢી શકે છે. તેથી લોકોને એ હુકમ આપવામાં આવ્યો કે જયારે તમે (પોતે) પેશાબ અને સંડાસ કરી લ્યો ત્યારે વુઝુ કરો. ઊંઘ આવી ગયા પછી વુઝુ કરવાનું કારણ એ છે કે જયારે માણસને ઊંઘ આવી જાય ત્યારે શરીરના બધા અવયવો ઢીલા (સુસ્ત) પડી જાય છે અને ઘણી વખત અમૂક પદાર્થ પ્રવાહી શરીરમાંથી બહાર નિકળી જાય છે. (જેમકે પેશાબ-વીર્ય-લોહી વગેરે, આ વસ્તુઓ નિકળી જાય છે તેની

મોટા ભાગે ઊંઘનારને ખબર હોતી નથી.- અનુવાદક) તેથી ઊંઘ પછી વુઝુ વાજીબ થાય છે.

### (૦૯) જનાબત પછી ગુસ્લ વાજીબ થાય છે તો પેશાબ કર્યા પછી કેમ નહીં ?

... પેશાબ અને સંડાસ એ કાયમી હાજત છે. ઇન્સાન માટે દરેક વખતે પેશાબ અને સંડાસ કર્યા પછી ગુસ્લ કરવું શકય (હોતું) નથી. અલ્લાહ તઆલા કોઈને તેની શક્તિ અને હદ કરતાં વધારે તકલીફ આપતો નથી. જનાબત એ કાયમી હાજત (કાર્ય) નથી. જયારે શહ્વત

(ખ્વાહીશ) પૈદા થાય છે ત્યારે જ જનાબત થાય છે. (અને જનાબતનું ગુસ્લ ત્યાર પછી વાજીબ થાય છે.) જનાબત વાજીબ થવાના કાર્યોમાં ત્રણ દિવસ કે તેથી વધારે મોડુ કરવું કે ટાળવુ શકય છે. જયારે પેશાબ અને સંડાસ રોકવાં શકય નથી.

## (૧૦) અઝાનનો હુકમ શા માટે ? અઝાનનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ?

તેના ઘણા કારણો છે. તેમાંનું એક કારણ એ છે કે જે લોકો (અલ્લાહને) ભુલી ગયા છે તેને યાદ દેવરાવવા માટે છે. આ ઉપરાંત ગાફિલને સાવધ કરવા, જે લોકોને નમાઝનો સમય થઈ ગયાની જાણકારી ન હોય તેમને

નમાઝના સમયની જાણકારી મળે છે. અઝાન અલ્લાહને યાદ કરવા માટે પ્રેરણા આપવા માટે, અલ્લાહની એકતા (તવહીદ) નો સ્વિકાર કરી તેને વ્યકત કરવાની રીત છે. અઝાન ઇસ્લામની જાહેરાત કરવા માટે તેમજ (ઇબાદત) ભુલી ગએલાઓને (ઇબાદત કરવાનું) યાદ દેવરાવવા માટે છે. “મોઅઝઝીન” શબ્દનો અર્થ નમાઝનું એલાન કરનાર થાય છે.

## (૧૧) અઝાનનું પ્રથમ વાકય તકબીર શા માટે ?

કોઈ એવા પ્રશ્ન કરે કે અઝાનને તસ્બીહ (સુબ્હાનલ્લાહનો ઝિક્ર) તહમીદ (અલ્લાહનો ઝિક્ર) અને તહલીલ (લા એલાહ ઇલ્લલ્લાહનો

ઝિક્ર)થી શા માટે કરવામાં આવતી નથી ? અઝાનનું વાકય "અલ્લાહો અકબર"થી શા માટે શરૂ થાય છે ?

અઝાનનો ઝિક્ર અલ્લાહો અકબરથી શરૂ થવા પાછળનો આશય એ છે કે આ ઝિક્ર "અલ્લાહ"ના નામથી શરૂ થાય છે. જેમાં "અલ્લાહ"નું નામ પહેલાં આવે છે. તે ઝિક્ર અલ્લાહો અકબરથી અઝાન શરૂ કરવામાં આવે છે. .... ઝિક્ર, સુબ્હાનલ્લાહ, અલ્હમ્દોલિલ્લાહ, લા એલાહ ઇલ્લલ્લાહમાં અલ્લાહના નામનો ઝિક્ર

પાછળ (અંતમાં) આવે છે, તેથી એ ઝિક્રથી અઝાનની શરૂઆત થતી નથી.

## (૧૨) અઝાનમાં ચાર વખત તકબીર શા માટે ?

જો કોઈ એમ સવાલ કરે કે અઝાનમાં શરૂઆતમાં "અલ્લાહો અકબર" (તકબીર) નો ઝિક્ર ચાર વખત શા માટે કરવામાં આવે છે ?

આ પ્રશ્નનો જવાબ એ છે કે અઝાન જયારે શરૂ થાય છે ત્યારે લોકો તેનો ઝિક્ર સાંભળવા માટે સાવધ થએલા હોતા નથી. (સામાન્ય રીતે) અઝાનની પહેલાં લોકો અઝાન સાંભળવા માટે

તૈયારી કરે તેવો બીજો કોઈ ઝિક્ર હોતો નથી. તેથી અઝાનની ચાર તકબીરમાંથી બે તકબીર સાંભળનારાઓની આગાહી (જાણકારી) માટે અને બીજી બે તકબીર અઝાન માટેની હોય છે.

### (૧૩) અઝાનમાં તકબીર પછી શહાદતૈન શા માટે ?

આ પ્રશ્નનો જવાબ એ છે કે : તેનો સંબંધ ઇમામતની પૂર્ણતા, તવહીદ (અલ્લાહની એકતા) અને હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની રીસાલતની સાથે સ્વિકારને જાહેર કરવાનો છે. અલ્લાહ

અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બંનેની ઇતાઅત અને મઅરેફત મેળવવી એ ફર્ઝ છે. અઝાનમાં આ ઝિક્ર બે વખત અદા કરવાનો હોય છે. જેથી બંદો અલ્લાહની વહ્દાનીયત અને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની રીસાલતનો સ્વિકાર કરી લેશે તો જાણે કે તેણે “સંપૂર્ણ ઈમાન”નો સ્વિકાર કરી લીધો ગણાશે. અને સાચુ ઈમાન અલ્લાહની વહ્દાનિયત અને તેના રસૂલનો સ્વિકાર કરવો તે જ છે.

## (૧૪) નમાઝમાં સૂરાઓની તિલાવત શા માટે?

જો એવો સવાલ કરવામાં આવે કે નમાઝમાં કુરઆનની સુરાઓની તિલાવત કરવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો ?

આ સવાલનો જવાબ એ છે કે કુરઆનને છોડી દેવામાં અને ભુલાવી દેવામાં ન આવે, બલ્કે કુરઆન સુરક્ષિત રહે. કુરઆનની તિલાવતમાં આળસુ ન થાય અને લોકો કુરઆનથી નાવાકેફ ન રહે, તે માટે નમાઝમાં

કુરઆનની સૂરાની તિલાવત કરવાનો હુકમ આવ્યો છે.

### (૧૫) નમાઝમાં પહેલાં સૂરએ હમ્દ પડવાનો જ હુકમ શા માટે આપવામાં આવ્યો છે ?

જો એવો સવાલ કરવામાં આવે કે કુરઆને મજીદની બીજી સુરાઓને છોડીને નમાઝમાં કિરઅતની શરૂઆત સૂરએ હમ્દ (અલહમ્દની સૂરા)થી જ શા માટે કરવામાં આવે છે ?

આ સવાલનો જવાબ એ છે કે સૂરએ હમ્દમાં ખૈર (ભલાઈ) અને હિકમતની જેટલી વાતો છે,

તેટલી કુરઆને મજીદના બીજા કોઈ સૂરામાં નથી.

સૂરએ હમ્દની કેટલીક આયતોના અર્થનું પૃથકરણ :- અલ્લાહ તઆલાનો કૌલ છે.

અલ હમ્દો લિલ્લાહ : જેનાથી અલ્લાહે બંદાને ખૈર (ભલાઈ)ની જે તૌફીક આપી છે. આ તૌફીક આપવા માટે બંદાએ અલ્લાહનો જે શુક્ર અદા કરવાનું વાજીબ ફરમાવ્યું છે, તે શુક્ર અદા થાય છે.

રબ્બિલ આલમીન : આયતના આ ટુકડાથી અલ્લાહના વખાણ અને તેની બુઝુર્ગીનો

સ્વિકારની સાથો સાથ એ વાતનો સ્વિકાર થાય છે કે ખાલિક (પૈદા કરનાર) અને માલિક છે, તેના સિવાય બીજો કોઈ નથી.

અર રહ્માનિર રહીમ : જેમાં અલ્લાહ તઆલા પાસે રહેમતની માંગણી અને તેની નેઅમતોનો ઉલ્લેખ છે. જે રહેમત અને નેઅમત અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂક ઉપર નાઝિલ ફરમાવી છે.

માલિકે યવ્મિદદીન : જેમાં ફરીથી જીવતા થવાનો સ્વિકાર, હિસાબ-કિતાબનો તેમજ સજા અને જઝાનો સ્વિકાર અને તેના હુકમનો સ્વિકાર

છે. તેમાં એ વાતનો પણ સ્વિકાર કરવામાં આવે છે જેવી રીતે તે દુનિયાનો માલિક છે, તેવી જ રીતે તે આખેરતનો પણ માલિક છે.

ઇય્યાક નઅબોદો : આ વાકયમાં અલ્લાહની નઝદીકી મેળવવાની ઇચ્છા વ્યકત કરવામાં આવી છે. અને એ વાતનો પણ સ્વિકાર કરવામાં આવ્યો છે કે (બંદાના) બધા જ કાર્યો ફકત અલ્લાહ માટે જ છે. ગૈરૂલ્લાહ (અલ્લાહ સિવાય બીજા) કોઈના માટે નથી.

વ ઇય્યાક નસ્તઈન : આ વાકયમાં અલ્લાહ તઆલાએ બંદાઓને ઇબાદતની જે તૌફીક

આપી છે, તેમાં વધારો કરવાની વિનંતી કરી છે. તેમજ અલ્લાહે તેના બંદા ઉપર જે મહેરબાનીઓ કરી છે, તે મદદ અને રક્ષણ આપવાનું સતત ચાલુ રાખવાની વિનંતી છે.

એહદેનસ્સેરાતલ મુસ્તકીમ : આ વાકયમાં આદાબે ઇલાહી તેમજ અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખવા (ની તૌફિક મળવા)ની વિનંતી તેમજ અલ્લાહની અઝમત અને કિબ્રિયાઈની મઅરેફતમાં વધારો કરવાની ગુઝારીશ કરવામાં આવી છે.

સેરાતલ્લઝીન અન્અમ્ત અલયહિમ : આ વાકયમાં આવતી દુઆમાં રગબતની તાકીદ કરવા માટેની છે. જેમાં અલ્લાહની એ નેઅમતોનો ઝિક્ર છે. જે અલ્લાહે પોતાના અવલીયાઓને અતા કરી હતી. અને તેમના જેવી નેઅમતો આપવા માટેની દરખાસ્ત (દુઆ) કરવામાં આવી છે.

ગયરીલ મગઝુબે અલયહિમ : આ શબ્દોમાં એ દુશ્મનોથી અલ્લાહ પાસે એ બાબતોમાં રક્ષણ માગવાની દુઆ કરવામાં આવી છે જે દુશ્મને ઇલાહી અને કાફરો, અલ્લાહના હુકમની

નાફરમાની કરે છે. (અને ગુમરાહીમાં ભટકેલા છે) એ બંનેમાં પોતાની ગણત્રી ન થાય.

વલઝઝાલીન : આ છેલ્લા શબ્દોમાં એ વાતથી રક્ષણ માગવામાં આવ્યું છે કે તે (સૂરા પડનાર) એ લોકોમાંથી ન થઈ જાય કે જે લોકો અલ્લાહના માર્ગથી ભટકી ગયા હોય છે. અને પોતે એમ માની રહ્યા હોય છે કે (સમજતા હોય છે કે) પોતે નેક કામ કરી રહ્યા છે.

આમ આ સુરામાં તમામ ભલાઈના હુકમો તેમજ દુનિયા અને આખેરતની તમામ

હિકમતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે બીજા કોઈ સુરામાં જોવા મળતી નથી.

### (૧૬) (જો કોઈને એવો સવાલ થાય કે) નમાઝમાં તસ્બીહ (સુબ્હાનલ્લાહ)નો ઝિક્ર, રૂકુઅ અને સજદા શા માટે છે ?

આ સવાલનો જવાબ એમ છે કે : આ સવાલના ઘણા જવાબ છે. તેમાંનો એક જવાબ એ છે કે, જો બંદો એવુ ઇચ્છે કે તે અત્યંત આજેઝી અને વિનમ્રતા પૂર્વક અલ્લાહની બારગાહમાં નાચીજ હકીર બંદાની જેમ અલ્લાહની નજદીકી મેળવવા માટે ખાલિક અને

રાઝિકની બારગાહમાં હાજર થઈને તેની તસ્બીહ પડે, તેની બુઝુર્ગી અને મહાનતાનો સ્વિકાર કરે તેમજ તેનો શુક્ર અદા કરે. “સુબ્હાનલ્લાહ” અને “અલ્હમ્દો લિલ્લાહ” કહેતો રહે.

“અલ્લાહો અકબર” અને “લા એલાહ ઇલ્લલ્લાહ” કહેતો રહે, તેનું દિલ અને દિમાગ અલ્લાહના ઝિક્રમાં મશગુલ રહે. અલ્લાહ સિવાય કોઈનો વિચાર કે તમન્ના તેના દિલમાં બાકી ન રહે.

## (૧૭) જો કોઈ એવો પ્રશ્ન કરે કે નમાઝની એક રકાતમાં બે સજદા કરવાનો હુકમ શા માટે છે ?

જવાબ એ છે કે રૂકુઅ-કયામના (ઊભા રહેવાના) અમલમાં ગણાય છે, અને સજદા કઊદ (બેસવાના અમલમાં ગણાય છે) બેસીને નમાઝ પડવી એ ઊભા રહીને નમાઝ પડવા કરતાં અડધી ગણવામાં આવે છે. તેથી સજદાને બે કરી દેવામાં આવ્યા જે એક રૂકુઅ બરાબર થઈ જાય. નમાઝ રૂકુઅ અને સજદાનું જ નામ છે.

## (૧૮) નમાઝની બે રકાત પછી તશહ્હુદ શા માટે ?

જેવી રીતે રૂકુઅ અને સજદાઓની પહેલાં અઝાન, દુઆ અને કુરઆનની કિરઅત છે. તેવી જ રીતે રૂકુઅ અને સજદાઓ પછી તશહ્હુદ, તહમીદ (અલ્લાહની હમ્દ) અને દુઆ છે.

## (૧૯) નમાઝ પૂરી થવા પછી સલામ શા માટે છે ? તેની બદલે તકબીર, તસ્બીહ અથવા તેના જેવો કોઈ બીજો ઝિક્ર કેમ નથી?

ઉપરના સવાલનો જવાબ એ છે કે નમાઝમાં પ્રવેશ્યા (નમાઝ શરૂ કરી દીધા) પછી કોઈની સાથે વાતચીત કરવી હરામ છે. નમાઝમાં ફકત પોતાના ખાલિક તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે. નમાઝ પૂરી થયા પછી લોકો સાથે વાતચીત કરવી હલાલ થઈ જાય છે. (નમાઝ પડનાર) બંદાનું ધ્યાન પોતાના ખાલિક તરફથી પલટાઈને મખ્લૂક તરફ કેન્દ્રિત થઈ જાય છે. મખ્લૂક સાથે વાતચીત કરવાની શરૂઆત સલામથી કરવાની હોય છે. તેથી નમાઝના અંતે સલામનો ઝિક્ર છે.

## (૨૦) જો એવો સવાલ કરવામાં આવે કે નમાઝની પહેલી અને બીજી રકાતમાં સૂરાની કિરઅત કરવાની હોય છે. જયારે ત્રીજી અને ચોથી રકાતમાં તસ્બીહાતે અરબઅનો ઝિક્ર શા માટે હોય છે ?

આ સવાલનો જવાબ એમ છે કે પહેલી કિરઅત અલ્લાહ તઆલા તરફથી ફર્ઝ કરવામાં આવી છે. જયારે બીજી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તરફથી ફર્ઝ કરવામાં આવી છે. (આ બંનેનો તફાવત લોકોને યાદ રહે તે માટે)

## (૨૧) (પુરૂષો માટે) કેટલીક નમાઝ મોટા અવાજે અને કેટલીક નમાઝ ધીમા અવાજે પડવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે?

જે નમાઝને મોટા અવાજે પડવાનો હુકમ આપવામાં આવ્યો છે. તે નમાઝ અંધારાના (રાત્રે-વહેલી સવારના) સમયે પડવાની નમાઝ છે. તેથી હુકમ આપવામાં આવ્યો છે કે તે નમાઝને (નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશાને) બલંદ અવાજથી પડો. જેથી અંધારામાં પસાર થઈ રહેલા લોકોને એ વાતની જાણ થાય કે અહીં નમાઝે જમાઅત થઈ રહી છે. જેથી જો તે

નમાઝ પડવા માંગતો હોય તો (સાથે) નમાઝ પડી લે. જો તે નમાઝે જમાઅત થતી જોઈ શકતો ન હોય તો અવાજ સાંભળીને તેને જાણકારી મળી શકે. જે બે નમાઝને ધીમા (ખફીફ) અવાજથી પડવાનો હુકમ આપવામાં આવ્યો છે. તે દિવસના પ્રકાશમાં પડાતી નમાઝ (એટલે કે નમાઝે ઝોહર અને અસર) છે. તેની નમાઝે જમાઅત થતી જોવાથી તેની જાણકારી મળી જાય છે.

**(૨૨) નમાઝનો સમય નિશ્ચિત કેમ ? જો કોઈ એવો સવાલ કરે કે નમાઝના (હાલના) સમય**

છે તે આ જ સમય શા માટે મુકર્રર કરવામાં આવ્યા છે ? આ સમય હાલના સમય કરતાં પહેલાં કે પછી (વહેલા કે મોડા) શા માટે નહીં?

આ સવાલનો જવાબ એમ છે કે નમાઝના આ ચાર સમયથી દુનિયાના તમામ ભાગમાં વસતા લોકો માહિતગાર છે. નમાઝના આ સમયને દરેક આલિમ અને જાહિલ પારખી શકે છે.

(૧) સુર્યાસ્તનો સમય મશહૂર છે, ત્યાર પછી (તે સમય પછી) મગરિબની નમાઝ રાખવામાં

આવી છે. પૂર્વમાં જે લાલાશ સુર્ય અસ્ત થવા પછી પૈદા થાય છે તે લાલાશનું દૂર થવું જણાઈ આવે છે. તેથી તે સમયે મગિરબ-ઈશાની નમાઝ રાખવામાં આવી છે.

(૨) તુલુએ-ફજર (સુર્યોદય પહેલાં)નો સમય જાણીતો છે, તેથી તેમાં નમાઝે ફજર રાખવામાં આવી છે.

(3) ઝવાલે આફતાબ (મધ્યાહ્ન)નો સમય સૂરજ ઢળવા લાગે છે તે સમય જે સમયે વસ્તુનો પડછાયો બીજી બાજુ ઢળવા લાગે છે તે સમય-નમાઝે ઝોહરનો સમય છે. નમાઝે અસ્ર

(જે નમાઝે ઝોહ્ર પછી પડવામાં આવે છે.)નો કોઈ ખાસ સમય મુકર્રર નથી. (આમ આ ચારેય નમાઝના સમય મશહૂર છે.) અસ્રની નમાઝ એ સમયે પડવામાં આવે છે જયારે ઝોહ્રની નમાઝ પછી જે તે વસ્તુનો પડછાયો તે વસ્તુ કરતાં ચાર ગણો લાંબો થઈ જાય.

આ ઉપરાંત બીજુ કારણ એ પણ છે કે અલ્લાહ તઆલા એવું ઇચ્છે છે કે લોકો (તેઓના) દરેક કામને અલ્લાહની ઇબાદત અને ઇતાઅતથી શરૂ કરે. દિવસની (કામની) શરૂઆત કરે ત્યાર પછી દુનિયાના કોઈપણ કામ

માટે નિકળી જાય, તેથી ફજરની નમાઝ વાજીબ કરવામાં આવી. એ સમયે તેમના દિવસની શરૂઆત અલ્લાહની ઇબાદતથી કરે. જયારે દિવસ અડધો થઈ જાય ત્યારે લોકો તેમના કામો અટકાવી દે છે. એ સમયે લોકો પોતાના કપડા ઉતારીને જમ્યા પછી આરામ કરતાં હોય છે. એ કામોની શરૂઆત પણ અલ્લાહ તઆલાની ઇબાદતથી કરવામાં આવે તે માટે હુકમ આપવામાં આવ્યો કે એ કામો કરતાં પહેલાં નમાઝે ઝોહર અદા કરો. તેથી નમાઝે ઝોહર વાજીબ કરવામાં આવી. નમાઝે ઝોહર પડી

લીધા પછી ખાઈ-પીને આરામ કરી લીધા પછી જયારે પોતાના કામ કાજ માટે જાય ત્યારે નમાઝે અસ્ર પડવાનો હુકમ છે. ત્યાર પછી પોતાના કામ માટે (આજીવિકા કમાવા માટે) જઈ શકે છે. એટલે કે (બપોર) પછીના કામની શરૂઆત પણ અલ્લાહ તઆલાની ઇબાદતથી કરે. જયારે રાત પડે અને ઘરે પાછો ફરે ત્યારે પણ શરૂઆત ઈબાદતથી કરે. એટલે કે રાત્રે ઘરે પાછો ફરે ત્યારે નમાઝે મગરિબ અદા કરે. એ વખતે નમાઝે મગરિબ પડવાનો હુકમ આપવામાં આવ્યો છે. તે પછી પોતાના રાતના

કામકાજથી ફુરસદ મેળવે અને તેને સુવાનો સમય થાય ત્યારે અલ્લાહની ઇબાદતથી થાય તેથી નમાઝે ઇશા વાજીબ કરવામાં આવી. નમાઝે ઇશા પડી લીધા પછી ઇન્સાન તેની (એ દિવસની) ઇબાદતની જવાબદારીથી મુકત થઈ જાય છે.

આ રીતે ઇન્સાનના દિવસ અને રાતનું પ્રત્યેક કાર્ય અલ્લાહ તઆલાની ઇબાદત અને ઇતાઅતથી શરૂ થશે. જે માણસ આ રીતે નિયમિત રીતે અલ્લાહની ઇબાદત (નમાઝ)

બજાવી લાવશે. તો પછી અલ્લાહને ભુલશે નહીં. તેની ઇબાદતથી ગાફિલ નહીં થાય.

આમ કરવાથી તેનું દિલ સખ્ત નહીં થાય અને અલ્લાહ સાથેની રગબત (સંબંધ) જળવાઈ રહેશે.

**(૨૩) નમાઝે અસ્રનો સમય બીજી નમાઝોની જેમ નિશ્ચિત કેમ નથી ? એટલે કે નમાઝે અસ્રને નમાઝે ઝોહર અને નમાઝે મગરિબની વચ્ચે જ શા માટે મુકર્રર કરવામાં આવી છે ? નમાઝે ઇશા અને નમાઝે ફજરની વચ્ચે શા માટે નથી રખાઈ?**

## તેમજ નમાઝે ફજર અને નમાઝે ઝોહર વચ્ચે કેમ નથી રાખવામાં આવી ?

આ સવાલના જવાબમાં એમ કહી શકાય કે નમાઝે અસ્રનો હાલનો સમય છે. તેના કરતાં હળવો અને સરળ બીજો કોઈ સમય નથી. જેમાં મજબૂત, શક્તિશાળી અને કમજોર (વૃધ્ધ) લોકો આ નમાઝ અદા કરી શકે. કેમકે નમાઝે ફજર પછીથી માંડીને નમાઝે ઝોહરના સમય સુધી લોકો પોતાની રોઝી કમાવવામાં, દુનિયાના કામોમાં મશ્ગૂલ રહેતા હોય છે. દરેક વ્યક્તિ રાતના મોડે સુધી જાગી શકતી નથી તેમજ

મોડી રાત્રે ઉઠીને નમાઝ પડવી પણ બધા માટે શકય હોતી નથી.

તેથી આ નમાઝને નમાઝે ઇશા અને નમાઝે ફજર વચ્ચે પણ રાખવામાં આવી નથી. તેથી નમાઝે અસ્રને એક આસાન સમયમાં રાખવામાં આવી છે. સૂરએ બકરહની આયત નં ૧૮૫માં અલ્લાહ તઆલાનો ઇરશાદ છે કે "અલ્લાહ તમારા સંબંધમાં આસાની ઇચ્છે છે, અને સખ્તાઈ ઇચ્છતો નથી."

**(૨૪) નમાઝે જુમ્આ ઇમામની સાથે પડવામાં આવે તો બે રકાત અને ઇમામ વગર (ફુરાદા**

નમાઝે ઝોહર) પડવામાં આવે તો ચાર રકાત શા માટે ?

-: તેના ચાર કારણો છે :-

(૧) નમાઝે જુમ્આ પડવા માટે લોકો દૂરના વિસ્તારમાંથી આવતા હોય છે, તેથી અલ્લાહ અઝઝ વ જલ્લએ ઇચ્છયું કે જે લોકો થાકી જતા હોય તેમને થાક ઓછો લાગે.

(૨) ઇમામ જુમ્આનો ખુત્બો પડતા હોય છે, ત્યારે લોકો નમાઝનો ઇન્તેઝાર કરી બેસી રહ્યા હોય છે. જે લોકો નમાઝનો ઇન્તેઝાર કરી (ખુત્બો સાંભળતા) બેસી રહ્યા હોય છે, તેવા લોકો પૂરી

(આખી) નમાઝના હુકમમાં આવી જાય છે. (એટલે કે તે લોકોને આખી નમાઝનો સવાબ મળે છે.)

(3) ત્રીજું કારણ એ છે કે  ઇમામની સાથે નમાઝ પડવાથી ઇમામના ઇલ્મ, ફઝલ, ફિકહની જાણકારી અને અદલ (ન્યાય)ના કારણે નમાઝ સંપૂર્ણ બને છે.

(૪) જુમ્આ પણ ઈદના હુકમમાં આવે છે. ઈદની નમાઝ પણ બે રકાત હોય છે. ઈદની નમાઝના બે ખુત્બા પડવામાં આવે છે. છતાં

તેમાં નમાઝની રકાતની સંખ્યામાં ઘટાડો થતો નથી.

## (૨૫) નમાઝે જુમ્આમાં ખુત્બા શા માટે ?

આ પ્રશ્નનો જવાબ એ છે કે જુમ્આની નમાઝ પડવા માટે સામાન્ય જનસમૂહ ભેગો થાય છે. જેમાં પેશ નમાઝ આખા સમૂહને સંબોધન કરીને વાએઝ તેમજ નસીહ્ત કરી શકે છે. એ જનસમૂહને અલ્લાહ્ની ઇબાદત કરવાની, ગુનાહોથી બચવાની (ડરવાની) નસીહ્ત કરી શકે છે. એ જનસમૂહને દીની અને દુન્યવી (નેકીઓ) ભલાઈઓથી (તેની જાણકારી પણ

આપી શકે છે.) વાકેફ કરી શકે છે. લોકોનો ફાયદો કે નુકસાન થાય તેવી પરિસ્થિતિ છે ? તેની જાણકારી આપી શકે છે. નમાઝે જુમ્આમાં હાજરી આપનારા લોકો જુમ્આનો ખુત્બો આપનાર (નસીહત કરનાર)ની વાતોથી વિમુખ (અલિપ્ત) રહી શકતા નથી. આ કામ નમાઝે જુમ્આ પડનાર પેશ નમાઝનું છે. એ સિવાયના રોજીંદી (પંજગાના) નમાઝ પડાવનાર પેશનમાઝ આ કામ કરી શકતા નથી.

## (૨૯) નમાઝે જુમ્આમાં બે ખુત્બા શા માટે ?

નમાઝે જુમ્આના પ્રારંભમાં બે ખુત્બા શા માટે રાખવામાં આવ્યા છે ? તે પ્રશ્નનો જવાબ એ છે કે :- પહેલો ખુત્બો : અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની હમ્દો સના, પ્રશંસા, સ્તુતિ માટે તેની (તકદીસ) પવિત્રતા પાકીઝગી અને (તમજીદ) ખુદાની બુઝુર્ગીના વખાણ માટે હોય છે.

અને બીજો ખુત્બો : બીજી જરૂરિયાતો પૂરી કરવા (પોતાની ફરજ પૂરી કરવા) માટે છે. જેમાં ઇમામ લોકોને (તેમના કાર્યો માટે) ચેતવણી આપવાની અને દુઆ કરવાની ફરજ અદા કરી શકે છે. લોકોને તેમની ભલાઈ હોય તેવા સારા

કામો કરવાની નસીહત કરે છે અને લોકોને નુકસાન થાય તેવા ખરાબ કામો કરતાં અટકાવવાનું કામ કરે છે.

## (૨૭) જુમ્આનો ખુત્બો જુમ્આની નમાઝની પહેલાં અને ઈદની નમાઝનો ખુત્બો ઈદની નમાઝ પછી શા માટે ?

જુમ્આ (શુક્રવાર)નો દિવસ દર સપ્તાહે આવે છે, આ નમાઝ વર્ષ દરમિયાન વારંવાર થતી હોય છે. (માનવ સ્વભાવ મુજબ) જે બાબતો વર્ષમાં અવારનવાર આવતી હોય છે તેનું એટલું બધું મહત્વ રહેતુ નથી, જેટલુ મહત્વ

વર્ષમાં માત્ર બે વખત આવતા ઈદના ખુત્બાનું હોય છે.

જુમ્આનો ખુત્બો મહીનામાં ચાર થી પાંચ વખત આવતો હોય (જો જુમ્આનો ખુત્બો નમાઝની પછી રાખવામાં આવે તો) અમૂક લોકો તેમાં રોકાયા વગર ફકત નમાઝે જુમ્આ પડીને ચાલ્યા જાય તેવુ બની શકે, તેથી નમાઝે જુમ્આની પહેલાં જુમ્આનો ખુત્બો રાખવામાં આવ્યો છે. જેથી લોકો જુમ્આનો ખુત્બો સાંભળીને તેના વિશે ચિંતન અને મનન કરે. ઈદનો પ્રસંગ (ઈદની નમાઝ) વર્ષમાં ફકત બે વખત આવે છે.

જે જુમ્આ કરતાં વધારે અઝીમ છે. ઈદની નમાઝનું ખાસ મહત્વ હોય છે. લોકો ઈદની નમાઝમાં ભાગ લેવા ખુબજ ઉત્સાહ અને ખુશીથી આવતા હોય છે. એ નમાઝમાંથી (કદાચ) અમૂક લોકો (ખુત્બો સાંભળ્યા વગર) ચાલ્યા પણ જાય તો તેથી તેની બાકીના જનસમૂહ ઉપર ખાસ અસર થતી નથી. નમાઝે ઈદનો ખુત્બો સાંભળવાથી લોકો કંટાળતા કે ગભરાતા નથી હોતા.

## (૨૮) કસ્ર નમાઝ શા માટે ?

જવાબ એ છે કે હકીકતમાં નમાઝ દસ રકાત હતી. ત્યાર પછી સાત રકાતોનો વધારો કરવામાં આવ્યો. તો અલ્લાહ તઆલાએ ઘટાડો કરી દીધો. (નમાઝ કસ્ર કરી નાખવામાં આવી) સફર (પ્રવાસ)માં માણસના થાક, તકલીફ, મશ્ગુલિયત વગેરેને કારણે (નમાઝને કસ્ર કરવામાં આવી છે.) જેથી તેના જરૂરી કામો બાકી રહી ન જાય. આ અલ્લાહની કૃપા અને તેની મહેરબાની છે. ચાર રકાતવાળી બધી નમાઝોને કસ્ર (અડધી) કરી નાખવામાં આવી છે. જ્યારે મગરિબની નમાઝને (ત્રણ રકાત રાખવામાં

આવી છે) કસ્ર કરવામાં આવી નથી કેમકે હકીકતમાં તે (પહેલેથી જ) કસ્ર કરેલી છે.

## (૨૯) નમાઝે મૈયતનો હુકમ શા માટે આપવામાં આવ્યો છે ?

મરનાર માટે લોકો મગફેરત અને શફાઅતની દુઆ કરે તે કારણથી નમાઝે મૈયત પડવાનો હુકમ આપવામાં આવ્યો છે. મરનાર માટે શફાઅત દુઆ અને મગફેરતની જેટલી જરૂરત નમાઝે મૈયત પડવામાં આવે ત્યારે હોય છે તેટલી જરૂર બીજા (અન્ય) કોઈ સમયે હોતી નથી.

## (30) નમાઝે મૈયતમાં પાંચ તકબીર જ શા માટે ? ચાર કે છ તકબીર શા માટે નથી ?

નમાઝે મૈયતમાં પડવામાં આવતી પાંચ તકબીર દરરોજની (પંજગાના) વાજીબ નમાઝોમાંથી લેવામાં આવી છે. કારણ કે પંજગાના નમાઝોમાં આવતી પહેલી તકબીર (તકબીરતુલ એહરામ) સિવાયની કોઈ તકબીર કહેવી વાજીબ હોતી નથી. આથી પંજગાના નમાઝોમાંથી દરેક નમાઝની એક વાજીબ તકબીરને લઈને કુલ પાંચ તકબીર નમાઝે મૈયતમાં રાખવામાં આવી છે.

## (૩૧) નમાઝે મૈયતમાં રૂકુઅ અને સજદા શા માટે નથી હોતા ?

આ પ્રશ્નના જવાબમાં કહેવામાં આવશે કે : આ નમાઝનો હેતુ આપણી નમ્રતા જાહેર કરીને (અલ્લાહ તઆલાની) ઇબાદત કરવાનો નથી. પરંતુ આ નમાઝે મૈયતનો હેતુ એ મરનાર માટે શફાઅતની દુઆ કરવાનો છે. જે પોતાની પાસે જે કાંઈ હતું તે છોડીને ચાલ્યો ગયો છે. આથી હવે (આગળની મુસાફરી માટે) મોહતાજ છે. આથી નમાઝે મૈયતમાં રૂકુઅ અને સજદા નથી.

## (૩૨) મૈયતને ગુસ્લ શા માટે આપવામાં આવે છે ?

સામાન્ય રીતે મૈયત બીમારીઓ અને નજાસતની ગંદકી વાળા હોય છે. તેથી અલ્લાહ તઆલાએ ચાહ્યુ કે જયારે (મરનાર) બંદાને લોકો મળીને ઉઠાવે, તેને સ્પર્શ કરે, અને અલ્લાહની બારગાહમાં પહોંચાડે ત્યારે બંદો સાફ-સુથરો, પાકો-પાકીઝા હોવો જોઈએ. તેથી મૈયતને ગુસ્લ આપવાનો હુકમ આપવામાં આવ્યો છે.

કેટલાક અઇમ્મા (અ.મુ.સ.)થી એ પણ રિવાયત છે કે : મરનાર જે મરે છે તેને જનાબત (સ્ખલન) થઈ આવે છે, તેથી મૈયતને ગુસ્લ આપવું વાજીબ છે.

## (33) મૈયતને કફન પહેરાવવાનો (તકફીનનો) હુકમ શા માટે ?

મૈયતને કફન પહેરાવવાનો હુકમ એ માટે આપવામાં આવ્યો છે કે મરનાર જયારે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની મુલાકાત કરે તો તેનું શરીર પાક હોય. તે ઉપરાંત મરનારને ઉપાડનાર તેમજ દફન કરનાર લોકોને મહૂમની

શર્મગાહ ન દેખાય. લોકો મરનારને કઢંગી હાલતમાં ન જુવે. લોકો મરનારના શરીરને જોઈને સખત દિલના ન થઈ જાય. એવી જ રીતે મર્હૂમને કફન ન પહેરાવામાં આવે તો તેના કારણે ઘણી ખરાબી (બદી) ફેલાવાની શકયતા છે. મરનારના મિત્રો અને ચાહનારાઓને મરનારની હાલત જોઈને સુગ, ધૃણા કે તિરસ્કાર પૈદા ન થાય. તેઓ મરનાર પ્રત્યેની મોહબ્બત અને તેનો ઝિક્ર કરવાનું છોડી ન દે. તે પણ કફન પહેરાવવાનું એક કારણ છે. મરનારને કફન પહેરાવ્યા વગરની હાલતમાં જોનાર, મરનારે શું

વસીયત કરી હતી ? તેની શું ઇચ્છા હતી ? તેણે શું કહ્યું હતું ? તે ભુલી જાય, તેથી પણ મરનારને કફન પહેરાવી દેવામાં આવે છે.

## (૩૪) મરનારને દફન શા માટે કરવામાં આવે છે ?

મરનારને દફન એ માટે કરવામાં આવે છે કે લોકો મરનારનું સડેલું, બેડોળ અને વિકૃત થએલું શરીર જોઈ તેની બદબૂ સુંઘીને તકલીફ ન અનુભવે. લોકો મરનારના શરીરનું સડવું-ગળવું, દુર્ગંધ મારવી વગેરે ન જોઈ શકે અને મૈયતના શરીરની દુર્દશા તેને દફન કરી

દેવાથી, તેના દોસ્તો અને દુશ્મનો બંનેથી છુપી રહે છે. જો મૈયતને દફનાવવામાં ન આવે તો તેના શરીરની વિકૃત અને દુર્ગંધ મારતી હાલત જોઈને તેનો દુશ્મન રાજી થશે અને તેના દોસ્તો તેના (મરનાર વ્યક્તિ) પ્રત્યે હમદર્દી નહીં અનુભવે.

## (૩૫) મૈયતને ગુસ્લ આપનાર વ્યક્તિએ ગુસ્લે મસે મૈયત (મૈયતને અડયા પછી કરવાનું ગુસ્લ) શા માટે કરવું જોઈએ ?

મૈયતને ગુસ્લ આપતી વખતે ગુસ્લ આપનારી વ્યક્તિ ઉપર મૈયતના શરીર ઉપરથી

પડેલા પાણીના જો કોઈ છાંટા ઉડયા હોય તો તેનાથી મૈયત આપનાર પાક અને સાફ થઈ જાય. કોઈપણ વ્યક્તિના શરીરમાંથી રૂહ નિકળી જાય છે ત્યારે તેના શરીર ઉપર કેટલાક જંતુઓ અને ગંદકી બાકી રહી જાય છે. લોકો મૈયતને અડવા અને તેની પાસે જવાનું ટાળે નહીં. તે માટે ગુસ્લે મસે મૈયત રાખવામાં આવ્યું છે. સામાન્ય રીતે મૈયતની નજાસત વિશે લોકોના દિલમાં ખ્યાલ હોય છે તે ખ્યાલ ગુસ્લે મસે મૈયતની જોગવાઈથી દૂર થઈ શકે, તે માટે આ ગુસ્લ રાખવામાં આવ્યું છે.

## (૩૯) માણસ સિવાયના બીજા પક્ષી,પ્રાણીઓના મુર્દાને અડવાથી ગુસ્લે મસે મૈયત શા માટે વાજીબ થતું નથી ?

જો કોઈ એવો સવાલ કરે કે માણસ સિવાયના બીજા જાનવરો, જેમકે ચકલી, પંખીઓ, બીજા ચારપગા જાનવરો (પશુઓ), હિંસક (ફાડી ખાનાર) પ્રાણીઓના મુર્દાને અડકવાથી ગુસ્લે મસે મૈયત શા માટે વાજીબ થતું નથી ? આ પ્રશ્નના જવાબમાં કહેવામાં આવશે કે તમામ પંખીઓ વાળ, પીંછા, પાંખ અને રૂવાં (રૂવાટીઓ) ધરાવે છે. તેમના શરીરની

ઉપર (અલ્લાહ તઆલા) તરફથી આપવામાં આવેલા વાળ, પાંખ, રૂવા વગેરે પાક છે. કારણ કે તેમાં રૂહ હોતી નથી. તેથી મરતી વખતે તેમાંથી રૂહ નિકળવાનો સવાલ રહેતો નથી. અને મરનાર પંખી, પ્રાણી કે પશુને અડવામાં આવે તો તેના વાળ, પીંછા કે રૂવાને અડકવામાં આવે છે. આ વાળ, પીછા અને રૂવા તેમનો પોશાક ગણાય છે જે તેમના શરીર ઉપર હોય છે. તેથી મુર્દા પંખી, પ્રાણી કે પશુને અડકવાથી ગુસ્લે મસે મૈયત વાજીબ થતું નથી.

## (૩૭) નમાઝે મૈયત પડવા માટે વઝુ કેમ જરૂરી નથી ?

નમાઝે મૈયતમાં રૂકુઅ અને સજદા હોતા નથી. આ નમાઝ એ ફકત દુઆ અને ઇલ્તેજા (વિનંતી) છે. અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ અને ઇલ્તેજા તો કોઈ પણ હાલતમાં કરી શકાય છે. વુઝુ ફકત એ નમાઝો માટે વાજીબ છે, જેમાં રૂકુઅ અને સજદા હોય છે. તેથી નમાઝે મૈયત પડતી વખતે વુઝુ કરવું વાજીબ નથી.

## (૩૮) સુર્ય ગ્રહણની નમાઝ (નમાઝે આયાત) શા માટે ?

સુર્ય ગ્રહણ એ અલ્લાહની નિશાની છે. એ વાત કોઈ નથી જાણતું કે સુર્ય ગ્રહણ એ અલ્લાહના અઝાબની નિશાનીના કારણે થાય છે કે અલ્લાહની રહમતની નિશાનીના કારણે થાય છે ? જે રીતે હઝરત યૂનુસ (અલય્હિસ્સલામ)ની કૌમે જયારે અલ્લાહની બારગાહમાં ગળગળા થઈને દુઆ કરી ત્યારે અલ્લાહ તઆલાએ તેઓ ઉપર થનાર અઝાબ ટાળી દીધો હતો. તેવી જ રીતે નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ચાહ્યું કે તેઓની ઉમ્મત અલ્લાહની બારગાહમાં ગળગળી થઈ (ખુઝુઅ, ખુશુઅથી)

નમાઝે આયાત અદા કરે, જેથી સુર્ય ગ્રહણની ખરાબ અસરોથી બચી શકે.

## (૩૯) યવ્મુલ ફિત્રને ઈદનો દિવસ શા માટે ગણવામાં આવે છે ?

આ દિવસને યવ્મે ઈદ, એ માટે ગણવામાં આવે છે કે તે દિવસે મુસલમાનોનો સમુહ એકઠો થાય છે, એ સમુહ અલ્લાહની ખુશી માટે નિકળે છે. અલ્લાહ તઆલાએ તેની ઉપર જે અહેસાન કર્યો છે તેનો શુક્ર અદા કરે છે. આ દિવસને યવ્મે ઈદ, યવ્મે ઇજતમાઅ (સમુહમાં એકઠા થવાનો દિવસ), યવ્મે ફિત્ર, યવ્મે ઝકાત, યવ્મે રગબત

(નિકટતા કેળવવાનો દિવસ) યવ્મે તઝર્રોઅ (આજીજી કરવાનો) દિવસ પણ કહે છે. એ માટે પણ આ ઈદનો દિવસ ગણવામાં આવે છે કે વર્ષનો આ એવો પહેલો દિવસ છે જેમાં અલ્લાહ તઆલાએ લોકો માટે ખાવા-પીવાનું હલાલ કર્યું છે, એટલા માટે કે એહલે હકની દ્રષ્ટિએ પવિત્ર રમઝાન મહિનો એ પહેલો મહિનો છે. તેથી અલ્લાહ તઆલાએ ચાહ્યુ કે આ દિવસે (ઈદના દિવસે) લોકોનો સમૂહ અલ્લાહની હમ્દ અને સ્તુતિ કરે.

## (૪૦) રોઝાનો હુકમ શા માટે ?

રોઝાનો હુકમ એ માટે આપવામાં આવ્યો છે કે જેથી લોકો એ વાત જાણી (અનુભવી) શકે કે ભુખ અને તરસમાં શું તકલીફ અને પરેશાની છે ? એ ઉપરાંત આખેરતના ફકીરો (આખેરતમાં જે લોકો પાસે નેક આમાલનું ભાતુ નહીં હોય તે આખેરતના ફકીર ગણાશે.)ની ત્યાં કેવી હાલત થશે તેની પણ ખબર પડે છે. રોઝા રાખવાના હુકમ પાછળનું એક કારણ એ પણ છે કે રોઝેદાર નમ્ર, જલીલ, સવાબનો ઉમ્મેદવાર, પોતાના કાર્યોનો હિસાબ કરનાર અને અલ્લાહને ઓળખનારો બની રહે. રોઝેદારને ભૂખ અને

તરસથી જે તકલીફ પહોંચે તેની ઉપર સબ્ર કરીને સવાબનો હકદાર બની શકે, પોતાની ખ્વાહીશોને કાબુમાં રાખે. આ બધી બાબતો એ માટે રાખવામાં આવી છે જેથી રોઝેદારને નસીહત મળે, રોઝેદાર પોતાની જીસ્માની અને રૂહાની ખ્વાહીશોને કાબૂમાં રાખવાની ટેવ પાડે. જેથી પોતાના માટે નકકી કરાએલી ફરજોનું પાલન કરી શકે અને તે રીતે સવાબનો હકદાર બને. તદઉપરાંત રોઝેદારને (પોતાના જમાનામાં જીવન વીતાવતા) મીસ્કીનો અને ફકીરોને ભુખ-પ્યાસ વગેરેની કેટલી તકલીફ

વેઠવી પડે છે, તેનો અહેસાસ થાય અને અલ્લાહ તઆલાએ તેની ઉપર જે માલી ફરાએઝ (માલમાંથી ફીત્રો, ઝકાત, ખુમ્સ વગેરે આપવાની ફરજો) નિશ્ચિત કરી છે. તેને અદા કરી શકે.

## (૪૧) રોઝા રાખવાનો હુકમ માહે મુબારક રમઝાનમાં જ શા માટે ?

જો કોઈ એવો સવાલ કરે કે રોઝા માહે રમઝાનમાં જ શા માટે વાજીબ કરવામાં આવ્યા છે ? અન્ય કોઈ મહીનામાં શા માટે નહીં ? તો આ સવાલનો જવાબ એ છે કે આ મહીનામાં અલ્લાહ

(સુબ્હાનહુ વ તઆલા)એ કુરઆને મજીદ નાઝીલ ફરમાવ્યું. આ મહીનામાં જ અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા)એ હક અને બાતિલને જુદા કરી નાખ્યા.

ઇરશાદ છે કે : રમઝાનનો મહીનો એ છે કે જેમાં કુરઆન નાઝિલ કરવામાં આવ્યું છે, જે લોકો માટે હિદાયત અને હિદાયતની સ્પષ્ટ દલીલ અને હક તથા બાતિલને સ્પષ્ટ રીતે દેખાડી દેનાર છે. (સૂરએ બકરહ, આ. ૧૮૫)

રમઝાનનો (મુબારક) મહીનો તે છે (કે) જેમાં આ કુરઆન ઊતારવામાં આવ્યું જે સર્વ

મનુષ્યોનો માર્ગદર્શક છે. અને (તેમાં) સન્માર્ગની સ્પષ્ટ દલીલ તથા (સત્ય-અસત્યના) નિર્ણયના (નિયમો છે.)

## (૪૨) માહે મુબારકે રમઝાનની ફઝીલત

.... આ માહે મુબારક રમઝાનમાં જ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને નબી બનાવવામાં આવ્યા હતા. આ મહીનામાં જ એ શબે કદ્ર આવે છે જે હજાર મહીનાઓ કરતાં અફઝલ છે. કુરઆને મજીદની આયત છે કે .... અને આમાં હિકમત અને મસ્લેહતના દરેક કામોનો નિર્ણય કરવામાં આવે

છે. (દરેક હિકમતવાળું કાર્ય તે (શુભરાત્રી)માં નિર્માણ થાય છે.) (સૂરએ દોઆન, આ. નં. ૪)

શબે કદ્રમાં આખા વર્ષમાં બનનારી બાબતો તે ભલાઈ હોય કે બુરાઈ, નફો હોય કે નુકસાન, રોઝી હોય કે મૌત, તે બધું આ રાતમાં નકકી થાય છે. તેથી તેને "કદ્રની રાત" કહેવામાં આવે છે.

## (૪૩) માહે મુબારકે રમઝાનના આખા મહીનાના રોઝા શા માટે વાજીબ ? તેથી વધારે કે ઓછા નહીં ?

ઉપરના સવાલના જવાબમાં એમ કહેવાયું છે કે આ હુકમ સામાન્ય (એવરેજ) શક્તિ ધરાવતા અને ઝઈફ અને તંદુરસ્ત લોકોને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા બંદાઓને જે કોઈ હુકમ આપે છે તે બંદાઓના મોટા વર્ગની શક્તિ અને ક્ષમતાને ધ્યાનમાં લઈને આપે છે. એક મહીનાના રોઝા સામાન્ય રીતે સાધારણ તંદુરસ્તી ધરાવનાર રાખી શકે છે. હવે રહી ગઈ વાત નબળા (વૃધ્ધ) લોકોની, તો તેઓને (શરઈ કારણોસર) છૂટ છાટ આપવામાં આવેલી છે. તેમજ શક્તિશાળી

લોકોને એક મહીના કરતાં વધારે (વધારાના મુસ્તહબ) રોઝા રાખવાની તાકીદ કરવામાં આવી છે. જો બંદાની સુધારણા આનાથી વધારે કે ઓછા રોઝા રાખવામાં થતી હોત તો ઓછી કે વધારે સંખ્યામાં રોઝા રાખવાનો હુકમ આપવામાં આવતે.

## (૪૪) હૈઝના દિવસમાં ઔરતો માટે નમાઝ-રોઝા શા માટે નથી ?

એ દિવસમાં સ્ત્રીઓ નજાસતની હાલતમાં હોય છે. અલ્લાહ તઆલા ચાહે છે કે તહારત કર્યા વગર તેની ઇબાદત કરવામાં ન આવે.

તેથી હૈઝના દિવસોમાં ઔરતો માટે નમાઝ-રોઝા હોતા નથી.

### (૪૫) ઔરતો માટે હૈઝના દિવસોમાં છુટી ગએલા રોઝાની કઝા છે જયારે એ દિવસોની નમાઝની કઝા નથી તેનું શું કારણ ?

આના ઘણા કારણો છે. પહેલું કારણ એ છે કે રોઝા રાખવાથી સ્ત્રીને પોતાના કામો કરવામાં પોતાના પતિની ખિદમત કે બીજા ઘરકામમાં વિક્ષેપ પડતો નથી. જયારે નમાઝ પડવામાં એ કામોની રૂકાવટ થવાની શકયતા રહે છે. કેમકે દરેક નમાઝ દિવસ અને રાતમાં બમણી (બે

વખત) થઈ જશે. જયારે રોઝામાં એવુ નથી. બીજું કારણ એ છે કે નમાઝ અદા કરવામાં શ્રમ પડે છે, જયારે રોઝામાં માત્ર ખાવા-પીવાથી બચવાનું હોય છે. કોઈ અરકાન અદા કરવાના હોતા નથી.

## (૪૬) સખત ઊંઘની હાલતમાં નમાઝ પડવી જાએઝ શા માટે નથી ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : .... હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું તમારી આંખો સખત ઊંઘથી ઘેરાએલી

હોય તો નમાઝને તોડી નાખો અને સુઈ રહો, એ માટે કે તમે (ઊંઘમાં શું પડી રહ્યા છો, તે) જાણતા નથી. કદાચ તમે તમારાથી વિરૂધ્ધ (તમને નુકસાન થાય) તેવી દુઆ કરી રહ્યા હો..... (ઊંઘની હાલતમાં વુઝુ પણ બાતિલ છે.- અનુવાદક)

## (૪૭) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દરરોજ સવારે અને સાંજે ૩૬૦ વખત "અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન કસીરા"નો ઝિક્ર શા માટે કરતાં હતા ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે : હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું આદમના વંશજ (ઇન્સાન)ના શરીરમાં ૩૬૦ (ત્રણસો સાઠ) રગ હોય છે. જેમાંની ૧૮૦ (એકસો એંશી) એવી હોય છે કે જે મુતહર્રીક (ગતિમાન) હોય છે. અને ૧૮૦ (એકસો એંશી) રગ સાકિન (સ્થિર) હોય છે. જો કોઈ ગતિમાન રગ સ્થિર થઈ જાય. અથવા તો સ્થિર રગ ગતિમાન થઈ જાય તો આદમી સુઈ શકતો નથી. આથી હઝરત રસૂલે ખુદા

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દરરોજ સવારે અને સાંજે બંને સમયે ૩૬૦-૩૬૦ વખત “અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન કસીરા” કહ્યા કરતાં હતા.

## (૪૮) હજનો હુકમ શા માટે ?

આ પ્રશ્નનો જવાબ જનાબે ફઝલ બિન શાઝાને અન્ય પ્રશ્નોના જવાબમાં નોંધ્યો છે કે : બારગાહે ઇલાહીમાં સમૂહના સ્વરૂપમાં જવામાં આવે અને અલ્લાહ તઆલાની બારગાહમાં તૌફીકમાં વધારો થવાની દુઆ કરવામાં આવે. હજમાં જનારે હજમાં જવા પહેલાં સુધીમાં જેટલા

ગુનાહ કર્યા હોય તેની તૌબા કરી લે. અને ભવિષ્ય માટે એ વાતનો નિર્ણય કરી લે કે હવે પછી તે કોઈ ગુનાહ નહીં કરે. એ ઉપરાંત એ પણ નકકી કરી લે કે હવે પછી હું અલ્લાહની મરજી મુજબ મારો માલ ખર્ચ કરીશ અને શારીરિક તકલીફોને વેઠીશ. મારા બાળ બચ્ચાની વચ્ચે ફસાએલો નહીં રહું. પોતાના નફસને લઝઝતોથી બચાવીશ. (હજના અરકાન બજાવતી વખતે) ગરમી અને ઠંડીની પરવા નહીં કરૂં. દરેક સંજોગોમાં અડગ રહીશ. (હજ દરમિયાન-હજ કરવાથી) ખુઝુઅ, ખુશુઅ અને

નમ્રતા પૈદા થઈ શકે છે. હજમાં તમામ લોકોનો ફાયદો છે. હજથી લોકોને અલ્લાહ તઆલા તરફ રગબત (એકાગ્રતા તવજ્જોહ) પૈદા થાય છે. તેનાથી બે રહમી અને નફરતના દુર્ગુણ દૂર થાય છે. હજ કરનાર ઝિક્રે ઇલાહીને ભુલવાથી બચશે. નિરાશા અને નાઉમ્મીદીને છોડી દેશે. હજ કરનાર બંદાઓના હકને નવેસરથી અદા કરશે. પોતાના નફસને બદી અને ફીત્ના ફસાદથી બચાવશે. તદઉપરાંત હજમાં તમામ પૂર્વ અને પશ્ચિમના રહેવાસીઓ માટે ફાયદો છે. ભલે પછી તે (ખુશ્કીમાં) સૂકી જમીનમાં રહેતો

હોય કે પાણી ઉપર (તરી માં) રહેતો હોય. એ વ્યક્તિઓ હજ કરી રહી હોય કે ન કરી રહી હોય, વેપારી હોય કે મજૂર હોય, ગ્રાહક હોય કે વેચનાર હોય, હુન્નર જાણનાર હોય કે ભાડુત હોય (અથવા તો ભાડે વાહન ચલાવનાર હોય) મુફલિસ હોય કે મોહતાજ હોય. તેમાં (હજમાં) જયાં જયાં એકઠા થવાની જગ્યા હશે. ત્યાં આજુ બાજુમાં રહેનાર તમામ લોકોની હાજત પૂરી થશે. તે ઉપરાંત દીની ઇલ્મ શીખવા અને શીખવવાનું અને અઇમ્મએ તાહેરીન (અલય્હેમુસ્સલામ)ની હદીસોના પ્રચારની તક

પણ છે. આ વિશે સૂરએ તૌબાની આ. નં ૧૨૨ છે. માટે તેમના દરેક ટોળામાંથી એક નાનકડો જથ્થો એ હેતુસર શા માટે નિકળતો નથી કે તે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરે અને જયારે પાછો ફરે ત્યારે પોતાની કૌમને ડરાવે કે જેથી તેઓ પણ (દુષ્ટ કાર્યો કરતાં) સાવધ રહે.

## (૪૯) લોકો માટે હજ જિંદગીમાં એક વખત વાજીબ શા માટે ?

અલ્લાહ તઆલા જયારે કોઈ કામનો હુકમ આપે છે ત્યારે ઓછી શક્તિવાળાને ધ્યાનમાં લઈને હુકમ આપે છે. આ વિશે અલ્લાહ તઆલા

કુરઆને મજીદમાં ઇરશાદ ફરમાવે છે કે : કુરબાની માટે ઓછામાં ઓછું જે સરળતાથી મળી શકે, એટલે કે બકરી. જે દરેક શક્તિશાળી અને નિર્બળની શક્તિ મુજબની વસ્તુ છે. તેવી જ રીતે બીજી ફરજો જે કૌમની ઓછામાં ઓછી શક્તિ ધરાવનાર અને ઓછો માલ ધરાવનારને લક્ષમાં લઈને નકકી કરવામાં આવી છે. એ ફરજો પૈકીની એક ફરજ હજ છે. ત્યાર પછી શક્તિ ધરાવનારને તેમની શક્તિ મુજબ કાર્યો કરવાના હુકમ આપવામાં આવ્યા છે.

## (૫૦) હજ્જે તમત્તોઅનો હુકમ શા માટે ?

હજ્જે તમત્તોઅનો હુકમ અલ્લાહ તરફથી રાહત અને રહમત છે. જેથી લોકો પોતાના અહેરામમાં સલામત રહે અને અહેરામની મુદ્દત તેમના માટે લાંબી ન થઈ જાય. અને તેના પરિણામે લોકોના (ઇબાદતના) કાર્યો નકામા ન બની જાય. અને એ માટે કે હજ અને ઉમ્રહ (ઉમ્રએ તમત્તોઅ) બંને વાજીબ છે. તેમજ એ માટે કે ઉમ્રહ બાતિલ અને રદ ન થઈ જાય. તેમજ ઉમ્રહને છોડીને એકલી ન રહી જાય. તમત્તોઅ એ માટે રાખવામાં આવી છે કે હજ અને ઉમ્રહની વચ્ચે અંતર

(સમયગાળો) રહે અને એ માટે પણ રાખવામાં આવી છે કે ખાનએ કાબાનો તવાફ છોડી દેવામાં ન આવે તેમજ તવાફ કરવાનું બંધ કરી દેવામાં ન આવે. જો તમત્તોઅ નહીં હોય તો હાજી માટે તવાફ કરવો જાએઝ બનશે નહીં. અને જો તે તવાફ કરી નાખશે તો પણ તેનો અહેરામ તુટી જવાના કારણે અહેરામ નકામો થઈ જશે. અને હજની અદાયગી પહેલાં જ તેનો અહેરામ તુટી જશે.

હજની અદાયગી વખતે લોકો ઉપર કુરબાની કરવી અને (હજના કાર્યો ખોટા

બજાવી લાવતા ભુલ-ભરેલા કાર્યો માટે) કફ્ફારો એ માટે વાજીબ કરવામાં આવ્યો છે કે લોકો જાનવરને ઝબ્હ કરે અને અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરે. જેથી એવું ન થાય કે કુરબાની અને સદકો ખત્મ અને બાતિલ થઈ જાય.

## (૫૧) પેશાબની નજાસતથી બચવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે આપે ફરમાવ્યું હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પેશાબથી સૌથી વધુ બચતા

હતા. આપ જયારે પેશાબ કરવા માટે ઊંચી જગ્યા પર જતા અથવા એવી જગ્યાએ જતા, જયાં ધુળ કે રેતી હોય, જેથી પેશાબના છાંટા આપ પર ન ઉડે.

## (પર) સંડાસ કરવા માટે વધારે સમય સુધી બેસી રહેવું મકરૂહ છે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે સંડાસમાં વધારે સમય બેસી રહેવાથી બવાસીર (હરસ)નો રોગ પૈદા થાય છે.

## (૫૩) વુઝુ કરવા માટે બીજા કોઈની મદદ લેવી શા માટે યોગ્ય નથી ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) વુઝુ કરતાં ત્યારે પોતાના (અવયવો) ઉપર કોઈને પાણી રેડવા દેતા નહીં. અને ફરમાવતા કે હું એ વાત પસંદ નથી કરતો કે મારી નમાઝના કામમાં બીજા કોઈને સામેલ કરૂં.

## (૫૪) વુઝુમાં શરીરના અવયવોને ધોવા અને મસહ કરવાનું કારણ

હઝરત અબુલ હસન હઝરત ઇમામ રઝા (અલય્હિસ્સલામ)એ મોહમ્મદ બિન સનાનના એક પત્રના જવાબમાં જણાવ્યું જે કારણોસર વુઝુમાં મોઢા અને હાથને ધોવા તેમજ માથા અને પગના મસાહ કરવાની ફરજ છે તેનું કારણ એ છે કે નમાઝ પડનાર પોતાના શરીરના જાહેરી અવયવને પાક-સાફ કરીને અલ્લાહ તઆલાની બારગાહમાં ઊભો રહે અને એવી જ (પાક) હાલતમાં કેરામન-કાતેબીન (માણસના કાર્ય લખનાર ફરિશ્તા) સાથે મુલાકાત કરે. મોઢું ધોવું ખુઝુઅ અને ખુશુઅ માટે છે અને બંને હાથ

ધોવા એ માટે છે કે તેનાથી (તેવી રીતે) વુઝુ કરનારનો દુનિયા સાથેનો સંબંધ કપાઈ જાય. અને અલ્લાહ સાથેનો સંબંધ જોડાઈ જાય, અલ્લાહનો ખૌફ વ્યકત થાય.

માથા અને પગના મસહ એ માટે છે કે આ બંને અવયવ જાહેરી રીતે ખુલ્લા રહે છે. તેમજ આ બંને અવયવ, માથુ અને પગ કાયમ લોકોને દેખાય તે રીતે ખુલ્લા રહેતા હોય છે. મોઢા અને હાથથી દુનિયા સાથેનો સંબંધ (નમાઝ પૂરતો) કાપી નાખવાની ભાવના વ્યકત થઈ શકે છે. જયારે માથા અને પગથી એવી રીતે ભાવના

વ્યકત કરી શકાતી નથી. (તેથી માથા અને પગને ધોવાના બદલે એ બંને અવયવ ઉપર ફકત મસહ કરવામાં આવે છે.)

## (૫૫) સુર્યની ગરમી (તડકા)થી ગરમ થએલા પાણીથી વુઝુ અથવા ગુસ્લ શા માટે ન કરાય ?

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે સુર્યની ગરમી (તડકા)થી ગરમ થએલા પાણીથી વુઝુ કે ગુસ્લ ન કરે અને તે પાણીથી રોટલી માટેનો લોટ ન ગુંદે (લોટ ન બાંધે) કારણ કે તેનાથી (બરસ) સફેદ કોઢની બીમારી થાય છે.

## (પ૬) જનાબતથી ગુસ્લ શા માટે વાજીબ થાય છે ? પેશાબ અને સંડાસ કરવાથી ગુસ્લે જનાબત શા માટે વાજીબ થતું નથી ?

.... ઇમામે રઝા (અલયહિસ્સલામ)એ તેમને પૂછવામાં આવેલા સવાલોનો પત્ર દ્વારા જવાબ આપ્યો જેમાં આપે લખ્યુ કે ગુસ્લે જનાબતનું કારણ એ છે કે તેનાથી ઇન્સાન પોતાના આખા શરીરને પાક અને સાફ કરી શકે. જનાબત થવાની અસર આખા શરીરને થતી હોય છે. તેથી આખા શરીરને પાક કરવું વાજીબ છે. જયારે પેશાબ અને સંડાસ (પાયખાના) પછીની

તહારતમાં છુટ છાટ એ માટે રાખવામાં આવી છે કે પેશાબ અને સંડાસ કરવા માટે અવાર નવાર જવું પડતું હોય છે, તેથી પેશાબ અને પાયખાના પછી ફકત વુઝુ કરવાથી અલ્લાહ રાજી છે. હંમેશા (એટલે કે દરેક વખત પેશાબ અને સંડાસ કર્યા પછી) ગુસ્લનો હુકમ રાખવામાં આવ્યો હોત તો તે લોકો માટે અગવડ અને મુસીબતનું કારણ બની જાત. પેશાબ અને સંડાસ કોઈ પણ પ્રકારની જાતિય ઉત્તેજના (શહવત) વગર પણ કુદરતી (હાજત રૂપે) આવતું હોય છે. જનાબત કયારેય ખ્વાહીશ, ઇરાદા કે લઝઝત વગર

આવતી નથી. (તેથી જનાબત પછી ગુસ્લે જનાબત વાજીબ થાય છે.)

## (૫૭) ગુસ્લે જનાબત શા માટે ?

.... એક દિવસ યહૂદી કૌમના કેટલાક લોકો હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા. તે લોકોમાંથી જે સૌથી વધુ આલિમ હતો, તેણે આપ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કેટલાક પ્રશ્નો પુછયા. એ પ્રશ્નોમાં એક પ્રશ્ન એ પણ હતો કે ખુદાવંદે આલમે જનાબતને કારણે ગુસ્લ શા માટે વાજીબ કર્યું ?

પેશાબ અને સંડાસ કરવાના કારણે શા માટે નહીં ? આ પ્રશ્નના જવાબમાં રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યું જયારે હઝરત આદમ (અલયહિસ્સલામ)એ ફળ ખાધુ ત્યારે તેનો અર્ક (રસ) હઝરત આદમ (અલય્હિસ્સલામ)ના શરીરની એકે એક નસ અને રગમાં દોડવા લાગ્યો. તેથી અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની ઝુર્રીયત (વંશ-વારસ-માનવજાત) ઉપર કયામત સુધી જનાબતનું ગુસ્લ વાજીબ કરી દીધુ.

ઇન્સાન જે કાંઈ પીવે છે તેનો નકામો કચરો પેશાબના રૂપમાં નિકળે છે, તેવી જ રીતે ઇન્સાન જે કાંઈ ખાય છે તેનો નકામો ભાગ મળ રૂપે (શરીર માંથી) નિકળે છે. જેનો સંબંધ આખા શરીર સાથે નથી. તેથી પેશાબ સંડાસ કર્યા પછી અલ્લાહ તઆલાએ ફકત વુઝુ વાજીબ કરેલ છે. આ સાંભળી યહૂદીએ કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપે સાચું ફરમાવ્યું.

## (૫૮) ગર્ભવતી સ્ત્રીને હૈઝ(નું ખુન) શા માટે નથી આવતું ?

.... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે એક દિવસ હઝરત સલમાન (રહ.)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પુછયું કે માતાના પેટ (ગર્ભ)માં બાળક હોય છે, તેનો ખોરાક શું હોય છે ? ત્યારે આપે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ ગર્ભવતી સ્ત્રીનું હૈઝ (નું ખૂન) અટકાવી દીધુ છે. અને તેને ગર્ભમાં રહેલા બાળકનો ખોરાક બનાવી દીધો છે. (આ કારણથી ગર્ભવતી સ્ત્રીને હૈઝનું ખૂન આવતું નથી.)

## (૫૯) હંમેશા બાવુઝુ રહેવું મુસ્તહબ શા માટે?

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું કે મુસલમાને જનાબતની હાલતમાં ગુસ્લ કર્યા વગર સુવુ ન જોઈએ. જો પાણી ન મળે તો પાક માટીથી તયમ્મૂમ કરી લેવું જોઈએ. કારણ કે સુતી વખતે મોઅમિનની રૂહ અલ્લાહ સાથે મુલાકાત કરીને બરકત મેળવે છે. જો (અલ્લાહ તઆલા સાથે મુલાકાત કરતી વખતે) તેનો ઇન્તેકાલનો સમય આવી ગયો હશે

તો તેની રૂહને પોતાની રહમતના પર્દામાં રાખી લે છે. જો તેનો જીવનકાળ પૂરો ન થયો હોય તો, પોતાના અમાનતદાર ફરિશ્તાઓ સાથે જે તે વ્યક્તિની રૂહને પાછી મોકલી દે છે. (તેથી દરેક હાલતમાં વુઝુમાં હોવાથી અલ્લાહની બારગાહમાં જતી રૂહ પાક હાલતમાં જાય.)

## (૬૦) એક રાતનો તાવ એક વર્ષના ગુનાહોનો કફ્ફારો કેવી રીતે બને ?

.... હઝરત ઇમામ જઅફર સાદિક (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે એક રાતનો તાવ એક વર્ષના ગુનાહનો કફ્ફારો બની

જાય છે. કારણ કે શરીરમાં તેની અસર એક વર્ષ સુધી રહે છે.

## (૬૧) મૈયતને ગુસ્લ શા માટે આપવામાં આવે છે ?

.... હઝરત અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે કોઈ મખ્લૂક ત્યાં સુધી મરતી નથી, જ્યાં સુધી અલ્લાહ તઆલાએ તેને જે નુત્ફા (વીર્યબીંદુ)થી પૈદા કરેલ છે. તે તેના શરીરમાંથી બહાર નિકળી ન જાય. તે મોઢામાંથી નિકળે છે કે પછી અન્ય કોઈ જગ્યાએથી.... (આમ મૈયત ઉપર ગુસ્લે જનાબત વાજીબ થઈ જતું હોવાથી તેને ગુસ્લ આપવામાં આવે છે.)

## (૬૨) ગુસ્લે મૈયત તથા મૈયતને ગુસ્લ આપનાર માટે ગુસ્લે મસે મૈયત શા માટે ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને ગુસ્લે મૈયત વિશે પૂછવામાં આવ્યું કે મૈયતને ગુસ્લ શા માટે આપવામાં આવે છે ? તેમજ મૈયતને ગુસ્લ આપનાર પછી શા માટે (ગુસ્લે મસે મૈયત) ગુસ્લ કરે છે ? આપે જવાબ આપ્યો કે તે જુનુબની હાલતમાં હોય છે. મરનાર જયારે મલાએકા (ફરિશ્તાઓ) સાથે મુલાકાત કરે ત્યારે પાકીઝા (તહારત સાથે) હોય, તેવી જ રીતે મૈયતને ગુસ્લ આપનાર સાથે

મોઅમિનો મુલાકાત કરશે ત્યારે તે તહારત સાથે હોય.

## (૬૩) ગુસ્લે મૈયત...

હઝરત ઇમામ અબુલ હસન અલી બિન મૂસા રઝા (અલય્હેમુસ્સલામ)એ ગુસ્લે મૈયતના કારણ વિશે ફરમાવ્યું કે મૈયતને ગુસ્લ એ માટે આપવામાં આવે છે કે મૈયત બીમારીઓ અને બીજી ગંદકીથી પાક થઈ જાય છે. મૈયતને મલાએકા સાથે મુલાકાત કરવાની હોય છે, અને મૈયતને આખેરતના લોકો સાથે રહેવાનું હોય છે. તેથી તે તહારત સાથે અલ્લાહની બારગાહમાં

હાજર થાય તે જરૂરી છે. જયારે મરનાર અલ્લાહની બારગાહમાં જાય ત્યારે તહારત સાથે જાય તે જરૂરી છે. જેથી તેની શફાઅત કરવામાં આવે. બીજુ એ કે જે માણસે મૈયતને ગુસ્લ આપ્યું હોય તેણે મૈયતની જે જાહેરી (બહારની) નજાસતનો સ્પર્શ કર્યો હોય તેનાથી પાક થઈ જાય. કારણ કે જયારે શરીરમાંથી રૂહ નિકળી જાય છે, ત્યારે તેના શરીરમાં રોગો બાકી રહી જાય છે, તેથી મૈયતને ગુસ્લ આપનાર પોતે ગુસ્લ (ગુસ્લે મસે મૈયત) કરીને પોતાના શરીરને પાક અને સાફ કરી નાખે.

## (૬૪) મૈયતને દફન કરવામાં આવે ત્યારે તેનું મુખ કિબ્લા તરફ શા માટે કરવામાં આવે છે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરવામાં આવી છે કે બરાઅ બિન મઅરૂર અન્સારી મદીનામાં હતા અને રસૂલે અકરમ મકકામાં હતા. (એ વખતે) મુસલમાનો બયતુલ મુકદ્દસ તરફ મુખ કરીને નમાઝ પડતા હતા. જયારે બરાઅનો અંતિમ સમય આવ્યો ત્યારે તેમણે વસીયત કરી કે તેને દફનાવવામાં આવે ત્યારે તેનું મોઢું આં હઝરત

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તરફ રાખીને દફનાવવામાં આવે. ત્યારથી આ સુન્નત શરૂ થઈ.

## (૬૫) મરનારના વારસદારોએ (મૈયત) મરનારનો ઇન્તેકાલ થયા અંગેની ખબરનું એઅલાન શા માટે કરવું જોઈએ ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે મરનારના વારસદારે મૈયતની ખબર તેના ભાઈબંધોમાં કરવી (પહોંચાડવી) જોઈએ. જેથી કરીને તે લોકો તેના જનાઝામાં શરીક થઈ શકે, અને તેની

નમાઝે જનાઝા પડી શકે. જેથી મરનારને તેનો સવાબ મળે, મૈયતની મગફેરત થઈ શકે અને તેના વારસદારને પણ તેનો અજ્ર મળી શકે કે તેઓએ મૈયત માટે મગફેરતની દુઆ કરાવી.

## (૬૬) મૈયતને ઉમદા અને કીમતી કફન શા માટે આપવુ જોઈએ ?

(૧) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : તમે લોકો તમારા મરનારને ઉમદા અને કીંમતી કફન આપો, કારણ કે આ મરનારની શોભા છે.

(૨) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું મારા પિતાએ મને વસીયત કરી છે કે અય જઅફર  મારા માટે બહુ જ ઉમદા અને કીંમતી ચાદર ખરીદજો કારણ કે મુર્દા પોતાની શાન કફનથી દર્શાવે છે.

## (૬૭) મૈયતની પાસે જરીદતૈન (બે ડાળી - લાકડી) શા માટે રાખવામાં આવે છે ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રાવીનું બયાન છે કે આપ (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે

મૈયતની સાથે જરીદતૈન ન રાખવામાં આવે તો આપનું શું કહેવું છે ? આપે ફરમાવ્યું કે જયાં સુધી ડાળીઓ (જરીદતૈન) લીલી રહેશે અઝાબ અને હિસાબ-કિતાબને દૂર રાખશે. અને બધો જ હિસાબ અને અઝાબ એક જ દિવસમાં બલ્કે એક ક્ષણમાં મૈયતને કબ્રમાં દાખલ કરવામાં આવે અને લોકો તેને દફન કરીને જાય એટલીવારમાં થઈ જાય છે. જરીદતૈન એટલા માટે રાખવામાં આવે છે કે જેથી તેના સુકાવા પછી અઝાબ કે હિસાબ ન થાય. (ઇન્શાઅલ્લાહ)

## (૬૮) નમાઝે મૈયતમાં પાંચ વખત "તકબીર" શા માટે છે ?

હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું અય અબુ બકર, શું તમને ખબર છે કે મૈયતની કેટલી નમાઝો હોય છે. તેણે (અબુ બકર ખઝરમીએ) જવાબ આપ્યો કે મને ખબર નથી. ત્યારે આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તેમાં પાંચ તકબીર હોય છે. ત્યાર પછી ફરમાવ્યું કે તને એ વાતની ખબર છે કે એ (તકબીરો) કયાંથી લેવામાં આવી છે ? તેણે અર્ઝ

કરી : ના, આપે ફરમાવ્યું : આ પાંચ તકબીરો (દરરોજની) પાંચ નમાઝોમાંથી લેવામાં આવી છે. એટલે કે દરેક નમાઝમાંથી એક તકબીર લેવામાં આવી છે.

(૬૯) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરવામાં આવી છે કે હઝરત (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ પાંચ નમાઝ ફર્ઝ (વાજીબ) કરી અને નમાઝે મૈયત માટે દરેક નમાઝની એક તકબીર લેવામાં આવી.

(૭૦) મોહમ્મદ બિન મુહાજીરે તેમની માતા ઉમ્મે સલમાથી રિવાયત કરતાં જણાવ્યું કે એક વખત હું મકકા જવા માટે નિકળી, મારે એક એવી સ્ત્રીનો સથવારો થઈ ગયો જે મરહબા ફીરકાની હતી. અમે લોકો ઝોહદા પહોંચ્યા. ત્યારે બધા લોકો અહેરામ બાંધવા લાગ્યા. તે સ્ત્રીએ પણ અહેરામ બાંધ્યો. મેં વાદીએ અતીક પહોંચ્યા પછી અહેરામ બાંધ્યો. ત્યારે એ સ્ત્રી બોલી ઉઠી: અય શિયાઓના સમુહ તમે લોકો બધી વાતોમાં અમારાથી વિરૂધ્ધ કેમ ચાલો છો ? બધા લોકો ઝોહદાથી અહેરામ બાંધે છે. જયારે

તમે લોકો વાદીએ અતીકથી અહેરામ બાંધો છો. આ ઉપરાંત નમાઝે મૈયતમાં પણ અમારાથી અલગ ઝિક્ર કરો છો. બીજા બધા લોકો નમાઝે મૈયતમાં ચાર તકબીર કહે છે જયારે તમે (શિયાઓ) પાંચ તકબીર કહો છો. તે સ્ત્રી અલ્લાહને ગવાહ બનાવીને કહેતી હતી કે નમાઝે મૈયતમાં ચાર જ તકબીર છે.

ઉમ્મે સલમાનું બયાન છે કે : ત્યાર પછી હું હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થઈ અને મેં અર્ઝ કરી કે અલ્લાહ આપને સહીહ સલામત

રાખે. મારા પ્રવાસમાં એક મરહૂબા સ્ત્રી મારી સાથે થઈ હતી. તેણીએ મને આ પ્રમાણે કહ્યું ઇમામ (અલય્હિસ્સલામ)એ જવાબમાં ફરમાવ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) નમાઝે મૈયતમાં પાંચ તકબીર કહેતા હતા. (આપ આવી રીતે નમાઝે મૈયત પડતા હતા.) પહેલી તકબીર કહ્યા પછી તશહહુદ પડતા, પછી બીજી તકબીર કહીને નબી ઉપર દુરૂદ મોકલતા અને તેઓ માટે દુઆ કરતાં. પછી ત્રીજી તકબીર કહીને મોઅમિન અને મોઅમેનાત માટે ઇસ્તિગ્ફાર કરતાં, ત્યાર

પછી ચોથી તકબીર કહીને મૈયત માટે દુઆ કરતાં. પછી પાંચમી તકબીર કહીને નમાઝ પૂરી કરતાં. પરંતુ જયારે અલ્લાહ તઆલાએ મુનાફીકો માટે નમાઝે મૈયત પડવાની મનાઈ કરી તો મુનાફીકો મૈયત ઉપર આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) (૧) પહેલી તકબીર કહી તશહ્હુદ પડતા. પછી (૨) બીજી તકબીર કહી નબી પર દુરૂદ મોકલતા પછી (૩) ત્રીજી તકબીર કહીને મોઅમિન અને મોઅમેનાત માટે દુઆ કરતાં. અને (૪) ચોથી

તકબીર કહીને પાછા ફરી જતા. અને મૈયત માટે દુઆએ મગફેરત કરતાં ન હતા.

### (૭૧) નજદીકના સગાઓ માટે (મૈયત ઉપર) કબ્રમાં માટી નાખવાની મનાઈ શા માટે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ના એક સહાબીના ફરઝંદનો ઇન્તેકાલ થયો. આપે તેના જનાઝામાં શીરકત કરી. જયારે મૈયતને કબ્રમાં ઊતારી દેવામાં આવ્યું. ત્યારે મરનારનો પિતા કબ્રમાં માટી નાખવા લાગ્યો. ત્યારે આપે તેનું બાવડુ પકડીને

માટી નાખતા રોકયો અને કહ્યું કે મરનારના નજદીકના કોઈ સગા માટી ન નાખે. અમે પુછયું કે આપ (અલય્હિસ્સલામ) ફકત આજના માટે જ મનાઈ ફરમાવી રહ્યા છો કે (બધા લોકો માટે આ જ હુકમ છે ?) આપે જવાબ આપ્યો કે બધા લોકોને મનાઈ કરૂં છું કે તેઓ પોતાના નજીકના સગાની કબ્રમાં માટી ન નાખે. કારણ કે તેના કારણે દિલ સખત થઈ જાય છે અને સખત દિલના લોકો અલ્લાહથી દૂર હોય છે.

## (૭૨) મૈયતને તાત્કાલિક (એકાએક) કબ્રમાં ન ઊતારવાનું કારણ ?

હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે .... જયારે તમે તમારા ભાઈની મૈયતને કબ્ર સુધી લઈને આવો ત્યારે તેને બોજ સમજીને (જનાઝાને) પછાડો નહીં, પરંતુ મૈયતને કબ્રની પગની બાજુએ બે ત્રણ હાથ દૂર હટાવીને રાખો. (એટલે કે વિરામ કરાવો.) જેથી મૈયતને એ વાતની ખાત્રી થઈ જાય કે તેને કબ્રમાં ઊતારવામાં આવશે. જો શકય હોય તો મૈયતના ચહેરાને જમીન સાથે લગાવો. ચહેરાને ખોલી નાખો. દુનિયા(ના જે લોકો) તેના ચહેરા પાસે હોય છે તે

રડે છે. તે વખતે શયતાનથી અલ્લાહની પનાહ માંગવી જોઈએ. સૂરએ ફાતેહા, કુલ અઉઝો બે રબ્બીલ ફલક, કુલ અઉઝો બે રબ્બીન્નાસ, કુલહોવલ્લાહો અહદ અને આયતુલ કુરસી પડે અને પછી પોતાના સાથીઓ સાથે ભળી જાય...

(૭૩) બીજી એક હદીસમાં રિવાયત છે કે જયારે તમે મૈયતને કબ્ર સુધી લઈને આવો. ત્યારે તેને એકાએક કબ્રમાં રાખી ન દો. કારણ કે કબ્ર એ ભયાનક જગ્યા છે. તે ભયંકર જગ્યાથી પનાહ માગતા રહો. મૈયતને કબ્રના કિનારા સુધી લાવીને થોડી સબ્ર કરો, પછી થોડું આગળ

લઈ જઈને થોડી સબ્ર કરો. જેથી મૈયતને કબ્રમાં જવાની (ધીમે - ધીમે) ખાત્રી થઈ જાય અને છેવટે મૈયતને કબ્રમાં પહોંચાડો.

## (૭૪) મરનારને અંતિમ વખતે આંસુ આવી જવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે .... મૌત વખતે મરનારની આંખોમાં આંસુ આવી જાય છે. જયારે મરનાર હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જુવે છે ત્યારે અત્યંત ખૂશ થઈ જાય છે. રાવીનું

બયાન છે કે આપે ફરમાવ્યું તમે લોકો જાણો છો કે જયારે કોઈ માણસ પોતાની પસંદગીની વસ્તુ (વ્યક્તિ)ને જુવે છે ત્યારે અસાધારણ પ્રમાણમાં ખૂશ થઈ જાય છે અને તેના લીધે તેને (ખુશીના) આંસુ આવી જાય છે અને તે હસવા લાગે છે.

## (૭૫) મૈયતને એકલું ન રહેવા દેવા (રાખવા)નું કારણ

રાવી કહે છે .... મારા પિતા રહમલ્લાહે એક પત્રમાં મને લખી જણાવ્યુ કે મૈયતને એકલું ન રાખવું જોઈએ કારણ કે (તેમ કરવાથી) તેમાં શયતાન પ્રવેશી જાય છે.

## (૭૬) મૈયતની દફન વિધિ પૂરી થવા પછી લોકો પાછા જાય પછી મૈયતના નજીકના સગાએ કબ્રની પાસે રહીને તલ્કીન પડવી શા માટે મુસ્તહબ છે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું : મૈયતના દફન થવા અને લોકોના પાછા ફરી જવા પછી મૈયતનો સૌથી નજીકનો સગો કબ્રની પાસે રોકાઈ જાય અને કબ્ર ઉપર પોતાના બંને હાથ રાખીને મોટા અવાજથી તલ્કીન પડે. (આમ કરવું મુસ્તહબ છે.) આ રીત

કરવાથી મૈયતને કબ્રમાં સવાલ થશે તો તેના માટે જે તલ્કીન પડવામાં આવી હશે તે જ પૂરતી થઈ રહેશે.

## (૭૭) કફનને ધુમાડો (ધુણી) આપવાની અને મૈયતને અત્તર (ખુશ્બુ) લગાડવાની મનાઈ શા માટે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે મારા પિતાએ તેમના દાદા બુઝુર્ગવારથી અને તેઓએ તેમના પિતા (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી

તાલિબ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે તમે લોકો કફનને ધુણી ન આપો. અને કપૂર સિવાય મૈયતના શરીર ઉપર કોઈ પ્રકારની ખુશ્બુ ન લગાવો. કારણ કે મૈયત એ (હજ માટે) અહેરામ બાંધેલી વ્યક્તિ સમાન હોય છે. (અને અહેરામની હાલતમાં ખુશ્બુ લગાડવાની મનાઈ છે.)

## (૭૮) ઇન્સાન પૈદા કોઈ જગ્યાએ થાય છે અને મૃત્યુ કોઈ બીજી જગ્યાએ પામે છે, તેનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે ઇન્સાન પૈદા અહીં થાય છે, અને બીજી કોઈ જગ્યાએ મરણ પામે છે, તેનું શું કારણ છે ? આપે ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ જયારે ઇન્સાનને પૈદા કર્યા ત્યારે (તેમને) આખી દુનિયાની જમીનની માટી માંથી પૈદા કર્યા તેથી દરેક ઇન્સાન તેની માટી (જે તે નિશ્ચિત જગ્યા) તરફ પાછો ફરશે.

## (૭૯) મોઅમિનની મૌતના સમાચાર શા માટે છૂપાવવા ન જોઈએ ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું છે કે મોઅમિનમાંથી કોઈ ગૈબત (અજાણી જગ્યા)માં મરણ પામે તો તેના મરણને છૂપાવવામાં ન આવે. જેથી તેની પત્ની ઇદ્દો રાખે અને મરનારનો વારસો વહેંચી લેવામાં આવે.

## (૮૦) કબ્રમાં અઝાબનું કારણ ?

હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે તેઓએ ફરમાવ્યું કે “અહબાર”માંથી એક માણસને તેની કબ્રમાં બેસારવામાં આવ્યો. અને કહેવામાં

આવ્યું કે અઝાબે ઇલાહીના કારણે તને ૧૦૦ (એકસો) કોરડા મારવામાં આવશે. તેણે કહ્યું કે હું (આટલા બધા કોરડાનો અઝાબ) સહન નહીં કરી શકું. ફરિશ્તાઓ તેના અઝાબને ઘટાડતા ઘટાડતા એક કોરડા સુધી પહોંચ્યા. અને કહ્યું કે (તને) એક કોરડાનો અઝાબ (આપવો) જરૂરી છે. તેણે ફરિશ્તાઓને પુછયું કે મને આ અઝાબ શા માટે આપો છો ? (મને આ એક કોરડો શા માટે મારો છો ?) ત્યારે જવાબમાં ફરિશ્તાઓએ કહ્યું કે એક દિવસ તે વુઝુ કર્યા વગર નમાઝ પડી હતી અને એક દિવસ તુ એક વૃધ્ધ માણસ પાસેથી

પસાર થઈ રહ્યો હતો પરંતુ તે તેની મદદ કરી ન હતી. ત્યાર પછી ફરિશ્તાઓએ તેને અઝાબે ઇલાહીનો એક કોરડો ફટકાર્યો. જેના કારણે તેની આખી કબ્ર અઝાબથી ભરાઈ ગઈ.

(૮૧) હઝરત અલી (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે ચુગલખોરી અને પોતાના કુટુંબીજનોથી છુપાઈ (લાપતા થઈ) જવાના કારણે કબ્રનો અઝાબ થાય છે.

(૮૨) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું :

મોઅમિનો જે નેઅમતો વેડફી નાખે છે. તેના કફફારા રૂપે ફીશારે-કબ્ર (કબ્રની ભીંસ) થાય છે.

### (૮૩) કબ્રનો અઝાબ (ફીશારે કબ્ર)

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે આવીને કોઈએ ખબર આપી કે સઆદ બિન મઆઝનો ઇન્તેકાલ થઈ ગયો છે. આ સાંભળીને આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઊભા થયા. આપના સહાબીઓ પણ ઉઠયા. જયારે સઆદને ગુસ્લ,

કફન, હુનુત વગેરે આપીને તાબુતમાં રાખીને મૈયત ઉપાડવામાં આવ્યું ત્યારે હઝરત (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જનાઝાની પાછળ ચાલ્યા. તેઓ કયારેક જનાઝાની જમણી બાજુથી કાંધ (કંધો) આપતા તો કયારેક ડાબી બાજુથી. એટલે સુધી કે કબ્રસ્તાન પહોંચી ગયા અને મૈયતને લહદ (કબ્ર)માં ઊતારી કબ્રને ઈંટ, માટી વગેરેથી બંધ કરી દેવામાં આવી. હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતે કબ્રમાં માટી નાખી. ત્યાર પછી હઝરત

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : હું જાણું છું કે આ (સઆદ બિન મઆઝ) બલાઓમાં ફસાએલો હશે. પરંતુ અલ્લાહ તઆલાને એ વાત પસંદ છે કે ઇન્સાન કોઈ કામ કરે તો અલ્લાહ તઆલા પોતે જ તે (કામના બદલા)નો ફેંસલો કરે. ટૂંકમાં જયારે કબ્ર બરાબર કરી દેવામાં આવી ત્યારે એક ખૂણામાંથી સઆદની માતાનો અવાજ આવ્યો. અય સઆદ તને જન્નત મુબારક થાય, આ સાંભળીને હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અય

સઆદની મા ! અટકી જાવ અને એવું ન કહો. અને અલ્લાહ તઆલા ઉપર તમારો હુકમ ન ચલાવો. (એટલે કે જે વાતનો હુકમ અલ્લાહે ન આપ્યો હોય તેવી વાતો ન કરો.) સઆદ ઘણી બાબતોમાં ફસાએલા છે. ઇમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જયારે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સઆદને દફન કરીને પાછા ફર્યા ત્યારે લોકોએ આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પુછયું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અમે

લોકોએ જોયું કે સઆદ બિન મઆઝની સાથે જેવો વર્તાવ કર્યો છે તેવો વર્તાવ બીજા કોઈની સાથે કર્યો નથી. આપે સઆદના જનાઝામાં ઉઘાડા પગે અને ઉઘાડા ખંભે (ખંભા ઉપર રીદા નાખ્યા વગર) શિરકત કરી હતી. આપે ફરમાવ્યું કે મેં ફરિશ્તાઓનું અનુસરણ કર્યું હતું. લોકોએ અર્ઝ કરી કે કયારેક આપ જનાઝાની ડાબી બાજુએ ચાલી રહ્યા હતા અને કયારેક જમણી બાજુએ ચાલી રહ્યા હતા. આપે ફરમાવ્યું કે એ વખતે મારો હાથ જીબ્રઈલના હાથમાં હતો. જીબ્રઈલ મને જે બાજુ લઈ જતા હતા તે બાજુ હું

જતો હતો. લોકોએ કહ્યું : આપે પોતે જ તેઓને ગુસ્લ આપવાનો અને કફન પહેરાવવાનો હુકમ આપ્યો હતો. આપે તેમની નમાઝે જનાઝા પડી હતી. આપે તેઓને કબ્રમાં ઊતાર્યા હતા, આમ છતાં આપ ફરમાવી રહ્યા છો કે સઅદ કેટલીક બાબતોમાં ફસાએલા છે ? આપે ફરમાવ્યું કે તેમનો (સઆદ બિન મઆઝનો) વર્તાવ તેમના કુટુંબીજનો સાથે સારો ન હતો. (જેના કારણે તેઓ કબ્રમાં કેટલીક બાબતોમાં ફસાએલા છે.)

## (૮૪) કેટલાક લોકો સારા અખ્લાક વાળા અને કેટલાક ખરાબ અખ્લાક વાળા શા માટે હોય છે ?

.... હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ) પાસે જન્નતની એક હુર (હુરા) મોકલી. ત્યારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ તેમના બે ફરઝંદમાંથી એકના નિકાહ તે હુર સાથે કરી આપ્યા. આપે બીજા ફરઝંદના નિકાહ જીનીયહ (જીન સ્ત્રી) સાથે કરી આપ્યા. આપણે બધા તે

બે સ્ત્રીઓમાંથી પૈદા થએલા છીએ. જે લોકો સુંદર ચહેરાવાળા અને સારા અખ્લાક વાળા દેખાય છે તેઓ હુરના સંતાનો છે અને જે લોકો ખરાબ અખ્લાક વાળા છે તે જીનીયહના સંતાનો છે. હઝરત આદમે તેમની દીકરીઓના નિકાહ તેમના દીકરાઓ સાથે કર્યા હતા એવું નથી. (એ વિશેની લોકોની માન્યતા તદ્દન ખોટી છે.)

## (૮૫) પિતાને તેના સંતાન સાથે જેટલી મોહબ્બત હોય તેટલી સંતાનને તેના પિતા સાથે મોહબ્બત ન હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે અમે લોકો અમારા દિલોમાં અમારા સંતાનો માટે મોહબ્બત રાખીએ છીએ તેટલી મોહબ્બત અમારા માટે અમારા સંતાનના દિલોમાં હોતી નથી ? ઇમામ (અલય્હિસ્સલામ)એ જવાબ આપ્યો કે તેનું કારણ એ છે કે એ બધા (તમારા સંતાનો) તમારાથી છે, અને તમે તેનાથી (પૈદા થયા) નથી.

## (૮૬) બુઢાપાનું કારણ તેની શરૂઆત

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની પહેલાં (ના જમાનાના) લોકો બુઢા થતા ન હતા. સૌથી પહેલાં હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)એ તેમની દાઢી મુબારક ઉપર વૃધ્ધાવસ્થાના કારણે સફેદ થએલો વાળ જોયો. (ત્યારે બારગાહે ઇલાહીમાં) અર્ઝ કરી કે પરવરદિગાર, આ શું છે ? ઇરશાદ થયો કે આ “વકાર” (પ્રતિષ્ઠા-માન) છે. ત્યારે હઝરત

ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે આ વકાર હોય તો તેમાં વધારો કર.

(૮૭) હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે એક દિવસ સવારે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)એ પોતાની દાઢી મુબારક ઉપર એક સફેદ વાળ જોયો. ત્યારે આપે ફરમાવ્યું એ અલ્લાહના વખાણ, જે તમામ દુનિયાઓનો પાલનહાર છે. જેણે મને આ ઉમ્ર સુધી પહોંચાડયો, તેમજ મેં આટલી ઉમ્રમાં પલકવાર માટે પણ અલ્લાહ તઆલાની નાફરમાની કરી નથી.

## (૮૮) વૃધ્ધાવસ્થા કયારથી શરૂ થઈ ?

હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવતા હતા : અગાઉ જમાનાના લોકોની ઉમ્ર વધી જતી હતી (વૃધ્ધ થઈ જતા હતા) તેમ છતાં તેઓના માથાના વાળ સફેદ થતા ન હતા. એ જમાનામાં પિતા અને પુત્ર વચ્ચેનો ફર્ક માથાના વાળ જોઈને (દેખાવ ઉપરથી) થઈ શકતો ન હતો. એટલે સમુહમાં પિતા કોણ છે અને પુત્ર કોણ છે તે જાણવા માટે પૂછવું પડતું કે તમારામાંથી પિતા કોણ છે અને પુત્ર કોણ છે ? પરંતુ જયારે હઝરત ઇબ્રાહીમ

(અલય્હિસ્સલામ)નો જમાનો આવ્યો ત્યારે તેઓએ દુઆ કરી કે પરવરદિગાર તું મને વૃધ્ધાવસ્થા આપ જેથી હું ઓળખાઈ શકું. ત્યાર પછી (હઝરત ઇબ્રાહિમ અલય્હિસ્સલામની) દુઆ કબૂલ કરીને અલ્લાહ તઆલાએ તેઓની દાઢીના વાળ સફેદ કર્યા.

## (૮૯) ઉલુલ અઝમ પયગમ્બરોને “ઉલુલ અઝમ” કહેવાનું કારણ ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ કુરઆને મજીદની આ આયત “વલકદ અહીદના એલા આદમ મિન

કબ્લો ફનસેય વલમ નજીદ લહુ અઝમા” (સૂરએ તાહા / આયત નં. ૧૧૫) “અને ખરે જ અમોએ આદમને પ્રથમ એક હુકમ આપ્યો હતો (કે આ વૃક્ષ પાસે જજે નહીં) પણ તે વિસરી ગયો અને અમોએ તેનામાં દ્રઢ નિશ્ચય દેખ્યો નહીં.” (આ આયત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેની રિવાયતમાં ફરમાવ્યું)

અલ્લાહ તઆલા દ્વારા તે લોકો પાસેથી હઝરત આદમ (અલય્હિસ્સલામ)થી માંડીને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સુધી અને તેના પછી

આવનાર તમામ અઇમ્મહ વિશે તે લોકો પાસેથી વાયદો (અહદ) લેવામાં આવ્યો. પરંતુ તે લોકોએ તે વાયદાને છોડી દીધો, વાયદાનો ભંગ કર્યો. એ (આવનાર) લોકો વિશે તેમને યકીન (ખાત્રી) ન હતું, કે તે લોકો એવા હશે. ઉલુલ અઝમને- "ઉલુલ અઝમ" એ માટે કહેવામાં આવે છે કે તેઓ પાસેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેઓ પછી આવનાર અવસીયા (વસીઓ) અને હઝરત ઇમામ મહદી (અજ્જલ્લાહો તઆલા ફરજહૂ શરીફ)

અને તેમની સિરત વિશે અહ્દ (વાયદો) લેવામાં આવ્યો ત્યારે તેઓ તેમના યકીન અને અઝમ ઇરાદા (નિય્યત) પર અડગ રહ્યા. એ પવિત્ર હસ્તીઓ એવી (મુકદ્દસ) જ છે.

(૯૦) ઇમામ અબુલ હસન રેઝા (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે .... ઉલુલ અઝમને ઉલુલ અઝમ એ માટે કહેવામાં આવે છે કે તેઓ ઇરાદા (નિય્યત) અને શરીઅતના માલિક હતા. તેથી હઝરત નૂહ (અલય્હિસ્સલામ) પછી હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) સુધી જે કોઈ નબી આવ્યા

તે હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ની શરીઅત અને સીરત ઉપર અમલ કરતાં રહ્યા. તેમજ તેમની કિતાબનું અનુસરણ કરતાં રહ્યા. ત્યાર પછી હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના જમાનામાં અને તેમના પછી હઝરત મૂસા (અલય્હિસ્સલામ) સુધી જેટલા પણ નબી આવ્યા તેઓ બધા હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની શરીઅત અને રીત પ્રમાણે અમલ કરતાં રહ્યા. અને તેમના સહીફા (આસમાની કિતાબ) પર અમલ કરતાં રહ્યા. ત્યાર પછી હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ના

જમાનામાં હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ની શરીઅત ઉપર અને ત્યાર પછી જેટલા નબીઓ આવ્યા તે હઝરત ઇસા (અલય્હિસ્સલામ)ની શરીઅત અને રીત પર અમલ કરતાં રહ્યા. ત્યાર પછી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના જમાનામાં લોકોએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કિતાબ (કુરઆને મજીદ) અને શરીઅત (શરીઅતે મોહમ્મદી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) ઉપર અમલ

કર્યો. આ પાંચ અંબિયા જે ઉલુલ અઝમ છે. જેમાંથી શરીઅતે મોહમ્મદી કયામત સુધી બાકી રહેનાર છે. આ શરીઅત મન્સૂખ (રદ) થનારી નથી. હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પછી કયામત સુધી બીજી કોઈ શરીઅત આવનાર નથી. જો કોઈ માણસ પોતે નબી હોવાનો દાવો કરે તો તેનો દાવો સાંભળનાર દરેક ઉપર તેનું ખૂન જાએઝ છે.

## (૯૧) આપણા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમામ નબીઓ કરતાં અફઝલ શા માટે છે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું : કુરેશીઓમાંથી કોઈએ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કહ્યું : આપ તમામ અંબિયામાં શ્રેષ્ઠ કઈ રીતે થઈ ગયા ? હકીકતમાં આપ તમામ અંબિયામાં છેલ્લે અને અંતિમ નબી તરીકે આવ્યા હતા. આપે જવાબમાં ફરમાવ્યું :

હું એ પહેલી મખ્લૂક (સર્જન-વ્યક્તિ) છું જેણે અલ્લાહ તઆલાની રબુબીયતનો સ્વિકાર કર્યો હતો. જયારે તમામ અંબિયાની પાસેથી વાયદો અને કૌલ કરાર લેવામાં આવ્યો ત્યારે તેઓને (અલ્લાહ તઆલા તરફથી) તેમના નફસ પર સાક્ષી બનાવવામાં આવ્યા હતા અને પૂછવામાં આવ્યું હતું કે શું હું તમારા બધાનો રબ (પાલનહાર) નથી ? ત્યારે સૌથી પહેલાં મેં 'હા' કહી હતી. આ રીતે અલ્લાહની ઉલુહીયતના સ્વિકારમાં હું સૌથી પહેલો હતો.

## (૯૨) કિતાબ અને વહીની ભાષા

.... જઅફર બિન મોહમ્મદ નામના રાવીએ તેમના પિતાથી રિવાયત કરી... અલ્લાહ તઆલાએ દરેક કિતાબ અને વહી અરબી સિવાયની કોઈ ભાષામાં નાઝિલ કરી નથી. પરંતુ જયારે અંબિયાના કાનમાં વહીનો અવાજ પહોંચતો ત્યારે તેમની કૌમની ભાષામાં વહીની ભાષા ફેરવાઈ જતી હતી. આપણાં નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના કાનમાં વહીનો અવાજ અરબી ભાષામાં જ પહોંચતો હતો. જયારે આપ કોઈ ગૈર અરબ (અરબી ન જાણતો હોય તેવા

અરબ) સાથે વાતચીત કરતાં ત્યારે (આપ અરબીમાં જ બોલતા અને તેના) સાંભળનારના કાનમાં તેની ભાષામાં અવાજ પહોંચી જતો હતો. જયારે અમારામાંથી કોઈ પોતાની ભાષામાં વાત કરતું ત્યારે તે અવાજ આપના કાનમાં અરબીમાં પહોંચતો હતો. આપને અલ્લાહ તઆલા તરફથી એ શરફ (શ્રેષ્ઠતા) મળી હતી કે જીબ્રઈલ આપના અને સાંભળનારના વચ્ચે અનુવાદક (INTER PRETER) બની જતા હતા.

## (૯૩) આપણા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને મોહમ્મદ, અહમદ, અબુલ કાસિમ, બશીર, નઝીર, દાઈ, માહી, આકીબ અને હાશિરના નામ અને લકબ શા માટે અપાયા હતા ?

ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે ..... એક વખત યહૂદી કૌમના કેટલાક લોકો હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા અને તેઓમાં જે સૌથી મોટા સાહેબે ઇલ્મ હતા. તેમણે આં

હઝરતને ઘણા સવાલો કર્યા, જેમાં એક સવાલ આ પણ કર્યો કે આપને મોહમ્મદ, અહમદ, અબુલ કાસિમ, બશીર, નઝીર અને દાઈના નામથી સંબોધવામાં આવે છે તેનું કારણ શું છે ? આપે જવાબમાં ફરમાવ્યું : જમીન ઉપર મારૂં નામ “મોહમ્મદ” છે. અને આસમાનમાં “અહમદ” છે. મારૂં નામ “અબુલ કાસિમ” એ માટે છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા મખ્લુકને બે ભાગમાં વહેંચી દેશે. જેમાંથી એક ભાગ જહન્નમીઓનો હશે. પહેલાંથી છેલ્લે સુધીના જે લોકોએ મારી નબુવ્વતનો ઇન્કાર

કર્યો હશે તે લોકો જહન્નમમાં જશે. અને બીજો ભાગ જન્નતનો હશે. જે કોઈ મારી પર ઈમાન લાવશે અને મારી નબુવ્વતનો સ્વિકાર કરશે તે જન્નતમાં જશે. મારૂં નામ “દાઈ” એટલા માટે છે કે હું લોકોને મારા પરવરદિગારના દીન તરફ બોલાવું છું. મારૂં નામ “નઝીર” એ માટે છે કે હું મારી નાફરમાની કરનારને જહન્નમથી ડરાવું છું. મારૂં નામ “બશીર” એ માટે છે કે જે મારી ઇતાઅત કરે છે તેને હું જન્નતની બશારત (ખુશખબર) આપું છું.

## (૯૪) હઝરત મોહમ્મદ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું નામ ... ફઝીલત

હઝરત મોહમ્મદ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યું કે લોકોમાં હઝરત આદમ (અલય્હિસ્સલામ)થી વધારે મળતાપણું આવતું હોય તો તે હું છું અને લોકોમાં મારાથી સૌથી વધારે મળતાપણું ખલ્કમાં હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)માં છે. અલ્લાહ તઆલાએ અર્શની ઉપર મારા દસ નામ રાખ્યા છે.

મારા ગુણનું વર્ણન કર્યું છે. અને દરેક એ રસૂલ કે જેને અલ્લાહે તેની કૌમ ઉપર મોકલ્યા છે. તેમણે તેમની ભાષામાં મારા આવવાની બશારત આપી છે. તૌરેતમાં મારા નામનો ઉલ્લેખ છે. અને તૌરેત તથા ઇન્જીલમાં માનનારાઓએ મારા ઝિક્રને ફેલાવ્યો. અલ્લાહ તઆલાએ તેની કિતાબનું ઇલ્મ મને આપ્યું છે. મને તેની આસમાની કિતાબમાં ઉચ્ચતા આપી. તેના (અલ્લાહના) નામોમાંથી મારા માટે એક નામ પસંદ કર્યું. અલ્લાહ પોતે "મહમૂદ" છે. તેથી મારૂં નામ

“મોહમ્મદ” રાખ્યું. મારી ઉમ્મતના બેહતરીન (શ્રેષ્ઠ) યુગમાં મને મોકલ્યો. તૌરેતમાં મારૂં નામ “અહીદ” દર્શાવવામાં આવ્યું. તૌહિદને લીધે (અલ્લાહની એકતાની માન્યતાને લીધે) મારી ઉમ્મતની લોકોના શરીર પરથી જહન્નમની આગ હરામ કરવામાં આવી. ઇન્જીલમાં મારૂં નામ “અહમદ” રાખ્યું. (આથી) આસમાનમાં રહનારાઓમાં હું મહમુદ છુ. મારી ઉમ્મતને હામેદીન ગણવામાં આવી છે. ઝબૂરમાં મારૂં નામ “માહી” નકકી કરવામાં આવ્યું છે. મારા કારણે (મારી મારફત)

અલ્લાહ તઆલા ઝમીન ઉપરથી બુત પરસ્તીને નાબૂદ કરશે. કુરઆને કરીમમાં મારૂં નામ “મોહમ્મદ” છે. કયામતના દિવસે નિર્ણય લેવામાં (ચુકાદા આપવામાં) હું મહમુદ (વખાણને પાત્ર) હોઈશ. અલ્લાહની બારગાહમાં મારી સિવાય બીજુ કોઈ શફાઅત કરી નહીં શકે. મહેશરમાં મારૂં નામ “હાશિર” હશે. મારા હુકમથી લોકો મહશૂર (પુન:જીવીત) થશે. મારૂં નામ “મોવકકીફ” પણ છે. (કારણ કે) હું લોકોને અલ્લાહની બારગાહમાં ઊભા કરીશ. મારૂં નામ “આકીબ” પણ છે. હું બધા

અંબિયા પછી આવ્યો છું. મારી પછી બીજો કોઈ રસૂલ નહીં હોય. અલ્લાહ તઆલાએ મને રસૂલે રહમત, રસૂલે તૌબા, રસૂલે મુલાહીમ (જંગો જદલ) અને મુકતફા (સૌથી છેલ્લે આવનાર) બનાવ્યો છે, એ માટે કે હું મુકીમે કામિલ (સંપૂર્ણ અડગ) રહેનાર છું. મારી ઉપર અલ્લાહ તઆલાનો અહેસાન છે કે અલ્લાહ તઆલાએ મને ફરમાવ્યું છે : અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મેં બીજા તમામ રસૂલોને તેમની ભાષામાં (તબ્લીગ કરવા માટે) મોકલ્યા (હતા) પરંતુ

તને દરેક લાલ અને કાળા (લોકો) માટે રસૂલ બનાવીને મોકલ્યો. તને એવો રોબ (પ્રભાવ) આપીને તારી મદદ કરી. જેવી મદદ બીજા કોઈની કરી નથી. તારા માટે માલે ગનીમત (એટલે કે લડાઈમાં મળેલો લૂંટનો માલ) નક્કી કર્યો. જે પહેલાંના કોઈ માટે માલે ગનીમત હલાલ ન હતો. મેં તારા માટે અર્શના ખજાનામાંથી એક ખજાનો અતા કર્યો, જે ફાતેહુલ કિતાબ અને સૂરએ બકરહની અંતિમ આયતો છે. મેં તારી આખી ઉમ્મત માટે સમગ્ર જમીનને સજદાની જગ્યા બનાવી અને

જમીનની માટીને મુતહ્હર અને પાક કરનારી બનાવી. મેં તારી ઉમ્મતને નારએ તકબીર (અલ્લાહો અકબર) આપી. મેં તારા ઝિક્રને મારા ઝિક્ર સાથે રાખ્યો. જેથી તારી ઉમ્મતની કોઈ વ્યક્તિ મારો ઝિક્ર કરે ત્યારે તે સાથે તારો ઝિક્ર પણ કરશે. તો અય મોહમ્મદ તારી અને તારી ઉમ્મત માટે આ ખૂશ ખબર છે.

## (૯૫) હઝરત મોહમ્મદ પગયમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બાળકોને પણ સલામ કરતાં હતા તેનું કારણ?

હઝરત અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : હું પાંચ બાબતોને મરતા દમ સુધી છોડીશ નહીં.

(૧) જમીન પર બેસીને ગુલામો સાથે જમવું.

(૨) પલાણ બાંધીને ગધેડા પર સવારી કરવી.

(૩) મારા પોતાના હાથે બકરીનું દૂધ દોહવું.

(૪) શણનો પોશાક પહેરવો.

(૫) બાળકોને સલામ કરવી, જેથી કરીને આ કાર્યો મારા પછી મારી સુન્નત ગણાય.

## (૯૬) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અલ્લાહ તઆલાએ યતીમ શા માટે બનાવ્યા ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે.....અલ્લાહ તઆલાએ પોતાના નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને યતીમ એ માટે બનાવ્યા કે તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) ઉપર કોઈની ઇતાઅત (કોઈના હુકમનું પાલન) કરવાની ફરજ રહે નહીં.

## (૯૭) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કોઈ પુત્ર સંતાન બાકી ન રહેવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપને પૂછવામાં આવ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના કોઈ પુત્ર-સંતાન બાકી કેમ ન રહ્યા ?

જવાબમાં આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : એ માટે કે અલ્લાહ તઆલાએ મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને નબી બનાવીને મોકલ્યા હતા અને હઝરત અલી (અલય્હિસ્સલામ)ને તેઓના વસી (વારસદાર) બનાવ્યા હતા. જો રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પછી તેમના કોઈ ફરઝંદ બાકી રહેત તો તે હઝરત અલી (અલય્હિસ્સલામ) કરતાં તેમના વારસદાર બનવા માટે વધારે હકદાર બનતે અને તે સંજોગોમાં હઝરત અલી

(અલય્હિસ્સલામ)ની વિરાસત (પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના વસી હોવાનું) સાબિત થઈ શકત નહીં.

**(૯૮) હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ કહ્યું નહીં ત્યાં સુધી નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાની ઉમ્મત માટે ૫૦ નમાઝોમાં ઘટાડો કરી આપવાની દરખાસ્ત ન કરી, તેમજ આપે પાંચ નમાઝોમાં ઘટાડો કરવાની દરખાસ્ત ન કરી તેનું કારણ ?**

ઝૈદ બિન અલી (અલય્હિસ્સલામ) કહે છે કે એક દિવસ મેં મારા આદરણિય પિતા સૈયદુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી : અય પિતા ! એ કહો આપણા દાદા હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જયારે આસમાન ઉપર તશરીફ લઈ ગયા અને અલ્લાહ તઆલાએ તેઓને પચાસ નમાઝનો હુકમ આપ્યો. ત્યારે જયાં સુધી હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ આપને કહ્યું નહીં ત્યાં સુધી તેઓએ તેમાં ઘટાડાની વિનંતી કરી નહીં. અને જયારે

હઝરત મુસા (અલય્હિસ્સલામ)એ આપને કહ્યું આપની ઉમ્મતમાં આટલી (૫૦) નમાઝોની શક્તિ નથી ત્યારે આપે અલ્લાહની બારગાહમાં તેમાં ઘટાડો કરવાની વિનંતી કરી હતી  આપે ફરમાવ્યું : અય ફરઝંદ ! રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અલ્લાહ તરફથી જે કોઈ હુકમ મળતો તેમાં કોઈ બહાનુ રજૂ કરતાં નહીં અને એ વિશે બીજી વખત કાંઈ વાતચીત દલીલ કરતાં નહીં, પરંતુ જયારે હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ આપને કહ્યું, ત્યારે તેનો

અર્થ એ થયો કે આપની ઉમ્મતની સિફારીશ અને શફાઅત કરવા માંગતા હતા. (આ ઉપરાંત) આપના માટે એ યોગ્ય ન હતું કે આપ પોતાના ભાઈ હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ની શફાઅતને રદ કરે, તેથી આપે અલ્લાહ તઆલાની બારગાહમાં ફરી વખત વિનંતી કરી. અને અલ્લાહ તઆલા પાસે (દરરોજની) ૫૦ નમાઝના બદલે પાંચ નમાઝ કરાવી. ઝૈદ બિન અલી (અલય્હિસ્સલામ) કહે છે કે મેં અર્ઝ કરી અય વાલિદ સાહેબ ! તો પછી આ હઝરત

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરીને પોતાની ઉમ્મત માટે પાંચ સમયની નમાઝોમાં (હજુ વધારે) ઘટાડો શા માટે ન કરાવ્યો જવાબ મળ્યો : આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇચ્છયું કે પોતાની ઉમ્મતોનો સવાબ મળી જાય. ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "મન જાઅ બિલ હસનતે ફલહૂ અશ્રો અમ્સાલેહા." (જે એક નેકી લાવશે તેના માટે તેના જ જેવો દસ ગણો બદલો) છે. અને જે એક બદી લાવશે તે તેના

જેવી (એક જ ) સજા કરવામાં આવશે.....) (સૂરએ અન્આમ / આયત નં ૧૬૦)

શું તને એ વાતની ખબર છે કે જયારે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મેઅરાજથી પાછા ફર્યા ત્યારે જીબ્રઈલે અમીન નાઝિલ થયા અને કહ્યું : મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપનો રબ આપને સલામ કહે છે અને એમ પણ કહે છે કે એ પાંચને અમે પચાસ જ ગણશું. અમે જે કહી દીધું તે કહી દીધું. અમારા કૌલમાં કદી ફેરફાર થતો નથી.

અમે અમારા બંદાઓ સાથે અન્યાય નહીં કરીએ.

ઝૈદ બિન અલી કહે છે કે મેં કહ્યું કે અય વાલિદ સાહેબ ! શું અલ્લાહ તઆલાની સિફત એ નથી બયાન કરવામાં આવતી કે તે “લામકાન” છે. (એટલે કે તેને રહેવા માટે કોઈ નિશ્ચિત સ્થાન નથી) આપે ફરમાવ્યું એ વાત સાચી છે કે અલ્લાહ મકાન અને સ્થળ (જગ્યા)ના બંધનથી મુકત છે. મેં કહ્યું તો પછી હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ના એ કથનનો શું અર્થ થાય કે તમારા રબ પાસે પાછા જઈને

કહો. આપે જવાબ આપ્યો કે : એનો અર્થ એ જ છે જે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના આ કૌલનો અર્થ છે. :-

“ઇન્ની ઝાહેબુન એલા રબ્બી સયહ્દીન”

(સૂરએ સાફ્ફાત / આ. ૯૯)

“ઇબ્રાહીમે કહ્યું કે નિસંશય હું મારા પરવરદિગાર તરફ પ્રયાણ કરનાર છું કે તે મારી રાહબરી ફરમાવશે” .

આ (ઉપરની આયતના) કૌલનો એ જ અર્થ છે જે મૂસા (અલય્હિસ્સલામ)ના કૌલનો અર્થ છે કે

"વ અજીલ્તો એલય્ક રબ્બે લનરઝા" "અને હે મારા પરવરદિગાર ! હું તો તારી હજૂરમાં ઊતાવળ કરીને એ માટે હાજર થયો છું કે તું રાઝી થાય." (સૂરએ તાહા, આ. ૮૪)

ઉપરની આયતોનો અર્થ એ જ છે કે જે નીચે મુજબની આયતોનો છે.

"ફ ફીરરુ એલલ્લાહ" "માટે તમે અલ્લાહની જ તરફ દોડી જાઓ" (સુરએ અઝઝારીયાત / આયત–૮૦)

આ આયતનો અર્થ- એટલે કે બયતુલ્લાહની હજ માટે જાવ. અય ફરઝંદ !

ખાનએ કાબા બયતુલ્લાહની હજ કરી તે જાણે કે અલ્લાહની તરફ ગયો. (દુનિયાની) બધી જ મસ્જિદો અલ્લાહના ઘર છે. જે આ મસ્જિદો તરફ ગયો તે જાણે કે અલ્લાહની તરફ ગયો. જયારે નમાઝી નમાઝમાં મશ્ગૂલ રહે છે ત્યારે તે અલ્લાહની સામે ઊભો રહે છે.(હજના સમયે) હાજી જયાં સુધી અરફાતમાં રોકાય છે ત્યાં સુધી અલ્લાહની સામે રોકાઈ રહે છે. એવી જ રીતે આસમાનોમાં પણ એક પ્રદેશ છે. જે કોઈ ઊંચાઈએ પહોંચ્યો તે જાણે કે એ અલ્લાહ

સુધી પહોંચ્યો. શું તેં અલ્લાહ તઆલાનો આ કૌલ નથી સાંભળ્યો ?

"ત અરોજુલ મલાએકતો વરરુહો એલય્હ...." (કે જે (પગથીઆ)ના માર્ગ) દ્વારા ફરિશ્તા તથા રૂહ (જીબ્રઈલ) એક દિવસમાં તેની તરફ ચડી જાય છે...) (સૂરએ મઆરિજ/ આયત નં. ૪)

ઉપરોકત આયતોમાં મલાએકા અને રૂહનો ચડવાનો ઉલ્લેખ છે. અલ્લાહ તઆલા હઝરત ઈસા (અલય્હિસ્સલામ)ના કિસ્સામાં ફરમાવે છે:- બલ રફઅલ્લાહ (બલ્કે તેને અલ્લાહે તેની

તરફ ઊંચકી લીધો.) (સૂરએ નિસા/ આયત નં ૧૫૮)

આવી જ રીતે કુરઆને મજીદમાં છે કે "એલય્હે યસઅદુલ કલેમુત્તય્યેબો વલ અમલુસ્સાલેહો યરફઓહ...."

(તેની જ તરફ કલ્મા (શુભવાણી) ચડે છે, અને સત્કાર્યો તે (શુભવાણી)ને ઊંચે ચડાવે છે. (સૂરએ ફાતિર/ આયત નં ૧૦)

ઉપરોકત આયતોમાં ઉલ્લેખ થયો તે મુજબ પાક કલમા તેની તરફ બુલંદ થઈને

પહોંચે છે, અને અમલે સાલેહ (નેક કાર્યો)ને તે (અલ્લાહ તઆલા) પોતાની તરફ ખેંચી લે છે.

## (૯૯) અલ્લાહ તઆલા પાસે સૌથી માનવંત હસ્તીઓ મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), હઝરત અલી (અલય્હિસ્સલામ), જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા), હઝરત હસન (અલય્હિસ્સલામ) અને હઝરત હુસૈન (અલય્હિસ્સલામ) હોવાનું કારણ

હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : હું અને

હઝરત અલી બિન અબી તાલિબ બંને એક જ નૂરથી આદમને પૈદા કરવા પહેલાંના બે હજાર વર્ષ પૂર્વે પૈદા કરવામાં આવ્યા છીએ. અમે આસમાન (અર્શ) ઉપર અલ્લાહની તસ્બીહ પડતા હતા. જયારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને પૈદા કરવામાં આવ્યા તો નૂરને તેમની પીઠમાં રાખવામાં આવ્યું હતું. જયારે હઝરત આદમ (અલય્હિસ્સલામ) જન્નતમાંથી નિકળ્યા ત્યારે અમે તેઓની પીઠમાં હતા. જયારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)થી ભુલ થઈ ત્યારે અમે

તેઓની પીઠમાં હતા. જયારે હઝરત નૂહ (અલય્હિસ્સલામ) કશ્તીમાં સવાર થયા ત્યારે અમે તેઓની પીઠમાં હતા. જયારે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને આગમાં ફેંકવામાં આવ્યા ત્યારે અમે (અમારૂં નૂર) તેમની પીઠમાં હતા. આવી રીતે અલ્લાહ તઆલા અમને પાક પીઠ અને પાક પેટમાં ફેરવતો રહ્યો. એટલે સુધી કે અમને અબ્દુલ મુત્તલિબની પીઠમાં પહોંચાડયા. ત્યાર પછી અમારા નૂરના બે ભાગ કર્યા. મને અબ્દુલ્લાહની પીઠમાં અને અલીને અબુ

તાલિબની પીઠમાં (રાખવામાં આવ્યા) મને નબુવ્વત અને બરકત આપીને નવાઝવામાં આવ્યો અને અલીને ફસાહત (વિધ્વતા) અને શુજાઅત (બહાદૂરી)થી નવાઝયા. અમારા બંનેના નામ પોતાના (અલ્લાહના) નામ પરથી આપવામાં આવ્યા. તે સાહેબે અર્શનું નામ મહમૂદ છે. મારૂં નામ “મોહમ્મદ” છે. અલ્લાહ આલી (સર્વોચ્ચ) છે અને આ “અલી” છે.

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી

(અલય્હિસ્સલામ)ને ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને પૈદા કર્યા તેમનામાં રૂહ ફુંકી, ત્યારે ફરિશ્તાઓ સજદામાં પડી ગયા. ત્યારે અલ્લાહ તઆલાએ તેમને (હઝરત આદમ અલય્સ્સિલામને) જન્નતમાં રાખ્યા અને હવ્વા સાથે તેમના નિકાહ કર્યા. જયારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ અર્શ ઉપર દ્રષ્ટિ કરી ત્યારે એકાએક તેમને પાંચ લાઈનમાં આકૃતિ (લખાણ) નજરે પડ્યું. ત્યારે તેઓએ પૂછ્યું પરવરદિગાર આ કોણ લોકો છે ? ત્યારે

અલ્લાહ તઆલાએ જવાબ આપ્યો આ એ લોકો છે, જેઓને મારી મખ્લુક પોતાના શફીઅ (શફાઅત કરનાર) બનાવશે. અને હું તેઓ (લોકો)ની શફાઅત (કબુલ) કરીશ. ત્યારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ અર્ઝ કરી પરવરદિગાર ! તારી નજરોમાં આ લોકોની જે કદ્રો મન્ઝેલત (ઉચ્ચ સ્થાન અને દરજ્જો) છે. તેની કસમ આ પવિત્ર હસ્તીઓના નામ શું છે ?

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : -

(૧) પહેલું નામ :- હું “મહમૂદ” છું અને આ “મોહમ્મદ” છે.

(૨) બીજું નામ :- હું “આલી” (સર્વોચ્ચ) છું અને આ “અલી” છે.

(૩) ત્રીજું નામ :- હું “ફાતિર” (સર્જનહાર) છું અને આ “ફાતેમહ” છે.

(૪) ચોથું નામ :- હું “મોહસિન” (એહસાન કરનાર) છું અને આ “હસન” છે.

(૫) પાંચમું નામ : હું “ઝુલ એહસાન” છું અને આ “હુસૈન” છે. આ બધા અલ્લાહ તઆલાની હમ્દ (પ્રશંસા) કરે છે.

## (૧૦૦) હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ફઝીલત

એક સમૂહ કહે છે કે ખાનએ કાબામાં બૂતશીકની વખતે હઝરત અલી (અલય્હિસ્સલામ)ના પગ, હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પીઠ ઉપર અલ્લાહ તઆલાની ઇતાઅત કરવા માટે બુલંદ થયા હતા. તેઓ (હઝરત અલી અલય્હિસ્સલામ) સિવાય બીજા કોઈ માટે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પીઠ ઉપર પગ મૂકવા

જાએઝ ન હતા. (આ બાબત હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ફઝીલત દર્શાવે છે)

## (૧૦૧) અલ્લાહ, રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અહ્લુલબૈત સાથે મોહબ્બત

હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલા સાથે મોહબ્બત કરો, કારણ કે તેનાથી તે પોતાની નેઅમતો તમને અર્પણ કરશે. અલ્લાહની મોહબ્બતને કારણે મારી સાથે મોહબ્બત રાખો અને મારા કારણે મારી

**એહલેબૈત (અલય્હેમુસ્સલામ) સાથે મોહબ્બત રાખો.**

(૧૦૨) બાદીયા વિસ્તારના લોકોમાંથી એક બદવી માણસ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવીને કાંઈ પૂછવા માંગતો હતો તે જોઈને લોકોને બહુ આશ્ચર્ય થયું. તેણે આવીને પુછયું યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) કયામત કયારે આવશે ?

હજી તેનો સવાલ પૂરો થયો ન હતો, ત્યાં નમાઝે જમાઅત માટે માણસો ઊભા થઈ ગયા. નમાઝે જમાઅત પૂરી થઈ જવા પછી આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કયામત વિશે સવાલ કરનાર માણસ કોણ છે ? ત્યારે એ બદવી માણસે કહ્યું : યા રસૂલુલ્લાહ, એ માણસ હું છું. ત્યારે આપે તેને સામો પ્રશ્ન કર્યો કે કયામત માટે તે શું સામાન તૈયાર કર્યો છે તે કહે. પેલા માણસે કહ્યું : મેં તો કોઈ સામાન તૈયાર નથી કર્યો. મારી પાસે નમાઝ કે રોઝા કંઈ નથી.

અલ્લાહ તઆલા અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી મોહબ્બત સિવાય બીજુ મારી પાસે કંઈ નથી. રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : એ માણસ જેની સાથે મોહબ્બત કરતો હશે તેની સાથે ઉઠાડવામાં આવશે. તે માણસનું કથન છે કે આ વાત સાંભળીને તમામ મુસલમાનો ઇસ્લામ સ્વિકાર્યા બાદ પહેલી વખત એટલા બધા ખૂશ થયા, કે તેવી ખુશી તેઓને પહેલાં કયારેય થઈ ન હતી.

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : કોઈપણ માણસ મોઅમિન થઈ શકતો નથી. જયાં સુધી તે પોતાના નફસ કરતાં વધારે પ્રમાણમાં મને મોહબ્બત ન કરે. અને તેની દ્રષ્ટિમાં મારી ઇતરત તેને પોતાની ઇતરત કરતાં વધારે પ્રિય ન હોય અને પોતાની એહલેબૈત (કુટુંબીજનો) કરતાં પણ વધારે મારી એહલેબૈત વહાલી ન હોય. અને ખૂદ પોતાની ઝાત કરતાં વધારે પસંદ ન હોય.

## (૧૦૩) અલ્લાહ તઆલાની મોહબ્બત બાતિલ કયારે થઈ જાય છે ?

.... એક દિવસ મેં હઝરત અબુ અબ્દિલ્લાહ ઇમામે જઅફર બિન મોહમ્મદ અસ્સાદિક (અલય્હિસ્સલામ)ને ઇશ્ક (મોહબ્બત) વિશે સવાલ કર્યો ત્યારે આપે ફરમાવ્યું : એ દિલ જે અલ્લાહના ઝિક્રથી ખાલી થઈ જાય છે. ત્યારે અલ્લાહ તઆલા તેને ગયરૂલ્લાહ (અલ્લાહ સિવાયની વ્યક્તિ કે વસ્તુ)ની મોહબ્બતની મજા ચખાડે છે.

## (૧૦૪) અલ્લાહ તઆલા માટે મોહબ્બત અને તેની ખુશી માટે બુગ્ઝ (દ્વેષ) કઈ રીતે રાખી શકાય ?

.... તેમણે તેમના પિતાથી રિવાયત કરી કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ એક દિવસ કહ્યું અય બંદે ખુદા જો કોઈ સાથે મોહબ્બત કરો તો અલ્લાહની ખુશીમાં અને બુગ્ઝ રાખો તો (પણ) અલ્લાહની ખુશીમાં. કોઈ સાથે દોસ્તી રાખો તો અલ્લાહની ખુશી માટે. અને કોઈ સાથે દુશ્મની રાખો તો પણ અલ્લાહની ખુશી માટે ભલે બહુ

જ નમાઝ પડવામાં આવે. બહુ જ રોઝા રાખવામાં આવે. તેમ છતાં અલ્લાહની વિલાયત અને દોસ્તી આ સિવાય પ્રાપ્ત કરી શકાતી નથી. (અલ્લાહની ખુશી માટે જ મોહબ્બત અને બુગ્ઝ ન રાખનાર) ઈમાનનો સ્વાદ પણ ચાખી શકશે નહીં. તમારા લોકોના આજના જમાનામાં પરસ્પર મોહબ્બત અને મેળ-મિલાપ-ભાઈચારો મોટા ભાગે લોકોની ખુશી માટે હોય છે. (એટલે કે લોકોને રાઝી રાખવા માટે જ અમૂક લોકો સાથે મોહબ્બત અને અમૂક લોકો સાથે બુગ્ઝ રાખવામાં આવે

છે.) પરંતુ આ બાબત તેઓને અલ્લાહના દરબારમાં કાંઈ ફાયદો નહીં પહોંચાડે.

સહાબીએ પુછયું : એ કેવી રીતે ખબર પડે અને જાણી શકાય કે મેં આ દોસ્તી અલ્લાહની મોહબ્બત કે દુશ્મનીમાં કરી છે. અને એ કેવી રીતે ખબર પડે કે અલ્લાહનો દોસ્ત કોણ છે ? જેની સાથે હું દોસ્તી કરૂં અને અલ્લાહનો દુશ્મન કોણ છે ? જેની સાથે હું દુશ્મની રાખું ? આ સાંભળીને આપે હઝરત અલી (અલય્હિસ્સલામ) તરફ ઇશારો કર્યો અને કહ્યું : શું તું આમને જુએ છે ? તે સહાબીએ કહ્યું :

જી હા, આપે ફરમાવ્યું કે આનો દોસ્ત અલ્લાહનો દોસ્ત છે. તું આની સાથે દોસ્તી રાખ, આમના દુશ્મન (હઝરત અલી (અલય્હિસ્સલામ)ના દુશ્મન) અલ્લાહના દુશ્મન છે. તું એ લોકો સાથે દુશ્મની રાખ પછી આપે ફરમાવ્યું જે માણસ એમને (હઝરત અલી અલય્હિસ્સલામને) દોસ્ત રાખે છે, તું તે લોકોને દોસ્ત રાખ પછી ભલે તે તારા બાપ કે તારી અવલાદનો કાતિલ પણ કેમ ન હોય ? જે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને દુશ્મન રાખે તેની સાથે દુશ્મની રાખ, ભલે પછી તે

તારા બાપ કે તારી અવલાદ પણ કેમ ન હોય ?

## (૧૦૫) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ તેમના વિરોધીઓ સાથે લડાઈ ન કરવાનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ પોતાના શિયાઓના રક્ષણ (સુરક્ષા) માટે દુશ્મનોને કત્લ કરવાથી પોતાના હાથ રોકી લીધા. કારણ કે તેઓ જાણતા હતા કે (તેઓની) શહાદત પછી

તેમના દુશ્મનોનો પ્રભાવ વધી જશે અને તેઓ એવુ ઇચ્છતાં હતા કે તેઓના પછી જે કોઈ સત્તા ઉપર આવે તે તેઓ (અલય્હિસ્સલામ)ની સીરતનું અનુસરણ કરે અને જેવી રીતે તેઓ પોતે હાથ રોકી રાખ્યો હતો તેવી જ રીતે તે લોકો પણ શિયાઓને કત્લ કરવાથી પોતાના હાથ રોકી રાખે.

(૧૦૯) રાવીનું બયાન છે કે .... એક દિવસ મેં હઝરત ઇમામે જઅફર સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ ફલાણા બિન

ફલાણા અને ફલાણા બિન ફલાણાને કત્લ કર્યા નહીં, તેનું કારણ શું ?

આપે ફરમાવ્યું કુરઆને કરીમની આ આયતના કારણે જે આયત આ પ્રમાણે છે

“પણ જો એ બંને પક્ષો (મોઅમિનો) એકબીજાથી જુદા પડી ગયા હોત તો અમે નાસ્તિકોને ખચીતજ દુ:ખ દાયક શીક્ષા કરતે.” (સૂરએ ફત્હ/ આયત-૨૫)

રાવી કહે છે કે મેં પુછયું કે (આ આયતમાં) જુદા થઈ જવાનો શું અર્થ થાય ? આપે ફરમાવ્યું કે અમૂક મોઅમિનો કાફિરોની

સુલ્બ (પીઠ)માં નાખી દેવામાં આવ્યા છે. હઝરત કાએમે આલે મોહમ્મદ (ઇમામે ઝમાના) (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ)એ વખત સુધી ઝહુર નહીં ફરમાવે જયાં સુધી અલ્લાહ તઆલા એ કાફિરની પીઠમાંથી મોઅમિનોને બહાર કાઢી ન નાખે. જયારે એ બધા બહાર આવી જશે. ત્યારે ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ) ઝહૂર ફરમાવશે. અને દીનના દુશ્મનોને કત્લ કરશે.

(૧૦૭) હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે :

(જંગે-જમલના સમયે) હઝરત અલી (અલય્હિસ્સલામ)નો બસરાવાસીઓ સાથેનો વ્યવહાર દરેક એ વસ્તુ કરતાં બહેતર છે, જેની ઉપર સુર્યનો (ઉદય થયા પછી) પ્રકાશ પડે છે. કારણ કે તેઓ (અલય્હિસ્સલામ) એ વાત જાણતા હતા કે ભવિષ્યમાં એ કૌમ (બસરાવાસીઓની કૌમ)ની હુકુમત રચાશે. આજે જો તેઓ (અલય્હિસ્સલામ) બસરાવાસીઓને કૈદી બનાવશે તો ભવિષ્યમાં એ લોકો પણ તેમના શિયાઓને કૈદી બનાવશે. રાવીએ બયાન કર્યું કે એ જણાવો કે હઝરત

ઇમામ કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ) પણ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની સીરત પર અમલ કરશે ? આપે ફરમાવ્યું કે ના, હઝરત અલી (અલય્હિસ્સલામ)એ લોકો (બસરાવાસીઓ) સાથે અહેસાન ભર્યો વર્તાવ એ માટે કર્યો હતો કે તેઓ એ વાત જાણતા હતા કે ભવિષ્યમાં તે લોકોની હુકુમત આવવાની છે. જયારે હઝરત કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ) હઝરત અલી (અલય્હિસ્સલામ)ના અમલથી વિરૂધ્ધ

અમલ કરશે. કારણ કે તેઓની હુકુમત પછી બીજા કોઈની હુકમત આવવાની નથી.

## (૧૦૮) હઝરત અલી (અલય્હિસ્સલામ) પાસે હુકુમત આવી છતાં તેઓએ બાગે ફીદક પાછો લીધો નહીં તેનું કારણ.

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે અબુ બસીરનું બયાન છે કે મેં આપ જનાબ (અલય્હિસ્સલામ)ને પુછયું કે જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ખલીફા બન્યા તો આપે ફિદક (ફિદક નામનો

બાગ) શા માટે ન લીધો ? તે (પોતાનો હક હોવા છતાં) શા માટે છોડી દીધો ? આપે ફરમાવ્યું કે (જયારે) ઝાલિમ અને મઝલૂમ બંને અલ્લાહની બારગાહમાં પહોંચી ગયા, (ત્યારે) અલ્લાહ તઆલા ઝાલિમને અઝાબ આપશે. અને મઝલૂમને સવાબ આપશે. તેથી મને એ પસંદ ન હતું કે મઝલુમનો સવાબ અને ઝાલિમનો અઝાબ પાછો લેવાઈ જાય.

(૧૦૯) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને સવાલ કરવામાં આવ્યો કે જયારે હઝરત અલી (અલય્હિસ્સલામ) ખલીફા

બન્યા તો તેઓ (અલય્હિસ્સલામ)એ ફિદકનો બાગ કેમ છોડી દીધો ? આપે જવાબ આપ્યો કે તેઓ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પૈરવીમાં કર્યું હતું. જયારે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ મકકા ફતેહ કર્યું ત્યાં સુધીમાં અકીલ બિન અબી તાલિબ આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું ઘર વેચી ચુકયા હતા. જયારે આપને કહેવામાં આવ્યું કે આપ આપના ઘરે કેમ નથી જતા?

ત્યારે આપે જવાબ આપ્યો કે શું અકીલે છોડયું છે ? (એટલે કે એ ઘર અમારી માલિકીનું રહેવા દીધુ છે ખરૂં ?) સાંભળો, અમો એહલેબૈત (અલય્હેમુસ્સલામ) પાસેથી જે વસ્તુ ઝુલ્મ કરીને લઈ (છીનવી) લેવાઈ હોય તેને અમે પાછી લેતા નથી. આવી જ રીતે (આ જ કારણોસર) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) જયારે

ખલીફા બન્યા ત્યારે ફિદકને પાછો લીધો ન હતો.

## (૧૧૦) હઝરત અબુલ હસન અલી ઇબ્ને રઝા (અલય્હિસ્સલામ)થી રાવીનું બયાન છે કે મેં આપ જનાબને અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) વિશે સવાલ કર્યો કે જ્યારે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ખલીફા બન્યા ત્યારે "બાગે ફિદક" પાછો કેમ ન મેળવ્યો ?

જવાબમાં આપે ફરમાવ્યું કે અમો એહ્લેબૈત જયારે અમારી પાસેથી અમારા કોઈ હક ઝુલ્મ કરીને છીનવી લેવાય છે, તેને પાછો લેતા નથી. એ વાત યાદ રાખજો કે અમો

લોકોના વલી અને હાકિમ છીએ. અમે લોકો મોઅમિનોના છીનવાઈ ગએલા હકને પાછા મેળવી દઈએ છીએ. પરંતુ અમારા હકને પાછો લેતા નથી.

## (૧૧૧) હઝરત અલી (અલય્હિસ્સલામ) ચાર અંગુઠી (વીંટી) પહેરતા તેનું કારણ

.... રાવીએ કહ્યું : હઝરત અલી (અલય્હિસ્સલામ) પાસે ચાર અંગૂઠી (વીંટી) હતી. એક વીંટી ઉપર યાકૂત જડેલો હતો. જે તેઓની શરાફત અને ઉચ્ચ ખાનદાનની નિશાની માટે હતો. બીજી ઉપર ફીરોઝો હતો

જે વિજય અને રક્ષણ માટે, ત્રીજી વીંટી ઉપર હદીદે ચીની, શક્તિ અને બળ માટે, ચોથા ઉપર અકીક બીમારીથી બચાવ અને રક્ષણ માટે હતો.

યાકૂત ઉપર “લા એલાહ ઇલ્લલ મુલ્કલ હકકલ મોબીન” કોતરેલું હતું. ફીરોઝા ઉપર “અલ્લાહુલ મુલ્કલ હકકુલ મોબીન” કોતરેલું હતું. હદીદે ચીની ઉપર “અલ ઇઝઝતો લિલ્લાહે જમીઆ” કોતરેલું હતું. અકીક ઉપર ત્રણ લાઈનમાં “માશાઅલ્લાહ લા કુવ્વત ઇલ્લા બિલ્લાહ અસ્તગ્ફેરૂલ્લાહ” કોતરેલું હતું.

## (૧૧૨) (એ) હઝરત અલી (અલય્હિસ્સલામ)નો લકબ અમીરૂલ મોઅમેનીન
## (બી) તેઓ (અલય્હિસ્સલામ)ની તલવારનું નામ ઝુલ્ફિકાર
## (સી) ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ)નો લકબ કાએમ મહદી હોવાના કારણ.

... રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત ઇમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને પુછયું કે ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), હઝરત અલી

(અલય્હિસ્સલામ)નું નામ અમીરૂલ મોઅમેનીન શા માટે પડી ગયું ? જવાબમાં ફરમાવ્યું : આ નામ (અમીરૂલ મોઅમેનીન) પહેલાં કોઈનું ન હતું. અને ભવિષ્યમાં કોઈ માટે જાએઝ નથી. આપે ફરમાવ્યું કે તેઓ મીરતૂલ ઇલ્મ (ઇલ્મના ખજાના) છે. આપની પાસેથી જ ઇલ્મ મેળવી શકાય છે. આપના સિવાય બીજા કોઈ પાસેથી ઇલ્મ મેળવી શકાતું નથી.

મેં પુછયું : આપની તલવારનું નામ "ઝુલ્ફિકાર" કેમ છે ? જવાબમાં આપે ફરમાવ્યું કે મખ્લૂકમાંથી જે કોઈને આપ એ

તલવારથી મારતા તેમને દુનિયામાં તેમના અહ્લો અયાલથી અને આખેરતમાં જન્નતથી જુદો કરી દેતા હતા.

મેં પુછયું : અય ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું આપ હઝરાતમાંના બધા જ કાએમ બિલ હકક નથી ? ફરમાવ્યું : હા, મેં અર્ઝ કરી કે તો પછી ઇમામ કાએમ (બારમા ઇમામ (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ))ને કાએમ શા માટે કહેવામાં આવે છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે જયારે અમારા દાદા ઇમામ હુસૈન

(અલય્હિસ્સલામ)ને શહીદ કરી નાખવામાં આવ્યા, ત્યારે ફરિશ્તાઓએ અલ્લાહની બારગાહમાં ફરિયાદ કરી કે અય અમારા અલ્લાહ ! અને અમારા માલિક ! જેણે તારા મુન્તખબ (પસંદ કરાએલા) ઇબ્ને મુન્તખબ બંદાને કત્લ કરી નાખ્યા. તેનાથી (તે દુશ્મનોથી) શું તું ગાફિલ છે ? ત્યારે અલ્લાહે તેઓ તરફ વહી કરી અને ફરમાવ્યું : અય મારા મલાએકા ! બેકરાર ન થાવ. મને મારી ઇઝઝત અને જલાલની કસમ હું તે લોકો પાસેથી જરૂર બદલો લઈશ. ભલે અમૂક સમય

(મુદ્દત) પછી કેમ ન હોય. પછી અલ્લાહ તઆલાએ ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની અવલાદમાંથી જેટલા અઇમ્મહ હતા, તેઓ પરથી ફરિશ્તાઓ માટે હિજાબ (પરદો) હટાવી દીધો. એ અઇમ્મહને જોઈને ફરિશ્તાઓ બેહદ ખૂશ થયા. તેઓમાંથી જ એક ઇમામ (બારમા ઇમામ) ઊભા રહીને નમાઝ પડી રહ્યા હતા. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હું આ કાએમ (ઊભેલા) મારફત એ કાતિલનો બદલો લઈશ.

## (૧૧૩) હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમના વહેંચનાર હોવાનું કારણ.

એક દિવસ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર કેવી રીતે છે ? આપે ફરમાવ્યું : તેઓની સાથે મોહબ્બત ઈમાન છે અને બુગ્ઝ (ઇર્ષ્યા) કુફ્ર છે. જન્નત એહલે ઈમાન માટે બનાવાઈ છે અને જહન્નમ એહલે કુફ્ર માટે બનાવાઈ છે. તેથી તેમની

સાથે મોહબ્બત કરનારાઓ જન્નતમાં જશે. અને તેઓ પ્રત્યે બુગ્ઝ રાખનારા લોકો જ જહન્નમમાં જશે. મુફઝઝલે પુછયું અય ફરઝંદે રસૂલ, શું અંબિયા અને અવસીયા પણ હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે મોહબ્બત રાખતા હતા અને તેમના દુશ્મન પણ હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે બુગ્ઝ રાખતા હતા ? આપે ફરમાવ્યું હા, રાવીએ કહ્યું : એ કેવી રીતે ? આપે ફરમાવ્યું : શું તને નથી ખબર કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ખૈબરના

દિવસે ફરમાવ્યું હતું કે આવતી કાલે હું એવા માણસને અલમ આપીશ જે અલ્લાહ અને રસૂલ સાથે મોહબ્બત રાખતો હશે. અને અલ્લાહ અને તેના રસૂલ તેની સાથે મોહબ્બત રાખતા હશે. અલ્લાહ તઆલા તેના હાથમાં વિજય ન આપે ત્યાં સુધી પાછો નહીં ફરે. ત્યાર પછી હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે શેકેલું પક્ષી આવ્યું, ત્યારે આપે દુઆ કરી કે પરવરદિગાર ! મારી પાસે એવા માણસને મોકલ જે તારી મખ્લૂકમાં તને સૌથી વધુ પ્રિય

હોય, જે મારી સાથે આ શેકેલું પક્ષી ખાય. આ કિસ્સામાં આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અલ્લાહને સૌથી વધુ પ્રિય વ્યક્તિ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને ગણ્યા હતા. રાવીએ કહ્યું : જી હા, આપે ફરમાવ્યું શું એ વાત શકય છે કે જે શખ્સ સાથે અલ્લાહ અને તેના રસૂલ મોહબ્બત કરતાં હોય તેની સાથે તેના અંબિયા અને અવસિયા મોહબ્બત ન રાખે ? મેં કહ્યું : ના આપે ફરમાવ્યું : આથી સાબિત થયું કે અંબિયા અને અવસિયા તેમજ તમામ મોઅમેનીન

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) સાથે દોસ્તી અને મોહબ્બત રાખતા હતા અને એ પણ સાબિત થઈ ગયું કે અંબિયા અને અવસિયાના દુશ્મનો અને વિરોધીઓ તેઓ સાથે અને જેઓ હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે મોહબ્બત કરતાં હતા તેમની સાથે બુગ્ઝ અને અદાવત રાખતા હતા. આ રીતે પહેલેથી છેલ્લે સુધીના તમામ લોકો જેઓ હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે મોહબ્બત રાખે છે. તેઓ જન્નતમાં અને બુગ્ઝ રાખનાર જહન્નમમાં જશે. આમ હઝરત

અલી (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છે.

રાવીએ અર્ઝ કરી અય ફરઝંદે રસૂલ (અલય્હિસ્સલામ) આપે મારી મુંઝવણ દૂર કરી દીધી, અલ્લાહ આપની મુંઝવણ દૂર કરે, પરંતુ અલ્લાહ તઆલાએ આપને જે ઇલ્મ આપ્યું છે તેમાંથી મને થોડું આપવાની કૃપા કરો. આપે ફરમાવ્યું અય મુફઝઝલ ! જે પૂછવા માંગતા હો તે પૂછો. મેં અર્ઝ કરી શું હઝરત અલી (અલય્હિસ્સલામ) (પોતે) પોતાના મોહીબ્બોને જન્નતમાં દાખલ કરશે

અને દુશ્મનોને જહન્નમમાં નાખશે કે પછી રીઝવાને જન્નત (જન્નતના રખેવાળ) અને દોઝખના ચોકીદાર ? આપે ફરમાવ્યું અય મુફઝઝલ ! શું તને એ નથી ખબર કે અલ્લાહ તઆલાએ સૃષ્ટિના સર્જન પહેલાં બે હજાર વર્ષ પુર્વે જયારે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) રૂહ હતા, ત્યારે તમામ અંબિયા તરફ મબઊસ કર્યા (મોકલ્યા) હતા. મેં કહ્યું : હા, આપે ફરમાવ્યું : શું તને એ નથી ખબર કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ને એ જ વખતે અંબિયાની રૂહોને અલ્લાહની તૌહીદ અને તેની ઇતાઅત અને પૈરવીની દાવત આપવામાં આવી અને તેમ કરનારને જન્નતનો વાયદો આપવામાં આવ્યો અને તેને કબૂલ ન કરનાર અને તેનો વિરોધ કરનાર માટે જહન્નમનો વાયદો છે મેં અર્ઝ કરી : હા, આપે ફરમાવ્યું તો પછી શું નબી અલ્લાહ તરફથી કરેલા વાયદાના જામિન નથી ? મેં કહ્યું : જી હા, આપે ફરમાવ્યું શું હઝરત અલી (અલય્હિસ્સલામ) તેઓના ખલીફા જાનશીન અને તેઓની ઉમ્મતના ઇમામ નથી ? મેં કહ્યું

: હા (છે). આપે ફરમાવ્યું શું રીઝવાન અને માલિક (જન્નત અને જહન્નમના રખેવાળ) બલ્કે તમામ ફરિશ્તા આપના શિયાઓ અને આપની મોહબ્બતના કારણે નજાત પામનારાઓ માટે ઇસ્તગ્ફાર નથી કરતાં ? મેં કહ્યું : હા (કરે છે) આપે ફરમાવ્યું, તો પછી અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ), રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના પ્રતિનિધી તરીકે જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છે. અને ખુદાના હુકમથી રીઝવાન અને માલિક હઝરત અલી (અલય્હિસ્સલામ)ના

હુકમનો અમલ કરનાર થયા. અય મુફઝઝલ, આ એ વાત યાદ રાખો કે આ એક ઇલ્મે મખ્ઝુન વ મકનુન (ઇલ્મનો છુપાએલો ગુપ્ત ખજાનો) છે. તેને તેના યોગ્યપાત્ર સિવાય કોઈને આપતા નહીં.

## (૧૧૪) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ) સિવાય કોઈને પોતાના વસી ન બનાવ્યા તેનું કારણ

.... રાવી કહે છે કે જયારે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

વફાતનો સમય નજદીક આવ્યો ત્યારે આપે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)ને બોલાવ્યા. પહેલાં અબ્બાસને કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના કાકા શું આપ મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો વારસો લેશો ? શું આપ તેઓના કર્ઝને ભરપાઈ કરશો ? અને તેઓના વાયદા પૂરા કરશો ? તેઓએ એ વાતનો ઇન્કાર કર્યો અને કહ્યું કે યા રસૂલલ્લાહ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) હું ખુબ જ વૃધ્ધ થઈ ગયો છુ. મારે ઘણા સંતાન છે અને હું ઓછી સંપતિ ધરાવનાર (કલીલુલ માલ) છું. આપનો બોજ કોણ ઉઠાવી શકે ? આપ તો ચાલતી હવાની ગતિથી સખાવત કરો છો. આ સાંભળીને આપ થોડીવાર ચૂપ રહ્યા. ત્યાર પછી ફરમાવ્યું અય અબ્બાસ ! આપ રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો વારસો લેશો ? તેઓએ કરેલા વાયદાઓને પૂરા કરશો અને તેઓના કર્ઝને અદા કરશો ? તેઓએ કહ્યું યા

રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મારા મા-બાપ આપની ઉપર ફિદા થાય, હું બહુ જ વૃધ્ધ, ઓછી સંપતિવાળો માણસ છું. આપનો બોજ કોણ ઉઠાવી શકે ? આપ તો ચાલતી હવાની સાથે (તેની ગતિથી) સખાવત કરો છો હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : ભલે તો હવે હું મારો વારસો એવા માણસને આપીશ જે તેનો હક પૂરે પૂરો અદા કરી શકે. આમ કહીને આપે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને સંબોધન કર્યું અને કહ્યું :

અય અલી ! અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ભાઈ ! શું તમે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કરેલા વાયદા પૂરા કરશો ? તેઓના કર્ઝને અદા કરશો ? અને તેઓનો વારસો લેશો ? હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કહ્યું : જી હા, મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. રાવી કહે છે કે પછી મેં જોયુ કે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાની વીંટી પોતાની આંગળીમાંથી કાઢીને હઝરત અલી

(અલય્હિસ્સલામ)ને આપી અને ફરમાવ્યું : લ્યો, તમે આ વીંટીને મારી હયાતીમાં જ પહેરી લ્યો. મેં જોયુ કે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ તે વીંટી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસેથી લઈને પોતાની આંગળીમાં પહેરી લીધી. પછી આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ બિલાલને બોલાવ્યા અને કહ્યું મારૂં ખુદ (લોઢાની ટોપી, જેનો ઉપયોગ લડાઈ વખતે પહેરવામાં કરવામાં આવે છે.) મારી ઝીરહ, (બખ્તર), મારી કલમ

(પેન), મારી ઝુલ-ફીકાર (તલવાર), મારો અમામો, મારી રીદા, (ખભે નાખવાની ચાદર) મારો પાણીનો લોટો અને મારી લાકડી લાવો. રાવી કહે છે કે ખુદાની કસમ, આવી ધાતુ અગાઉ મેં કયારેય પણ જોઈ ન હતી. તે જોઈને મારી આંખો અંજાઈ ગઈ. મને એવું લાગ્યું જાણે કે તે પાણીનું વાસણ જન્નતની બનેલી વસ્તુ હતી ? આપે ફરમાવ્યું : અય અલી ! આ જીબ્રઈલ લાવ્યા હતા અને કહ્યું હતું કે અય મોહમ્મદ ! આ બખ્તરની કડીને તમારી કમર સાથે બાંધી દો. પછી બે જોડી

અરબી જુતા મંગાવ્યા. જેમાંના એક સીવેલા હતા અને બીજા સીવ્યા વગરના હતા પછી એ ખમીસ જે પહેરીને તેઓ મેઅરાજ ઉપર ગયા હતા. ત્યાર પછી રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અય બિલાલ મારા બંને ખચ્ચર-સોહબા અને દુલદુલ, મારી બંને ઊંટણીઓ ગઝબા અને શહવા, મારા બંને ઘોડા જનાહ (જે મસ્જિદના દરવાજા પાસે લોકોની જરૂરત માટે ઊભો રાખવામાં આવતો હતો અને જો રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

કોઈને કયાંય મોકલતા તો તે એ ઘોડા પર સવાર થઈને જતો.) અને હૈઝદમ જેને રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સંબોધન કરીને કહેતા હતા કે હૈઝદમ અહીં આવ, તેમજ યઅફૂર નામના ગધેડાને લાવો ત્યાર પછી હઝરત અલી (અલય્હિસ્સલામ)ને સંબોધીને ફરમાવ્યું અય અલી મારી જિંદગી (હયાતી)માં જ આ વસ્તુ ઉપર કબ્જો કરી લ્યો. જેથી કરીને મારા (વફાત થઈ જવા) પછી આ વસ્તુઓ વિશે કોઈ ઝઘડો ન રહે....

...પછી હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું (હઝરત અલી અલય્હિસ્સલામ)ને વારસામાં મળેલા જાનવરો પૈકી સૌ પ્રથમ યઅફૂર ગધેડાનું મૃત્યુ થયું. આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની રૂહ નિકળી કે તુરત જ તે (ગધેડો) પોતાની લગામ છોડાવીને ભાગ્યો અને મકામે-કબાએ બની હોતમાના કુવા પાસે પહોંચી ગયો અને તે કૂવામાં પડીને પોતાનો જીવ આપી દીધો. અને તે કૂવો જ તેની કબ્ર બની ગયો......પછી હઝરત ઇમામ જઅફરે

સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે યઅફૂરે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે વાત કરી અને કહ્યું કે યા રસૂલુલ્લાહ ! મારા મા-બાપ આપના પર કુરબાન થાય. મારા પિતાએ તેના પિતાથી અને તેઓએ તેમના દાદાથી રિવાયત કરી છે કે તેઓ નૂહ (અલય્હિસ્સલામ) સાથે તેમના વહાણમાં હતા. હઝરતે નૂહ (અલય્હિસ્સલામ)એ તેઓની સામે જોયું અને તેમની છાતી ઉપર હાથ રાખીને કહ્યું કે આના વંશમાંથી એક ગધેડો પૈદા થશે. જેની ઉપર

સૈયદુલ અંબિયા અને ખાતેમુન્નબીય્યીન સવારી કરશે. અને અલ્લાહનો શુક્ર છે કે તેણે એ ગધેડો મને બનાવ્યો.

## (૧૧૫) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની પરવરીશ કેવા સંજોગોમાં કરી હતી તેનું કારણ

રાવી કહે છે કે હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) પર અલ્લાહ તઆલાનો એક લુત્ફો કરમ એ પણ હતો કે તેઓ પ્રત્યે જે વ્યવહાર કરવામાં આવ્યો તે

બીજા કોઈ સાથે કરવામાં આવ્યો ન હતો. જેની વિગત આ પ્રમાણે છે. એ જમાનામાં કુરૈશની કૌમ ભયંકર દુષ્કાળમાં સપડાઈ ગઈ હતી. હઝરત અબુ તાલિબ (અલય્હિસ્સલામ)ને ઘણા સંતાન હતા. એ જાણીને હઝરત (રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાના કાકા અબ્બાસ કે જેઓ બની હાશિમમાં સૌથી વધારે શ્રીમંત હતા. તેઓ પાસે ગયા અને કહ્યું : અય અબુલ ફઝલ ! આપના ભાઈ અબુ તાલિબને ઘણા સંતાનો છે. દુષ્કાળને લીધે લોકોની જે હાલત

થઈ રહી છે તે આપ જોઈ રહ્યા છો. ચાલો આપણે બંને જઈએ અને તેઓ પરથી તેમના સંતાનોનો ભાર હળવો કરીએ. તેમના દિકરાઓમાંથી એકને હું લઈ લઉં અને એકને તમે લઈ જાઓ. આપણે બંને તેમનું ભરણપોષણ કરીએ. અબ્બાસે કહ્યું : ચાલો જઈએ. તેઓ બંને હઝરત અબુ તાલિબ (અલય્હિસ્સલામ)ની પાસે ગયા અને કહ્યું અમે લોકો દુષ્કાળનો સમય છે ત્યાં સુધી આપના સંતાનોનો બોજ આપના પરથી હળવો કરવા માંગીએ છીએ. અબુ તાલિબે કહ્યું : આપ લોકો

અકીલને મારા માટે રહેવા દો અને બીજા જેને ઇચ્છો તેને લઈ જાઓ. હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને લીધા અને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબે હઝરત જઅફરને લીધા. ત્યાર પછી હઝરત અલી (અલય્હિસ્સલામ)ની પરવરિશ આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) કરતાં રહ્યા, જયારે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને રિસાલતનો હોદ્દો મળ્યો. ત્યારે સર્વ પ્રથમ હઝરત અલી

(અલયહિસ્સલામ) તેઓ પર ઈમાન લાવ્યા અને તેઓની તાબેદારી કરી. તેમજ તેઓની રિસાલતનું સમર્થન કર્યુ. હઝરત જઅફર સતત હઝરત અબ્બાસની દેખરેખમાં રહ્યા, ઇસ્લામનો સ્વિકાર કર્યો અને હઝરત અબ્બાસની દેખરેખમાં આગળ વધ્યા.

## (૧૧૯) કેટલાક ઇમામોએ તલવાર ઉપાડી કેટલાક મૌન રહ્યા, કેટલાકે પોતાની ઇમામત જાહેર કરી અને કેટલાકે ઇમામત ગુપ્ત રાખી અને કેટલાકે ઇલ્મનો પ્રચાર કર્યો. તેના કારણો

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે એક દિવસ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં જીબ્રઈલ આસમાનમાંથી એક સહીફો (પુસ્તક) લઈને નાઝિલ થયા. તેની જેવા સહીફા એ પહેલાં કોઈ પર નાઝિલ કરવામાં આવ્યા ન હતા અને તે પછી એવા સહીફા કોઈ ઉપર નાઝિલ થવાના ન હતા. જેમાં સોનાની મહોર (સીલ) લાગેલી હતી. જીબ્રઈલે કહ્યું: યા મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ

આપનું વસીય્યતનામું છે, જે આપના કુટુંબમાં જે સૌથી વધારે નેક અને શરીફ હોય તેના માટે છે. આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અય જીબ્રઈલ મારા કુટુંબમાંથી સૌથી વધારે નેક કોણ છે ? તેણે કહ્યું : અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) છે. આપ તેમને હુકમ આપો કે જયારે આપની વફાત થાય ત્યારે આમાંની એક મહોર તોડે અને (તેમાં લખ્યા મુજબ) અમલ કરે. જયારે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

વફાત થઈ ત્યારે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ તે સહીફાની એક મહોર તોડી તેની ઉપર અમલ કર્યો હઝરત અલી (અલય્હિસ્સલામ)એ પોતાની વફાત વખતે તે સહીફો હઝરત ઇમામ હસન (અલય્હિસ્સલામ)ને આપ્યો. તેઓએ તેની એક મોહર તોડી અને તેમાં લખ્યા મુજબ અમલ કર્યો. તેઓએ પોતાની વફાત વખતે તે સહીફો હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને આપ્યો. ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેની મોહર તોડી તો તેમાં લખ્યું હતું કે તમે

તમારા માટે તમારી સાથે શહાદત આપવા તૈયાર હોય તેવા એક સમુહ સાથે નિકળો અને તમારી જાન અલ્લાહની રાહમાં કુરબાન કરી દયો. હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેમાં જે કંઈ લખ્યું કર્યુ તેની ઉપર અમલ કર્યો, પછી તે સહીફો પોતાની પછી એક પુરૂષને હવાલે કર્યો. તેઓએ મોહર તોડી, તેમાં લખ્યું હતું કે મૌન ધારણ કરો, ચુપ રહો, તમારા ઘરમાં બેસી રહો અને મરતા સુધી અલ્લાહની ઇબાદત કરતાં રહો. તેઓએ તે સહીફો એક પુરૂષને

આપ્યો તેણે મોહર તોડી તેમાં લખ્યું હતું કે તમે લોકો સમક્ષ હદીસ બયાન કરો. લોકોને ફત્વા આપો અને તમારા બાપદાદાના ઇલ્મનો પ્રચાર અને પ્રસાર કરો. તેઓએ તે પ્રમાણે અમલ કર્યો. તેઓએ પોતાની પછી એ સહીફો બીજા એક પુરૂષને આપ્યો. તેણે મોહર તોડી તેમાં લખ્યું હતું તમે લોકોને હદીસો સંભળાવો, ફત્વો આપો અને તમારા બાપ દાદાના ઇલ્મનો પ્રચાર કરો અને તમારા બાપ દાદાએ જે કંઈ કહ્યું છે તેનું સમર્થન કરો અને ખુદા સિવાય કોઈથી ન ડરો. કેમકે તમે તેના જ

રક્ષણમાં સલામત છો. ત્યાર પછી આ સહીફો બીજા એક પુરૂષને આપવામાં આવશે અને આ સિલસિલો ચાલુ રહેશે.

## (૧૧૭) હઝરત અલી અલય્હિસ્સલામ સૌથી પહેલાં જન્નતમાં દાખલ થશે તેનું કારણ

હઝરત હુસૈન બિન અલી (અલય્હિસ્સલામ)એ તેમના પિતા હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી કે એક દિવસ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ મને ફરમાવ્યું કે અય અલી !

તમે સૌથી પહેલાં જન્નતમાં દાખલ થશો. મેં પુછયું : યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું હું આપનાથી પણ પહેલાં જન્નતમાં દાખલ થઈશ ? આપે ફરમાવ્યું જેવી રીતે તમે દુનિયામાં મારા અલમદાર છો તેવી જ રીતે આખેરતમાં પણ મારા અલમદાર રહેશો. અને અલમદાર તો હંમેશા આગળ જ હોય છે. પછી આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અય અલી, હું જાણે કે જોઈ રહ્યો છું કે તમે જન્નતમાં પ્રવેશી રહ્યા છો, તમારા

હાથમાં મારો અલમ એટલે કે લવાદેએ હમ્દ (પ્રશંસાનો પ્રકાશ-પ્રકાશ પૂંજ) છે. અને અલમના ફરેરા (ધ્વજના છાયા)ની નીચે હઝરત આદમ (અલય્હિસ્સલામ) અને બીજા (અંબિયા) છે.

## (૧૧૮) જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નું નામ "ફાતેમા" શા માટે રાખવામાં આવ્યું, તેનું કારણ

રાવીનું બયાન છે કે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નું નામ એ માટે રાખવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ જનાબે

ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને ચાહનારાઓને જહન્નમથી મુકત કર્યા છે.

(૧૧૯) રાવી કહે છે કે મને અબુલ હસને પુછયું કે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નું નામ ફાતેમા શા માટે રાખવામાં આવ્યું. તે તમે જાણો છો ? મેં કહ્યું : આ નામમાં અને બીજા નામોમાં શું તફાવત છે ? તેઓએ કહ્યું : આ પણ બીજા નામોની જેમ એક નામ છે. પરંતુ આ નામ જે અલ્લાહ તઆલાએ રાખ્યું છે. કારણ કે અલ્લાહ તઆલાને (એ નામ રાખતા પહેલાં) એ વિષેનું

ઇલ્મ હોય છે. અલ્લાહ તઆલાને એ વાતની ખબર હતી કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જુદા જુદા કબીલાઓમાં શાદીઓ કરશે અને એ કબીલાઓના લોકોમાં એવી લાલચ જાગશે કે હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હુકુમત અને વારસો તેમને મળે. એ લાલચમાં તેઓ પોતાની દિકરીઓને હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે પરણાવવા તૈયાર હતા. પરંતુ જયારે જનાબે ફાતેમા

(સલામુલ્લાહે અલય્હા)ની વિલાદત થઈ ત્યારે અલ્લાહ તઆલાએ તેમનું નામ ફાતેમા રાખ્યું અને તેમનો વારસો તેમની ઔલાદમાં રાખ્યો. જેથી બીજા બધા કબીલાનો સંબંધ કપાઈ ગયો અને તેમની લાલચની દોરી કપાઈ ગઈ. આમ, જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નું નામ ફાતેમા એ માટે છે કે તેમણે બધાની લાલચની દોરી કાપી નાખી. (અરબી ભાષામાં) ફતમનો અર્થ કાપવું અથવા તોડી નાખવું એવો થાય છે.

## (૧૨૦) જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા) ફકત બીજાઓ માટે જ દુઆ કરતાં હતા. પોતાના માટે કોઈ દુઆ ન કરતાં હતા. તેનું કારણ

હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે તેઓ તેમની માતા જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ને મહેરાબે ઇબાદતમાં રહીને રૂકુઅ, સજદા અને સતત ઇબાદત કરવામાં મશ્ગૂલ રહેલા જોતા. તેઓ કહે છે કે તેઓ લોકોના નામ લઈને (નામ-બનામ) દુઆ કરતાં હતા. પરંતુ પોતાના માટે

કોઈ પણ દુઆ માંગતા ન હતા. એક વખત મેં આપને પુછયું : અય માદરે ગિરામી જેવી રીતે આપ બીજા મોઅમિનો માટે દુઆ કરો છો તેવી રીતે આપના પોતાના માટે દુઆ શા માટે નથી કરતાં ? જવાબમાં આપે ફરમાવ્યું : પહેલાં પાડોશી પછી આપણું ઘર.

## (૧૨૧) જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની મૈયતને દિવસમાં નહીં પણ રાત્રે દફન કરવામાં આવ્યું તેનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે જનાબે

ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને દિવસના નહીં પણ રાત્રે (રાત્રીના અંધકારમાં) શા માટે દફન કરવામાં આવ્યા ? જવાબમાં આપે ફરમાવ્યું કે એ મોઅઝઝમાની વસીય્યત હતી કે તેમના જનાઝામાં એ બે પુરૂષો શરીક ન થાય. (એ જમાનાના બે ખલીફા તરફ ઇશારો છે.)

## (૧૨૨) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જે માણસને સૂરએ બરાઅત લઈને મોકલ્યો હતો તેને પાછો બોલાવી લીધો અને તેને બદલે

## હઝરત અલી (અલય્હિસ્સલામ)ને મોકલ્યા તેનું કારણ?

રાવી કહે છે કે એક દિવસ મેં જામેઅ મસ્જિદમાં નમાઝ પડી અને જોયું કે ઇબ્ને ઉમર બેઠા છે હું તેઓની પાસે જઈને બેસી ગયો અને તેઓને વિનંતી કરી કે આપ હઝરત અલી (અલય્હિસ્સલામ) વિશે કોઈ વાત કરો. ત્યારે તેઓએ કહ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હ. અબુ બકરને સૂરએ બરાઅત (તૌબા) લઈને મોકલ્યા. તેઓ હજી ઝુલ હલીફા

નામની જગ્યાએ પહોંચ્યા હતા ત્યાં તેઓની પાછળ હઝરત અલી (અલય્હિસ્સલામ) પહોંચી ગયા અને તેમની પાસેથી સૂરએ બરાઅત પાછી લઈ લીધી. ત્યારે તેઓએ પુછયું : અય અલી (અલય્હિસ્સલામ), શું મારા વિશે કોઈ આયત નાઝિલ થઈ ? ત્યારે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કહ્યું : નહીં, બલ્કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતે કહ્યું છે કે આ સુરાની તબ્લીગ હું પોતે કરીશ અથવા મારી એહલેબૈતમાંથી કોઈ પુરૂષ કરશે. ઇબ્ને ઉમરનું

બયાન છે કે ત્યાર પછી હ. અબુ બકર, હઝરત રસૂલુલ્લાહની ખિદમતમાં પાછા આવ્યા અને પુછયું યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું મારા હકમાં કોઈ આયત નાઝિલ થઈ ? આપે ફરમાવ્યું ના પરંતુ મારી આ ફરજ મારે પોતે અદા કરવાની હતી અથવા આ ફરજ મારી એહલેબૈતમાંથી કોઈ પુરૂષે કરવાની હતી. રાવી કહે છે કે મેં પુછયું : શું તમે એ વાતની ગવાહી આપો છો કે ઇબ્ને ઉમરે આ જ વાત કહી હતી ? તેમણે જવાબમાં ત્રણ વખત કહ્યું : હા, હા, હા.

## (૧૨૩) અઇમ્મા (અલયહેમુસ્સલામ) હુજજતે ખુદા હોવાની સાબિતી.

રાવી કહે છે કે એક વખત મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી કે એક વખત એક સમૂહ સાથે મુનાઝેરો (મુનાઝેરહ એટલે એવી ચર્ચા જેના નિયમો નિશ્ચિત હોય.) કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ત્યારે મેં આ લોકોને પુછયું કે શું તમે લોકો એ વાત જાણો છો કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમામ સૃષ્ટિ પર અલ્લાહ તરફથી

હુજજત દલીલ છે. જયારે તેઓએ આ ફાની દુનિયાથી વિદાય લીધી ત્યારે આ દુનિયામાં હુજજત કોણ રહ્યું ? તેઓએ જવાબ આપ્યો કે કુરઆન હુજજત છે. મેં કહ્યું : હું જોઉં છું કે કુરઆને મજીદનો સહારો લઈને મરજીય્યહ અને હરૂરીય્યહ બલ્કે ઝિન્દીક (ત્રણેય જુદા જુદા પંથમાં માનનારાઓના નામ છે.) પણ કે જેઓ કુરઆને મજીદ પર ઈમાન રાખતા નથી તે લોકો પણ પોતાના વિરોધીઓની સામે કુરઆને મજીદમાંથી દલીલો રજુ કરે છે અને તેમને હરાવી દે છે. (એટલે કે તેઓ ઉપર

પ્રભુત્વ મેળવી લે છે.) આથી એમ જાણવા મળે છે કે કુરઆન કોઈ કય્યુમ (કાયમ રહેનાર) વગર હુજજત બની શકતું નથી. અને કય્યુમ કુરઆનનો જે અર્થ કહે તે જ હકક (સાચુ અર્થઘટન) છે. તો હવે કહો કે કુરઆનના કય્યુમ કોણ છે ? લોકોએ કહ્યું : અબ્દુલ્લાહ ઇબ્ને મસઉદ અને ફલાણા અને ફલાણા આલિમ કય્યુમે કુરઆન હતા. મેં કહ્યું કે શું તેઓ આખા કુરઆનના આલિમ હતા ? તેઓએ કહ્યું : એવું તો નથી, અમે આજ સુધીમાં એવો માણસ નથી જોયો જે આખા

કુરઆનનું ઇલ્મ હોવાનો દાવો કરી શકે. સિવાય અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) જયારે કૌમના લોકો બીજા કોઈ પાસે પોતાના પ્રશ્નો રજુ કરતાં ત્યારે એક કહેતો કે હું જાણતો નથી. બીજો કેહતો કે હું નથી જાણતો. ત્રીજો કહેતો કે હું નથી જાણતો. એ વખતે હઝરત અલી (અલય્હિસ્સલામ) કહેતા કે હા, હું જાણું છું. મેં કહ્યું કે તેથી જ હઝરત અલી (અલય્હિસ્સલામ) કચ્યુમે કુરઆન છે. અને તેઓની ઇતાઅત કરવી વાજીબ છે. તેઓ જ રસૂલ (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ) પછી તમામ લોકો પર હુજ્જત હતા. કુરઆને મજીદનો અર્થ હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કહ્યો હતો. તે જ સાચો હતો. આ સાંભળીને હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ કહ્યું અલ્લાહ તમારી ઉપર રહેમ કરે. મેં ઊભા થઈને આપના કપાળ પર ચુંબન કર્યું અને કહ્યું હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની જેમ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) પોતાની પછી દુનિયામાં કોઈ હુજ્જતે ખુદાને છોડયા

વગર ગયા નથી. હઝરત અલી (અલય્હિસ્સલામ) પછી હઝરત ઇમામ હસન બિન અલી (અલય્હિસ્સલામ) હુજ્જત હતા. તેઓની ઇતાઅત કરવી વાજીબ છે. પછી કહ્યું હું ગવાહી આપુ છું કે હઝરત હસન ઇબ્ને અલી (અલય્હિસ્સલામ) પોતાની પછી હુજ્જત છોડયા વગર ગયા નથી. ઇમામે હસન (અલય્હિસ્સલામ) પછી ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ) હુજ્જત હતા. તેઓની ઇતાઅત વાજીબ હતી. તેઓ પછી હઝરત અલી ઇબ્ને હુસૈન (અલય્હિસ્સલામ) હુજ્જત

હતા. તેઓએ તેમના પછી હઝરત મોહમ્મદ બિન અલી (અલય્હિસ્સલામ) અબુ જઅફરને હુજજત તરીકે છોડયા હતા. તેમની ઇતાઅત વાજીબ હતી. આપે સ્મિત કર્યું. મેં કહ્યું : અલ્લાહ આપનું ભલુ કરે. આપના વાલિદે બુઝુર્ગવારે પોતાની પછી કોઈ હુજજત છોડયા વગર આ દુનિયાથી વિદાય ન લીધી હતી. હું ગવાહી આપુ છું કે તેઓ પછી આપ હુજજત છો, આપની ઇતાઅત વાજીબ છે. આપે ફરમાવ્યું : હવે ખામોશ થઈ જાવ. અલ્લાહ તમારી ઉપર રહેમ કરે. આપે ફરમાવ્યું હવે

તમારે જે પૂછવું હોય તે પૂછો, હું બધી વાતોનો જવાબ આપીશ.

## (૧૨૪) જમીન કયારેય પણ “હુજ્જતુલ્લાહ અલલ ખલ્ક”થી ખાલી ન રહેતી હોવાના કારણ

રાવી કહે છે કે એક દિવસ અમે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની પાસે બેઠા હતા ત્યારે આપે ફરમાવ્યું : જયારે હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની નબુવ્વતની મુદ્દત પૂરી થઈ અને તેઓનું ખાવુ પીવુ બંધ થઈ ગયુ ત્યારે અલ્લાહ તઆલાએ

તેઓની તરફ વહી ફરમાવી. અય આદમ ! તમારી નબુવ્વતની મુદ્દત પૂરી થઈ ગઈ. (હવે) તમારૂં ખાવા-પીવાનું બંધ. હવે તમારી પાસે જે કાંઈ (ઇલાહી) ઇલ્મ, ઈમાન, નબુવ્વતનો વારસો, ઇલ્મી ચિહ્નો અને ઇસ્મે અઅઝમ છે. તે તમારા વંશ વારસામાંથી હુજજતુલ્લાહને સોંપી દયો. કારણ કે જમીનને હું અમારી ઇતાઅત (કેવી રીતે કરવી) અને અમારો દીન જાણી ન શકાય તેવા આલિમ વગરની નહીં રાખુ. એવા આલિમની ઇતાઅત

ગુઝારી, ઇતાઅત ગુઝારો માટે નજાતનું કારણ બની શકે.

(૧૨૫) હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : જો બે ઇન્સાન સિવાયના બધા જ ઇન્સાન ખત્મ થઈ જાય તો તેમાંથી એક ઇમામ હશે. તેમજ તે બંનેમાંથી જે છેલ્લો ઇન્તેકાલ પામશે, તે ઇમામ હશે. જેથી કરીને કોઈ એમ ન કહી શકે કે અલ્લાહે તેને હુજ્જત વગરનો રાખ્યો હતો.

(૧૨૬) હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે

ફરમાવ્યું : જમીન કયારેય પણ ઇમામ વગરની બાકી (ખાલી) રહી શકતી નથી. ભલે પછી ઇમામ જાહેર હોય કે ગાએબ.

**(૧૨૭)** હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : જમીન ઉપર અમારા લોકોમાંથી એક એવી વ્યક્તિ (પુરૂષ) ન હોય જે હકને જાણતો હોય જેથી જો કોઈ લોકો (હકમાં) તેમાં કોઈ વધારો કરે તો તેને કહી શકે કે આટલો વધારો થયો છે, અને જો કોઈ (હકમાં) કાંઈ ઘટાડો કરે તો તે કહી શકે કે એ લોકોએ આટલો ઘટાડો કર્યો છે. અને જો

એવી વ્યક્તિ ન હોય તો આ જમીન બાકી રહી શકતી નથી. જો એમ ન હોય તો હક અને બાતિલ વચ્ચેનો ભેદ પારખી ન શકાય.

## (૧૨૮) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ઘર સિવાયના તમામ લોકોના ઘરના દરવાજા જે મસ્જિદમાં ખુલતા હતા તે બંધ કરાવી દીધા, તેનું કારણ

અબુ રાફેઅ નામના રાવી કહે છે કે એક દિવસ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ)એ લોકોને ખુત્બો આપી ફરમાવ્યું અય લોકો ! અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલય્હિસ્સલામ) અને હઝરત હારૂનને હુકમ આપ્યો કે તમે લોકો તમારી કૌમ માટે મિસરમાં ઘર બનાવો અને તમારી કૌમના લોકોને એ વાતનો હુકમ આપો કે હારૂન અને તેની ઝુર્રિયત સિવાયના કોઈ લોકો તે મસ્જિદમાં જનાબતની હાલતમાં રાત્રીના રોકાણ માટે કે સ્ત્રીસંગ માટે રોકાય નહીં અને અલીનો મારી સાથે એ જ સંબંધ છે જે હારૂન (અલય્હિસ્સલામ)નો હઝરત મૂસા

(અલયહિસ્સલામ) સાથેનો સંબંધ હતો. તેથી મારી મસ્જિદમાં હઝરત અલી (અલયહિસ્સલામ) અને તેની ઝુર્રિયત સિવાય કોઈ માટે જનાબતની હાલતમાં આવવું, રાત્રી રોકાણ કરવું અથવા સ્ત્રીસંગ માટે રહેવું જાએઝ નથી. જો કોઈને આ વાત ખરાબ લાગતી હોય તો તેઓ તેને જુએ આમ કહીને આપે શામ (બયતુલ મુકદ્દસ) તરફ ઇશારો કર્યો.

(૧૨૯) ઇમામ કોઈ મશહૂર કબીલા, મશહૂર કૌમ, મશહૂર નસ્લ અને મશહૂર કુટુંબમાંથી જ હોવા જરૂરી હોવાનું અને ઇમામ મખ્લૂકમાં

## સૌથી વધારે સખી, સૌથી વધારે બહાદુર, સૌથી વધારે માફ કરનાર, તમામ ગુનાહોથી બચેલા અને "માઅસુમ" હોવાનું કારણ

... એક દિવસ ઝરારાએ હિશામ બિનલ હકમને નબી પછી ઇમામ હોવાની દલીલ વિશે સવાલ કરવામાં આવ્યો. ત્યારે હિશામે કહ્યું કે આ સવાલના જવાબમાં આઠ દલીલો અને નિશાનીઓ છે. જેમાં ચાર નસ્બી (વંશને લગતી) અને ચાર ઝાતી (વ્યક્તિગત) છે. જે ચાર નિશાનીઓ વંશને લગતી છે તે એ છે કે ઇમામ વિખ્યાત કબીલા, મશહૂર કૌમ,

જાણીતા વંશ અને જાણીતા કુટુંબમાંથી હોવા જોઈએ. જો એમ ન હોય તો આ જમીન ઉપર જે કોઈ (સાધારણ કે ગુનેહગાર માણસ) પણ ઇચ્છે તે ઇમામ બની જતે જો કે એમ હોવું જાએઝ નથી. તેથી આપણે જોઈએ છીએ કે આખી દુનિયામાં કોઈ કૌમ હઝરત મોહમ્મદે મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના કબીલાથી વધારે માનવંત અને મશહૂર નથી. તેઓ અરબ કૌમમાંથી છે. જેઓ સાહેબે શરીઅત અને (સાહેબે દઅવત) ઇસ્લામ પ્રત્યે નિમંત્રણ આપનાર છે. તેઓના

નામથી દરરોજ પાંચ વખત બધી મસ્જિદો અને ઇબાદતખાનાથી બધા દેશોમાં એલાન થાય છે. જેના શબ્દો આ પ્રમાણે છે. "અશ્હદો અલ લા એલાહ ઇલ્લલ્લાહ" (હું ગવાહી આપું છું કે એ (એક) અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ નથી અને "અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ" એટલે કે હું ગવાહી આપુ છુ કે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અલ્લાહના રસૂલ છે.) ઉપરના શબ્દો એલાન (અને નિમંત્રણ) દરરોજ દિવસ અને રાત દરેક સારા અને ખરાબ, દરેક

આલિમ અને જાહિલ સુધી પહોંચે છે. તેનાથી દરેક પરિચીત છે. કોઈ તેનો ઇન્કાર કરી શકતું નથી, તેથી એ વાત સાબિત થઈ કે તેઓ સિવાયની બીજી કોઈ કૌમ, તેઓથી વધારે મશહૂર નથી. આમ મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો સંબંધ દુનિયાની સૌથી વધારે મશહૂર કૌમ સાથે છે. હવે એ સાબિત થઈ ગયું કે તેઓ દુનિયાની સૌથી વધારે મશહૂર કૌમના છે, તો ઇમામ પણ એ જ કુટુંબ (વંશ)ના હોવા જોઈએ. જે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ના કુટુંબના હોય. આ ઉપરાંત ફકત એ જ ઇમામ હોઈ શકે, જેના વિશે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની (નસ્સ) સ્પષ્ટતા મૌજૂદ હોય, જો એમ ન હોય તો તેઓના કુટુંબના બધા માણસો ઇમામ હોવાનો દાવો કરવા લાગશે કે "હું ઇમામ છું." જેના પરિણામે પરસ્પર વિવાદ (મતભેદ) ઉત્પન્ન થશે. જેના પરિણામે લોકોને સાચા ઇમામ શોધવામાં મુશ્કેલી થતે. તેમજ આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) માટે પણ એ જરૂરી હતું કે તેઓ

પોતાની એહલેબૈત અને પોતાના કુટુંબમાંથી જ કોઈના માટે સ્પષ્ટ રીતે જાહેરાત ફરમાવે, બીજા કોઈના માટે નહીં. જેથી તેઓના કુટુંબીઓમાંથી કોઈ વિશે એ મતભેદ કે વિવાદ ઊભો ન કરે. તેથી કોઈ એવો દાવો પણ ન કરી શકે કે અમે તેમના કરતાં શ્રેષ્ઠ, તેમના કરતાં વધારે ઇલ્મ ધરાવનાર અને વધારે લાયકાત ધરાવનારા છીએ. આ ઉપરાંત એ પણ જરૂરી છે કે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાના કુટુંબમાંથી કોઈ એક વિશિષ્ઠ વ્યક્તિ માટે

સ્પષ્ટતા કરી જાય જેથી કરીને તેઓ (કુટુંબીજનો) વચ્ચે આંતિરક મતભેદ ઊભા ન થાય કે તેઓ એકબીજાથી વધારે લાયકાત ધરાવે છે.

હવે એ ચાર વિશિષ્ટતા જે વ્યક્તિગત છે તે જોઈએ :-

ઇમામ એ (પુરૂષ) હોવો જોઈએ જે સમગ્ર સૃષ્ટિમાં સૌથી વધારે ઇલ્મ ધરાવનાર, સૌથી વધુ સખી, સૌથી વધુ બહાદુર, સૌથી વધારે માફ કરનાર (બંને પ્રકારના ગુનાહ એટલે કે) ગુનાહાને કબીરા અને ગુનાહાને સગીરાથી

સૌથી વધુ બચનાર હોય. તેઓમાં (તેમના) જમાનાની ખુશીની અને જાહેલીયતના જમાનાની જરા સરખી અસર પણ દેખાતી ન હોવી જોઈએ. એ પણ જરૂરી છે કે તે (ઇમામ) આ સિફતોથી એક પળ માટે પણ ખાલી ન હોય અને કયામત સુધી તેમનામાં એ સિફતો જોવા મળતી રહે.

આ વાતચીત થતી હતી એ સમૂહમાં અબ્દુલ્લાહ બિન યઝીદ અબાઝી મૌજૂદ હતા. તેઓએ પૂછયું કે અય હિશામ ! તમે એવું કઈ રીતે માનો છો કે ઇમામ તમામ મખ્લૂકમાં

સૌથી વધારે ઇલ્મ ધરાવનાર હોઈ શકે ? હિશામે જવાબ આપ્યો : જો તે આલિમ નહીં હોય તો તેની ઉપર વિશ્વાસ અને યકીન નહીં થઈ શકે કે તે શરઈ અહકામ (શરીઅતના હુકમો)ને સાચી રીતે રજૂ કરે છે કે નહીં. શરઈ સજાની બાબતોમાં જો કોઈને ફકત હદ જારી કરવાની હોય તેને હાથ કાપવાની સજા થઈ જાય અને જેના હાથ કાપવાની સજા કરવાની હોય તેને ફકત હદ જારી કરવામાં આવે. મારી આ વાતનું સમર્થન કુરઆને મજીદની સૂરએ યૂનુસની આયત નં ૩૫ થી થાય છે. :- “શું તે

કે જે સત્ય સુધી પહોંચાડી દે તે તેનો વધુ હકદાર છે કે તેની તાબેદારી કરવામાં આવે અથવા તે કે જેને કોઈ માર્ગ જડે નહીં ? છતાં તમને શું થઈ ગયું છે, કેવો ન્યાય કરો છો ?"

તેમણે પૂછ્યું કે પછી એ કહો કે તેમનું (ઇમામનું) તમામ ગુનાહોથી માઅસૂમ હોવું શા માટે જરૂરી છે ? હિશામે કહ્યું : જો ઇમામ માઅસુમ નહીં હોય તો તેની ઉપર સંપૂર્ણ ભરોસો નહીં કરી શકાય કે કદાચ તેણે, પણ એવા ગુનાહ કર્યા હોય જે બીજાઓ કરે છે. તેમજ તે પણ શરઈ હદ (સજા)ને પાત્ર હોઈ

શકે, જેવી સજા બીજા ગુનેહ્ગારને કરવામાં આવતી હોય, જયારે તે પોતે જ ગુનાહ્થી ખરડાએલા હોય તો તેની ઉપર એ બાબત વિશેની શંકા કરે કે તે પોતાના પાડોશી, મિત્રો, સગા-સ્નેહી વગેરેના ગુનાહોની અવગણના કરે (અને તેને શરઈ સજા ન કરે) મારી આ દલીલનું સમર્થન અલ્લાહ તઆલાનો કૌલ છે. સૂરએ બકરહ્ની આયત નં ૧૨૪ "(અલ્લાહે) (હ્ઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામને) ફરમાવ્યું કે નિસંશય હું તને મનુષ્ય માત્રનો ઇમામ બનાવનાર છું. (ઇબ્રાહીમે અરજ કરી) અને

મારી અવલાદમાંથી પણ ? (અલ્લાહે) ફરમાવ્યું કે જે ઝાલિમ હશે તે મારા આ વચનમાં શામિલ નથી.”

તેણે આગળ પૂછ્યું કે તમે એવું કઈ રીતે કહ્યું કે ઇમામ સૌથી વધારે બહાદુર હોવા જરૂરી છે ? હિશામે જવાબ આપ્યો કે તેમણે જંગ દરમિયાન બધા લોકો (લડવૈયાઓ) ઉપર દેખરેખ રાખવાની હોય છે. અને જંગની વ્યુહરચના ગોઠવવાની હોય છે. લોકો જંગમાં તેમનું માર્ગદર્શન મેળવી તેમને જ અનુસરતા હોય છે. જો તે જંગમાંથી ભાગે તો અલ્લાહના

ગઝબમાં આવી જશે. અને ઇમામ માટે અલ્લાહ્ના ગઝબમાં આવી જવું જાએઝ નથી. આ વિશે કુરઆને મજીદની આયત છે. સૂરએ અન્ફાલ, આયત નં ૧૫/૧૬ "હે ઈમાન લાવનારાઓ જયારે તમે ઈમાન નહીં લાવનારાઓને ટોળાબંધ (તમારી સામે લડવા) આવતા જુઓ ત્યારે તેમને પીઠ દેખાડો નહીં. અને તે (લડાઈના) દિવસે જે (કોઈ) પાછી લડાઈ લડવાના હેતુથી માર્ગ કાપીને જતો હોય અથવા બીજા (મોઅમિન) ટોળા સાથે મળી જવાના હેતુથી ફર્યો હોય

તેના સિવાય જે પોતાની પીઠ દેખાડશે તો ખચીતજ અલ્લાહના કોપને પાત્ર થશે અને તેનું સ્થાન જહન્નમ છે અને તે ઘણું જ બુરૂં રહેઠાણ હશે.”

પ્રશ્ન કરનારે કહ્યું : ચાલો આ પણ માની લીધું પણ તમે ઇમામને સૌથી વધારે સખી કયા આધારે કહો છો ? હિશામે કહ્યું : જો ઇમામ સૌથી વધારે સખી ન હોય તો તેમનામાં ઇમામતની સિફત આવી ન શકે કારણ કે લોકોને તેમની દયા અને બક્ષિશની જરૂર હોય છે. તેમજ એ પણ જરૂરી હોય છે કે

તેઓ લોકોમાં (માલે ગનીમત વગેરે) સમાન રીતે વહેંચે, જો તે સખી હશે તો જ મુસલમાનોના હકમાંથી કોઈ ભાગ રાખી નહીં લે અને માલની વહેંચણી વખતે કોઈને તેના હકથી વધારે નહીં આપે. અને આગળ જણાવી ગયા છીએ તેમ ઇમામનું માઅસુમ હોવુ જરૂરી છે એ માટે તે સૌથી વધારે બહાદુર, સૌથી વધુ આલિમ, સૌથી વધુ સખી અને સૌથી વધારે માફ કરનારો નહીં હોય તો તેના ઇમામ હોવાની કોઈ સાબિતી નથી.

## (૧૩૦) ઇમામતનો ક્રમ, ઇમામે હસન (અલય્હિસ્સલામ)ના વંશથી નહીં પણ ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના વંશમાં ચાલુ રહ્યો હોવાનું કારણ

રાવી કહે છે કે : એક દિવસ મારે અબ્દુલ્લાહ બિન હસન સાથે ઇમામતના વિષય ઉપર ચર્ચા થઈ. અબ્દુલ્લાહ બિન હસને કહ્યું : ઇમામત હસન (અલય્હિસ્સલામ) અને ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ) બંનેની અવલાદમાં છે. મેં કહ્યું : ના, ફકત ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના વંશમાં જ ઇમામત

રહેશે. અને ઇમામત એ ઇમામ હસન (અલય્હિસ્સલામ)ના વંશમાં કયારેય તબદીલ નહીં થાય. તેમણે પ્રશ્ન કર્યો કે ઇમામત હઝરત ઇમામ હસન (અલય્હિસ્સલામ)ની અવલાદના વંશમાં શા માટે ન ગઈ ? હકીકતમાં તો બંને ઇમામ (ઇમામ હસન (અલય્હિસ્સલામ) અને ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) જન્નતના જવાનોના સરદાર અને ફઝલ અને શરફમાં સરખા છે. બલ્કે મોટા હોવાની દ્રષ્ટિએ ઇમામ હસન (અલય્હિસ્સલામ)નો શરફ અને ફઝલ વધારે છે. એ બાબત ધ્યાનમાં લેવામાં આવે

તો તેઓની અવલાદમાં ઇમામત હોવી વાજીબ અને લાઝિમ છે.

રાવીએ જવાબ આપ્યો કે હઝરતે હારૂન અને હઝરતે મૂસા બંને રસૂલ હતા. હઝરત મૂસા (અલય્હિસ્સલામ) હઝરત હારૂન કરતાં અફઝલ હતા. પરંતુ અલ્લાહ તઆલાએ નબુવ્વત અને ખિલાફત હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ની અવલાદમાં રાખવાને બદલે હઝરત હારૂન (અલય્હિસ્સલામ)ની અવલાદમાં રાખી હતી. જેથી તેઓની ઉમ્મતમાં એ સુન્નત ચાલુ રહે. હવે તમારો જે

જવાબ હઝરત મૂસા (અલય્હિસ્સલામ) અને હઝરત હારૂન વિશે હશે. તે જ જવાબ મારો હઝરત ઇમામ હસન (અલય્હિસ્સલામ) અને હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની અવલાદમાં ઇમામત હોવા વિશે હશે. આ સાંભળીને તેનું મોઢું સિવાઈ ગયું. આ દલીલનો તેઓ કોઈ જવાબ આપી ન શકયા. રાવી કહે છે કે આ વાતચીત થવા પછી હું ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં આવ્યો. જયારે ઇમામ (અલય્હિસ્સલામ)ની નજર મારા પર પડી

ત્યારે આપે ફરમાવ્યું : અય રબીઅ ! તમે અબ્દુલ્લાહ બિન હસન સાથે સુંદર રીતે ચર્ચા કરી, અલ્લાહ તમને એ વાત પર અડગ રાખે.

## (૧૩૧) નબી પછી આવનારા ઇમામની મઅરેફત મેળવવી જરૂરી છે, પરંતુ નબીની પહેલાંના જેટલા રસૂલ થઈ ગયા તેમની મઅરેફત મેળવવી જરૂરી નથી તેનું કારણ ?

રાવી કહે છે કે એક વખત મેં પુછયું કે અમારી ઉપર નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પછી આવનારા ઇમામોની મઅરેફત વાજીબ છે કે નબી

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પછી આવનાર ઇમામોની મઅરેફત મેળવ્યા વગર છુટકો નથી પરંતુ નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પહેલા જેટલા હાદી (અને ઇમામ) આવી ચુકયા છે તેમની મઅરેફત મેળવવી અમારા માટે વાજીબ શા માટે નથી ? ત્યારે જવાબ મળ્યો કે (તેઓની) શરીઅતોમાં ફેરફાર હતો.

## (૧૩૨) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ (દુશ્મનોને કત્લ કરવાથી) હાથ રોકી રાખ્યા દુશ્મનો ઉપર

અહેસાન કર્યો, જયારે હઝરત કાએમ (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઝહુર ફરમાવશે, ત્યારે તેઓ હાથ રોકશે નહીં પણ દુશ્મનોને ગિરફતાર કરશે. તેનું કારણ.

રાવી કહે છે કે હું હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં બેઠો હતો ત્યારે મોઅલા બિન ખુનસે આપની ખિદમતમાં સવાલ કર્યો : શું ઇમામે કાએમ (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઝહુર ફરમાવશે ત્યારે તેઓ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની સિરતની

વિરૂધ્ધ અમલ કરશે ? આપે ફરમાવ્યું : હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ પોતાના દુશ્મનો (ને ઇજા કરવા)થી હાથ રોકી રાખ્યા હતા. એ માટે કે તેઓ (અલય્હિસ્સલામ) એ વાત જાણતા હતા કે મારા (ઇન્તેકાલ) પછી આ દુશ્મનો મારા શિયાઓ ઉપર પ્રભુત્વ મેળવી લેશે. (તેથી તેઓએ દુશ્મનો સાથે નરમ વલણ દાખવ્યું હતું કે તેના બદલે તે દુશ્મનો પણ તેઓના શિયાઓ સાથે નરમ વ્યવહાર રાખે.) પરંતુ જયારે ઇમામે કાએમ (અજજલલ્લાહો તઆલા

ફરજહુ શરીફ) ઝહુર ફરમાવશે ત્યારે તેઓ દુશ્મનોને પકડમાં લેશે, કારણ કે તેઓ (અલય્હિસ્સલામ) એ વાત જાણતા હશે કે હવે તે દુશ્મનો તેઓના શિયાઓને કયામત સુધી નુકસાન પહોંચાડી શકનાર નથી.

## (૧૩૩) બીજા ગમના તમામ દિવસો કરતાં "રોઝે-આશુરા" સૌથી મોટી મુસીબત અને ગમનો દિવસ હોવાનું કારણ

રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી કે અય ફરઝંદે રસૂલ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાતનો દિવસ, જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની વફાતનો દિવસ, હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની શહાદતનો દિવસ, ઇમામે હસન (અલય્હિસ્સલામ)ને ઝહેર આપીને શહીદ કરવામાં આવ્યા હતા તે દિવસ, આ બધા દિવસો ગમ અને મુસીબતના દિવસો છે. આમ છતાં આશુરાના દિવસને ગમ, મુસીબત અને ગિર્યાનો દિવસ શા માટે ગણવામાં

આવ્યો છે ? આપે જવાબમાં ફરમાવ્યું : ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદતનો દિવસ તમામ દિવસોમાં સૌથી વધારે ગમ અને મુસીબતનો દિવસ છે, કારણ કે અસ્હાબે કિસાઅ જે પંજેતને પાક છે, જે અલ્લાહની નઝદીક તમામ સૃષ્ટિના લોકોમાં સૌથી શ્રેષ્ઠ અને માનવંત છે. તેઓમાંથી જયારે પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત થઈ ત્યારે લોકો ખૂબ જ ગમગીન થયા હતા પરંતુ સાથે સાથે લોકોને એ વાતનું સાંત્વન હતું કે પંજેતનની

પાંચ હસ્તીઓમાંથી ચાર એટલે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ), જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા), હઝરત ઇમામ હસન (અલય્હિસ્સલામ) અને ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ) મોજૂદ છે. જયારે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) રહલત ફરમાવી ગયા ત્યારે લોકોના દિલોમાં ગમ અને દુ:ખ હતું, પરંતુ લોકો એમ વિચારીને સંતોષ મેળવતા કે હજી પંજેતનની ત્રણ હસ્તી (૧) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ), (૨) હઝરત ઇમામ હસન

(અલય્હિસ્સલામ) અને (૩) હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) મૌજૂદ છે. જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની શહાદત થઈ ત્યારે લોકોને દુ:ખ થયું પણ લોકો એમ વિચારીને સંતોષ માનતા હતા કે ઇમામ હસન (અલય્હિસ્સલામ) અને ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ) મૌજૂદ છે. પણ જયારે હઝરત ઇમામ હસન (અલય્હિસ્સલામ)ની શહાદત થઈ ત્યારે લોકોને અનહદ દુ:ખ તો થયું પરંતુ લોકોએ એમ વિચારીને સંતોષ

માન્યો કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના એક નવાસા મૌજૂદ છે. જયારે હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) શહીદ થઈ ગયા ત્યારે અહ્લુલ કિસાઅ (પંજેતન)માંથી કોઈપણ બાકી રહ્યુ નહીં, હવે લોકો કેવી રીતે સાંત્વન મેળવે ? હવે લોકો વચ્ચેથી પંજેતનની પાંચેય હસ્તીએ વિદાય લીધી હતી. આથી હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદતનો (આશુરાનો) દિવસ સૌથી મોટી મુસીબત અને મોટા ગમનો દિવસ છે.

અબ્દુલ્લાહ બિન ફઝલ હાશમી કહે છે : મેં અર્ઝ કરી (અય) ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) તો પછી લોકો આશુરાના દિવસને બરકતનો દિવસ શા માટે કહેવા લાગ્યા ? મારો આ સવાલ સાંભળીને ઇમામ (અલય્હિસ્સલામ)ની આંખોમાં આંસુ આવી ગયા. ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ને શહીદ કર્યા પછી લોકો યઝીદ (લાઅનતુલ્લાહ) પાસે માન મેળવવાના હેતુથી શામ પહોંચ્યા, ત્યાં જઈને ખોટી અને જાતે બનાવેલી રિવાયતો ઘડીને રજુ કરીને ઇનામો

ઇકરામ મેળવવા લાગ્યા. આવી મનઘડત અને બનાવટી રિવાયતોની સાથે એક રિવાયત એવી પણ ઘડી કાઢવામાં આવી કે આ દિવસ ઈદ અને બરકતનો દિવસ છે, જેથી કરીને આ દિવસે લોકો ગમ, શોક, રંજ અને મુસીબતનો દિવસ મનાવવાને બદલે ઈદ અને ખુશીનો દિવસ મનાવીને એક બીજાને મુબારકબાદી આપે. ઇમામ (અલય્હિસ્સલામ)એ આગળ ફરમાવ્યું કે અમારી અને તે લોકોની વચ્ચે અલ્લાહ ફેંસલો કરશે.

પછી આપે ફરમાવ્યું અય મારા ભાઈ ઇસ્લામ અને ઇસ્લામમાં માનનારાઓને એ નુકસાન તો અવશ્ય પહોંચ્યુ છે કે એક સમુહ કે જેને અમારી સાથે મોહબ્બતનો દાવો છે અને તેઓને એવું ગુમાન છે કે તેઓ અમારા દોસ્ત છે અને અમારી ઇમામતને માને છે તેઓએ પોતાના દીમાગથી આ અખતરો (પ્રયોગ) કરી લીધો અને એમ સમજી બેઠા કે હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને શહીદ કરવામાં નથી આવ્યા પણ તેમના જેવા કોઈ બીજા માણસને કત્લ કરવામાં આવ્યો છે.

એ લોકોને એવો સંદેહ થયો છે કે હઝરત ઈસા (અલય્હિસ્સલામ)ના બનાવમાં થયું હતું તેમ હઝરત ઈસા (અલય્હિસ્સલામ) કત્લ થઈ ગયા છે તેવુ લોકો માનતા હતા. હકીકતમાં હઝરત ઈસા (અલય્હિસ્સલામ) હયાત છે. (તેવી જ રીતે તેઓની એવી જુઠી માન્યતા હતી કે ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) પણ હયાત છે.) તેઓની માન્યતા પ્રમાણે બની ઉમૈયા ધિક્કારને પાત્ર નથી અને ન તો તેઓએ કોઈ ભુલ કરી છે. અય ભાઈ, જે લોકો એમ માને છે કે ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) શહીદ નથી

થયા તો તેઓ લોકોએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને હઝરત અલી (અલય્હિસ્સલામ) અને તેઓની પછીના અઇમ્મહને જુઠલાવ્યા છે. કારણ કે એ બધાએ ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદતની ખબર આપી છે. અને તેઓને જુઠલાવનાર કાફર છે. અને જે લોકો એવુ કહેતા હોય તેમનું ખુન મુબાહ છે. (એટલે કે જે લોકો એવું કહેતા હોય કે હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ) શહીદ નથી થયા તેમનું ખૂન મુબાહ છે.)

અબ્દુલ્લાહ બિન ફઝલનું બયાન છે કે મેં અર્ઝ કરી : આપના એ શિયાઓ વિશે આપ શું કહો છો ? જેઓની એ માન્યતા છે. આપે ફરમાવ્યું : એ લોકો અમારા શિયા નથી અને મારે એવા લોકો સાથે કોઈ સંબંધ નથી. (આપે કહ્યું તેવા લોકો સાથે આવી રીતે, આવી રીતે, આવી રીતે અને આવી રીતે કુરઆને મજીદ, જહન્નમ અને જન્નતના ઇન્કાર બને છે.) રાવી કહે છે કે ત્યાર પછી મેં કુરઆને મજીદની સૂરા, સૂરએ બકરહની આયત નં ૬૫ વિશે પુછયું "અને તમારામાંથી જેઓ સબ્ત

(શનિવાર પાળવાના હુકમનું ઉલ્લંઘન કરવા) (ઇસરાઈલના વંશજોના ધર્મમાં શનિવારે માછલીનો શિકાર કરવો હરામ હતો.)માં હદ બહાર ગયા (તેમની શી વલે થઈ) તે તમે ખચીતજ જાણી ચૂકયા છો. આથી અમોએ તેમને કહ્યું કે તમે હડધૂત થતા વાંદરા બની જાઓ" આપે ફરમાવ્યું : તે બધા ત્રણ દિવસમાં મસ્ખ (વિકૃત-વાંદરાના સ્વરૂપવાળા) થઈ ગયા, અને ત્યાર પછી મરી ગયા. તેઓનો વંશ ચાલુ ન રહ્યો. આજે જે વાંદરાઓ જોવા મળે છે તે તેમના વંશજ છે તેવી જ

રીતે તમામ હ્રરામ ગોશ્ત જાનવરો જે પ્રવર્તમાન યુગમાં જોવા મળે છે, તે તેની જ જેવા છે, તેનું ગોશ્ત ખાવું હ્લાલ નથી.

ત્યારપછી આપે ફરમાવ્યું : પરંતુ એ “ગાલીયો” (હ્ઝરત અલી (અલય્હિસ્સલામ)ને અતિશયોક્તિમાં ખુદા માનનારા) અને “મુફવ્વેઝહ્” ને અલ્લાહે એમાંથી બાકાત રાખ્યા છે, અલબત તે લોકોએ પોતાના હ્કકો અને ફરજો અદા કરવામાં અલ્લાહ્ તઆલાના હુકમોની નાફરમાની કરવાની વાતને મહ્ત્વ ન આપ્યું. અને અલ્લાહ્ના હુકમને સામાન્ય

સમજયા. તેવા લોકો પોતે ગુમરાહ થયા અને બીજા લોકોને પણ તેમણે ગુમરાહ કર્યા છે. (માટે સજાને પાત્ર તો બનશે જ.)

## (૧૩૪) હઝરત ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના સાથીદારો શહીદ થવા તત્પરતા દેખાડતા હતા તેનું કારણ

રાવી કહે છે કે એક વખત હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે હઝરત ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના અસ્હાબો પોતાનો જીવ ઇમામ ઉપર કુરબાન કરવા માટે (મૌત તરફ)

આગેકુચ કરી રહ્યા હતા ? (તેનું શું કારણ ?) ઇમામે જવાબ આપ્યો કે તેનું કારણ એ છે કે તેઓની સામેથી પર્દા હટી ગયા હતા અને તે લોકો જન્નતમાં પોતાનું સ્થાન પોતાની આંખે જોઈ રહ્યા હતા. તેથી તેઓ શહીદ થવા માટે ઊતાવળ કરતાં હતા જેથી કરીને વ્હેલાસર જન્નતની હૂરો પામી શકાય અને જન્નતમાં પોતાના દરજ્જા (સ્થાન) સુધી પહોંચી શકાય.

## (૧૩૫) ઇમામે કાએમ (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કાતિલોના વંશજો

## પાસેથી બદલો લેવા માટે એ લોકોને કત્લ કરશે, તેનું કારણ.

રાવી કહે છે કે અબુલ હસન અલી ઇબ્ને મૂસા રઝા (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે આપ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની એ હદીસ વિશે ફરમાવો છો, જેમાં આપે ફરમાવ્યું છે કે જયારે હઝરત ઇમામ કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઝહુર ફરમાવશે ત્યારે તેઓ ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના કાતિલોની ઝુર્રિયત (વંશજો)ને તેમના બાપદાદાના કરતૂતોની

સજામાં કત્લ કરશે ? આપે જવાબ આપ્યો કે હા, એમજ થશે. મેં કહ્યું કે અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે સૂરએ ફાતિરની આયત નં ૧૮ "અને કોઈ (ગુનાહનો) બોજો ઊંચકનાર બીજા કોઈનો બોજો ઊંચકશે નહીં....." આ આયતનો શું અર્થ થશે ? આપે ફરમાવ્યું અલ્લાહ તઆલા જે કંઈ કહે છે તે સાચુ કહે છે. હકીકત એ છે કે ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને કત્લ કરનારાઓની ઝુર્રિયત (વંશજ) તેઓના બાપ-દાદાઓના એ કામ માટે રાજી અને ખુશી હતી. એટલું જ નહીં

એ કામ માટે તે લોકો અભિમાન કરતાં હતા. અને જે કોઈ માણસ બીજાએ કરેલા કામ માટે ખુશી થાય તો (એમ ગણવામાં આવશે કે) જાણે કે તે કામ તેણે પોતે જ કર્યું હોય. સમજી લ્યો કે જો એક માણસ પૂર્વમાં એક માણસને કત્લ કરી નાખે અને બીજો માણસ પશ્ચિમમાં એના કત્લ થવામાં રાજી થાય તો અલ્લાહની દ્રષ્ટિએ તે માણસ કાતિલના કત્લના કામમાં સાથીદાર છે. ઇમામે કાએમ (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ઝહુર ફરમાવશે તો એ લોકો (ઇમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના

કાતિલની ઝુર્રિયત)ને એ માટે કત્લ કરી નાખશે કે તે લોકો તેમના બાપદાદાના કાર્યો બદલ ખૂશ થયા હતા. મેં પુછયું કે ઇમામ (અલય્હિસ્સલામ) ઝહુર ફરમાવશે ત્યારે સજા આપવાનું કામ કોનાથી શરૂ કરશે ? આપે ફરમાવ્યું : સૌથી પહેલાં બની શયબહના હાથ કાપી નાખશે કારણ કે તે ખાનએ કાબાનો ચોર છે.

## (૧૩૬) હઝરત અબુ અબ્દિલ્લાહ ઇમામે જઅફર બિન મોહમ્મદ (અલય્હિસ્સલામ)ને 'સાદિક' લકબથી યાદ કરવાનું કારણ

રાવી કહે છે કે ..... હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જયારે મારો ફરઝંદ જઅફર બિન મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અલય્હેમુસ્સલામ)ની વિલાદત થાય ત્યારે તેમનું નામ સાદિક રાખવું. એ માટે કે તેમની જ અવલાદમાંથી એક માણસ પૈદા થશે જેમનું નામ જઅફર હશે. તે ઇમામતનો ખોટો દાવો કરશે. તેને જઅફરે કઝઝાબ (ખોટો જઅફર) કહેવામાં આવશે.

## (૧૩૭) ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને મામૂનની વલી અહ્દી સ્વિકારવી પડી તેનું કારણ

રાવી કહે છે કે ......મામૂને હઝરત ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને કહ્યું ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મને આપનું ઇલ્મ, ફઝલ, ઝોહ્દો વર્અ, તકવા અને ઇબાદતની મઅરેફત થઈ ગઈ છે. હું માનુ છું કે હવે મારા કરતાં ખિલાફતના વધારે હકદાર આપ છો. ત્યારે ઇમામે જવાબમાં ફરમાવ્યું : મને તો ફકત અલ્લાહની

ઇબાદતમાં ફખ્ર છે. હું આશા રાખું છું કે દુનિયાને છોડી દઈને દુનિયાના નુકસાનથી સુરક્ષિત રહું. હરામ કામથી બચીને રોઝી કમાઉ, લોકો સાથે નમ્રતા અને સરળતાપુર્વક મળું. જેથી કરીને અલ્લાહ તઆલાની બારગાહમાં મને ઉચ્ચતા અને નઝદીકી પ્રાપ્ત થાય. મામૂને કહ્યું કે મારી ઇચ્છા ખિલાફતના હોદ્દા પરથી હટીને આપને ખિલાફત સોંપી દેવાની અને આપની બયઅત કરી લેવાની છે. મામૂનની આ દરખાસ્તનો જવાબ ઇમામે રઝા (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે આપ્યો :

સાંભળ, જો અલ્લાહ તરફથી આ ખિલાફત તને આપવામાં આવી હોય તો તારા માટે આ ખિલઅત (ઉમદા વસ્તુ)ને જે અલ્લાહે તારા સિવાય બીજા કોઈને નથી આપી તેને ઊતારી દેવી જાએઝ નથી. જો આ ખિલાફત તારી નથી તો તે (ખિલાફત)ને બીજા કોઈને આપી દેવાનો તને હક નથી. મામૂને કહ્યું : ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ (ખિલાફત) તો આપે કબૂલ કરવી જ પડશે.

આપે ફરમાવ્યું : હું મારી ખુશીથી કયામત સુધી એ વાત કબૂલ નહીં કરૂં, ત્યાર પછી ઘણાં દિવસો સુધી ઇમામ (અલય્હિસ્સલામ) ખિલાફત કબૂલ કરી લે તે માટે મામૂન ઘણી કોશિશો કરતો રહ્યો. પરંતુ તેના ઇરાદામાં નિષ્ફળ રહ્યો. તેથી તેણે ઇમામ (અલય્હિસ્સલામ)ને કહ્યું કે આપ ખિલાફત કબૂલ કરવા માંગતા નથી અને આપ એ પણ નથી ઇચ્છતાં કે હું આપની બયઅત કબૂલ કરૂં. તેથી આપ મારી વલી અહ્દી (વારસદાર તરીકે રાજકુમાર બનવાને વલી અહ્દી

કહેવાય છે.) કબૂલ ફરમાવો. જેથી મારી પછી આપ મારા ખલીફા (વારસદાર) બની જાવ. ઇમામ રઝા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ખુદાની કસમ, મારા પિતા બુઝુર્ગવારે રિવાયત કરી છે કે તારી પહેલાં જ મને ઝેર આપીને શહીદ કરવામાં આવશે. અને મઝલૂમીની હાલતમાં હું દુનિયાથી વિદાય લઈશ. (તેથી વલી અહદીનો સવાલ જ કયાં રહેશે ?) મારી ઉપર આસમાન અને જમીનના ફરિશ્તા રૂદન કરશે. મુસાફરીની હાલતમાં મારો ઇન્તેકાલ થશે. મને હારૂન રશીદની પાસે

દફન કરવામાં આવશે. આ સાંભળીને મામૂન રડવા લાગ્યો અને કહ્યું : અય ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મારી હયાતી દરમિયાન કોઈની એ મજાલ નથી કે આપને કત્લ કરે અથવા તો આપની સાથે બેઅદબી કરે. ઇમામે ફરમાવ્યું : હું ઇચ્છું તો મારા કાતિલનું નામ કહી દઉં. મામૂને કહ્યું : આપ આ બોજ ઉઠાવવા નથી માંગતા તેનું અને ખિલાફત કબૂલ નહીં કરવાનું કારણ એ છે કે લોકો આપને ઝાહીદ અને દુનિયાને ત્યાગી દેનાર સમજે. ઇમામે ફરમાવ્યું :

ખુદાની કસમ, જયારથી મને પૈદા કરવામાં આવ્યો છે ત્યારથી આજ સુધીમાં હું કયારેય પણ જુઠું નથી બોલ્યો અને ન તો કયારેય દુનિયા (એટલે કે દુનિયાના ભૌતિક ફાયદા ઉઠાવવા) માટે કયારેય ઝાહીદ કે દુનિયાને ત્યાગી દેનાર બન્યો નથી. હું તારો ઇરાદો શું છે તે પણ જાણું છું. મામૂને પુછયું કે : કહો મારો ઇરાદો શું છે ? ઇમામ રઝા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : તારો ઇરાદો એમ છે કે લોકો એમ કહે કે અલી બિન મૂસા રઝા (અલય્હિસ્સલામ)એ દુનિયાને છોડી

(ત્યાગી) ન હતી પણ દુનિયાએ તેને છોડી દીધા હતા. હવે જુઓ કે ખિલાફતની લાલચના કારણે તેઓએ “વલી અહદી” કેમ કબૂલ કરી લીધી ? આ સાંભળીને મામૂન ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું કે આપ હંમેશા એવી વાતો કરો છો જે મને નાપસંદ હોય. આપને મારી સત્તા અને શક્તિનો બિલ્કુલ ડર નથી. હવે હું ખુદાની કસમ ખાઈને કહું છું કે જો આપ મારી વલી અહદી કબૂલ કરી લ્યો નહીંતર હું આપને બળજબરીથી તે કબૂલ કરાવવાની કોશિશ કરીશ. અને બળજબરી કરવા છતાં પણ આપ

વલી અહ્દી કબૂલ નહીં કરો તો આપની ગરદન ઉડાવી દઈશ. ઇમામ રઝા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ મને આત્મઘાતની મનાઈ ફરમાવી છે. જો વાત આટલે સુધી પહોંચી ગઈ છે, તો તને યોગ્ય લાગે તેમ કર, તેને હું કબૂલ કરી લઈશ. પરંતુ તેની શરત એ છે કે હું કોઈને મારો વાલી મુકર્રર નહી કરૂં. અને ન તો કોઈ વાલીને બરતરફ કરીશ. અને ન તો કોઈ રસ્મ કે સુન્નતને તોડીશ. હુકુમતમાં ફકત દૂરથી સલાહ આપનાર તરીકેનો મારો ભાગ રહેશે.

મામૂન (બાદશાહ) એ વાતમાં સંમત થઈ ગયો. અને ઇમામે રઝા (અલય્હિસ્સલામ)ને પોતાના વલી અહદ બનાવ્યા, હકીકતમાં આ વલી અહદી ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને નાપસંદ હતી.

## (૧૩૮) ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ) શરીફની ગયબતના કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે આ ફરઝંદ (ઇમામે

ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) માટે ગયબત જરૂરી છે જયારે પૂછવામાં આવ્યું કે યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શા માટે ? ત્યારે ફરમાવ્યું કે તેમના કત્લ થવાનો ડર હશે.

(૧૩૯) હઝરત ઇમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ના પવિત્ર મુખમાંથી આ શબ્દ નિકળ્યા હતા, જયારે અલ્લાહ તઆલા અમો લોકોનું કોઈ કૌમના ઝુલ્મમાં રહેવાનું પસંદ નથી કરતો ત્યારે અમને તે કૌમની

સામેથી હટાવી લે છે. (ગયબતમાં રાખી દે છે.)

(૧૪૦) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જયારે સાતમાની અવલાદમાંથી પાંચમા (ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) ગયબત ઇખ્તયાર કરે ત્યારે ખુદા વાસ્તે તમે લોકો દીનની હિફાઝત કરજો. (તમે એ વાતની કાળજી રાખજો કે) તમારામાંથી કોઈ દીનથી ફરી ન જાય. (દીનના હુકમોની અવગણના ન કરે) અય ફરઝંદ, એ સાહેબે

અમ્ર માટે ગયબત જરૂરી છે. એટલે સુધી કે એ જમાનામાં એ લોકો પણ તેઓ (ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)થી ફરી બેસશે. તેઓ એમ કહેતા હશે કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓની પરિક્ષા લીધી છે. (ઇમામ રાવીને સંબોધીને કહે છે કે) જો તમારા બાપ દાદાના ઇલ્મમાં એવો દીન હોત તો તે દીનનું જ અનુકરણ કરતે. મેં કહ્યું : અય મૌલા અને આકા, એ ફરમાવો કે સાતમાંની અવલાદમાંથી પાંચમા કોણ છે ? આપે ફરમાવ્યું : અય ફરઝંદ, તારી અકકલ નાની

(નાના દરજ્જાની) છે. તારી અકકલમાં એ વાત સમાઈ નહીં શકે. (એટલે કે તને એ વાત સમજમાં નહીં આવે.) તારી સમજણ શક્તિ એ વાતને સહન કરી નહીં શકે (પચાવી નહીં શકે.) પરંતુ જો તમે લોકો જીવતા રહેશો તો તમે તેઓ (ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)ને જરૂર જોશો.

(આ કિતાબના મૂળ લેખક શૈખ સદ્દુક (અ. ર.) ફરમાવે છે કે આ વિષયની વધુ રિવાયતો “અલ-ગૈબત” કિતાબમાં પ્રસ્તુત કરવામાં આવી છે. - અનુવાદક)

(૧૪૧) હઝરત અબુલ હસન અલી બિન મૂસા રઝા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જાણે કે હું જોઈ રહ્યો છું કે મારા ત્રીજા ફરઝંદના યુગમાં શિયાઓ આશ્રય સ્થાન શોધતા ફરે છે અને તેઓને કોઈ જગ્યાએ આશરો નથી મળતો. મેં પુછયું અય ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એવું શા માટે થશે ? તેઓએ ફરમાવ્યું કે તેઓના ઇમામ તેમનાથી ગાએબ હશે. મેં પુછયું : શા માટે ? આપે જવાબ આપ્યો કે

તેઓ જયારે તલવાર લઈને કયામ કરે ત્યારે તેઓની ઉપર કોઈ હુકુમતનો અંકુશ ન રહે.

(૧૪૨) હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે એ સાહેબે અમ્ર માટે ગૈબત અનિવાર્ય અને અત્યંત જરૂરી છે. જે વિશે (ગૈબત વિશે) દરેક બાતિલ પરસ્તને શંકા હશે. (રાવી કહે છે કે) મેં કહ્યું : હું આપ ઉપર કુરબાન થાઉં, એ શા માટે ?

આપે જવાબ આપ્યો કે તેનું એક ખાસ કારણ છે. જે જાહેર કરવાની અમને પરવાનગી આપવામાં નથી આવી. મેં કહ્યું :

પરંતુ એ ગયબતમાં અલ્લાહની હિકમત શું છે ? આપે જવાબ આપ્યો કે તેઓ (અલય્હિસ્સલામ)ની ગૈબતમાં એ જ હિકમત છે, જે બીજા નબીઓની ગૈબતમાં હતી.એ અંબિયાઓની ગૈબત તેઓના ઝહુર થવા પછી જાહેર થઈ હતી. જેવી રીતે હઝરત ખિઝર (અલય્હિસ્સલામ)એ કિશ્તીમાં કાણું પાડયું હતું, એક બાળકને કત્લ કર્યો હતો, એક જર્જરીત દિવાલને સીધી કરી.

(હઝરત મૂસા અને હઝરત ખિઝર (અલય્હિસ્સલામ)ની મુલાકાત અને હઝરત

ખિઝર (અલય્હિસ્સલામ)ના કાર્યો પાછળના રહસ્યનો વિગતવાર ઉલ્લેખ કુરઆને મજીદમાં મૌજૂદ છે. અનુવાદક)

હઝરત મૂસા (અલય્હિસ્સલામ)ને હઝરત ખિઝર (અલય્હિસ્સલામ)ના કાર્યો પાછળના રહસ્યોની જાણ એ વખતે થઈ જયારે તેઓ બંને વચ્ચે જુદા પડવાનો સમય આવ્યો. અય ફઝલ, આ અલ્લાહ તઆલાના કાર્યો પૈકીનું એક કાર્ય છે, અલ્લાહના રહસ્યો પૈકીનું રહસ્ય છે. અલ્લાહના ગૈબ પૈકીનું એક ગૈબ છે. લોકોએ જયારે એ વાત જાણી (અને માની)

લીધી છે કે અલ્લાહ તઆલા હિકમતવાળો છે, તો લોકોએ એ પણ જાણી લીધું કે અલ્લાહ તઆલાના તમામ કાર્યો હિકમતથી ભરપૂર છે. ભલે તેના કેટલાક કાર્યોના રહસ્યોની આપણને જાણ નથી હોતી.

## (૧૪૩) શરીઅતોના હુકમો અને ઇસ્લામના સિધ્ધાંતોના કારણો

રાવી કહે છે કે : આ રિવાયતની સનદ હઝરત અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ) સુધી પહોંચે છે. તેઓ ફરમાવતા હતા કે શ્રેષ્ઠ બાબત એ છે કે જેને

વસીલો બનાવનાર, પોતાનો વસીલો બનાવે છે, તે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન, અલ્લાહની રાહમાં જેહાદ અને કલ્મએ ઇખ્લાસ છે, કારણ કે એ જ ફિતરત (પ્રકૃતિ) છે, તેમજ આખી નમાઝ છે, કારણ કે તે મિલ્લત છે. (મઝહબ-દીન છે.) અને ઝકાત છે. જે અલ્લાહ તરફથી કરાએલી ફરજો પૈકીની એક ફરજ છે, માહે મુબારકે રમઝાનના રોઝા છે, જે (એ માટે વાજીબ કરવામાં આવ્યા છે કે તે) અઝાબની સામે ઢાલ છે, હજ્જે બયતુલ્લાહ છે જે ફકીરીને દૂર કરનારી અને ગુનાહોને રદ કરનારી છે,

સિલે રહ્મ (સગા વહ્લા સાથે નેક-સારો વ્યવહ્ાર) જેનાથી માલ અને દૌલતમાં વધારો થાય છે, સિલે રહ્મ મૌતને દૂર રાખે છે, દરવાજા પર સદકો આપવાનું કામ છે, જે ભુલોને માફ કરાવે છે અને અલ્લાહ્ના ગઝબને ઠંડો કરી દે છે, લોકો સાથે નેકી એ માટે કરવી જોઈએ જે ખરાબ રીતે આવનારી મૌતને દૂર રાખે છે, અને અપમાન અને ધિકકારથી બચાવે છે. અય લોકો, સદકો આપો. એ માટે અલ્લાહ્ તઆલા સદકો આપનારની સાથે હોય છે. જુઠ્ઠુ બોલવાથી

બચો, એ માટે કે જૂઠ ઈમાનથી હટાવી દે છે. જાણી લ્યો કે જુઠ બોલનાર રૂસ્વાઈ (ધૃણા) અને નાશના કિનારા પર છે. જાણી લ્યો કે : તમે સારી વાત જ કહો તેનાથી જ તમે ઓળખાશો, અને તેને (ભલાઈને) જાણો તમે એહલેખૈરમાં થઈ જશો. લોકોએ તેમને સોંપેલી અમાનતને અદા કરો, જે લોકો તમારી સાથે કત્એ રહ્મ કરે (સંબંધો તોડી નાખે) તેની સાથે પણ સિલે રહ્મ કરો. જે તમારી પાસે માંગે તેને બીજી વખત પણ આપો.

(૧૪૪) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જીબ્રઈલે મને કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઇસ્લામ દસ ભાગથી બનેલો છે. એ માણસ નિષ્ફળ છે જેણે આ દસ ભાગ પૈકીનો કોઈ ભાગ મેળવ્યો નથી.

(૧) એ વાતની ગવાહી આપવી કે અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ નથી. આ કલેમહ છે.

(૨) નમાઝ જે તહારત છે.

(૩) ઝકાત જે ફિત્રો છે.

(૪) રોઝા જે ઢાલ છે.

(૫) હ્જ જે શરીઅત છે.

(૬) જેહ્રાદ જે ઇઝઝત છે.

(૭) અમ્ર બિલ મઅરૂફ જે રક્ષણ છે.

(૮) નહ્ય અનિલ મુન્કર જે ફરજ બજાવી લાવવી છે.

(૯) જમાઅત જે ઉલ્ફત છે.

(૧૦) ઇતાઅત જે ગુનાહોથી બચવું છે.

મારા દોસ્ત જીબ્રઈલે મને કહ્યું કે આ દીનનો દાખલો એક સીધા ઊભેલા ઝાડ જેવો છે. ઈમાન તેનું મૂળ છે, નમાઝ તેની રગ અને નસ છે. ઝકાત તેનું પાણી છે. રોઝા તેની ડાળીઓ છે. સદવહ્રાર તેના પાંદડા છે. હ્રરામ કામોથી બચવું તેના ફળ છે અને ફળ વગરનું કોઈ ઝાડ પૂર્ણ ગણાતું નથી. તેવી જ રીતે હ્રરામ વાતોથી બચ્યા વગર ઈમાન પૂર્ણ ગણાતું નથી.

(૧૪૫) રાવી કહે છે કે અબુ અબ્દિલ્લાહ હ્રઝરત ઇમામ જઅફરે સાદિક

(અલય્હિસ્સલામ)એ મને એક પત્ર લખ્યો હતો, જેમાં આપે લખ્યું હતું કે અલ્લાહ તઆલાએ કયારેય પણ કોઈ એવા નબીને નબુવ્વત આપી નથી જે અલ્લાહની મઅરેફત માટે લોકોને નિમંત્રણ ન આપે. પણ સાથે અમ્ર અને નહીમાં અલ્લાહના હુકમનું પાલન કરવાનું કહેતા ન હોય, અલ્લાહ તઆલા પોતાના બંદાઓની ફરજો (વાજીબાતો)ને તેના હુકમની મર્યાદાના અમલ સાથે ત્યાં સુધી કબૂલ નથી કરતો, જયાં સુધી બંદાઓ તે હુકમ આપનારની મઅરેફત અને ઇતાઅત ન કરતાં

હોય. હરામ કામને જાહેરમાં અને બાતિનમાં (ખાનગીમાં) બંને રીતે હરામ સમજે, નમાઝ પડે, રોઝા રાખે, હજ બજાવી લાવે, અલ્લાહ તઆલાની તમામ હુરમતોને ઇઝઝતની દ્રષ્ટિથી જુવે, તેમાંની દરેકને સરખું મહત્વ આપે, કોઈપણ હુરમતને નાની ન સમજે નેકીના કામ કરે, શ્રેષ્ઠ અખ્લાક વ્યકત કરે, બદઅખ્લાકી (દુર્ગુણ ભર્યા વ્યવહાર)થી બચે. જે માણસ એમ માનતો હોય કે તે નબીની મઅરેફત વગર હરામ અને હલાલ (હુકમો) ઉપર અમલ કરી રહ્યો છે, તો તેણે અલ્લાહ

તઆલાના હુકમ અનુસાર હરામ-હલાલ પર અમલ નથી કર્યો, જો કોઈ બંદો એ ઝાત (એટલે કે નબી અને ઇમામ) જેની ઇતાઅત કરવી અલ્લાહ તઆલાએ તેની ઉપર વાજીબ કરી છે તેની મઅરેફત વગર જો તે નમાઝ પડે, ઝકાત આપે, હજ અને ઉમ્રહ કરે અને બીજા તમામ કાર્યો બજાવી લાવે તો સમજી લો કે જાણે તેણે તે કાર્યોમાંથી કોઈ કાર્યો કર્યા જ નથી. એટલે કે ન તો નમાઝ પડી, ન રોઝા રાખ્યા, ન ઝકાત આપી, ન હજ કરી, ન ઉમ્રહ કર્યા, ન તો ગુસ્લે જનાબત કર્યું, ન તો પાક

થયો, ન તો તેણે અલ્લાહે હલાલ કરેલા કાર્યોને હલાલ સમજયા, ન તો તેણે હરામ કરેલા કામોને હરામ સમજયા. પછી તેની નમાઝ નમાઝ નહીં ગણાય ભલે તે ગમે તેટલી રૂકુઅ અને સજદા કર્યા કરે. તેવી જ રીતે રોઝા-ઝકાત વગેરે પણ નહીં થાય. આ બધા કાર્યો એ વખતે જ સહીહ થશે જયારે અલ્લાહ તઆલાએ તેની મઅરેફતનો પોતાની મખ્લૂકના હુકમ આપ્યો છે, અને ફરમાવ્યું છે કે જે કાંઈ લેવું છે અને જે કાંઈ પૂછવું તે એમનાથી લો અને એમને જ પૂછો. હવે કોઈ

માણસ જે કોઈ (શરઈ હુકમો) લેવા હોય તે એમની પાસેથી લઈ, તેમની જ મઅરેફત રાખે તો સમજી લ્યો કે તેણે અલ્લાહ તઆલાની ઇતાઅત કરી. જો કોઈ માણસ એમ સમજે કે ફકત મઅરેફત મેળવવાનો જ હુકમ આપવામાં આવ્યો છે, અને મઅરેફત મેળવવી જ તેના માટે પુરતી છે, અલ્લાહના હુકમનું પાલન (ઇતાઅત) કરવાની કોઈ જરૂર નથી. તો તેણે અલ્લાહના હુકમને જુઠલાવ્યો, અને શિર્ક કર્યું ગણાશે. એટલે જ કહેવામાં આવ્યું છે કે પહેલાં નબી અને ઇમામની મઅરેફત

મેળવો અને પછી અમલે ખૈર કરો, કારણ કે મઅરેફત વગરનો તમારો કોઈ પણ અમલે ખૈર કબૂલ થવાનો નથી. તમે આ વાત સમજી લ્યો, પછી તમે થોડી અથવા વધારે જેટલી પણ ઇતાઅત અને ઇબાદત કરશો તે કબૂલ થશે.

## (૧૪૬) "સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વલાએલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર"ની તફસીર

હઝરત ઇમામ હસન ઇબ્ને અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ)થી રિવાયત

છે કે એક વખત કેટલાક યહૂદીઓ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે આવ્યા. તેમાંના સૌથી વધારે સાહેબે ઇલ્મ હતા તેમણે કહ્યું કે મને "સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વલાએલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર"ની તફસીર જણાવો. ત્યારે નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાને એ વાતનું ઇલ્મ હતુ કે આદમના વંશજ અલ્લાહ તઆલાની ઝાત વિશે કેવા કેવા જુઠ અને આક્ષેપ ઘડી કાઢશે તેથી તેણે

કહ્યું “સુબ્હાનલ્લાહ” આ લોકો જે કાંઈ તેના વિશે કહે છે, એ તમામ વાતોથી તે મુકત અને પાક છે.

“અલ હમ્દો લિલ્લાહ” અલ્લાહ તઆલાને એ વાતની પણ ખબર હતી કે તેના બંદાઓ તેની નેઅમતોનો શુક્ર અદા નહીં કરે, તેથી તેણે (અલ્લાહે) પોતાની ઝાતની હમ્દ (પ્રશંસા) પોતાની મેળે જ કરી લીધી.

“લાએલાહ ઇલ્લલ્લાહ” આ કલમામાં ખુદાની વહદાનિય્યતનો સ્વિકાર કરવામાં આવ્યો છે. આના વગર કોઈ અમલ કબૂલ

નહીં થાય. આ “કલમએ-તકવા” છે. આ કલમાના કારણે કયામતના દિવસે આમાલના વજન વખતે આમાલના વજનમાં વધારો થશે.

“અલ્લાહો અકબર” તમામ કલમામાં આ સર્વોચ્ચ છે. અલ્લાહને આ કલામ સૌથી વધારે પસંદ છે. અલ્લાહો અકબરનો અર્થ એ થાય છે કે ‘“અલ્લાહથી વધારે મોટૃં કોઈ નથી. તે સૌથી મોટો છે.” અલ્લાહો અકબર કહ્યા વગર નમાઝ સહીહ થતી નથી. તેથી અલ્લાહની દ્રષ્ટિમાં આ કલમાની અહમીયત અને બુલંદી ઘણી છે. આ નામ સૌથી માનવંત અને

મરતબાવાળુ છે. (પ્રશ્ન પૂછનાર) યહૂદીએ કહ્યું : અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપે સાચુ ફરમાવ્યું, હવે એ કહો કે આ ઝિક્ર કહેનારને તેનો બદલો શું મળશે ? આપે જવાબ આપ્યો કે જયારે કોઈ બંદો "સુબ્હાનલ્લાહ" કહે છે ત્યારે અર્શની નીચે જેટલી વસ્તુઓ છે, તે બધી તેની સાથે તસ્બીહ પડે છે. તે ઝિક્ર પડનારને તેનો દસ ગણો અજ્ર મળે છે. જયારે બંદો "અલ હમ્દોલિલ્લાહ" કહે છે ત્યારે અલ્લાહ તઆલા તેને દુનિયાની નેઅમતોની સાથે આખેરતની

નેઅમતો પણ અતા કરે છે આ એ ઝિક્ર છે કે જયારે એહલે જન્નત, જન્નતમાં દાખલ થશે ત્યારે એજ ઝિક્ર કરશે જે દુનિયામાં કરતાં હતા સિવાય "અલ હમ્દોલિલ્લાહ"ના ઝિક્રથી, અને આ ઝિક્ર પર તેમની વાતચીત પૂરી થશે. આ વિશે કુરઆને મજીદની સૂરએ યૂનુસની આયત નં ૧૦ આ પ્રમાણે છે :- "દાઅવા હુમ ફીહા સુબ્હાનક અલ્લાહુમ્મ વ તહીય્યતોહુમ ફીહા સલામુન, વ આખેરો દઅવાહુમ અનીલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન"

"તે (જન્નતો)માં (દાખલ થતા) તેમની દુઆ આ હશે કે અલ્લાહ ! તું પાક છે અને એક બીજાની મુલાકાત વખતે મુબારકબાદ આપવાનો શબ્દ "સલામ" (શાંતિ) હશે અને તેમની છેવટની દુઆ આ હશે કે દરેક પ્રકારની તારીફ તમામ દુનિયાઓના પરવરદિગારને જ લાયક છે."

બંદાનું "લાએલાહ ઇલ્લલ્લાહ" કહેવુ એ "હલ જઝાઉલ એહસાન ઇલ્લલ અહેસાન" એટલે કે જે માણસ "લાએલાહ ઇલ્લલ્લાહ" કહે તેની જઝા જન્નત સિવાય કોઈ હોઈ શકે

ખરી ? તે યહૂદીએ કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપે ફરમાવ્યું તે વાત સાચી છે.

## (૧૪૭) માણસના પેટમાંથી (કુદરતી હાજત દ્વારા) જયારે કોઈ વસ્તુ નિકળે છે તો વુઝુ જરૂરી બને છે અને જયારે કોઈ વસ્તુ પેટમાં દાખલ થાય છે તો વુઝુ જરૂરી બનતું નથી, તેનું કારણ

રાવી કહે છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું પેટમાંથી જયારે કાંઈ નિકળે ત્યારે

વુઝુ કરો અને પેટમાં જો કોઈ (વસ્તુ) દાખલ થાય ત્યારે વુઝુ ન કરો, કારણ કે પેટમાં જે વસ્તુ નાખવામાં (ખાવા પીવામાં) આવે છે તે પાક હોય છે અને પેટમાંથી બહાર નિકળતી વસ્તુ (મળ વગેરે) નજીસ અને ગંદી હોય છે. (વોમીટ, ઓડકારને આ બાબત લાગુ પડતી નથી. - અનુવાદક)

## (૧૪૮) કુદરતી હાજતે બેસતી વખતે માણસને અઝાનના વાકયો દોહરાવવાનું અને અલ્લાહનો ઝિક્ર કરવો જાએઝ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે જો તમે સંડાસમાં હો તો (ત્યાં) પણ જો અઝાનનો અવાજ સાંભળો તો મોઅઝઝીન (અઝાન આપનાર) જે કહેતો હોય તેનું પુનરાવર્તન કરો. એ સ્થિતિમાં પણ અલ્લાહનો ઝિક્ર કરો. કારણ કે અલ્લાહનો ઝિક્ર બધી સ્થિતિમાં સારો છે. પછી ફરમાવ્યું : હઝરત મૂસા બિન ઈમરાને અલ્લાહ તઆલા સાથે વાતચીત કરી ત્યારે કહ્યું : પરવરદિગાર એ કહે કે તું મારાથી બહુ જ દૂર છે જેથી હું તને બહુ મોટા અવાજે

બોલાવુ (સંબોધુ) કે તું મારાથી નઝદીક છે, જેથી તારી સાથે ધીમેથી વાતચીત કરૂં ત્યારે અવાજ આવ્યો, અય મૂસા હું એ માણસની સાથે હોઉં છું જે માણસ મારો ઝિક્ર કરે છે. મૂસા (અલય્હિસ્સલામ)એ અર્ઝ કરી પરવરદિગાર હું જે હાલતમાં (પણ) હોઉં તારો ઝિક્ર કરૂં ? ઇરશાદે ઇલાહી થયો. અય મૂસા હા, દરેક હાલતમાં તમે મારો ઝિક્ર કરો.

## (૧૪૯) ગુસ્લે જુમ્આનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે અન્સાર

પોતાની ખેતીવાડી અને ખેતરમાં પાણી પીવરાવવાના કામમાં વ્યસ્ત રહેતા હતા, શુક્રવારના દિવસે તેમની બગલ અને શરીરમાંથી આવતી દુર્ગંધના કારણે લોકોને તકલીફ થતી હતી. તેથી હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જુમ્આના દિવસે ગુસ્લનો હુકમ આપ્યો, ત્યારથી આ સુન્નત શરૂ થઈ છે.

## (૧૫૦) પહેલાં લોકો સંડાસની તહારત ત્રણ પત્થર (ઢેફા) થી કરતાં હતા લોકો પાણીથી તહારત કરવા લાગ્યા તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું પહેલાં લોકો ત્રણ ઢેફાથી તહારત કરતાં હતા કારણ કે તે લોકો ખજૂર ખાતા હતા. અને તેમને સંડાસ મેંગની (લીંડી) જેવી થતી હતી. એક વખત અન્સારમાંથી એક માણસે કદદુ (દુધી) ખાધી તેથી તેને પાતળો જુલાબ થયો, તેથી તેણે પાણીથી તહારત કરી, હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેને બોલાવવા માટે એક માણસને મોકલ્યો, તે ડરી રહ્યો હતો, કારણ કે તેને એમ થયું

પોતે પાણીથી તહારત કરી હતી તેથી તેની મઝીમ્મત (ટીકા)માં તેની વિરૂધ્ધ કોઈ આયત નાઝિલ થઈ હશે. તે આવ્યો ત્યારે હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેને પુછયું કે શું તે આજે કોઈ નવી વાત કરી (નવું કામ કર્યુ) છે ? તે માણસે કહ્યું આજે મેં પાણીથી તહારત કરી, કારણ કે મેં એવો ખોરાક લીધો હતો જેના લીધે મને પાતળો (પ્રવાહી જેવો) જુલાબ થયો હતો. તેથી ઢેફાથી તહારત ન થઈ શકી, તેથી તહારત માટે મેં પાણીનો ઉપયોગ કર્યો. હઝરત રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેને કહ્યું તને મુબારક થાય, અલ્લાહે તારી પ્રશંસામાં આ આયત નાઝિલ ફરમાવી છે. (સૂરએ બકરહ, આયત નં ૨૨૨) "ઇન્નલ્લાહ યોહીબ્બુત્તવ્વાબીન વ યોહીબ્બુલ મુતહ્હેરીન" બેશક અલ્લાહ તૌબા કરનારા અને પાક રહેનારાઓ સાથે મોહબ્બત કરે છે. તું એ પહેલો માણસ છે, જેણે પાણીથી તહારત કરી. તું તૌબા કરનાર અને પાક રહેનારાઓમાં (સામાન્ય માણસોમાં) પહેલો માણસ છે.

(૧૫૧) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓની કેટલીક પત્નીઓને ફરમાવ્યું કે મોઅમિનોની સ્ત્રીઓને હુકમ આપો કે તેણીઓ પાણીથી (સંડાસની જગ્યાની) તહારત કરે, અને તેમાં પૂરેપૂરી સફાઈ કરે, કારણ કે તેનાથી ચારે બાજુની જગ્યા પાક થઈ જાય છે અને તે સફાઈ હરસને પણ દૂર કરે છે.

## (૧૫૨) ગુસ્લે જનાબતમાં કોગળા કરવા અને મોઢામાં પાણી નાખવાનું વાજીબ ન હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે ગુસ્લે જનાબત કરનાર કોગળા કરે અને મોઢામાં પાણી નાખે ? (એટલે કે શું આ બંને કાર્યો જરૂરી છે ?) આપે ફરમાવ્યું : ના, કારણ કે શરીરના જાહેરી ભાગો ઉપર જ ગુસ્લે જનાબત કરશે. આંતિરક ભાગો પર નહીં. મોઢું શરીરનો અંદરનો ભાગ છે.

## (૧૫૩) વુઝુ વખતે “બિસ્મિલ્લાહ” કહેવાનું કારણ

રાવી કહે છે .... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું અય અબુ મોહમ્મદ, વુઝુ કરતી વખતે “બિસ્મિલ્લાહ” કહેનારનું આખું શરીર પાક થઈ જાય છે. વુઝુ કરનારના એક વુઝુથી બીજા વુઝુ સુધી (વચ્ચેના સમયમાં) તેનાથી થઈ ગએલા તમામ ગુનાહોનો કફ્ફારો થઈ જાય છે. અને જેણે વુઝુ કરતી વખતે “બિસ્મિલ્લાહ” નહીં કહ્યું હોય તેનું શરીર ફકત એવુ જ પાક

થશે જેટલા અવયવો સુધી તેના વુઝુનું પાણી પહોંચ્યું હશે.

## (૧૫૪) ઔરતોને હૈઝ આવવાનું કારણ ? હૈઝની શરૂઆત કયાંથી થઈ ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે અંબિયા (અલય્હેમુસ્સલામ)ની દિકરીઓને હૈઝ આવતું ન હતું, જે એક પ્રકારનું દુ:ખ અને સજા છે. સૌથી પહેલું હૈઝ જનાબે સારાને આવ્યું હતું.

(૧૫૫) હઝરત અબુ જઅફર મોહમ્મદ બિન અલી એટલે હઝરત ઇમામ મોહમ્મદ

બાકિર (અલયહિસ્સલામ) એ ફરમાવ્યું હૈઝ એક નજાસત છે. જેને અલ્લાહે તેમની ઉપર ફેકીં છે. ત્યારપછી ફરમાવ્યું હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ના જમાનામાં સ્ત્રીઓને વર્ષમાં એક વખત હૈઝ આવતું હતું. એ વખતે અમૂક સ્ત્રીઓ પરદામાંથી બહાર નિકળી તેમની સંખ્યા સાતસોની હતી. એ સ્ત્રીઓ પીળા રંગના કપડા, ઝવેરાત પહેરીને ખુશ્બુ (અત્તર વગેરે) લગાવીને નિકળી અને શહેરોમાં ફેલાઈ ગઈ. એ સ્ત્રીઓ પુરૂષોની સાથે બેસવા લાગી. ઈદના સમુહમાં ભળવા લાગી. અને પુરૂષોની

હરોળમાં શામેલ થવા લાગી. (તેથી) અલ્લાહ તઆલાએ તેમનામાં હૈઝ (માસિક ઋતુ સ્ત્રાવ) શરૂ કરી દીધુ. એ સ્ત્રીઓને દર મહિને હૈઝ આવવા લાગ્યું. આમ અલ્લાહ તઆલાએ તે સ્ત્રીઓમાં હૈઝ શરૂ કરી દીધુ. તે સ્ત્રીઓની કામવાસનામાં વધારો થયો. એ રીતે આખી કૌમની સ્ત્રીઓ એક બીજામાં હળી મળી ગઈ. હવે જે સ્ત્રીઓને વર્ષમાં એક જ વખત હૈઝ આવતું હતું તેની સંખ્યા ખૂન અને ફસાદને લીધે ઘટવા લાગી. આમ છેવટે એક વર્ષમાં એક વખત આવતું હોય તેવી સ્ત્રીઓની સંખ્યા

નાબૂદ થઈ ગઈ અને છેવટે દર મહિને હૈઝ આવતું હોય તેવી સ્ત્રીઓ બાકી રહી ગઈ.

## (૧૫૬) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ દરેક નમાઝની પહેલાં મિસ્વાક દાતણ કરવાનું વાજીબ ન કર્યું તેનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું જો હું મારી ઉમ્મત માટે

મુશ્કેલીનું કારણ ન સમજતે તો બધી જ નમાઝ પહેલાં મિસ્વાક (દાતણ) કરવાનો હુકમ આપતે.

(દાંત સાફ કરવાનું ઇસ્લામમાં કેટલું બધું મહત્વ છે. તે ઉપરોકત હદીસથી સ્પષ્ટ થાય છે. - અનુવાદક)

## (૧૫૭) હાએઝહ (હૈઝમાં હોય તેવી) સ્ત્રીઓ માટે હૈઝના સમયના રોઝાની કઝા કરવી વાજીબ છે, પણ નમાઝની કઝા કરવાની હોતી નથી તેનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે હાએઝહ (હૈઝમાં હોય તેવી સ્ત્રી)એ તેના રોઝાની કઝા કરવી જોઈએ, પરંતુ તેની નમાઝ જે હૈઝ દરમિયાન કઝા થાય તે કઝા પડવાની હોતી નથી, તેનું કારણ શું ? આપે ફરમાવ્યું એ માટે કે રોઝા વર્ષમાં એક મહીનો રાખવાના હોય છે, જયારે નમાઝ દિવસ રાતમાં (દરરોજ) પડવાની હોય છે, તેથી અલ્લાહ તઆલાએ સ્ત્રીઓ ઉપર રોઝાની કઝા વાજીબ કરી છે. અને નમાઝની કઝા વાજીબ રાખી નથી.

## (૧૫૮) હાએઝહ અને મુજનીબ (હૈઝવાળી સ્ત્રી અને જનાબતનું ગુસ્લ વાજીબ હોય તેવા સ્ત્રી, પુરૂષ) મૈયતની તલકીન પડાતી હોય ત્યારે પાસે ન રહેવું જોઈએ, તેનું કારણ

આ કિતાબના મૂળ લેખક શૈખ સદુક (અ.ર.) તેમના પિતાની સનદોથી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું હાઈઝ અને જુનુબ તલકીન વખતે મૈયતની પાસે ન રહે. કારણ કે એ બંને હાલતવાળી વ્યક્તિઓથી ફરિશ્તાઓને તકલીફ પહોંચે છે.

## (૧૫૯) (૧) રૂહ નિકળી જવા પછી મૈયતના શરીરમાં બદબૂ પૈદા થવી (૨) મુસીબત પછી સાંત્વન મળવું અને (૩) અનાજમાં (ઇયળ) જીવાત થઈ જવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ બંદાઓ પર ત્રણ વિશિષ્ટ અહેસાન કર્યા છે.

(૧) માણસના શરીરમાંથી રૂહ નિકળી જવા પછી તેમાં બદબૂ પૈદા કરી દીધી છે, જો તેમ

ન હોત તો કોઈ દોસ્ત પોતાના દોસ્તને જમીનમાં દફન કરવા માટે તૈયાર થાત નહીં.

(૨) મુસીબત આવ્યા પછી સબ્ર (ધિરજ-સાંત્વન) આપે છે. જો એમ ન હોત તો માણસનો વંશ કપાઈ જાત.

(૩) અનાજ (ધાન્ય)માં ઇયળ (જીવાત) પૈદા કરી દીધી. જો એમ ન હોત તો બાદશાહો (શ્રીમંતો) સોનાચાંદીની જેમ અનાજનો સંગ્રહ કરતે. (અને બીજા લોકોને ખાવા માટે કાંઈ ન મળતે.)

## (૧૬૦) ગુસ્લે મૈયત શા માટે ?

હઝરત ઇમામ અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કોઈ મખ્લૂક (પૈદા કરવામાં આવેલ માણસ, પ્રાણી, પક્ષી વગેરે) એ વખત સુધી મરતા નથી, જયાં સુધી તેના (શરીર)માંથી એ વીર્યબિંદુ બહાર નિકળી ન જાય. જેનાથી અલ્લાહ તઆલાએ તેને પૈદા કરેલ છે. ભલે પછી શરીરના બીજા કોઈ ભાગમાંથી શરીરમાંથી નુત્ફો બહાર નિકળે ત્યારે જીવંત માણસ પર જેવી રીતે ગુસ્લે જનાબત વાજીબ થઈ જાય છે, તેવી જ રીતે મૂર્દાને ગુસ્લે મૈયત આપવું વાજીબ છે.

## (૧૬૧) ગુસ્લે મૈયત અને ગુસ્લે મસે મૈયત શા માટે ?

રાવી કહે છે કે હઝરત ઇમામ અબુલ હસન અલી બિન મૂસા રઝા (અલય્હિસ્સલામ)એ તેના પ્રશ્નના જવાબમાં ગુસ્લે મૈયતના કારણ વિશે લખી જણાવ્યું કે મૈયતને ગુસ્લ એ માટે આપવામાં આવે છે કે તેનું શરીર વિવિધ રોગો અને જુદા જુદા પ્રકારની ગંદકીથી પાક થઈ જાય. કેમકે મૈયતને મલાએકા (ફરિશ્તાઓ)ની મુલાકાત કરવાની હોય છે. અને આખેરતના લોકો સાથે

રહેવાનું છે. તેથી બહેતર છે કે જયારે મરનાર (મૈયત) અલ્લાહ તઆલાની બારગાહમાં અને એહલે તહારતની સામે જાય ત્યારે એ લોકોને અડકે અને એ લોકો મરનારને અડકે ત્યારે તે પાક, સાફ અને સ્વચ્છ હોય, તે અલ્લાહ તઆલાની બારગાહમાં એવી રીતે હાજર થયા કે એ સ્થિતિમાં તેના માટે અલ્લાહ તઆલાની ખુશી મેળવી શકાય અને શફાઅત (ભલામણ) કરી શકાય.

બીજુ એ કે જે વ્યક્તિ મૈયતને અડકી હોય અથવા તેને ગુસ્લ આપ્યું હોય તેનું ગુસ્લે મસે

મૈયત કરવું, તેનું કારણ એ છે કે મૈયતને ગુસ્લ આપવામાં મૈયત જાહેરી રીતે ખરાબ હાલતમાં હોય છે તેનાથી પાક થઈ જવાય, જયારે માણસના શરીરમાંથી રૂહ નિકળી જાય છે તો તે (મૈયત)ના શરીરમાં બીમારીઓ રહી જાય છે, તેથી મૈયતને ગુસ્લ આપનાર માટે જરૂરી છે કે તે પણ ગુસ્લ કરીને પાક ને સાફ થઈ જાય.

## (૧૬૨) કબ્રને ચતુષ્કોણ (ચાર ખૂણાવાળી બનાવવાનું કારણ)

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે કબ્રને ચતુષ્કોણ (લંબચોરસ) બનાવવાનું શું કારણ હોય છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે જે ઘરને તે (દુનિયામાં) છોડીને આવ્યો છે તે પણ ચતુષ્કોણ હોય છે તેથી.

## (૧૬૩) કબ્ર ઉપર પાણી છાંટવાનું કારણ

રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને કબ્ર ઉપર પાણી છાંટવા વિશે પુછયું, ત્યારે આપે

ફરમાવ્યું જયાં સુધી માટી ભીની રહે છે. ત્યાં સુધી કબ્રથી અઝાબ દૂર રહે છે.

(૧૬૪) રાવી કહે છે કે .... તેમના બુઝુર્ગવારોથી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કબ્ર મુબારક જમીનથી એક વેંત ઊંચી છે, અને નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હુકમ આપ્યો છે કે કબ્રો ઉપર પાણી છાંટવામાં આવે.

## (૧૬૫) બે નમાઝ એક સાથે (એક સમયમાં) પડવાનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે શું કોઈ કારણ કે રૂકાવટ વગર બે નમાઝ એકી સાથે ભેગી કરીને પડી શકાય છે ? આપે ફરમાવ્યું હા, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ એમ કર્યું હતુ અને તેઓ પોતાની ઉમ્મત માટે રાહત થાય તેવું ઇચ્છતાં હતા.

(૧૯૬) રાવી કહે છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) કોઈપણ ખૌફ કે પ્રવાસ (સફર)નું કારણ ન

હોય ત્યારે પણ ઝોહર અને અસ્ર બંને નમાઝો ભેગી કરીને (જોડીને) સાથે પડતા હતા. જેથી કરીને આપની ઉમ્મતમાંથી કોઈ એક માણસને પણ બંને નમાઝો ભેગી પડવામાં મુશ્કેલી ન થાય.

(૧૬૭) રાવી કહે છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ વરસાદ, સફર કે બીજા કોઈ કારણ વગર નમાઝે ઝોહર અને નમાઝે અસ્ર, તેમજ નમાઝે મગરિબ અને નમાઝે ઈશા એક સાથે પડી. ત્યારે ઇબ્ને અબ્બાસે કહ્યું એમ કરવા

પાછળનો આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો હેતુ શું હતો ? રાવીએ જવાબ આપ્યો કે એમ કરવા પાછળ આપનો હેતુ પોતાની ઉમ્મત માટે નમાઝોનો વધારે સમય આપવાનો હતો.

**(૧૬૮) (એ) નમાઝે સુબ્હ, મગરિબ-ઈશા, જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં (પુરૂષો માટે) કિરઅત મોટા અવાજે કરવાની હોય છે, બાકી દિવસોમાં નમાઝે ઝોહર અસ્રમાં કિરઅત મોટા અવાજે કરવામાં નથી આવતી.**

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું નમાઝે ફજર, નમાઝે મગરિબ અને નમાઝે ઈશા બલંદ અવાજથી પડવામાં આવે છે અને બાકીની તમામ નમાઝો જેમકે નમાઝે ઝોહર અને અસ્રને મોટા અવાજે શા માટે પડવામાં નથી આવતી ? તેમજ છેલ્લી બે રકાતોમાં સૂરાની કિરાઅતને બદલે “તસ્બીહાતે અરબા” પડવાનું અફઝલ શા માટે ગણવામાં આવ્યું છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે જયારે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ને મેઅરાજ માટે આસમાન તરફ લઈ જવામાં આવ્યા ત્યારે આપ ઉપર અલ્લાહ તઆલા તરફથી સૌ પહેલી જે નમાઝ ફર્ઝ કરવામાં આવી તે જુમ્આના દિવસની નમાઝે ઝોહર હતી. અલ્લાહ તઆલાએ તેઓ પાસે ફરિશ્તાઓ મોકલ્યા. જેથી તે ફરિશ્તાઓ તેઓની પાછળ નમાઝ પડે. અને પોતાના નબીને હુકમ આપ્યો કે તેઓ બલંદ અવાજથી તે (જુમ્આના દિવસની ઝોહરની નમાઝ) નમાઝ પડે. જેથી કરીને ફરિશ્તાઓ ઉપર તેઓની ફઝીલત જાહેર થઈ જાય. ત્યાર પછી

અલ્લાહ તઆલાએ આપ પર અસ્રની નમાઝ ફર્ઝ કરી અને કોઈપણ ફરિશ્તાને આપની પાછળ નમાઝ પડવાનો હુકમ ન આપ્યો. અલ્લાહ તઆલાએ આપને અસ્રની નમાઝ ધીમા અવાજે પડવાનો હુકમ આપ્યો કારણ કે આપની પાછળ કોઈ નમાઝ પડતું ન હતું.

ત્યાર પછી આપ પર મગરિબની નમાઝ ફર્ઝ કરવામાં આવી અને ફરિશ્તાઓને આપની પાછળ નમાઝ પડવા માટે મોકલ્યા. તેવી જ રીતે નમાઝે ઈશાનો હુકમ આપવામાં આવ્યો. પછી જયારે સવાર પડી ત્યારે આપ પર

નમાઝે સુબ્હ ફર્ઝ કરી અને નમાઝે સુબ્હમાં મોટા અવાજથી કિરઅત કરવાનો હુકમ આવ્યો. જેથી ફરિશ્તાઓ ઉપર આપનો ફઝલ અને શરફ (શ્રેષ્ઠતા-ઉચ્ચતા) જાહેર થાય. આ કારણોસર નમાઝે મગરિબ ઈશા અને નમાઝે સુબ્હની કિરઅત બલંદ અવાજથી કરવામાં આવે છે.

## (બી) છેલ્લી બે રકાતમાં સૂરએ હમ્દની બદલે તસ્બીહાતે અરબા પડવી અફઝલ હોવાનું કારણ

રાવી કહે છે કે મે પુછયું કે (ચાર રકાતી) નમાઝની છેલ્લી બે રકાતમાં તસ્બીહાતે અરબા પડવાને સૂરાની કિરાઅત કરતાં વધારે સારૂં શા માટે ગણવામાં આવેલ છે ? ત્યારે આપે ફરમાવ્યું કે જયારે આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) છેલ્લી બે રકાત સુધી પહોંચ્યા ત્યારે આપને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની એ અઝમતની યાદ આવી જેના કારણે તેઓ દિગ્મૂઢ બની આશ્ર્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આપે ફરમાવ્યું "સુબ્હાનલ્લાહે વલ્હમ્દો

લિલ્લાહે વલા એલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર” આથી (આપે આમ કિરઅત કરી હોવાથી) આ તસ્બીહ સૂરાની કિરઅતના બદલે અફઝલ છે.

## (૧૬૯) નમાઝે મગરિબ સફરમાં અને વતનમાં બંને જગ્યાએ પૂરી પડવામાં આવે છે, (કસ્ર થતી નથી) તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે મગરિબની નમાઝ સફરમાં અને વતનમાં બંને જગ્યાએ ત્રણ રકાત (આખી) પડવામાં આવે

છે, અને બીજી નમાઝો સફરમાં બે રકાત પડવામાં આવે છે. તેનું શું કારણ ? આપે ફરમાવ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પર બધી નમાઝો બે-બે રકાત થઈને ફર્ઝ થઈ હતી અને આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેમાં બે રકાતોનો વધારો કરી દીધો હતો. પછી આપે નમાઝે મગરિબમાંથી એક રકાત ઓછી કરી નાખી. પછી આપે સફરની હાલતમાં વધારવામાં (આવેલી) બે રકાતો ઓછી કરી નાખી. પરંતુ નમાઝે

મગરિબમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વગર રહેવા દીધી અને ફરમાવ્યું કે મને અલ્લાહ તઆલા પાસે એક જ નમાઝમાં બે વખત ઘટાડો કરાવવાની શરમ આવે છે. આથી મગરિબની નમાઝ પ્રવાસમાં અને વતનમાં બંને જગ્યાએ ત્રણ રકાત પડવામાં આવે છે. તેમાં કશો ફેરફાર (ઘટાડો) કરવામાં આવતો નથી.

## (૧૭૦) નમાઝે સુબ્હની બે રકાતની સંખ્યામાં વધારો ઘટાડો કરવામાં ન આવ્યો તેનું કારણ ?

હઝરત અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ)ને સવાલ કરવામાં આવ્યો કે હાલમાં એહલે ઇસ્લામ જે નમાઝ પર અમલ કરી રહ્યા છે તે કયારથી ફર્ઝ થઈ હતી ? આપે જવાબ આપ્યો કે આ નમાઝ જયારે મદીનામાં ઇસ્લામની ખુલ્લમ ખુલ્લા દઅવત આપવાની શરૂઆત થઈ, ઇસ્લામમાં બળ આવી ગયું અને અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર જેહાદ ફર્ઝ કરી ત્યારથી શરૂ થઈ. હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ નમાઝોમાં સાત

રકાતોનો વધારો કરાવ્યો. ઝોહરમાં બે રકાત, અસ્રમાં બે રકાત, મગરિબમાં એક રકાત અને ઈશામાં બે રકાત, સુબ્હને બે રકાત જેમની તેમજ રાખવામાં આવી. જેથી રાતના ફરિશ્તા ઝડપથી આસમાનો તરફ ઉડી જઈ શકે. અને દિવસના ફરિશ્તા ઝડપથી નાઝિલ થઈ શકે. (નમાઝે સુબ્હ વખતે) જમીન ઉપર દિવસના અને રાતના બંને ફરિશ્તા હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે ગવાહ બને છે. આ વિશે કુરઆન

મજીદનો કૌલ છે. (સૂરએ બની ઇસરાઈલ / આ. ૭૮)

(હે રસૂલ !) સુર્યના ઢળવાથી (માંડીને) રાત્રીના અંધારા સુધી (ની ઠરાવેલી) નમાઝો પડી લે અને પ્રભાતમાં કુરઆન (નું વાંચન કર) નિશંસય પ્રભાત (ના સમય)માં પડવામાં આવતા કુરઆનના (ફરિશ્તાઓ) સાક્ષી રહે છે.)

જેથી મુસલમાનો અને તેના ફરિશ્તાઓ તેમના માટે સાક્ષી બને.

## (૧૭૧) નમાઝે જમાઅતનું કારણ અને તાકીદ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે નમાઝે જમાઅત માટે સમૂહમાં ભેગા થવાનું કારણ એ છે કે જેનાથી એ બાબતની જાણકારી મળે છે કે નમાઝ ગુઝાર અને બેનમાઝી કોણ છે ? અને નમાઝના સમયની પાબંદી કરનાર કોણ છે અને નમાઝના સમયને કોણ જાળવતું નથી ? જો એમ ન હોત (એટલે કે નમાઝે જમાઅત ન હોત) તો કોઈ એક માણસ માટે બીજા

માણસના સાલેહ હોવાની સાક્ષી આપવી શકય બની શકત નહીં. કારણ કે જે કોઈ જમાઅતથી નમાઝ નથી પડતા તેની નમાઝ મુસલમાનોની સાથે થઈ ગણાતી નથી. કારણ કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જે માણસ કોઈ કારણ કે રૂકાવટ ન હોવા છતાં મુસલમાનોની સાથે મસ્જિદમાં નમાઝ ન પડે તો તેની નમાઝ નહીં થાય.

## (૧૭૨) જાહિલ બેવકૂફ અને ફાસિક માસણની પાછળ નમાઝે જમાઅત ન પડવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે એક જગ્યાએ અમો અસ્હાબો પૈકીના કેટલાક લોકો એકઠા થયા હતા. નમાઝનો સમય થયો ત્યારે એ બધા એક બીજાને નમાઝે જમાઅતની ઈમામત માટે આગળ થવા માટે કહેવા લાગ્યા. (એવા સંજોગોમાં નમાઝ પડાવવા માટે કોને વધુ અધિકાર છે ?) ત્યારે આપ જનાબે કહ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યું છે કે નમાઝની ઇમામત માટે એ

આગળ વધે, જે કુરઆનનો સારો “કારી” (કિરઅત કરનાર) હોય, જો કિરઅતમાં બધા સરખા હોય તો ઇમામત માટે એ માણસ આગળ વધે જે હિજરતમાં સૌથી આગળ હોય. જો હિજરતમાં બધા સમાન હોય તો ઇમામત એ માણસ કરે જે ઉમ્ર (વય)માં બધાથી મોટો હોય. જો ઉમ્રમાં બધા સરખા હોય તો ઇમામત એ માણસ કરે જે સુન્નતનો વધારે આલિમ (એટલે કે સુન્નત બાબતો વિશેની જાણકારીમાં શ્રેષ્ઠ) હોય અને દીનમાં સૌથી વધુ ફકીહ (ઇલ્મે ફીકહનો જાણકાર-અકકલમંદ) હોય.

કોઈ મકાન માલિક પોતાના મકાનમાં જમાઅતની ઇમામત ન કરે અને કોઈ સત્તાધિશ પોતાની સરહદમાં ઈમામત ન કરે.

### (૧૭૩) નમાઝે જમાઅત....

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે તમો લોકોની ખુશી એ વાતમાં છે કે તમે તમારી નમાઝોને પાકીઝા રાખો (અને તે માટે) તમારામાંથી શ્રેષ્ઠ હોય તેને ઇમામે જમાઅત બનાવો.

## (૧૭૪) સાહેબે ઇલ્મ સિવાય કોઈ પાછળ નમાઝે જમાઅત પડનાર કૌમને શું પરિણામ ભોગવવું પડશે ?

પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જો કોઈ માણસ તેની કૌમમાં બીજો કોઈ સાહેબે ઇલ્મ હોવા છતાં (નમાઝ માટે) ઇમામત કરે તો તેવી કૌમના વ્યવહાર કયામત સુધી પાછળ પડતા રહેશે. (એટલે કે સાહેબે ઇલ્મ સિવાય બીજા કોઈ માણસની ઇમામતમાં નમાઝે

જમાઅત પડનાર કૌમની પ્રગતિ થઈ શકશે નહીં.)

## (૧૭૫) નમાઝે નાફેલા શા માટે ?

રાવી કહે છે કે મને હઝરત ઇમામ બાકિર (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું શું તને ખબર છે કે તતવ્વોઅ (નાફેલા-વાજીબથી વધારે ઇબાદત કરવી) નમાઝોનો હુકમ શા માટે રાખવામાં આવ્યો છે ? મેં અર્ઝ કરી હું આપ ઉપર કુરબાન થાઉં, મને તેના કારણની ખબર નથી ? આપે ફરમાવ્યું (નાફેલા નમાઝો)એ તમારા માટે તતવ્વોઅ (તમારી રાજીખુશી

અને મરજીપૂર્વકની) નમાઝો છે. અંબિયા માટે નાફેલા (ભેટ) છે. પછી ફરમાવ્યું તને ખબર છે કે તતવ્વોઅ એટલે કે નવાફિલ નમાઝો શા માટે રાખવામાં આવી છે ? મેં કહ્યું હું આપના ઉપર કુરબાન થાઉં, મને ખબર નથી. આપે ફરમાવ્યું (નાફેલા નમાઝો)એ માટે રાખવામાં આવી છે કે વાજીબ નમાઝોમાં જો કોઈ કમી (ક્ષતિ કે અધૂરાશ) રહી ગઈ હોય તો તેને નાફેલા નમાઝો પૂરી કરી દે (ક્ષતિપૂર્તિ થઈ જાય) અને તે વાજીબ નમાઝો પૂર્ણ થઈ જાય. પોતાના નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ને સંબોધીને અલ્લાહ તઆલાનો ઇરશાદ છે કે “વમેનલ્લયલે ફતહજ્જદ બેહી નાફેલતલ્લક” (સૂરએ બની ઇસરાઈલ / આયત નં ૭૯) અને (હે રસૂલ !) રાત્રિના એક ભાગમાં તહજ્જુદ(ની નમાઝ) પડયા કર આ ફરજ તારા માટે વધારાની છે.

## (૧૭૬) સજદાની હાલતમાં બંને હાથની હથેળી જમીન ઉપર લગાવી દેવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક બિન મોહમ્મદ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે તમારામાંથી કોઈ માણસ સજદો કરે ત્યારે

પોતાની બંને હથેળીને જમીન પર લગાવી દે, શકય છે કે તેમ કરવાથી કયામતના દિવસે (સજા રૂપે પહેરાવનારી) તૌક અને સાંકળથી મૂક્તિ મળી જાય.

## (૧૭૭) સજદામાં ગોઠણની પહેલાં બંને હાથ મુકવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે સજદામાં ગોઠણ પહેલાં જમીન ઉપર બંને હાથ મૂકવામાં આવે છે. તેનું શું કારણ ? આપે જવાબ આપ્યો કે હાથ એ નમાઝની ચાવી છે.

## (૧૭૮) નમાઝ પહેલાં સાત “તકબીર”, રૂકુઅમાં સાત વખત “સુબ્હાન રબ્બેયલ અઝીમ વબેહમ્દેહી” અને સજદામાં “સુબ્હાન રબ્બેયલ અઅલા વબેહમ્દેહી”ના ઝિક્રનું કારણ

(એ) રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછયું કે નમાઝની શરૂઆત (પ્રારંભ) શું છે ? આપે ફરમાવ્યું તારા માટે એક તકબીર કહેવી પૂરતી છે. રાવીએ કહ્યું અને સાત વખત ? (એટલે

સાત વખત તકબીર પડું ?) આપે જવાબ આપ્યો તેમાં તો ફઝીલત છે.

(બી) હશ્શામ બિન હકમ નામના રાવી કહે છે કે મેં હઝરત અબુલ હસન મૂસા (અલયહિસ્સલામ)ને પુછયું કે

(૧) નમાઝની શરૂઆતમાં સાત વખત “તકબીર” કહેવી અફઝલ છે. તેનું કારણ શું ?

(૨) રૂકુઅમાં “સુબ્હાન રબ્બેયલ અઝીમે વબેહમ્દેહી”નો ઝિક્ર કરવામાં આવે છે તેનું કારણ શું છે ?

(૩) સજદામાં “સુબ્હાન રબ્બેયલ અઅલા વબેહમ્દેહી” પડવામાં આવે છે તેનું કારણ શું ?

આપે જવાબમાં ફરમાવ્યું હશ્શામ ! સાંભળો. અલ્લાહ તઆલાએ સાત આસમાન, સાત જમીન અને સાત હિજાબ (આવરણ-પર્દા) પૈદા કર્યા. પછી જયારે હઝરત નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને મેઅરાજ પર લઈ જવામાં આવ્યા અને તેઓ પોતાના રબથી એટલા નઝદીક થઈ ગયા, જેમકે “કાબ કવ્સૈન અવ અદના” (બે

કમાનોની વચ્ચે અથવા તેનાથી ઓછુ અંતર) ત્યારે અલ્લાહ તઆલા તરફથી સાત હિજાબોમાંથી એક હિજાબ ઊંચો થઈ ગયો. ત્યારે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તકબીર કહી. નમાઝની શરૂઆતમાં જે ઝિક્ર (અલ્લાહો અકબર) કહેવામાં આવે છે તે ઝિક્ર કરવા લાગ્યા. પછી બીજો પર્દો ઊંચો થઈ ગયો. ત્યારે આપે તકબીર કહી. આવી જ રીતે થતું રહ્યું. એટલે સુધી કે સાતેય હિજાબ ઊંચા થઈ ગયા. આપે સાત વખત તકબીર કહી. આ

કારણસર નમાઝની શરૂઆતમાં સાત વખત તકબીર કહેવામાં આવે છે.

પછી આપે અલ્લાહની અઝમત જોઈ ત્યારે અલ્લાહને યાદ કરીને ધ્રુજવા લાગ્યા અને ગોઠણ સુધી જુકી ગયા (નમાઝમાં રૂકુઅમાં જુકવામાં આવે છે તેવી રીતે જુકી ગયા) અને જુકીને "સુબ્હાન રબ્બેયલ અઝીમે વબેહમ્દેહી" કેહવા લાગ્યા.

જયારે આપ રૂકુઅમાંથી ઊભા થયા ત્યારે આપે જોયું કે એ સ્થાન તો તેનાથી પણ વધારે ઊંચુ છે. ત્યારે એ ઊંચુ સ્થાન જોઈને આપ

મોઢા ભેર (કપાળ જમીન પર રહે તેવી રીતે) પડી ગયા. અને “સુબ્હાન રબ્બેયલ અઅલા વબે હમ્દેહી” કહેવા લાગ્યા. આપે આ ઝિક્ર સાત વખત કહ્યો, પછી તે રોબ અને ખૌફ ઓછો થયો, તે કારણથી સાત વખતનો ઝિક્ર કરવાની સુન્નત શરૂ થઈ છે.

## (૧૭૯) તકબીર કહેતી વખતે હાથ ઊંચા કરવાનું અને રૂકુઅમાં ગરદન જુકાવી દેવાનું કારણ

એક માણસે હઝરત ઇમામ અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને કહ્યું અય

સૃષ્ટિના શ્રેષ્ઠ પિતા ! એ કહો કે નમાઝની પહેલી તકબીર કહેતી વખતે આપ આપના બંને હાથ ઊંચા કરો છો તેનું કારણ શું ? આપે જવાબ આપ્યો કે તેનું કારણ એ છે કે (તેનાથી એ વાત જાહેર કરૂં છું કે) અલ્લાહ સૌથી મોટો છે, તે એક અને એવો એકલો (એટલે કે અજોડ) છે કે તેના જેવું બીજું કોઈ નથી. તેના જેવી બીજી કોઈ હસ્તી હોવા વિશેનો કયાસ (તર્ક) કરી શકાતો નથી. બાહ્ય પાંચ ઇન્દ્રિયો (હવાસે ખમ્સા) તેનો અનુભવ કરી શકતી નથી. અને આંતિરક ઇન્દ્રિયો (હવાસે બાતેના)

તેને ઓળખી શકતી નથી. તે માણસે ઇમામ (અલય્હિસ્સલામ)ને પુછયું કે આપ રૂકુઅમાં આપની ગરદન આટલી બધી જુકાવી (ઢાળી) શા માટે રાખો છો ? તેના આ પ્રશ્નના જવાબમાં ઇમામે ફરમાવ્યું તેનો વાસ્તવિક અર્થ એ છે કે પરવરદિગાર હું તારી વહ્દાનિયત પર ઈમાન લાવ્યો છું હવે ભલે તું મારી ગરદન પણ કેમ ઉડાડી ન દે ? (એટલે કે મારી ગરદન કાપી નાખવામાં આવે તો પણ હું તારા હુકમ પ્રમાણે ચાલવામાં રાજી છું.)

## (૧૮૦) નમાઝે સુબ્હ "તુલુએ ફજર" (પ્રભાત થવા પહેલાં)ના સમયમાં પડવાની ફઝીલતનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે નમાઝે સુબ્હનો સૌથી શ્રેષ્ઠ સમય કયો છે ? આપે ફરમાવ્યું અલ્લાહ તઆલાએ ફરમાવ્યું (કુરઆને મજીદની સૂરએ બની ઇસરાઈલની આયત નં.૭૮) (હે રસૂલ !) સુર્યના ઢળવાથી (માંડીને) રાત્રીના અંધારા સુધી (ની ઠરાવેલી) નમાઝો પડી લે. અને પ્રભાતમાં કુરઆન (નું

વાંચન કર) નિસંશય પ્રભાત (ના સમય)માં પડવામાં આવતા કુરઆનના (ફરિશ્તાઓ) સાક્ષી રહે છે.

એટલે કે ફજ્રની નમાઝના ગવાહ રાત્રી અને સુબ્હ બંને સમયના ફરિશ્તાઓ રહે છે. જો બંદો નમાઝે સુબ્હ પ્રભાત થતા (એટલે કે નમાઝના અવ્વલ વકતમાં) અદા કરી લે તો આ નમાઝ રાત્રિ અને સવાર બંનેના ફરિશ્તાઓ દ્વારા બંને જગ્યાએ લખવામાં આવે છે.

## (૧૮૧) પાંચ સમયની નમાઝ અલ્લાહ તઆલાએ પાંચ જુદા જુદા સમયે વાજીબ કરી હોવાનું કારણ

હઝરત હસન બિન અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે એક દિવસ કેટલાક યહૂદીઓ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા. તેમાંથી જે સૌથી વધુ સાહેબે ઇલ્મ હતા, તેમણે આપને કેટલાક પ્રશ્નો પૂછયા. જેમાંથી એક પ્રશ્ન એ પણ હતો કે આપની ઉમ્મત પર રાત-

દિવસમાં પાંચ સમયની નમાઝ કયા કારણસર વાજીબ કરી છે ? આપે ફરમાવ્યું મધ્યાહ્ન વખતે સુર્ય વર્તૂળમાં પ્રવેશે છે, સુર્ય જયારે વર્તૂળમાં પ્રવેશે છે ત્યારે મધ્યાહ્ન (બપોરનો સમય) થાય છે. એ સમયે આસમાનની નીચે જેટલી વસ્તુઓ છે, તે બધી અલ્લાહ્ની તસ્બીહ્ પડે છે. આ એ સમય છે, જયારે અલ્લાહ્ તઆલા મારી ઉપર દુરૂદ મોકલે છે. તેથી એ સમયે અલ્લાહ્ તઆલાએ મારી ઉપર અને મારી ઉમ્મત ઉપર નમાઝ ફર્ઝ કરી અને ફરમાવ્યું અકેમિસ્સલાત લેદોલૂકશ્શમ્સે એલા

ગસકિલ્લયલે વ કુરઆનલ ફજર. ઇન્ન કુરઆનલ ફજરે કાન મશ્હૂદા (સૂરએ બની ઇસરાઈલ / આયત નં ૭૮)

“(હે રસૂલ !) સુર્યના ઢળવાથી (માંડીને) રાત્રિના અંધારા સુધી (ની ઠરાવેલી) નમાઝો પડી લે...”

આ એ જ સમય છે જયારે કયામતના દિવસે જહન્નમને કંઈક આપવામાં આવશે. જે કોઈ પણ મોઅમિન એ સમયે સજદા, રૂકુઅ કે કયામની હાલતમાં હશે અલ્લાહ તઆલા તેના શરીર ઉપર જહન્નમ હરામ કરી દેશે.

હવે અસ્રની નમાઝ શા માટે વાજીબ કરવામાં આવી. તો તેનું કારણ એ છે કે આ જ સમયે હઝરત આદમ (અલયહિસ્સલામ)એ જન્નતનું ફળ ખાધું અને અલ્લાહ તઆલાએ તેઓને જન્નતમાંથી ચાલ્યા જવાનો હુકમ આપ્યો. અંતઃ અલ્લાહ તઆલાએ તેમની ઝુર્રિયતને કયામત સુધી આ સમયે નમાઝ પડવાનો હુકમ આપ્યો. અને આ નમાઝને મારી ઉમ્મત માટે પણ મુકર્રર કરી. આ (અસ્રની) નમાઝ જ અલ્લાહની નઝરોમાં સૌથી વધારે પસંદગીને પાત્ર છે. મને એ

વાતનો હુકમ આપવામાં આવ્યો છે કે તમામ નમાઝોમાં આ નમાઝની સૌથી વધારે હિફાઝત કરૂં. હવે રહી નમાઝે મગરિબ. તો આ ઘડીમાં અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની તૌબા કબૂલ ફરમાવી હતી. હઝરત આદમ (અલયહિસ્સલામ)એ જન્નતનું ફળ ખાધું અને તેઓની તૌબા કબૂલ થઈ. તે બંને વચ્ચે ત્રણસો વર્ષનું અંતર હતું. અને આખેરતમાં અસ્ર અને મગરિબ વચ્ચેના સમયનો એક દિવસ એક હજાર વર્ષનો હશે. એ વખતે હઝરત આદમે ત્રણ રકાત નમાઝ

પડી. એક રકાત પોતાની ભુલ બદલ, એક રકાત હઝરત હવ્વાની ભુલ બદલ અને એક રકાત પોતાની તૌબા કબૂલ થવાના શુક્ર બદલ. આથી અલ્લાહ તઆલાએ આ ત્રણ રકાત નમાઝ (મગરિબની) મારી ઉમ્મત માટે ફર્ઝ કરી. આ એ સમય છે જયારે દુઆ કબૂલ થાય છે. મારા પરવરદિગારે મને વાયદો કર્યો છે કે જે કોઈ આ સમયમાં દુઆ કરશે તો હું તેની દુઆને કબૂલ કરીશ. આ એ જ નમાઝ છે જેને મારા રબે તેના આ કૌલમાં હુકમ આપ્યો છે.

(સૂરએ રૂમ / આયત નં ૧૭) હીન તુમ્સુન વ હીન તુસ્બહુન ... "અને જે વેળા તમને સાંજ પડે છે અને જે વેળા તમને સવાર પડે છે.

હવે રહી ઈશાની નમાઝ, કબ્રમાં અંધકાર હશે. તો તે માટે અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત માટે આ સમયે નમાઝનો હુકમ આપ્યો જેથી કબ્ર પ્રકાશિત થાય અને મને તથા મારી ઉમ્મતને સેરાત પરથી પસાર થવામાં રૌશની અતા કરે. જે કોઈના કદમ નમાઝે ઈશા પડવા માટે આગળ વધશે તેના શરીર પર અલ્લાહ

તઆલા જહન્નમ હરામ કરશે. આ એ જ નમાઝ છે જેનો અલ્લાહ તઆલાએ મારી પહેલાંની ઉમ્મતના રસુલોને હુકમ આપ્યો હતો.

હવે નમાઝે ફજ્રની વાત કરીએ તો જયારે સુર્યનો ઉદય થાય છે ત્યારે તે શયતાનના બંને શીંગડાની વચ્ચેથી ઉગે છે. તેથી અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું નમાઝે ફજ્રને સુર્ય ઉગવા (પ્રભાત થયા) પહેલાં પડી લઉં. કાફિરો સૂર્યને સજદો કરે તે પહેલાં એ નમાઝ અદા કરી લઉં તેવી જ રીતે મારી

ઉમ્મત પણ અલ્લાહ તઆલાને એ સમયમાં સજદો કરે. નમાઝે સુબ્હ વહેલા, અવ્વલ વકતમાં અદા કરવાની તાકીદ કરવામાં આવી છે. તે કામ અલ્લાહ તઆલાને સૌથી વધુ પસંદ છે. આ એ સમય છે જેની સાક્ષી રાત અને દિવસ બંને સમયના ફરિશ્તાઓ આપે છે. હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો આ જવાબ સાંભળી યહૂદી આલિમે કહ્યું મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપ સાચી વાત કહો છો.

## (૧૮૨) નમાઝ ન પડનાર કાફર શા માટે ?

રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે તેઓને પૂછવામાં આવ્યું કે ઝીનાકાર (ઝાની)ને કાફર કહેવામાં નથી આવતો, જયારે તારેકુસ્સલાત (નમાઝ ન પડનાર)ને કાફર કહેવામાં આવે છે, તેના માટે શું દલીલ છે ?

આ પ્રશ્નના જવાબમાં આપે ફરમાવ્યું ઝીના અને તે પ્રકારના ગુનાહ કરનાર લોકો પોતાની શહવત (કામવાસના)ને કારણે એવા ગુનાહ કરતાં હોય છે. એવી શહવતમાં ગુનાહ

કરનાર સપડાઈ જતો હોય છે. જયારે નમાઝ ન પડનાર નમાઝને હલકી (નિરર્થક) નકામી સમજે છે. તેમજ તુચ્છ સમજીને નમાઝ પડતો નથી. તમે લોકો જોશો કે ઝીનાકાર સ્ત્રી પાસે પોતાની વાસના તૃપ્ત કરવા (ઝીનાની લઝઝત મેળવવા)ના હેતુથી જાય છે. જયારે નમાઝ ન પડનારનો ઈરાદો, નમાઝ નહીં પડીને (નમાઝ પડવાનું છોડી દઈને) લઝઝત મેળવવાનો હોતો નથી. જો નમાઝ છોડી દેવાથી કોઈ લઝઝત મળતી ન હોય તો નમાઝ ન પડવાનું કારણ નમાઝને હલકી

સમજવા સિવાય બીજી શું હોઈ શકે ? અને નમાઝને હલકી સમજવી એ કુફ્ર છે. પછી આપને પૂછવામાં આવ્યું કે ઝીનાકાર અને દારૂ પીનાર વચ્ચે શું ફેર છે ? ઝીના અને શરાબ પીનાર ફકત ગુનેહગાર ગણાય છે. જયારે નમાઝ ન પડનાર, નમાઝને હલ્કી અને તુચ્છ સમજવાને લીધે કાફર થઈ જાય છે. તેનું શું કારણ ? આપે જવાબ આપ્યો કે નમાઝ ન પડનારે નમાઝ છોડીને તેમાં પોતાના નફસને શામિલ કરી દીધો. જેમાં તેને શહવત કે લઝઝત મળતી નથી. જયારે ઝીનાકાર અને

શરાબ પીનારના ગુનાહની પાછળ તેની શહવત અને લઝઝત કારણરૂપ છે. હવે જયારે નમાઝ ન પડવાને કારણે કોઈ લઝઝત મળતી નથી. તો પોતાના નફસને તાબે થઈને નમાઝ છોડવાથી તેણે નમાઝને હકીર અને તુચ્છ ગણી છે. આ બાબત બંને બાબતોનો મૂળભુત તફાવત છે.

## (૧૮૩) સજદામાં લંબાણ કરવાનો ફાયદો

રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ મને ફરમાવ્યું એ અબુ જઅફર, તારા માટે જરૂરી છે કે તું

સજદામાં લંબાણ કર, કારણ કે એ તૌબા કરનારની સુન્નતમાંથી છે.

(૧૮૪) રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું તમે લોકો સજદામાં લંબાણ કરો, કેમકે (બીજો) કોઈ અમલ એવો નથી જેના લીધે ઇબ્લીસને તકલીફ થતી હોય, જેટલી તકલીફ તેને આદમ પુત્રને સજદો કરતાં જોઈને થાય છે તેટલી તકલીફ બીજા કોઈ (નેક) કામ કરવાને

લીધે થતી નથી. કારણ કે જયારે શયતાનને સજદો કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો ત્યારે તેણે સજદો કરવાનો ઇન્કાર કરી દીધો હતો. અને ઇન્સાનને સજદો કરવાનો હુકમ આપવામાં આવ્યો છે અને તેનું ઇન્સાન પાલન કરી રહ્યો છે.

## (૧૮૫) જમીન અને તેમાંથી ઉગનાર વસ્તુઓ ઉપર સજદો કરી શકાય છે, પરંતુ ખાવા અને પહેરવાની વસ્તુ ઉપર સજદો કરવો જાએઝ નથી. તેનું કારણ

એક વખત હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે આપ ફરમાવો કઈ વસ્તુઓ પર સજદો કરવો જાએઝ છે ? અને કઈ વસ્તુઓ પર કરવો જાએઝ નથી ? આપે ફરમાવ્યું કે સજદો જમીન અથવા એવી વસ્તુઓ જે જમીનમાંથી ઉગતી અને નિકળતી હોય પરંતુ ખાવા-પીવાના અને પહેરવાના ઉપયોગમાં ન આવતી હોય, તે સિવાયની કોઈ પણ વસ્તુ ઉપર સજદો કરવો જાએઝ નથી. મેં અર્ઝ કરી હું આપ પર કુરબાન થાઉં. તેનો અર્થ શું છે ?

આપે ફરમાવ્યું એ માટે કે સજદો ફકત અલ્લાહ તઆલાની બારગાહમાં આજેઝી (કરવા)નું નામ છે, તેથી ખાવા પીવા અથવા પહેરવાની વસ્તુઓ પર આજેઝી સાથે સજદો કરવો જાએઝ નથી. કારણ કે દુનિયાના લોકો ખાવા પીવા અથવા પહેરવાની વસ્તુઓના ગુલામ હોય છે. સજદો કરનાર સજદો કરતી વખતે અલ્લાહની ઇબાદતમાં મશ્ગુલ હોય છે. તેથી સજદો કરનારા માટે દુનિયાવાળાઓના મઅબુદો પર પોતાની પેશાની (કપાળ) રાખવી જાએઝ નથી. કેમકે દુનિયાની એ

વસ્તુઓના ફરેબમાં લોકો આવી ગએલા હોય છે. જમીન ઉપર સજદો કરવો સૌથી શ્રેષ્ઠ છે. કારણ કે તેમ કરવાથી ખુદાએ અઝઝ વ જલ્લની સામે નમ્રતા અને આજેઝી વ્યકત થાય છે.

## (૧૮૬) નાફેલા નમાઝો જૂદી જૂદી જગ્યાઓએ પડવી મુસ્તહબ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે કોઈ માણસ નાફેલા નમાઝ એક જ જગ્યાએ પડે કે જૂદી જૂદી જગ્યાએ પડે ? આપે ફરમાવ્યું કે

એક અહીં પડે તો બીજી ત્યાં પડે. કારણ કે તે (નમાઝની જગ્યાઓ) પણ કયામતના દિવસે ગવાહી આપશે.

(નોંધ :- કિતાબના સંપાદક શૈખ સદુક (અ.ર.) ફરમાવે છે કે જમીનનો એ ટૂકડો (જેની ઉપર નમાઝ પડવામાં આવી હોય) તે પણ ગવાહી આપશે.

## (૧૮૭) અલ્લાહ તઆલા તમામ જગ્યાએ મૌજૂદ છે, તેમ છતાં દુઆ માટે આસમાન તરફ હાથ ઉપાડીને દુઆ માંગવાનું કારણ

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે તમારામાંથી કોઈ માણસ નમાઝ પુર્ણ કરે ત્યારે આસમાન તરફ હાથ ઉપાડીને દુઆ કરે. ત્યારે સબાના રહેવાસી એક માણસે પુછયું યા અમીરલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ! શું અલ્લાહ દરેક જગ્યાએ મૌજૂદ નથી ? આપે ફરમાવ્યું હા, છે. ત્યારે તેણે કહ્યું તો પછી આસમાન તરફ હાથ શા માટે ઉઠાવવામાં આવે છે ? આપે ફરમાવ્યું શું તે કુરઆનમાં આ આયત નથી પડી ? (સૂરએ ઝારીયાત /

આ. ૨૨) 'અને આકાશમાં પણ તમારી રોઝી મૌજુદ છે, અને તે વસ્તુઓ કે જેનાથી તમને ડરાવવામાં આવે છે.'

આમ જયાં રિઝક છે ત્યાંથી જ રિઝક (રોઝી) માંગવી જોઈએ. અને અલ્લાહ તઆલાએ આસમાનમાંથી આપવાનો વાયદો કર્યો છે.

## (૧૮૮) શરાબ પીનારની નમાઝ ચાલીસ દિવસ સુધી હિસાબમાં ગણાતી ન હોવાનું કારણ

રાવી કહે છે કે અમે લોકોએ નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પુછયું કે શરાબ પીનારની નમાઝ ચાલીસ દિવસ સુધી હિસાબમાં ગણાતી નથી તેનું કારણ શું ? આપે જવાબ આપ્યો આ હદીસના રાવીઓની રિવાયત સાચી છે. રાવીએ પુછયું તેવા માણસની નમાઝ ચાલીસ દિવસ માટે હિસાબમાં લેવામાં નહીં આવે તેનું શું કારણ ? તેનાથી ઓછા કે વધારે દિવસ શા માટે નહીં ? આપે જવાબ આપ્યો કે જયારે ઇન્સાનને પૈદા કરવામાં આવે છે ત્યારે તે ચાલીસ દિવસ

સુધી નુત્ફા (વીર્યબિંદુ)ના સ્વરૂપમાં રહે છે. પછી અલ્લાહ તેને બીજી હાલતમાં બદલે છે. ત્યારે ચાલીસ દિવસ સુધી તે ઇલ્કહ રહે છે. ફરી તેની હાલત બદલાય છે. અને ચાલીસ દિવસ સુધી માંસનો લોચો (લોથડો) જયારે કોઈ માણસ શરાબ પીવે છે ત્યારે તેના મુત્રાશય (કિડની)માં ચાલીસ દિવસ સુધી શરાબ રહે છે. આ એટલો સમયગાળો છે જે સમયમાં બાળક પૈદા થવાના તબકકામાં હોય છે. એવી રીતે માણસના ખોરાક, ખાદ્યપદાર્થ અને પીણું ચાલીસ દિવસ શરીરમાં રહે છે.

(આ કારણથી શરાબ પીનારાની નમાઝ ચાલીસ દિવસ સુધી હિસાબમાં લેવાતી નથી.

## (૧૮૯) રૂજુએ કલ્બ (એકાગ્રતા, આજેઝી અને વિનમ્રતા) સાથે નમાઝ પડવાના હુકમનું કારણ અને માથુ નમાવીને અથવા અશાંત-અસ્થિર મને નમાઝ પડવા માટે ઊભા રહેવાની મનાઈનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું તમો લોકો માટે જરૂરી છે કે સંપૂર્ણ રૂજુએ કલ્બ (સંપૂર્ણ એકાગ્રતા) સાથે નમાઝ પડો. કારણ કે

નમાઝના જેટલા ભાગમાં રૂજુએ કલ્બ હશે તેટલો ભાગ નમાઝમાં મહબુબ (પ્રિય) ગણાશે. તમારા માથા, હાથ અને દાઢી સાથે રમત (ચાળા) ન કરો. નમાઝની હાલતમાં દિલમાં કોઈ બીજી (ઇબાદત સિવાયની) વાત ન વિચારો. આળસ કે ઉહકારા ન કરો. આવુ કાર્ય યહુદીઓ કરે છે. અલ્હમ્દની સુરા પુરી થયા પછી આમીન ન કહો, અલબત્ત "અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન" કહી શકો છો. નમાઝની હાલતમાં "ઢાટા" ન બાંધો (આ શબ્દ ઉપર દાઢી ઉપર બાંધવામાં આવતા

કપડા માટે વાપરવામાં આવે છે, જે સામાન્ય રીતે દાઢીના વાળ બેસારવા માટે બાંધવામાં આવે છે.) નમાઝમાં શરમાળપણુ ન દર્શાવો. નમાઝ માટે આળસ સાથે, ઊંઘની હાલતમાં નમાઝને એક બોજો સમજીને ન ઊભા રહો. કારણ કે આમ કરવું એ નિફાકની નિશાની છે. અલ્લાહ તઆલાએ નશાની હાલતમાં એટલે કે ઊંઘના નશાની હાલતમાં પણ નમાઝ માટે ઊભા રહેવાની મનાઈ ફરમાવી છે.

મુનાફિકો માટે આ વિષયની કુરઆને મજીદની આયત છે કે બેશક દાંભિકો

અલ્લાહને ધોકો આપવાના પ્રયત્નો કરે છે. પણ તે (અલ્લાહ) તેમને જ ધોકો આપનાર છે, અને જે વેળા તેઓ નમાઝ માટે ઊભા થાય છે તો આળસાઈથી ઊભા થાય છે. લોકોને દેખાડવા માટે જ ઊભા થાય છે. અને અલ્લાહનો ઝિક્ર ઘણો જ થોડો કરે છે. (સૂરએ નિસા / આયત નં ૧૪૨)

## (૧૯૦) નમાઝે શબ પડનારના ચહેરા ઉપર રોનક હોવાનું કારણ

હઝરત ઇમામ અલી ઇબ્નુલ હુસૈન ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)થી

રિવાયત છે કે આપને પુછવામાં આવ્યું કે નમાઝે શબ પડનારના ચહેરા અન્ય તમામ લોકોના ચહેરા કરતાં રોનકદાર અને પ્રકાશિત (પૂર-નૂર) શા માટે હોય છે ? ત્યારે આપે ફરમાવ્યું કે એ લોકો અલ્લાહ તઆલા સાથે એકાંતમાં વાતચીત કરે છે, તેથી અલ્લાહ તઆલા તેને પોતાના નુરનો પોશાક પહેરાવી દે છે.

## (૧૯૧) ઝકાતનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ અબુલ હસન (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા

કે ઝકાત ફકીરોનો ખોરાક (બને) દોલતમંદોના માલમાં વધારો થાય તે કારણે રાખવામાં આવી છે.

(૧૯૨) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ જેવી રીતે નમાઝને વાજીબ કરી છે, તેવી જ રીતે ઝકાતને પણ વાજીબ કરી છે. જો કોઈ માણસ ઝકાતને જાહેર કરીને આપે તો તેનો કોઈ દોષ નથી. અલ્લાહ તઆલાએ દોલતમંદોના માલમાં એટલી જ ઝકાત ફર્ઝ કરી છે. જેટલી ફકીરો માટે પૂરતી થાય. અને

અલ્લાહ એમ જાણતો હોત કે આટલી ઝકાત (ની રકમ) ફકીરો માટે પૂરતી નહીં થાય તો તે તેનાથી વધારે (રકમ) ઝકાત ફર્ઝ કરત.

## ખુમ્સ

### (૧૯૩) શિયાઓ માટે ખુમ્સ હલાલ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવતા હતા કે તમામ લોકો અમારી ઉપર ઝુલ્મ કરીને ઝૂંટવેલી વસ્તુઓથી જીવન વિતાવી રહ્યા છે. પરંતુ અમે અમારા શિયાઓ માટે તે હલાલ કરેલ છે.

### (૧૯૪) ખુમ્સ લેવાની ઇજાઝતનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું હું તમો લોકો

પાસેથી દીરહમ (પૈસા) એ માટે સ્વિકારૂ છું. હકીકતમાં હું મોટા ભાગના મદીનાવાસીઓ કરતાં વધારે દૌલતમંદ છું. તેનું (મારૂં પૈસા સ્વિકારવાનું) કારણ ફકત એ છે કે હું ઇચ્છુ છું કે તમે લોકો પાક રહો.

## (૧૯૫) રોઝાની હાલતમાં એહતેલામ (સ્વપ્નદોષ) થવાથી રોઝો બાતિલ થતો નથી. જયારે મુબાશેરત (હમ બીસ્તરી) કરવાથી રોઝો બાતિલ થઈ જાય છે. તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે એહ્તેલામને કારણે રોઝેદારનો રોઝો તુટતો નથી. (બાતિલ થતો નથી.) પણ મુબાશેરત અને હમ બીસ્તરી (સ્ત્રીસંગ)થી રોઝો તુટી જાય છે ? આપે જવાબ આપ્યો કે હમ બીસ્તરી અને મુબાશેરત એ માણસનું પોતાનું કામ છે, જયારે એહ્તેલામ એ આપમેળે (કુદરતી રીતે) થઈ જાય છે. (તેથી રોઝો તુટતો નથી.)

## (૧૯૬) રોઝાની હાલતમાં પત્નીને ચુંબન કરવું મકરૂહ હોવાનું કારણ

એક વખત એક માણસ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી કે રોઝાની હાલતમાં ચુંબન કરી શકુ છું ? આપે ફરમાવ્યું અય શખ્સ ! તારા રોઝા ઉપર રહેમ કર. (એટલે કે તારા રોઝાને ખરાબ શા માટે કરે છે ?) એ માટે કે તું ફકત એટલેથી જ અટકીશ નહીં.

**(૧૯૭) જો કોઈ પોતાના બિરાદરે મોઅમિન પાસે મુસ્તહબ રોઝો રાખીને જાય અને મોઅમિન બિરાદરની (ખુશી) માટે રોઝો**

તોડી નાખે તો તેના માટે બે (ડબલ) સવાબ છે.

કેટલાકને સાદેકીન (અલય્હેમુસ્સલામ)એ ફરમાવ્યું જો કોઈ મુસ્તહબ રોઝો રાખીને પોતાના કોઈ બિરાદરે મોઅમિનની પાસે જાય પરંતુ (તેની) ખુશી માટે રોઝો ઇફતાર કરે તો તેને બમણો સવાબ મળશે. (૧) રોઝાની નિય્યતનો અને (૨) બીજો તેને (પોતાના બિરાદરે મોઅમિનને) ખૂશ કરવાનો.

(૧૯૮) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે

આપ ફરમાવતા હતા કે કોઈ બિરાદરે મુસ્લિમના ઘરે તારૂ ઇફતાર કરવું, તે તારા રોઝા કરતાં સિત્તેર ગણુ અફઝલ છે, અથવા તો ફરમાવ્યું કે નેવુ ગણુ અફઝલ છે.

(૧૯૯) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે જે માણસે (મુસ્તહબ) રોઝો રાખ્યો હોય અને તે પોતાના ભાઈના ઘરે જાય અને ત્યાં ઇફતાર કરે અને એ ન જણાવે કે પોતે રોઝો રાખ્યો છે, તો અલ્લાહ તેના નામએ આમાલમાં એક રોઝાનો સવાબ લખશે.

## (૨૦૦) શબે કદ્ર દર વર્ષે આવતી હોવાનું કારણ

એક માણસે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને શબે કદ્ર વિશે પુછયું કે શબે કદ્ર માત્ર એક જ વખત આવી ચુકી કે દર વર્ષે શબે કદ્ર આવતી રહે છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે જો શબે કદ્ર ઉઠી જાય તો સમજી લો કે કુરઆન ઉઠી ગયું.

## (૨૦૧) માહે રમઝાનમાં રોઝા રાખનાર ઉપર ઈદુલ ફિત્રની રાતે મગફેરત નાઝિલ થવાનું કારણ

હસન બિન રાશીદે કહ્યું મેં ઇમામની ખિદમતમાં અર્ઝ કરી હું આપ પર કુરબાન થાઉં. લોકો એમ કહે છે કે જે માણસ માહે રમઝાનમાં રોઝા રાખે છે, તેની ઉપર શબે કદ્રમાં મગફેરત (તેની બક્ષિસ) નાઝિલ થાય છે ? (આ બારામાં હકીકત શું છે ?) આપે ફરમાવ્યું અય હસન ! જે મઝદૂરને મઝદૂરી માટે રાખવામાં આવે છે, તેને તેનું કામ પુરૂ થવા પછી મઝદુરી ચુકવવામાં આવે છે. તે (રોઝેદાર માણસની મગફેરતની) રાત ઈદુલ ફિત્રની છે. મેં અર્ઝ કરી હું આપની ઉપર

કુરબાન થાઉં લોકો ઈદુલ ફિત્રની રાતે શું અમલ કરે ? આપે ફરમાવ્યું સુર્ય અસ્ત થાય ત્યારે ગુસ્લ કરો અને જયારે મગરીબની ત્રણ રકાત (વાજીબ) નમાઝ પડી લ્યો, ત્યારે તમારા બંને હાથ આસમાન તરફ ઉપાડી કહો.

“યા ઝલ મન્ને વત્તવલે યા ઝલજૂદે વલ એહસાને યા મુસ્તફા મોહમ્મદીન વ નાસેરહુ સલ્લે અલા મોહમ્મદિંન વ આલે મોહમ્મદ વગફિરલી કુલ્લ ઝમ્બીન અહસયતહુ વ હોવ ઇન્દક ફી કિતાબિમ્મોબીન”

(અય બક્ષિસ અને ફૈઝના માલિક ! અય કુવ્વત અને તાકાતના માલિક ! અય બક્ષિસ અને મહેરબાનીના માલિક ! અય મોહમ્મદને ચુંટી કાઢનાર ! અને તેની મદદ કરનાર ! તું તારા મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ પર અને તેમની એહલેબૈત પર તારી રહમત નાઝિલ ફરમાવ. તું મારા એ ગુનાહોને બક્ષી આપ, જે મને યાદ હોય અને જે હું ભુલી ગયો છું (એ તમામ ગુનાહોને માફ કરી દે.) પરંતુ એ

સઘળા ગુનાહો તારી પાસે કિતાબ મરકુમમાં (લખેલા) છે.)

ઉપર મુજબની દુઆ પડીને તરત જ સજદામાં જાય અને સજદાની હાલતમાં ૧૦૦ વખત "અતૂબો એલલ્લાહ" પડીને પોતાની હાજત માટે દુઆ કરે.

## (૨૦૨) સમગ્ર ઉમ્મતને અલ્લાહ તઆલાએ ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહાની તૌફીક ન આપી હોવાનું કારણ

હઝરત અબુ જઅફરે સાનીથી રિવાયત છે કે મેં વિનંતી કરી, હું આપની ઉપર કુરબાન

થાઉં, સમગ્ર ઉમ્મત વિશે આપ શું ફરમાવો છો ? એ માટે કે એમ રિવાયત કરવામાં આવી છે કે તેઓને રોઝાની તૌફીક નહીં થાય ? આપે ફરમાવ્યું એ લોકો વિશે ફરિશ્તાઓની બદદુઆ કબૂલ થઈ છે. મેં અર્ઝ કરી હું આપના પર કુરબાન થાઉં, એ કેવી રીતે ? આપે ફરમાવ્યું જયારે લોકોએ હઝરત હુસૈન બિન અલી (અલય્હિસ્સલામ)ને કત્લ કરી નાખ્યા ત્યારે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને હુકમ આપ્યો કે તે મોટા અવાજે એલાન કરે કે એ ઝાલિમ અને તમારા નબીની ઇતરતને કત્લ

કરનારી ઉમ્મત, તમને અલ્લાહ તઆલા રોઝા અને ઈદુલ ફિત્રની તૌફીક ન આપે, બીજી હદીસમાં છે કે ઈદુલ ફિત્ર કે ઈદુલ અઝહાની તૌફીક ન આપે.

(૨૦૩) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે જયારે હઝરત ઇમામ હુસૈન ઇબ્ને અલી (અલયહિસ્સલામ) ઉપર તલવારનો ઘા કરવામાં આવ્યો અને તેઓ જમીન પર પડી ગયા તો એ લોકો તેમના સર (માથા)ને કાપવા દોડયા ત્યારે આસમાનથી એક અવાજ

કરનારે એલાન કર્યું, અત્યાચારી અને ઘાતકી અને પોતાના નબી પછી ગુમરાહ થઈ જનારી ઉમ્મત, અલ્લાહ તઆલા તને ઈદુલ ફીત્ર કે ઈદુલ અઝહાની તૌફીક ન આપે. રાવીનું બયાન છે કે ત્યાર પછી ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું ખુદાની કસમ, એ કારણથી તેઓ પાસેથી ખુને હુસૈન (અલયહિસ્સલામ)નો બદલો લેવામાં નહીં આવે ત્યાં સુધી તેઓને તૌફીક આપવામાં નહીં આવે.

## (૨૦૪) ઈદના પ્રસંગે આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના ગમ અને ઉદાસીનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ) ફરમાવે છે કે આપે સહાબીને ફરમાવ્યું એ અબ્દુલ્લાહ મુસલમાનોની ઈદુલ અઝહા કે ઈદુલ ફિત્ર જે પણ ઈદ આવે છે, તે આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના ગમને તાજો કરી નાખે છે. સહાબીએ પુછયું કે શા માટે ? આપે જવાબ

આપ્યો કે એ લોકો પોતાના હકને ગૈર લોકોના હાથમાં જુવે છે ત્યારે દુ:ખી થાય છે.

## (૨૦૫) ફીત્રો આપવાનું કારણ

મોઅતબે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરી કે તેમણે બયાન કર્યું કે આપ જનાબ (અલયહિસ્સલામ)એ મને ફરમાવ્યું જાવ, મારા તમામ અયાલ (કુટુંબીજનો) તરફથી ફિત્રો અદા કરો. મારા તમામ ગુલામ તરફથી પણ (ફિત્રો) અદા કરો. તેમાંના કોઈ એક પણ રહી ન જાય. જો તેમાંના કોઈ એકનો પણ

ફિત્રો આપવાનો રહી જશે, તો મને ડર છે કે તેનું મૌત ન થઈ જાય.

(૨૦૬) ઇસ્હાક બિન અમ્મારે અબી ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)થી રિવાયત કરી છે કે મેં આપને પુછયું કે અમારા પાડોશમાં ગેર શિયા ફકીરો છે, શું તેમને સદકો-ફીત્રો આપી શકાય ? આપે જવાબ આપ્યો કે પાડોશી તેમની નિકટતાને લીધે વધારે મુસ્તહક છે.

### (૨૦૭) ગુનાહે કબીરા અને તે હરામ થવાનું કારણ

.... એક વખત ઉમર બિન ઉબૈદ બસરી હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં આવ્યા. સલામ કરીને બેસી ગયા. તેઓએ આપની ખિદમતમાં આ આયતની તિલાવત કરી, “વલ્લઝીન યજતનેબૂન કબાએરલ ઇસ્મે વલ ફાહેશ...” (સૂરએ શૂરા / આયત નં ૩૭)

“એ લોકો કે જેઓ ગુનાહે કબીરાથી (ગુનાહ અને નિર્લજ કાર્યોથી) બચે છે.” ત્યારપછી ચુપ થઈ ગયા. આપે પુછયું કેમ ચુપ થઈ ગયા ? તેઓએ કહ્યું કે મારી ઇચ્છા

છે કે આપ ગુનાહે કબીરાનો પરીચય કુરઆનથી કરાવો. આપે ફરમાવ્યું અય ઉમરૂ સાંભળો.

(૧) શિર્ક : સૌથી મોટા ગુનાહને કબીરા શિર્ક બિલ્લાહ (અલ્લાહની ઝાતમાં શિર્ક કરવું તે) છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે (સૂરએ માએદહ / આ. નં ૭૨) “મંય્યુશરીક બિલ્લાહે ફકદ હર્રમલ્લાહો અલયહિલ જન્નત વમાઅવા હુન્નાર” (બેશક અલ્લાહની સાથે કોઈને શરીક કરશે તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી છે. તેનું ઠેકાણું અગ્નિ છે.)

(૨) અલ્લાહની રહમતથી નિરાશ થવું.

“વલા તયઅસુ મિર રવ્હીલ્લાહ. ઇન્નહૂલા યયઅસો મીર રવ્હીલ્લાહે ઇલ્લલ કવ્મૂલ કાફેરૂન”

(સૂરએ યૂસુફ / આયત નં ૮૭) (બેશક અલ્લાહની રહેમતથી નાસ્તિકો સિવાય કોઈ નિરાશ થતું નથી.)

(3) અલ્લાહના (ગૈબી ઇન્તકામના) કોપથી પોતાને સુરક્ષિત સમજવું

“અફ અમેનૂ મકરલ્લાહે ફલા યઅમનો મકરલ્લાહે ઇલ્લલ કવ્મુલ ખાસેરૂન”

(સૂરએ અઅરાફ / આયત નં ૯૯) (શું ત્યારે તેઓ અલ્લાહના દાવપેચથી નિશ્ચિત થઈ ગયા છે ? જોકે અલ્લાહના દાવપેચથી માત્ર હાનિ ભોગવનારાઓ સિવાય કોઈ નિશ્ચિત રહેતો નથી.)

(૪) મા બાપની નાફરમાની કરવી

(સૂરએ મરયમ / આયત નં ૩૨) "વ બરરન વાલેદતી વલમ યજઅલની જબ્બારન શકીય્યા." (અને મને મારી માની સેવા કરનાર બનાવ્યો છે. અને મને શિરજોર અને હતભાગી બનાવ્યો નથી.)

(૫) કોઈ માણસને નાહક કત્લ કરવો

(સૂરએ નિસા / આયત નં ૯૩) અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે “વમંય યકતુલ મુઅમેનમ મુતઅમ્મેદુન ફજઝાઓહુ જહન્નમો ખાલેદન ફીહા વ ગઝેબલ્લાહો અલય્હે....” (અને જો જાણી જોઈને કોઈ મોઅમિનને મારી નાખે તો તેની સજા જહન્નમ છે, તેમાં તે હંમેશ માટે રહેશે...)

(૬) પાક દામન સ્ત્રી ઉપર ઝીના (વ્યભિચાર)નો આક્ષેપ મુકવો

(સૂરએ નૂર / આયત નં ૨૨) “ઇન્નલ લઝીન યરમુનલ મોહ્સનાતીલ ગાફેલાતીલ મુઅમેનાતે લાએનુ રીદદુન્યા વલ આખેરતે વલહુમ અઝાબુન અઝીમ.”

(નિસંશય જે લોકો પોતાની પવિત્રતા બેખબર (નિર્દોષ) મોઅમિન સ્ત્રીઓ પર અનિતીનો આરોપ મુકે છે, તેમના પર દુનિયામાં લાનત કરવામાં આવી છે. અને આખેરતમાં પણ, અને તેમના માટે ઘણો મોટો અઝાબ છે.)

(૭) યતીમોનો માલ ખાવો

(સૂરએ નિસા / આયત નં ૧૦) “ઇન્નલ્લઝીન યઅકોલૂન અમ્વાલલ યતામા ઝુલ્મન ઇન્નમા યઅકોલૂન ફી બોતૂનેહીમ નારા.”

(નિસંશય જેઓ જોર ઝુલ્મથી યતિમોનો માલ ખાઈ જાય છે, તેઓ પોતાના પેટમાં અંગારા જ ભરે છે અને બહુ જ જલ્દી તેઓ ધગધગતી આગ (નો અઝાબ) પામશે.)

(૮) જેહાદમાંથી ભાગી જવું

(સૂરએ અન્ફાલ / આયત નં ૧૬) “વમંય યોવલ્લેહીમ યવ્મએઝીન દોબોરહૂ ઇલ્લા મોતહરરેફન લેકેતાલીન અવ મોતહય્યેઝન

એલા ફેઅતની ફકદ બાઅ યગબઝીમ મેનલ્લાહે વમાઅવાહો જહન્નમ. વબેઅસલ મસીર.”

(અને તે (લડાઈના) દિવસે જે (કોઈ) પાછી લડાઈ લડવાના હેતુથી માર્ગ કાપીને જતો હોય અથવા બીજા (મોઅમિન) ટોળા સાથે મળી જવાના હેતુથી ફર્યો હોય તેના સિવાય જે પોતાની પીઠ દેખાડશે તે ખચીતજ અલ્લાહના કોપને પાત્ર થશે અને તેનું સ્થાન જહન્નમ છે, અને તે ઘણું જ બુરૂ રહેઠાણ છે.)

(૯) વ્યાજ ખાવું

(સૂરએ બકરહ / આયત નં ૨૭૫) “અલ્લઝીન યઅ કોલુનર રેબા લા યકુમુન ઇલ્લા કમા યકુમુલ્લઝી યતખબ્બતોહુશ્શયતાનો મેનલ મસ્સ” (જે લોકો રિબાઅ (ભારે વ્યાજ) ખાય છે તેઓ (કબરમાંથી નિકળી) ઊભા થશે નહીં પણ જેમકે જેને શયતાને અડકીને ચકભ્રમ કરી નાખ્યો હોય (હોશ અને હવાસ આચકી લીધા હોય)

(૧૦) જાદુ ટોણા કરવા

(સૂરએ બકરહ / આયત નં ૧૦૨) "વલકદ અમેલૂ લમનીશતરાહો માલહૂ ફીલ આખેરતે મિન ખલાક"

.....જે કોઈ આ (જાદુઈ વસ્તુઓ)નો ખરીદનાર હશે તેના માટે આખેરતમાં કોઈ લાભ નહીં હોય.

(૧૧) ઝીના

(સૂરએ ફુરકાન / આયત નં ૬૮/૬૯) "વમંય યફઅલો ઝાલેક યલક અસામા. યઝાઅફ લહુલ અઝાબો યવમલ કયામતે વયઅલુદ ફીહે મોહાના"

(.....અને ન તો વ્યભિચાર કરે છે અને જે કોઈ એવુ કૃત્ય કરશે તો તેનો યોગ્ય બદલો તે અવશ્ય પામશે. કયામતના દિવસે તેનો અઝાબ તેના માટે બમણો કરી દેવામાં આવશે. અને તે હંમેશને માટે ઝલીલ થઈ તેમાં જ રહેશે.)

(૧૨) જુઠી કસમ ખાવી

(સૂરએ આલે ઇમરાન / આયત નં ૭૭) "ઇન્નલ્લઝીન યશ્તરૂન બે અહ્દીલ્લાહે વ અયમાનેહીમ સમનન ઉલાએક લા ખલાક લહુમ ફીલ આખેરતે....”

(બેશક, જે લોકો અલ્લાહને (આપેલા) વાયદા તથા પોતાની સોગંદોના બદલામાં નજીવી કિંમત (દુન્યવી બદલો) લઈ લે છે. (તેઓ) એ જ તો છે કે જેમના માટે આખેરતમાં કાંઈ ભાગ નથી.

(૧૩) ખયાનત

(સૂરએ આલે ઇમરાન / આયત નં ૧૬૦) “....વમંય યગ્લુલ યઅતે બેમા ગલ્લ યવ્મલ કેયામહ”

(અને જે કોઈ છૂપી રીતે કોઈ વસ્તુ પચાવી પાડશે તો કયામતના દિવસે તે તેને જાહેર કરવી પડશે.)

(૧૪) ઝકાત આપવાનો ઇન્કાર કરવો : (ઝકાત રોકવી)

(સૂરએ તૌબા / આયત નં ૩૫)

(પછી તે વડે તેમના કપાળ, તેમના પાસા તથા તેમની પીઠોને ડામવામાં આવશે.)

(૧૫) જૂઠી ગવાહી આપવી અને સાક્ષી છૂપાવવી

“વમંય યકતુમ્હા ફઇન્નહૂ આસેમૂન કલ્બોહ” (અને તમે પૂરાવાને સંતાડો નહીં, અને જે તે (પૂરાવા)ને સંતાડશે તેનું અંત : કરણ નિસંશય પાપિષ્ટ છે.)

(૧૬) શરાબખોરી

અલ્લાહ તઆલાએ શરાબખોરીની પણ બૂત પરસ્તીની જેમ મનાઈ ફરમાવી છે. (સૂરા નં ૨, સૂરએ બકરહ / આયત નં ૨૧૯)

(૧૭) નમાઝ અથવા અલ્લાહ તઆલાએ ફર્ઝ કરેલી કોઈ બાબત છોડવી

હઝરત રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જે કોઈ જાણી જોઈને નમાઝને કઝા કરે, છોડી દે તો સમજી લ્યો કે અલ્લાહ કે તેના રસૂલ કોઈ તેના માટે જવાબદાર નથી. (એટલે ખુદા અને તેના રસૂલની અમાનમાંથી તે બહાર થઈ જશે.)

(૧૮) વાયદાનો ભંગ કરવો : (વચન તોડવું)

(૧૯) કત્એ રહ્મ : (સગા વ્હાલા સાથે સંબંધ તોડી નાખવો)

“ઉલાએકા લહોમુલ્લઅનતો વલહુમ સુઉદ્દાર.... ”

(તેઓ એ જ લોકો છે તેમના માટે લઅનત છે અને આખેરતનું તેમના માટે બુરૂં ઘર પણ છે.)

## (૨૦૮) સૌ પ્રથમ ઘોડે સવારી કરનાર કોણ?

હઝરત ઇમામ રઝા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું સૌથી પહેલાં ઘોડે સવારી કરનાર હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) હતા. એ પહેલાં ઘોડાઓ જંગલી હતા. એ વખતે ઘોડા ઉપર સવારી કરવામાં આવતી ન હતી. અલ્લાહ તઆલાએ મીનાની પહાડીમાં હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) માટે ઘોડા ઉપલબ્ધ કર્યા. (અમૂક પ્રકારના ઘોડાને)

અરબી ઘોડા એ માટે કહેવામાં આવે છે કે તે ઘોડા ઉપર સૌ પ્રથમ હઝરત ઇસ્માઈલ (અલયહિસ્સલામ)એ સવારી કરી હતી.

## (૨૦૯) અભિમાન કરનારા માટે

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની સામે બે માણસોએ અભિમાનની વાત કરી, ત્યારે આપે ફરમાવ્યું તમે બંને તમારા જીર્ણ શરીર અને એવી રૂહ માટે ફખ્ર (અભિમાન) કરી રહ્યા છો જે

જહન્નમમાં જવાની છે. જો તમારામાં અકકલ હોત તો ખુલ્ક (સદવર્તન) હોત, જો તમારામાં તકવા હોત તો તમારામાં કરમ (મહેરબાની) હોત. નહીંતર ગધેડા અને હાથી તમારાથી સારા હોત, તમે તો તેવા કોઈથી (તેનાથી) પણ ખરાબ છો.

## (૨૧૦) હઝરત લુકમાનની વસીયત કયાં બેસવું, કયાં ન બેસવું તેના કારણ

હઝરત લુકમાને તેમના ફરઝંદને વસીયત કરી કે અય બેટા બેઠકની પસંદગી તારી આંખોથી જોઈને કર. એમ જો કે કોઈ બેઠકમાં

લોકો અલ્લાહ તઆલાનો ઝિક્ર કરી રહ્યા છે, તો તેવા લોકોની સાથે બેસી જા. જો તું સાહેબે-ઇલ્મ (ઇલ્મ ધરાવનાર) હોઈશ તો તેઓથી તને ફાયદો થશે. એ લોકો તારા ઇલ્મમાં વધારો કરશે. જો તું ઝાલિમ હોઈશ તો એ લોકો તને તાલિમ આપશે. અને શકય છે કે એ લોકો ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય અને તું પણ એ લોકો સાથે શામિલ થઈ જાય. જો તું એમ જો કે એ બેઠકમાં લોકો અલ્લાહનો ઝિક્ર નથી કરી રહ્યા તો તેવા લોકોની બેઠકમાં હરગીઝ બેસતો નહીં. કારણ કે જો તું સાહેબે

ઇલ્મ હોઈશ તો ત્યાં બેસવાથી તારા ઇલ્મમાં કોઈ ફાયદો (વધારો) નહીં થાય. જો તું જાહિલ હોઈશ તો તે લોકો તારી જેહાલતમાં વધારો કરી દેશે. શકય છે કે તેઓ ઉપર અઝાબ નાઝિલ થાય અને તું પણ તેમની સાથે અઝાબની ઝપટમાં આવી જાય.

## (૨૧૧) ઇમામને શું પુછવું ?

... એક દિવસ એક માણસે હઝરત ઇમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને વિનંતી કરી કે મારો એક ફરઝંદ છે, જે આપને ફકત હરામ-હલાલ (શું છે તે) પૂછવા માંગે છે. તે

આપને નિરર્થક અને હેતુ વગરની વાતો નહીં પુછે. આપે ફરમાવ્યું શું હલાલ અને હરામથી શ્રેષ્ઠ પણ કોઈ બાબત છે ? જેના વિશે લોકો સવાલ કરે.

## (૨૧૨) કયામતના દિવસે આબિદ અને આલિમના કાર્યો શું હશે ?

... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે જયારે કયામતનો દિવસ હશે ત્યારે અલ્લાહ તઆલા આલિમ અને આબિદ બંનેને કબ્રમાંથી ઉઠાડશે. જયારે એ બંને અલ્લાહ તઆલાની બારગાહમાં

ઊભા રહેશે ત્યારે આબિદને કહેવામાં આવશે કે તમે જન્નતની તરફ જાવ અને આલિમને કહેવામાં આવશે કે રોકાઈ જાવ તમે જે લોકોને શ્રેષ્ઠ કેળવણી આપી (અદબ શીખવાડેલ) હોય (એટલે કે તરબીયત કરી હોય, તાલિમ આપી હોય, નેકીનો રસ્તો દેખાડયો હોય) એવા લોકોની શફાઅત કરો.

## (૨૧૩) આલિમને કેવી રીતે ચકાસવા ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે તમે કોઈ આલિમને જુઓ કે તેને દુનિયાથી

મોહબ્બત છે, તો તેનાથી તમારા દીનને બચાવો. કારણ કે જે વ્યક્તિ જે (વસ્તુ-બાબત) સાથે મોહબ્બત કરતો હોય તેની આજુ બાજુમાં ચકકર લગાવ્યા કરતો હોય છે. આગળ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત દાઉદ (અલય્હિસ્સલામ)ને વહી કરી કે તમે મારી અને તમારી વચ્ચે એવા આલિમને ન રાખો જે દુનિયાનો આશિક હોય. નહીંતર તે તમને મારી મોહબ્બતના રસ્તાથી અટકાવી દેશે. કારણ કે એ મારી મોહબ્બતનો ઈરાદો રાખનાર બંદાઓને રસ્તામાં લુટી લે છે. તેવા

આલિમો સાથે મારો ઓછામાં ઓછો (નાનામાં નાનો) વર્તાવ એ હશે કે હું તેઓના દિલમાંથી મુનાજાત (અલ્લાહ તઆલાની હમ્દો સના)ની લઝઝત અને મીઠાસ ખેંચી લઈશ. (એટલે કે તેવા આલિમોને મુનાજાતમાં લઝઝત કે મીઠાસ નહીં લાગે.)

## (૨૧૪) અલ્લાહ તઆલાએ ખાનએ કાઅબા બયતુલ હરામને લોકોના ઊભા રહેવા હાજર રહેવા માટે બનાવવાનું કારણ

... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જયાં સુધી

ખાનએ કાબા કાયમ રહેશે ત્યાં સુધી દીન કાયમ રહેશે.

## (૨૧૫) બયતુલ્લાહ (ખાનએ કાબા બનાવવાનું કારણ)

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું લોકો હજને રદ કરે અને હજ કરવાનું છોડી દે તો ઇમામ ઉપર એ વાજીબ છે કે ઇમામ લોકો ઉપર હજ કરવા માટે બળજબરી કરે, ભલે પછી લોકો હજ કરવા ઇચ્છતાં હોય કે હજ કરવાનો ઇન્કાર

કરતાં હોય. કારણ કે આ ઘર (બયતુલ્લાહ) હજ કરવા માટે જ બનાવવામાં આવ્યું છે.

## (૨૧૬) બયતુલ્લાહ પૃથ્વી (જમીન)ની વચ્ચે હોવાનું કારણ

હઝરત અબુલ હસન (અલયહિસ્સલામ)એ ખાનએ કાબાનું જમીનની વચ્ચે બનાવ્યું હોવાના કારણમાં આ પણ લખ્યું કે આ એ જગ્યા છે જેની નીચેથી જમીન પાથરવામાં આવી, દુનિયામાં જે પણ હવા પ્રસરે છે તે રૂકને શામીની નીચેથી નિકળે છે અને આ જ જમીનનો પવિત્ર ટુકડો છે જે જમીનમાં પહેલાં

બનાવવામાં આવ્યો કારણ કે આ વચ્ચે છે. પૂર્વ વાસીઓ અને પશ્ચિમ વાસીઓ બંને માટે તેનું અંતર સરખું છે.

## (૨૧૭) મકકાનું નામ મકકા કયા કારણોસર રખાયું ?

હઝરત અબુલ હસન રઝા (અલયહિસ્સલામ)એ આ પ્રશ્ન કે મકકાનું નામ મકકા શા માટે રાખવામાં આવ્યું ? તે (પ્રશ્ન)ના જવાબમાં લખ્યુ કે મકકાનું નામ મકકા એ માટે પડી ગયું હતું કે લોકો ત્યાં જઈને સીટી વગાડતા હતા અને જે કોઈ ત્યાં

જતુ કે તેના માટે એમ કહેવાતુ કે તેણે સીટી વગાડે છે. તે માટે અલ્લાહ તઆલાનો કૌલ છે કે (સૂરએ અન્ફાલ / આયત નં ૩૫) “વમા કાન સલાતોહુમ ઇન્દલ બયતે ઇલ્લા મોકાઅંવ વ તસ્દેયહ.” (અને બયતુલ્લાહ પાસે તેમની નમાઝ સીટી વગાડવા અને તાળીઓ પાડવા સિવાય બીજુ કંઈ નથી.) ઉપરની આયતમાં મોકાઅંવનો અર્થ સીટી વગાડવી અને તસ્દીય્યહનો અર્થ તાળીઓ પાડવી છે.

### (૨૧૮) કાઅબાનું નામ “કાઅબા” શાથી ?

હઝરત ઇમામ હસન બિન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)થી રિવાયત છે કે ... એક દિવસ અમુક યહુદીઓ હઝરત રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા અને આપને વિવિધ બાબતો પુછી. જેમાંની એક વાત એ હતી કે કાઅબાનું નામ કાઅબા શા માટે રાખવામાં આવ્યું ? આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું એ માટે કે તે દુનિયાની વચમાં છે.

## (૨૧૯) કાઅબાનું નામ “બયતુલ્લાહુલ હરામ” શા માટે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે કાઅબાનું નામ બયતુલ્લાહુલ હરામ શા માટે રાખવામાં આવ્યું ? ત્યારે આપે ફરમાવ્યું એ માટે કે તેમાં (ખાનએ કાબામાં) મુશરીકોને દાખલ થવાની મનાઈ અને હરામ કરવામાં આવ્યું છે.

## (૨૨૦) કાઅબાનું નામ “બયતુલ અતીક” હોવાનું કારણ

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછયું કે કાબાનું નામ બયતુલ અતીક શા કારણસર રાખવામાં આવ્યું ? જવાબમાં આપે ફરમાવ્યું અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલયહિસ્સલામ) માટે હજરે અસ્વદ (કાળો પત્થર) નાઝિલ કર્યો, બયતુલ અતીક એક પાણીદાર મોતી હતું. અલ્લાહે તે મોતીને ઉઠાવી લીધું તેની જગ્યાએ ફકત તેનો પાયો (નિશાની) રહ્યો જે તેની (હજરે અસ્વદની) બરાબર સામેની બાજુએ છે. તેમાં દરરોજ એક હજાર ફરિશ્તા

દાખલ થાય છે. જે કયારેય પાછા ફરતા નથી. પછી અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઈલ (અલયહિસ્સલામ)ને તે નિશાની ઉપર ખાનએ કાબા બનાવવાનો હુકમ આપ્યો.

કાઅબાને બયતુલ અતીક એ માટે પણ કહેવામાં આવે છે કે તે (હઝરત નૂહ (અલયહિસ્સલામ)ના જમાનાના તોફાન વખતે) ડુબી જવાથી બચ્યું હતું.

(૨૨૧) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત છે કે

બયતુલ્લાહને અતીક એ માટે કહેવામાં આવે છે કે તોફાન વખતે ડુબી જવાથી બચ્યુ હતુ અને તેની સાથે હરમ પણ મુકત રહ્યુ હતુ. જેણે પાણીને રોકી રાખ્યું હતું.

## (૨૨૨) હજ અને હજની વાજીબાતોના કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત છે કે જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમની તૌબા કબૂલ કરવાનો ઇરાદો કર્યો ત્યારે તેમની પાસે હઝરત જીબ્રઈલને મોકલ્યા. જીબ્રઈલે આવીને પુછયું અસ્સલામો અલય્ક યા આદમ, અય

મુસીબત પર સબ્ર કરનાર, અય ભુલની તૌબા કરનાર, મને અલ્લાહે તમારી પાસે મોકલ્યો છે. હું આપને બે સ્થાન દેખાડીશ જેનાથી (અલ્લાહ તઆલાએ) તમારી તૌબાને કબૂલ કરવાનો ઇરાદો કર્યો છે. આમ કહીને હઝરત જીબ્રઈલે હઝરત આદમનો હાથ પકડયો અને રવાના થયા. તેઓ ખાનએ કાબા પાસે પહોંચ્યા ત્યારે આસમાનથી એક વાદળ નાઝિલ થયું. જીબ્રઈલે કહ્યું કે આ વાદળનો છાયો જયાં સુધી પડે ત્યાં સુધી તમારા પગથી લાઈન દોરો. (નિશાની કરો) પછી ત્યાંથી

આગળ ચાલ્યા, મસ્જિદે મીનામાં પહોંચ્યા ત્યાં મસ્જિદે મીનાની જગ્યા દેખાડીને નિશાની કરી. ત્યાર પછી ખાનએ કાબાની નિશાની બનાવી, અને મસ્જિદે હરામની નિશાની પણ બનાવી, ત્યાંથી અરફાત તરફ રવાના થયા. ત્યાં હઝરત આદમ (અલયહિસ્સલામ)ને મેદાને અરફાતમાં ઊભા રાખ્યા અને કહ્યું કે સાત વખત તમારી ભુલનો સ્વિકાર કરો. હઝરત આદમે તે પ્રમાણે કર્યું. તેથી તે મેદાનનું નામ અરફહ છે. એ મેદાનને અરફહ એ માટે કહેવામાં આવે છે કે તે મેદાનમાં હઝરત

આદમે તેમની ભુલ (તર્કે અવ્લા)નો સ્વિકાર કર્યો હતો. આથી અલ્લાહ તઆલાએ તેમના અને તેઓના સંતાનો માટે આ કાર્યને સુન્નત (બનાવી દીધું) કે તેઓ બધા અહીં આવીને પોતાના ગુનાહોનો સ્વિકાર કરીને ઇસ્તગ્ફાર કરે. જેવી રીતે તેમના પિતા હઝરત આદમ (અલયહિસ્સલામ)એ પોતાની ભુલનો સ્વિકાર કરીને અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબાની વિનંતી કરી હતી. તેવી જ રીતે તેઓના સંતાનો પણ એ વાત ઉપર અમલ કરે. તે પછી હઝરત જીબ્રઈલે હઝરત આદમ

(અલયહિસ્સલામ)ને કહ્યું અહીંથી જઈએ. આમ કહીને તેઓ સાત પહાડમાં થઈને પસાર થયા. હઝરત જીબ્રઈલે તેઓને દરેક પહાડ ઉપર ચાર તકબીર પડવાનું કહ્યું. હઝરત આદમે તે પ્રમાણે કર્યું. રાત્રિનો ત્રીજો (૧/3) ભાગ થયો ત્યારે તેઓ મશઅર સુધી પહોંચ્યા તેઓએ ત્યાં નમાઝે મગરીબ અને ઈશા બંને નમાઝો (ભેગી કરીને) પડી. પછી તેઓને બતહાના મૈદાનમાંથી કાંકરીઓ વિણવાનું કહ્યું એ કામ કરતાં કરતાં જ સવાર પડી ગઈ. ત્યારે કહ્યું કે મશઅરના પહાડ ઉપર ચડો અને સૂર્યોદય

થાય ત્યારે સાત વખત તમારી ભુલનો સ્વિકાર કરો. અને સાત વખત પોતાની ભુલનો અલ્લાહ તઆલા પાસે તૌબા કરીને મગ્ફેરત માટે વિનંતી કરો. હઝરત જીબ્રઈલ હઝરત આદમને જે પ્રમાણે કહેતા ગયા તે મુજબ હઝરત આદમ (અલયહિસ્સલામ) કરતાં રહ્યા. હઝરત આદમ (અલયહિસ્સલામ) માટે એ કાર્ય રાખવામાં આવ્યું. જેથી એ કાર્ય તેમની અવલાદ (માનવજાત) માટે સુન્નત બની જાય. જે માણસ અરફાતમાં ન પહોંચી શકે તેમ શઅરમાં પહોંચી જાય, તો જાણે કે તેણે હજ

પૂરી કરી લીધી. હવે હઝરત આદમ (અલયહિસ્સલામ) મશઅરથી મીના તરફ રવાના થયા અને દિવસ ચડયા પછી મીના પહોંચ્યા ત્યારે હઝરત જીબ્રઈલે કહ્યું હવે મસ્જિદે મીનામાં બે રકાત નમાઝ અદા કરો. હવે અલ્લાહની બારગાહમાં કુરબાની આપો, જેથી અલ્લાહ તઆલાની બારગાહમાં આ કુરબાની કબૂલ થઈ ગઈ, અને તે પછી હઝરત આદમ (અલયહિસ્સલામ)ની અવલાદમાં આ કુરબાની સુન્નત થઈ જાય. જયારે અલ્લાહ તઆલાની બારગાહમાં હઝરત

આદમ (અલયહિસ્સલામ)એ કુરબાનીનું જાનવર પેશ કર્યું ત્યારે અલ્લાહ તઆલાએ તેમની કુરબાની કબુલ કરી. અલ્લાહ તઆલાએ આસમાનથી એક આગ મોકલી જેનાથી એ વાતની ખાત્રી થઈ ગઈ કે હઝરત આદમ (અલયહિસ્સલામ)ની કુરબાની કબૂલ થઈ. ત્યાર પછી હઝરત જીબ્રઈલે હઝરત આદમ (અલયહિસ્સલામ)ને કહ્યું (અય આદમ) અલ્લાહ તઆલાએ તમને આ સ્થાન દેખાડીને તમારી ઉપર અહેસાન કર્યો, જેનાથી તમારી તૌબા કબૂલ થઈ ગઈ છે. હવે તમે

નમ્રતા દર્શાવવા માટે તમારા માથાના વાળ મુંડાવો, કેમકે અલ્લાહે તમારી કુરબાની કબૂલ કરી. તે પછી હઝરત આદમ (અલયહિસ્સલામ)એ પોતાની આજેઝી (નમ્રતા) વ્યકત કરવા માટે પોતાના માથાના વાળ મુંડાવ્યા. ત્યાર પછી હઝરત જીબ્રઈલ તેમનો હાથ પકડી ખાનએ કાબા તરફ લઈ ગયા. રસ્તામાં જમ્રએ ઉકબાની પાસે ઇબ્લીસ સામે મળ્યો. અને હઝરત આદમ (અલયહિસ્સલામ)ને પુછયું કે કઈ તરફ જાવ છો ? હઝરત જીબ્રઈલે કહ્યું અય આદમ આ

(ઇબ્લીસ)ને સાત કાંકરીઓ મારો. અને દરેક કાંકરી મારતી વખતે તકબીર (અલ્લાહો અકબર) કહેતા જાવ. હઝરત આદમે એ પ્રમાણે કર્યું. અને ઇબ્લીસ ચાલ્યો ગયો. બીજા દિવસે હઝરત જીબ્રઈલે તેમનો હાથ પકડયો અને જમરએ ઉલા તરફ ગયા. ત્યાં ફરી પાછો ઇબ્લીસ (શયતાન) સામે આવ્યો, ત્યારે હઝરત જીબ્રઈલે કહ્યું કે (આને) સાત કાંકરીઓ મારો અને દરેક કાંકરી મારતી વખતે તકબીર કહો. હઝરત આદમે તે પ્રમાણે કર્યું, અને ઇબ્લીસ ચાલ્યો ગયો. પછી જમરએ

સાનીયહની પાસે પણ ઇબ્લીસ સામે આવ્યો ઇબ્લીસે પુછયું અય આદમ કયાં જવુ છે ? ત્યારે હઝરત જીબ્રઈલે કહ્યું આને સાત કાંકરીઓ મારો, અને દરેક કાંકરી મારતી વખતે તકબીર કહો. હઝરત આદમે એ પ્રમાણે જ કર્યું અને શયતાન ચાલ્યો ગયો. પછી ત્રીજા અને ચોથા દિવસે પણ હઝરત આદમે ઇબ્લીસ સાથે એવો જ વર્તાવ કર્યો, જેથી ઇબ્લીસ ચાલ્યો ગયો. ત્યારે હઝરત જીબ્રઈલે કહ્યું હવે તમે શયતાનને આ સ્થાન ઉપર કયામત સુધી નહીં જુઓ. ત્યાર પછી તેઓ બંને ખાનએ

કાઅબા તરફ ગયા, જયાં હઝરત જીબ્રઈલે હઝરત આદમ (અલયહિસ્સલામ)ને ખાનએ કાબાના સાત તવાફ કરવાનું કહ્યું. હઝરત આદમે તે પ્રમાણે કર્યું ત્યારે હઝરત જીબ્રઈલે કહ્યું લ્યો, હવે અલ્લાહ તઆલાએ તમારી ભુલને માફ કરી દીધી, તમારી તૌબા કબૂલ થઈ ગઈ હવે આપની ઝવજહ આપના માટે હલાલ થઈ ગઈ છે.

(૨૨૩) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પ્રશ્ન કરવામાં આવ્યો કે

અલ્લાહ તઆલાએ ખાનએ કાબાની હજ અને તવાફ વાજીબ કર્યો તેનું શું કારણ છે ?

આપે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકને કોઈ કારણ કે જરૂરત વગર (નિરર્થક) પૈદા કરી નથી, પરંતુ ઇન્સાનને પૈદા કરવાનું ઇચ્છયું અને પૈદા કરી દીધા. અલ્લાહ તઆલાએ ઇન્સાનોને અમુક નિશ્ચિત સમય મર્યાદા માટે પૈદા કર્યા. તેમને અમૂક કામ કરવાનો હુકમ આપ્યો અને અમુક કામ કરવાની મનાઈ ફરમાવી. જેમાં અમુક બાબતો એવી છે, જેમાં દીની ઇતાઅત છે અને દુન્યવી

મસ્લેહત પણ છે. હજની મસ્લેહત એ છે કે તેમાં દુનિયાના પૂર્વ અને પશ્ચિમ દિશામાંથી લોકો એક જગ્યાએ (હજ માટે) એકઠા થાય. એક બીજા સાથે પરિચય (નિકટતા) કેળવે. એક કૌમના લોકો બીજી કૌમના લોકો સાથે વ્યાપાર ધંધા દ્વારા નફો મેળવે. (સવારી + વાહન વ્યવહારના સાધનો) ઊંટોને ભાડે ફેરવનાર (શુતરબાને) ફાયદો પહોંચે. (હજ માટે ગએલા વ્યક્તિ) હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નિશાનીઓને જુએ, તેઓની જિંદગીની

વિગતોને જાણે, તેઓને યાદ કરે, તેઓને ભુલી ન જાય. જો દરેક કૌમ (ના લોકો) પોતાના વતન (શહેર)માં બેસી રહે, અને ત્યાં ઉત્પન્ન થતી પેદાશ (પાક વગેરે) ઉપર સંતોષ માની રહે તો તે દેશ બરબાદ થઈ જતે, દૌલત, સંપતિ ફાયદો (નફો) કાંઈ જ ન રહેત, ઇતિહાસ આંધળો રહી જાત લોકોને ઇતિહાસની કોઈ જાણકારી ન મળતે. હજ વાજીબ (થવાના કારણો પૈકી) નું એક કારણ આ પણ છે.

## (૨૨૪) તવાફનાના સાત ચકકર (રાઉન્ડ) નકકી થયા હોવાનું કારણ

રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને એક દિવસ આ પ્રમાણે બયાન કરતાં સાંભળ્યા એક વખત મારા પિતા તવાફમાં મશ્ગુલ હતા ત્યારે આપની પાસે એક માણસ આવ્યો. તેણે આપના ખભા ઉપર હાથ રાખીને કહ્યું હું આપને ત્રણ વાતો પૂછવા માંગુ છું. (જેના જવાબ) આપના સિવાય બીજું કોઈ જાણતું નથી. તેના સવાલ પછી આપ મૌન રહ્યા. જયારે આપે તવાફ પૂરા કરી લીધા ત્યારે હજરે અસ્વદ પાસે આવીને બે રકાત નમાઝ

પડયા. (રાવી કહે છે કે) હું પણ ઇમામ (અલયહિસ્સલામ)ની સાથે હતો. જયારે આપે એ બધા અરકાન (કાર્યો) પૂરા કરી લીધા, ત્યારે મોટા અવાજથી કહ્યું એ સવાલ કરનારો કયાં છે. આ સાંભળીને માણસ પાસે આવ્યો અને આપની સામે આવીને બેસી ગયો. આપે કહ્યું કહો શું પૂછવું છે ? તેણે સુરએ વલ કલમની આયત નં ૧ "નુન વલ કલમ ... વમા ... " આ આયતની તફસીર પૂછી. આપે તે આયતની તફસીર સમજાવી. પછી સવાલ કરનારે એ સવાલ કર્યો કે એ કહો કે જ્યારે

ફરિશ્તાઓએ અલ્લાહ તઆલાની વાતને રદ કરી નાખી, તો અલ્લાહ તેનાથી નારાજ થયો. તો પછી ફરિશ્તાઓથી રાજી કેવી રીતે થયો ? આપે ફરમાવ્યું કે ફરિશ્તાઓ અર્શની આજુ બાજુ સાત હજાર વર્ષ સુધી તવાફ કરતાં રહ્યા. અલ્લાહ તઆલા પાસે દુઆ અને ઇસ્તગફાર કરતાં રહ્યા. જયારે તેઓ એ વાત માટે વિનંતી કરતાં રહ્યા કે અલ્લાહ તઆલા તેમનાથી રાજી થઈ જાય. ત્યારે સાત હજાર વર્ષ પછી અલ્લાહ તઆલા તેમનાથી રાજી થઈ ગયો. સવાલ કરનારે કહ્યું હવે એ ફરમાવો કે

અલ્લાહ તઆલા હઝરત આદમ (અલયહિસ્સલામ)થી કેવી રીતે રાજી થયો ? તેના જવાબમાં આપે ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલયહિસ્સલામ)ને જમીન ઉપર ઊતાર્યા ત્યારે તેઓ હિન્દમાં ઊતર્યા. તેઓએ બયતુલ હરામ સુધી પહોંચવા માટે અલ્લાહ તઆલા પાસે રજા માંગી. અલ્લાહ તઆલાએ રજા આપી અને ફરમાવ્યું જાવ ત્યાં જઈને સાત દિવસ તવાફ કરો. પછી મીના જાવ, અરફાત પહોંચો અને તમામ મનાસિક બજાવી લાવો. અલ્લાહના આ હુકમ

પછી હઝરત આદમ (અલયહિસ્સલામ) હિન્દથી ચાલ્યા અને (હાલના સાઉદી અરેબીયા) અરબસ્તાન પહોંચી ગયા. તેમના પગ જે જગ્યાએ પડયા ત્યાં આબાદી વસ્તી થઈ ગઈ, તેઓના બે કદમ (પગલા)ની વચ્ચે આવેલી જમીન વીરાન અને રણ પ્રદેશ રહી છે તે જગ્યામાં કોઈપણ વસ્તુ નથી. તેઓને બયતુલ હરામ પહોંચીને એક સપ્તાહ સુધી તવાફ કર્યા. પછી અલ્લાહના હુકમ પ્રમાણે બધા મનાસિકે હજ બજાવી લાવ્યા. અલ્લાહ તઆલાએ તેઓની તૌબા કબૂલ કરી લીધી

અને તેઓને માફ કરી દીધા. ફરિશ્તાઓએ અર્શનો તવાફ સાત હજાર વર્ષ સુધી કર્યો હતો. અત : હઝરત આદમ (અલયહિસ્સલામ)ને (તે મુજબ) એક સપ્તાહ (સાત દિવસ) તવાફ કરવાનો હુકમ આપવામાં આવ્યો. હઝરત જીબ્રઈલે હઝરત આદમ (અલયહિસ્સલામ)ને કહ્યું અય આદમ, તમને મુબારક થાય, અલ્લાહે તમને માફ કરી દીધા. આ પહેલાં મેં ત્રણ હજાર વર્ષ સુધી આ ઘરનો તવાફ કર્યો હતો. હઝરત આદમે કહ્યું પરવરદિગાર તું મારી અને મારા પછી મારી

ઝુર્રિયતની મગફેરત ફરમાવ. અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યું હા, હું તારી ઝુર્રિયતમાંથી એ જ લોકોની મગ્ફેરત કરીશ જેઓ મારી ઉપર અને મારા રસૂલો પર ઈમાન લાવ્યા હશે. આ સાંભળીને સવાલ કરનારે કહ્યું આપે સાચુ કહ્યું, આમ કહીને તે ચાલ્યો ગયો. ત્યારે મારા પિતાએ (ઇમામે) ફરમાવ્યું આ જીબ્રઈલ હતા. તેઓ તમારી સમક્ષ (તમારો) દીન શીખવવા માટે આવ્યા હતા.

## (૨૨૫) હજની જેમ ઉમ્રહ કરવાની તાકીદ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જે લોકોની ઇસ્તતાઅત (ઉમ્રહ કરવાની શક્તિ-શરતો) હોય તેવા લોકો ઉપર હજની જેમ ઉમ્રહ પણ વાજીબ છે. કારણ કે અલ્લાહ તઆલાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે સુરએ બકરહ આયત નં ૧૯૬ “અને ખાસ અલ્લાહના માટે હજ તથા ઉમ્રો પૂરા કરો....”

ઉમ્રહનો હુકમ મદીનામાં નાઝિલ થયો હતો અને ઉમ્રહ કરવાનો શ્રેષ્ઠ મહીનો માહે રજબ છે.

## (૨૨૯) હજને હજ કહેવાતી હોવાનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદે બાકિર (અલયહિસ્સલામ)થી રિવાયત છે. આપને પુછવામાં આવ્યું કે હજને હજ શા માટે કહેવામાં આવે છે ? ત્યારે આપે ફરમાવ્યું સાંભળ, જયારે એમ કહેવામાં આવે છે કે ફલાણાએ હજ કરી લીધી એટલે કે તે સફળ થયો અને કામ્યાબી મેળવી લીધી.

## (૨૨૭) કોઈ હજ કરવા જાય તો તેના માટે ઉમ્રહ કરવી જરૂરી છે તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું હજ ઉમ્રહ સાથી જોડાયેલુ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ અતેમુલ હજ્જ વલ ઉમ્રત લિલ્લાહે....” (અને ખાસ અલ્લાહના માટે હજ તથા ઉમરહ પૂરા કરો.) (સૂરએ બકરહ / આયત નં ૧૯૬)

ઉપરોકત આયત મુજબ કોઈને ઉમ્રએ તમત્તોઅ કર્યા સિવાય છૂટકો નથી. એ માટે

અલ્લાહ તઆલાએ તેનો હુકમ પોતાની કિતાબમાં નાઝિલ ફરમાવ્યો અને હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેની સુન્નત ગણાવી છે.

## (૨૨૮) ખાનએ કાબામાં દાખલ થતી વખતે ગુસ્લ કરવાનું જરૂરી હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે શું સ્ત્રીઓ ખાનએ કાબામાં દાખલ થાય તો ગુસ્લ કરીને આવે ? જવાબમાં આપે ફરમાવ્યું અલ્લાહ તઆલા ફરમાવે છે (સૂરએ બકરહ

આયત નં ૧૨૫) “મારા ઘરને જાત્રાળુઓ માટે અને ત્યાં રહીને બંદગી કરનારાઓ તથા રૂકૂઅ તથા સજદો કરનારાઓ માટે પાક અને સાફ રાખો.”

ઉપરોકત આયત મુજબ બંદાઓએ ખાનએ કાબામાં પોતાના શરીરને પાક કર્યા વગર દાખલ થવું ન જોઈએ. પોતાના શરીર પરથી પસીના વગેરેને ધોઈને પાક થયા પછી (ખાનએ કાબામાં) દાખલ થવું જોઈએ.

## (૨૨૯) ખાનએ કાબાનો તવાફ કરતી વખતે ઝડપથી ચાલવાનું કારણ

રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને ખાનએ કાબાના તવાફ વિશે પુછયું કે શું તે વખતે માણસ ઝડપથી ચાલે ? જવાબમાં આપે ફરમાવ્યું જયારે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મકકા પધાર્યા અને તમે જાણો છો તેવી રીતે આપ અને મુશરિકો વચ્ચે લેખિત સમજૂતી થએલી હતી. ત્યારે આપે લોકોને એ વાતનો હુકમ આપ્યો કે લોકોને તેમની મજબૂતી (ચૂસ્તી-સ્ફુર્તિ-તાકાત) દેખાડે, (એટલે કે

ચપળતા દેખાય તેવી રીતે ચાલે) અને પોતાના બાવડાને બહાર કાઢે. હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતે પણ પોતાના બંને હાથ બહાર કાઢયા, ત્યાર પછી ઝડપી ચાલથી તવાફ કરવા માટે ચાલવા લાગ્યા. જેથી મુશરિકો એ વાત જોઈ લે કે અમે લોકો અશકત અને કમજોર થઈ ગયા નથી. એ બાબત દર્શાવવા માટે લોકોએ ઝડપથી ચાલીને તવાફ કર્યો હતો. (ઇમામ કહે છે) હું પોતે મધ્યમ ગતિથી ચાલું છું અને હઝરત

અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ) પણ તવાફમાં મધ્યમ ગતિએ ચાલતા હતા.

## (૨૩૦) હજના અહકામમાં તલબીયહ, લબ્બૈક, લબ્બૈક કહેવાનું કારણ

રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે હજમાં તલબીયહ (એટલે કે લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક લબ્બૈક લા શરીક લક લબ્બૈક ના કલમા) શા માટે કહેવામાં આવે છે ? ત્યારે આપે જવાબ આપ્યો. અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)

તરફ વહી નાઝિલ ફરમાવી, કુરઆને મજીદના સૂરએ હજની આયત નં. ૨૭ :

“અને લોકોને (ઢંઢેરો પીટાવી) હજ માટે આમંત્રણ આપ, (કે જેથી) તેઓ તારી પાસે ચાલીને તેમજ સઘળા દૂર દૂરના માર્ગોથી દુબળા દુબળા ઊંટો પર સવાર થઈને પણ આવે.”

જયારે હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)એ અલ્લાહ તઆલાના હુકમ મુજબ એલાન કર્યું ત્યારે લોકો (દૂર-દૂરના)

ઉંડાણમાંથી અને પહાડોના માર્ગમાંથી લબ્બૈક કહેતા કહેતા આવવા લાગ્યા.

(૨૩૧) રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત અબુલ હસન (અલય્હિસ્સલામ)ને તલબીયહ અને તેના કારણ વિશે સવાલ કર્યો આપે ફરમાવ્યું જયારે લોકો (હજ માટે) અહેરામ બાંધે છે, ત્યારે અલ્લાહ તઆલાએ લોકોને સંબોધીને કહે છે કે અય મારા બંદાઓ અને અય મારી કનીઝો, તમે લોકોએ જે રીતે મારા માટે (મારી ખુશી માટે) તમારી ઘણી બધી બાબતોને તમારા ઉપર હરામ કરી લીધી

છે, તેવી જ રીતે હું તમારા માટે જહન્નમને હરામ કરૂં છું. ત્યારે બંદાઓ તેના જવાબમાં અલ્લાહ તઆલાને સંબોધીને “લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક” કહે છે.

## (૨૩૨) તલબીયહનું કારણ “અલહમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન”ની તફસીરના આધારે

.... એક માણસે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને આવીને “અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન”ની તફસીર પૂછી. જવાબમાં આપે ફરમાવ્યું

અલ્લાહ તઆલાએ તેના બંદાઓને જે નેઅમતો અતા કરી છે તેમાંની અમુક નેઅમતોને જ બંદાઓ જાણતા હોય છે. કારણ કે અલ્લાહ તઆલાએ અતા કરેલી તમામ નેઅમતોને વિગતવાર (એટલે કે તેના ઊંડાણ અને દરેક નેઅમત પાછળ સમાએલા રહસ્ય) જાણવાની તો બંદાઓમાં ક્ષમતા જ હોતી નથી. કારણ કે અલ્લાહ તઆલાની નેઅમતો અસંખ્ય અને ગણી ન શકાય તેટલી હોય છે. બંદાઓ અલ્લાહની બધી જ નેઅમતોને ઓળખી શકતા નથી. તેથી અલ્લાહ તઆલાએ

ફરમાવ્યું કે એમ કહો કે તમામ દુનિયાઓના પાલનહારે અમને જે નેઅમતો અતા કરી છે તે માટે અલ્લાહ તઆલાની પ્રશંસા કરીએ છીએ. તેમાં દરેક મખ્લૂકનો સમાવેશ થઈ જાય છે. તે વનસ્પતિ હોય કે પ્રાણીઓ. અલ્લાહ તઆલા પ્રાણીઓને પોતાની કુદરતથી ગતિ કરવાની ક્ષમતા આપે છે. અને પોતે પૈદા કરેલી રોઝીથી ખોરાક અતા કરે છે. તેને પોતાની સુરક્ષામાં રાખે છે અને પોતાની મસ્લેહત પ્રમાણે તેની સાર સંભાળ લે છે. તેવી જ રીતે વનસ્પતિ (ઝાડ, પાન, છોડ વગેરે) ને

તેના ભાગોને એક બીજા સાથે જોડી રાખે છે. અને જે ભાગો જુદા રાખવા યોગ્ય છે. તેને એક બીજાથી જોડાઈ જવાથી (ચોંટી જવાથી) બચાવી રાખે છે. અલ્લાહ તઆલાએ આસમાનને પોતાના હુકમ સિવાય જમીન ઉપર ઘસી પડવાથી રોકી રાખ્યું છે. બેશક અલ્લાહ તેના બંદાઓ પર અતિ મહેરબાન અને કૃપાળુ છે.

"રબ્બિલ આલમીન"નો અર્થ એ છે કે તે તમામ દુનિયાઓનો માલિક અને રાઝિક છે (રોઝી આપનારો) છે, તે દરેકની રોઝીને જે

વ્યક્તિ જાણતો હોય કે ન જાણતો હોય ત્યાંથી ખેંચીને તે વ્યક્તિ સુધી પહોંચાડે છે. અલ્લાહ તઆલાએ દરેકની રોઝીને વહેંચી દીધી છે. જે રોઝી બની આદમ સુધી કોઈપણ સંજોગોમાં (કોઈપણ રીતે) પહોંચી જશે. કોઈ મુત્તકીના તકવાના કારણે તેની રોઝીમાં વધારો નહીં થાય અને ન તો કોઈ ફાસિકો-ફાજીરના ફીસ્કો-ફુજુર (દુરાચાર-ખરાબ કાર્ય)ને કારણે તેમાં ઘટાડો થશે. આપણાં રીઝક અને આપણી વચ્ચે પડદો હોય છે. (તેથી આપણે રિઝકને જોઈ શકતા નથી.) તેથી આપણે રિઝકને

શોધીએ છીએ. જો તમારામાંથી કોઈ રિઝકથી ભાગે તો રિઝક તેને શોધતું શોધતું તેના સુધી પહોંચી જશે. અને કોઈપણ રીતે તેના સુધી પહોંચી જશે. તેથી અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે "અય મારા બંદાઓ કહો, (અમે અલ્લાહ તઆલાનો) શુક્ર માનીએ છીએ એ નેઅમતો માટે કે જે તેણે અમને આપી છે." એક હદીસમાં છે કે અગાઉની કિતાબોમાં અલ્લાહ તઆલાએ આપણો (શિયાઓનો) ઉલ્લેખ કર્યો છે. તેથી મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને આલે

મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના શિયાઓ માટે અલ્લાહ તઆલાના ફઝલો કરમનો શુક્ર અદા કરવો વિશેષ રીતે વાજીબ છે. તે હદીસની પૂર્વભુમિકાની વિગત આ પ્રમાણે છે.

જયારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા બિન ઈમરાન (અલય્હિસ્સલામ)ને પોતાની રિસાલત માટે નબી બનાવીને મોકલ્યા, પછી જયારે તેઓને ફિરઔનથી મુક્તિ આપી, તેઓ માટે દરિયામાં માર્ગ આપ્યો, તેમની કૌમ બની ઈસરાઈલને દરિયા પાર કરાવી દીધી. તેઓને

તૌરેત અને તખ્તીઓ અતા ફરમાવી. જયારે હઝરત મૂસા (અલયહિસ્સલામ)એ અલ્લાહ તઆલા પાસે પોતાનું માન અને મરતબો જોયો ત્યારે હઝરત મૂસા (અલયહિસ્સલામ)એ અર્ઝ કરી, અય પરવરદિગાર ! તેં મને આટલો બધો માનવંત કર્યો, આટલા માનવંત બીજા કોઈને કર્યા નથી. ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું અય મૂસા ! તમને ખબર છે કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મારા તમામ ફરિશ્તા, બલ્કે મારી તમામ મખ્લૂકમાં સર્વશ્રેષ્ઠ છે ? મૂસાએ

કહ્યું પરવરદિગાર, જો મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તારી મખ્લૂકમાં સૌથી વધારે માનવંત છે તો શું કોઈ નબીની આલ પણ (તારી નજરમાં) મારી આલ કરતાં વધારે માનવંત છે ખરી ? ત્યારે અલ્લાહ તઆલાનો ઇરશાદ થયો, અય મૂસા, શું તમને નથી ખબર કે જેવી રીતે મારી નઝદીક હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમામ અંબિયાઓમાંથી સૌથી વધુ માનવંત છે. તેવી જ રીતે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

આલ પણ તમામ અંબિયાની આલ કરતાં મારી નજરમાં સૌથી વધારે માનવંત છે. હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ અર્ઝ કરી યા પરવરદિગાર ! ભલે જો મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની આલ તારી નજરમાં સૌથી વધારે માનવંત છે. તો શું અન્ય તમામ નબીઓની ઉમ્મતોમાંથી તારી નજરમાં બીજી કોઈ ઉમ્મત મારી ઉમ્મત કરતાં વધુ માનવંત છે ખરી ? મારી ઉમ્મત ઉપર તે વાદળનો છાયો કર્યો મન્ના અને સલ્વા (નામનું ખાણું) નાઝિલ કર્યું. મારી ઉમ્મત માટે

તેં દરિયામાં માર્ગ બનાવી દીધો હતો. ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું અય મૂસા ! શું તમે એ વાત નથી જાણતા કે જેવી રીતે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સૃષ્ટિના તમામ સર્જન કરતાં શ્રેષ્ઠ છે, તેવી જ રીતે તેમની ઉમ્મત તમામ ઉમ્મત કરતાં શ્રેષ્ઠ છે.

મૂસાએ અર્ઝ કરી કાશ કે હું તેઓને જોઈ શકત ! અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલય્હિસ્સલામ) પર વહી કરી કે અય મૂસા તમે તેઓને જોઈ શકશો નહીં. કેમકે તેઓના

ઝહુરનો સમય હજુ આવ્યો નથી. અલબત્ત તમે તેઓને જન્નતો અને જન્નતે અદન (અદન નામની જન્નત) અને ફિરદૌસમાં મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે જોઈ શકશો. જયાં તેઓ જન્નતની નેઅમતોની લઝઝત ઉઠાવી રહ્યા છે. અને ત્યાંની સુવિધાઓથી ખૂશ થઈ રહ્યા છે. વારૂ શું તમે તેઓની વાતચીત સાંભળવા ઇચ્છો છો ખરા ? હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ કહ્યું હા, અય પરવરદિગાર ! ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું ભલે તો મારી સામે ઊભા

રહી જાવ અને તમારી ઈજાર (પાયજામા)ને મજબૂત રીતે બાંધી લો. એવી રીતે ઊભા રહો જેવી રીતે એક લાચાર ગુલામ પોતાના પ્રભાવશાળી માલિકની સામે ઊભો રહે છે. પછી અલ્લાહનો અવાજ બલંદ થયો કે અય ઉમ્મતે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તે વખતે એ ઉમ્મતની વ્યક્તિઓ પોતાના પિતાઓની પીઠમાં અને માતાના પેટમાં (રૂહની સ્થિતિમાં) હતી. તેમણે ત્યાંથી જ જવાબ આપ્યો : “લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક લા શરીક લક લબ્બૈક

ઇન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક લા શરીક લક.” આ જવાબને (આ વાકયોને) અલ્લાહ તઆલાએ હજનો શેઆર (હજમાં પડવાની દુઆ) અને રીવાજ બનાવી દીધો. ત્યાર પછી અલ્લાહ તઆલા તરફથી અવાજ આવ્યો. "અય ઉમ્મતે મોહમ્મદ તમારા માટે મારો ફેસલો એ છે કે મારી રહમત મારા ગઝબ કરતાં આગળ હશે. અને મારી માફી મારા ગુસ્સાની પહેલાં હશે. તમારા લોકોની દુઆની કબૂલીય્યત તમારી દુઆ કરવાની પહેલાં થઈ જશે. તમે લોકો સવાલ કરશો તે

પહેલાં તમોને અતા કરવામાં આવશે. આ ફકત તમારામાંથી એવા લોકો માટે છે જે મારી પાસે એ બાબતની ગવાહી આપતા આવશે કે એક અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ નથી. તે એકલો છે. તેનો કોઈ શરીક નથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેના બંદા અને રસૂલ છે. તેમણે જે કહ્યું તે સાચું છે, તેમણે જે કર્યું તે હક (સત્ય) છે, હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) તેમના ભાઈ છે, અને તેમના પછી તેમના વસી અને વલી છે. જેવી

રીતે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ઇતાઅત વાજીબ છે. તેવી જ રીતે તેમની (હઝરત અલી અલય્હિસ્સલામની) ઇતાઅત પણ વાજીબ છે. તેઓ બંને પછી તેઓએ પસંદ કરેલા પાક અને તાહીર અવલીયા જેમની પાસે અલ્લાહ તઆલાની અજબ નિશાનીઓ તથા અલ્લાહ તરફથી દલીલ અને હુજ્જત છે. જેઓ તે લોકોને પોતાના વલી સમજતા હોય તેમને અમે અમારી જન્નતોમાં દાખલ કરીશુ. ભલે

તેઓના ગુનાહ સમુના ફીણ જેટલા પણ કેમ ન હોય

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલાએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને નબી બનાવીને મોકલ્યા ત્યારે આ મુજબ ફરમાવ્યું “મા કુન્ત બે જાનેબીત્તુરે ઇઝ નાદયના વલાકીન રહમતમ્મીર રબ્બેક લે તુન્ઝેર કવ્મમ્મા આતાહુમ મીન નઝીરીમ્મીન કબ્લેક લઅલ્લહુમ યતઝકકરૂન.” (સૂરએ કસસ / આયત નં ૪૬) અને જે વેળા અમોએ

(મૂસાને) પોકાર્યો હતો ત્યારે તું તે પહાડની કોઈ બાજુમાં હાજર ન હતો, બલ્કે આ (જ્ઞાનનું મળવું) તારા પરવરદિગાર તરફથી રહમત છે કે જેથી તું તે લોકોને બીવરાવે કે જેમની પાસે પૂર્વે કોઈ બીવરાવનારો આવ્યો નથી કે જેથી તેઓ બોધ ગ્રહણ કરે. પછી અલ્લાહ તઆલાએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવ્યું કહો "અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન" એ અલ્લાહનો શુક્ર છે જે તમામ દુનિયાઓનો પાલનહાર છે. અને જેણે મને આ ફઝીલત

અને વિશિષ્ટતા અર્પી. અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ઉમ્મતને કહ્યું કે તમે લોકો પણ કહો કે એ ખુદાની હમ્દ જે તમામ દુનિયાઓનો પાલનહાર છે. જેણે અમને (લોકોને) આ વિશે ફઝીલત અર્પી છે.

(૨૩૩) રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને પુછયું કે “તલબીયહ” શા માટે કહેવામાં આવે છે ? આપે જવાબમાં

ફરમાવ્યું આ હઝરત મૂસાએ પોતાના રબને બોલાવ્યા હતા તેનું કબૂલ થવું છે.

(૨૩૪) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું પયગમ્બર હઝરત મૂસા (અલય્હિસ્સલામ) લાલ ઊંટ પર સવાર થઈ ખજૂરના રેસાથી બનાવેલી લગામ પકડીને ખભા ઉપર બે કીત્વાની અબા નાખીને "રૂહા" ના વિશાળ મૈદાનમાંથી પસાર થયા. ત્યારે "લબ્બૈક યા કરીમ લબ્બૈક" કહેતા કહેતા પસાર થયા હતા હઝરત યૂનુસ રૂહાના વિશાળ મેદાનમાંથી પસાર થયા ત્યારે આ પ્રમાણે

કહેતા હતા “લબ્બૈક, અય મોટી મોટી મુસીબતો દૂર કરનાર લબ્બૈક.” હઝરત ઈસા બિન મરયમ રૂહાના મૈદાનમાંથી પસાર થયા ત્યારે આ પ્રમાણે કહેતા હતા લબ્બૈક (હાજર છે) તારો બંદો અને તારી કનીઝનો ફરઝંદ હાજર છે. લબ્બૈક અને જયારે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) રૂહાના મૈદાનમાંથી પસાર થયા ત્યારે આ પ્રમાણે કહેતા કહેતા પસાર થયા હતા: “લબ્બૈક એ ઉચ્ચતાવાળા લબ્બૈક”

## (૨૩૫) મકામે ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) ઉપર હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના કદમના નિશાનનું કારણ અને મકામે ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને તેની મૂળ જગ્યાએથી હાલની જગ્યાએ ફેરવવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને અલ્લાહ તઆલા તરફથી લોકોને હજ માટે બોલાવવાનો હુકમ થયો ત્યારે તેઓએ તે પત્થર ઉપર ઊભા રહીને લોકોને બોલાવ્યા તે પત્થર ઉપર

તેઓના પગના નિશાન બનેલા છે, અને જેને "મકામે ઇબ્રાહીમ" કહેવામાં આવે છે. (એ જગ્યા આજે પણ મૌજૂદ છે. - અનુ.) એ વખતે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)એ તે પત્થરને હાલની (મકામે ઇબ્રાહીમની) જગ્યાની બરાબર સામે ખાનએ કાબાની લગોલગ રાખ્યો. આપે તે પત્થર પર ઊભા રહીને અલ્લાહના હુકમ મુજબ ઊંચા અવાજેથી લોકોને હજ કરવા માટે બોલાવ્યા. આપના અવાજને પત્થર સહન ન કરી શકયો તેથી હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના પગ

પત્થરમાં ખૂંચી ગયા. હઝરત ઇબ્રાહીમે પોતાના પગ તે પત્થરમાંથી ઉખેડવા પડયા. જયારે હજ કરનારા લોકોની સંખ્યા વધી ગઈ અને ભીડ થવા લાગી. ત્યારે લોકોએ એવો અભિપ્રાય વ્યકત કર્યો કે તે પત્થરને ખાનએ કાબા પાસેથી હટાવીને હાલમાં જયાં મકામે ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) છે, ત્યાં મુકવો જોઈએ. જેથી ખાનએ કાઅબાનો તવાફ કરનારાઓ માટે તવાફની જગ્યા ખાલી થઈ જાય. (તેથી તે પત્થરને હાલની મકામે ઇબ્રાહીમની જગ્યાએ ફેરવવામાં આવ્યો) પરંતુ

જયારે અલ્લાહ તઆલાએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને રિસાલતનો હોદ્દો આપ્યો ત્યારે તેઓએ તે પત્થરને તેની મૂળ જગ્યાએ જ્યાં હઝરત ઇબ્રાહીમે રાખ્યો હતો, ત્યાં મુકી દીધો. (એટલે કે ખાનએ કાબાની દીવાર સાથે લગાવીને મુકી દીધો.) ત્યારથી માંડીને હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત સુધી, બલ્કે હ. અબુ બકરની ખિલાફત અને હ. ઉમરના ખિલાફતના પ્રાથમિક કાળ સુધી ત્યાં જ રહ્યો. ત્યાર પછી હ. ઉમરે કહ્યું કે મકામે

ઇબ્રાહીમને કારણે તવાફ કરનારાઓ અથડાઈ પડે છે. તમારામાંથી કોઈ એવો છે જેને એ ખબર હોય કે જાહેલીયતના જમાનામાં આ પત્થર કયાં રાખવામાં આવ્યો હતો ? એક માણસે કહ્યું કે મને એ વાતનો થોડો થોડો અંદાજ છે, અને થોડો અંદાજ આપ કરી લો. હ. ઉમરે કહ્યું હા, છેવટે તે માણસને બોલાવવામાં આવ્યો અને હ. ઉમરના હુકમથી મકામે ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના પત્થરને ખાનએ કાબા પાસેથી ઉઠાવીને હાલમાં જે જગ્યાએ છે ત્યાં રાખવામાં આવ્યો.

## (૨૩૬) હજરે અસ્વદ, રૂકને યમાની અને મુસ્તજારને મસ કરવા (અડકવાનું) કારણ

રાવીએ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી કે એક વખત મેં આપ હઝરત (અલય્હિસ્સલામ)ને પુછયું કે હજરે અસ્વદને શા માટે અડકવા અથવા ચુમવામાં આવે છે ? આપે જવાબ આપ્યો એ માટે કે તેમાં તમામ સૃષ્ટિના વાયદા અને વચન સમાએલા છે.

બીજી એક હદીસ છે કે આપે ફરમાવ્યું કે એ માટે કે જયારે અલ્લાહ તઆલાએ તેના

બંદા પાસેથી વાયદો અને કરાર લીધો ત્યારે હજરે અસ્વદને હુકમ આપ્યો કે તમામ સૃષ્ટિના વાયદા અને કરાર ગળી જાય અને તેણે તે વાયદા અને કરારને ગળી લીધા. હવે જેણે પોતાના વાયદા અને કરારને પુરા કર્યા હશે (તેના માટે) તે (હજરે અસ્વદ) ગવાહી આપશે.

(૨૩૭) માણસ મસ્જિદમાં દાખલ થાય ત્યારે એક આબિદ હોય છે અને બીજો ફાસિક હોય છે, પરંતુ બહાર નિકળે ત્યારે આબિદ ફાસિક

## બનીને અને ફાસિક આબિદ બનીને નિકળે છે. આમ થવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ઇરશાદ ફરમાવે છે કે કયારેક બે માણસો મસ્જિદમાં દાખલ થાય છે ત્યારે તેમાંનો એક આબિદ હોય છે અને બીજો ફાસિક હોય છે. પણ જયારે મસ્જિદમાંથી બહાર નિકળે છે ત્યારે આબિદ ફાસિક હોય છે, અને ફાસિક (અલ્લાહનો) દોસ્ત હોય છે. કારણ કે આબિદ મસ્જિદમાં દાખલ થાય છે ત્યારે તેને પોતાની ઇબાદત માટે ઘમંડ હોય છે અને

તે પોતાના ગર્વ (આબિદ હોવાના અભિમાન) વિશે વિચારતો હોય છે. જયારે ફાસિક મસ્જિદમાં દાખલ થાય ત્યારે તે પોતાના ફિસ્ક માટે શરમીંદગી અને ભોંઠપ અનુભવતો હોય છે, જેથી અલ્લાહ તેના ગુનાહ માફ કરી દે છે.

## (૨૩૮) વુઝુના સુન્નત કાર્યો (કોગળા કરવા-નાકમાં પાણી નાખવું) શા માટે ?

શૈખ સદૃક (અ.ર.) ફરમાવે છે કે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલચ્હિસ્સલામ) અને હઝરત ઇમામ જઅફરે સાદિક (અલચ્હિસ્સલામ)થી રિવાયત છે કે આપ

બંનેએ ફરમાવ્યું કે કોગળા કરવા અને નાકમાં પાણી નાખવાની ગણત્રી વુઝુમાં થતી નથી કારણ કે આ બંને શરીરના આંતરિક ભાગો છે.

**(૨૩૯) (અ) મહિનાની તેરમી, ચૌદમી અને પંદરમી તારીખોને ઐયામે બીઝ શા માટે કહેવાય છે ?**

**(બ) પુરૂષો માટે દાઢી રાખવાનું કારણ શું ?**

(અ) શૈખ સદૂક (અ.ર.) એ ફરમાવ્યું .... એક વાર ઐયામે બીઝનું કારણ પૂછવામાં આવ્યું અને તે દિવસોને એ નામ શા માટે આપવામાં આવ્યું ? તે પુછવામાં આવ્યું ....

ઇબ્ને મસ્ઉદે કહ્યું મેં નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવતા સાંભળ્યા. તેઓ ફરમાવતા હતા કે હઝરત આદમ (અલય્હિસ્સલામ)થી પરવરદિગારની નાફરમાની થઈ ગઈ. ત્યારે અર્શ ઉપરથી અવાજ આપનારે અવાજ બુલંદ કર્યો કે અય આદમ, મારા પડોશમાંથી નિકળી જાવ કારણ કે મારી નાફરમાની કરનાર મારા પડોશમાં રહી શકતો નથી. આ સાંભળીને આદમ (અલય્હિસ્સલામ) રડવા લાગ્યા અને ફરિશ્તાઓ પણ રડવા લાગ્યા. ત્યારે અલ્લાહ

તઆલાએ તેઓની પાસે હઝરત જીબ્રઈલને મોકલ્યા. તેઓએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને જમીન ઉપર ઊતારી દીધા. તેમનું શરીર કાળું થઈ ગયું.

જયારે ફરિશ્તાઓએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની આ હાલત જોઈ ત્યારે ફરિશ્તાઓ પણ રોવા અને ફરિયાદ કરવા લાગ્યા કે અય પરવરદિગાર ! તે એક મખ્લૂકને પૈદા કરી, તેમાં રૂહ ફુંકી, તારા ફરિશ્તાઓને તેને સજદો કારવ્યો અને ફકત એક ભુલના કારણે તેના ગોરા અને સફેદ

રંગને કાળો કરી નાખ્યો ? ત્યારે આસમાનમાંથી એક અવાજ કરનારે અવાજ કર્યો (અય આદમ) આજે તમે તમારા રબની ખુશી માટે રોઝો રાખો. હઝરત આદમે તે દિવસે રોઝો રાખ્યો. યોગાનુયોગ તે દિવસે તેરમી તારીખ હતી. તે દિવસે હઝરત આદમ (અલય્હિસ્સલામ)ના શરીરની ત્રીજા ભાગની કાળાશ દૂર થઈ ગઈ. પછી ચૌદમી તારીખે અવાજ આવ્યો કે આજે તમારા રબની ખુશી માટે ફરી રોઝો રાખો. હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ રોઝો રાખ્યો, તો તેઓના

શરીરની (બીજા-ત્રીજા) ભાગની કાળાશ દૂર થઈ ગઈ. પછી પંદરમી તારીખે ફરી અવાજ આવ્યો કે આજે રોઝો રાખો. હઝરત આદમે રોઝો રાખ્યો તો તેઓના શરીરની બધી જ કાળાશ દુર થઈ ગઈ. તે દિવસોનું નામ ઐયામે બીઝ થઈ ગયું. કારણ કે અલ્લાહ તઆલાએ તે દિવસોમાં હઝરત આદમ (અલય્હિસ્સલામ)ના શરીરની સફેદીને પલટાવી દીધી. પછી આસમાનથી એક અવાઝ આવ્યો કે અય આદમ, આ ત્રણ દિવસે મેં તમારા માટે અને તમારી અવલાદ માટે

નક્કી કર્યા છે. જે કોઈ આ દિવસોમાં રોઝા રાખશે તો જાણે કે તેણે આખા મહીનાના રોઝા રાખ્યા. હમીદનું બયાન છે કે હમીદીએ આ બાબતમાં એટલો વધારો કર્યો કે પછી હઝરત આદમ (અલય્હિસ્સામ) ઊભડક બેસી ગયા. તે વખતે તેઓનું માથુ તેમના બંને પગની વચ્ચે હતુ. તેઓ બહુ જ ઉદાસ અને ગમગીન હતા. અલ્લાહ તઆલાએ તેઓની પાસે હઝરત જીબ્રઈલને મોકલ્યા તેઓએ આવીને કહ્યું મને અલ્લાહે આપની પાસે મોકલ્યો છે. અલ્લાહ તઆલાએ આપને સલામ કહ્યા છે અને કહ્યું છે

કે અય આદમ અલ્લાહ તમારી ઉમ્રમાં વધારો કરે અને તમને હસાવે. હઝરત આદમે કહ્યું છે કે ઉમ્રમાં વધારો કરે તે વાત તો સમજાય છે, પરંતુ હસાવેની વાત સમજાતી નથી. હઝરત જીબ્રઈલે કહ્યું અલ્લાહ તમને હસાવે. આ સાંભળીને હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ શુક્રનો સજદો કર્યો અને પછી પોતાનું માથુ આસમાન તરફ ઊંચુ કર્યું અને અર્ઝ કરી પરવરદિગાર ! મારી ખુબસુરતીમાં વધારો કર. હઝરત આદમ (અલય્હિસ્સલામ) સવારે જયારે ઉઠયા ત્યારે હઝરત આદમ

(અલય્હિસ્સલામ)ના ચહેરા પર કોલસાના રંગ જેવી કાળી દાઢી દેખાઈ આવી. હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ દાઢી ઉપર પોતાનો હાથ ફેરવ્યો અને પુછયું પરવરદિગાર, આ શું છે ? અલ્લાહ તઆલાનો ઇરશાદ થયો. આ દાઢી છે જે મેં તને અને તારી અવલાદને કયામત સુધી શોભા વધારવા માટે આપી છે.

## (૨૪૦) હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો લકબ “ઉમ્મી” શા માટે ?

.... મોહમ્મદ બિન જઅફર સુફીનું બયાન છે કે મેં જઅફર બિન મોહમ્મદ અલી અરરેઝા (હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ)ને સવાલ કર્યો કે અય ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ સમજાવો કે નબીને "ઉમ્મી" ના લકબથી શા માટે યાદ કરવામાં આવે છે ? ત્યારે આપે ફરમાવ્યું કે લોકો આ વિશે શું કહે છે ? મેં કહ્યું કે લોકોનો ખ્યાલ એવો છે કે તેઓ લખવા-વાંચવાનું જાણતા ન હતા. તેથી આપને "ઉમ્મી" કહેવામાં આવે છે. આપે

ફરમાવ્યું અલ્લાહ એ લોકો ઉપર લાનત કરે, તે લોકો જુઠા છે. એ કેવી રીતે શકય બને કે અલ્લાહ તઆલા ખૂદ પોતાની કિતાબે મોહ્કમમાં ઇરશાદ ફરમાવે છે કે તે એ જ છે કે જેણે (મકકાના) અભણોમાં એક રસૂલ તેઓમાંથી જ પૈદા કર્યો. જે તેમને તેની આયતોને પડીને સંભળાવે છે તથા તેમના (જાહેર-બાતિન)ને પાક કરે છે. અને તેમને કુરઆન તથા હિકમતનું શિક્ષણ આપે છે, જોકે તેઓ પ્રથમ ખુલ્લી ગુમરાહીમાં હતા. (સૂરએ જુમ્અહ / આયત નં ૨)

એ વાત વિચારવા જેવી છે કે જે માણસ પોતે લખતા વાંચતા જાણતો ન હોય તે બીજાઓને કેવી રીતે તાલિમ આપી શકે ? હકીકત એ છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ૭૨ (બોંતેર) ભાષાઓમાં લખતા વાંચતા જાણતા હતા. રિવાયત કરનાર કહે છે કે કદાચ આપે ફરમાવ્યું ૭૩ (તોંતેર) ભાષાઓમાં લખતા વાંચતા જાણતા હતા.

આપને "ઉમ્મી" લકબથી એ માટે યાદ કરવામાં આવે છે કે આપ મકકાના રહેવાસી

હતા. અને મકકા “ઉમ્મુલ કોરા” છે. સૂરએ અન્આમની આયત નં ૯૨ માં ઇરશાદ છે કે “તું મકકાવાળા તથા તેની અતરાફમાં (આજુ બાજુમાં) રહેનારાઓને ડરાવે.” (વલે તુન્ઝેર ઉમ્મુલ કોરા)

## (૨૪૧) અમુક લોકો બેડોળ અને કદરૂપા શા માટે હોય છે ?

શૈખ સદૂક (અ.ર.) ફરમાવે છે કે મને મારા પિતાએ તેઓને મોહમ્મદ બિન યહ્યા અત્તારે તેઓએ મોહમ્મદ બિન અહમદ બિન મોહમ્મદથી રિવાયત કરી, તેઓએ પોતાના

પિતાથી, તેઓએ હસન બિન અતીય્યહથી, તેઓએ ઇબ્ને અઝાફર સયરફીથી. તેઓએ કહ્યું હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ મને ફરમાવ્યું તમે કદરૂપા (બદશકલ) લોકોને જુવો છો ? મેં કહ્યું જી હા, આ એ લોકો છે જેના મા-બાપોએ હૈઝની હાલતમાં હમ બિસ્તરી કરી હતી.

## (૨૪૨) જેની પાસે કુરબાનીનું જાનવર ખરીદવા માટે પૈસા ન હોય તેણે કર્ઝ લઈને કુરબાની કરવાની તાકીદ હોવાનું કારણ

અબુલ હસન મૂસા (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે એક દિવસ ઉમ્મે સલમાએ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પુછયું કે યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મારે કુરબાની કરવી છે, પરંતુ મારી પાસે એવુ કંઈ નથી, જેનાથી હું જાનવર ખરીદી શકું. તો શું હું એ માટે કર્ઝ લઉ અને તેમાં (પૈસામાં) થી જાનવર ખરીદીને કુરબાની કરૂં ? આપે ફરમાવ્યું હા, કર્ઝ લઈ લ્યો એ કર્ઝ અદા થઈ જશે.

## (૨૪૩) કુરબાની...

હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જો લોકોને એ વાતની જાણકારી મળી જાય કે કુરબાની કરવાનો કેટલો સવાબ છે ? તો (લોકો) કર્ઝ લઈને કુરબાની કરવા લાગે. કારણ કે કુરબાનીના જાનવરના લોહીનું પડેલું ટીપુ જમીન ઉપર પડવાની સાથે અલ્લાહ તઆલા કુરબાની કરનારની મગફેરત (ગુનાહોની માફી) કરે છે.

## (૨૪૪) હજ કરતી વખતે અહેરામની હાલતમાં છાયામાં ન રહેવું જોઈએ તેનું કારણ ?

રાવી કહે છે કે હઝરત અબુલ હસન અવ્વલ (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે શું હું અહેરામની હાલતમાં મારી ઉપર છાયો કરૂં ? (એટલે કે છાયામાં રહું ?) આપે ફરમાવ્યું નહીં, મેં પુછયું છાયો થાય એવું ઓઢી રાખું ? અને તે રીતે મારા શરીરને છુપાવું ? આપે ફરમાવ્યું નહીં, મેં અર્ઝ કરી જો હું બીમાર હોઉં તો ? આપે ફરમાવ્યું તો છાયો

કરી લો અને ઓઢી પણ લ્યો. ત્યારપછી આપે ફરમાવ્યું શું તમને એ વાતની જાણ નથી કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું હતું કે : એ દરેક હાજી જે તલબીયહ કહેવા પછી સુર્યાસ્ત સુધી તડકામાં રહેશે તો સૂરજના છુપાવાની સાથે જ તેના ગુનાહો પણ ગાયબ થઈ જશે.

*(અનુવાદકની નોંધ :- હજ માટે જનારાઓએ પોતે જે મુજતહેદની તકલીદ કરતાં હોય, તેમના મસાએલ મુજબ અમલ કરવો જોઈએ.)*

## (૨૪૫) નમાઝ રોઝા કરતાં પણ હજ અફઝલ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું મારા પિતા ફરમાવતા હતા કે નમાઝ-રોઝા કરતાં હજ અફઝલ છે. કારણ કે નમાઝ પડનારનું ધ્યાન તેના બાલ-બચ્ચા (કુટુંબીજનો)થી અમૂક સમય પૂરતું હટે છે. જયારે રોઝા રાખનાર તેના કુટુંબથી દિવસના સમયે જ દૂર (વિખુટો) રહે છે. જયારે હજ કરનારો પોતાના શરીરને થકવી નાખે છે,

પોતાના નફસને દબાવે છે, પોતાના માલને ખર્ચે છે અને લાંબા સમય માટે પોતાના અહ્લો અયાલથી દૂર રહે છે. હજ કરનારને માલ (સંપતિ) મળવાની આશા હોતી નથી. અને ન તો તેનો ઇરાદો વેપાર કરવાનો હોય છે. મારા પિતા ફરમાવતા હતા (હજ કરનાર) એક શખ્સ માટે એ વાતથી વધારે સારી વાત કઈ હોઈ શકે કે જયારે દુનિયાના લોકો ઉત્તર અને દક્ષિણ દિશામાં વસી રહ્યા હોય ત્યારે હજ કરનાર પોતાના કુટુંબીજનોને લઈને હજ માટે આવે અને અલ્લાહ તઆલા પાસે દુઆ માંગે.

## (૨૪૬) હજ કર્યા પછી નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને બીજા અઇમ્મહ (અલય્હેમુસ્સલામ)ની ઝિયારત જરૂરી હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે તમારામાંથી કોઈ હજ કરે તો પોતાની હજને અમારા લોકોની ઝિયારત સાથે પૂર્ણ કરે, કારણ કે એ જ હજની પૂર્ણતા છે.

(૨૪૭) હઝરત ઇમામ અબુલ હસન રઝા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું દરેક ઇમામનો

એક અહદ હોય છે. ઇમામના શિયાઓ અને ચાહનારાની ગરદન પરથી એ અહદ ત્યારે જ પૂરો થયો ગણાય છે જયારે તે પોતાના અઇમ્મહની કબ્રોની ઝિયારત કરે. જયારે કોઈ ઝવ્વાર એકાગ્રતા સાથે અને ઇમામતના સમર્થન સાથે તેઓની કબ્રોની ઝિયારત કરશે તો અઇમ્મહ (અલય્હેમુસ્સલામ) કયામતના દિવસે તેઓની શફાઅત કરશે.

## (૨૪૮) છિલ્કા વગરની માછલી, ગધેડા અને પાળેલા ગધેડાનું ગોશ્ત હરામ હોવાનો હુકમ

રાવી કહે છે કે હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના જમાનાની એક વાત નોંધું છું કે આપ મકકામાં "ઝી-તોવા" નામની જગ્યાએ એક દિવસ અને એક રાત રોકાયા હતા. આપ ત્યાંથી રવાના થયા ત્યારે હું પણ તેઓ સાથે મુસાફરીમાં ગયો હતો. અમે એક જગ્યાએથી પસાર થયા. ત્યાં જોયું તો કેટલાક લોકોનો સમુહ બેઠો હતો. તેઓ જમી રહ્યા હતા. તેઓએ કહ્યું અય રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જમવાનું હાજર છે. ત્યારે આપે

ફરમાવ્યું તમારા નબી માટે બેસવાની જગ્યા કરો. પછી હું અને આપ બે માણસોની વચ્ચે બેસી ગયા. આપે રોટલીને અડધી કરીને તોડી. ત્યાર પછી સાલન (શાકના રસ) તરફ દ્રષ્ટિ કરીને પુછયું. આ કઈ વસ્તુનું બનેલું છે ? તે લોકોએ જવાબ આપ્યો યા રસૂલુલ્લાહ, એ બામ માછલીનું બનેલું છે. આ સાંભળીને આપ એ (રોટલીનો જે) ભાગ તોડયો હતો, તે પોતાના હાથે ફેંકી દીધો. અને ઊભા થઈ ગયા. ત્યાર પછી હું તે લોકો પાસે રોકાઈ ગયો અને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) ચાલ્યા ગયા. મારે એ લોકો પાસે રોકાઈને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના એ કામની પ્રતિક્રિયા જાણવી હતી. હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ગયા પછી લોકોમાં વિવાદ શરૂ થયો. લોકોના એક સમુહે કહ્યું કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ બામ માછલીને હરામ ગણી છે. બીજા સમુહે કહ્યું કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ માછલીને હરામ ગણાવી નથી.

પણ પોતે ખાવાની છોડી દીધી છે. જો બામ-માછલી ખાવી હરામ હોત તો આપણને પણ ખાવાની મનાઈ કરતે. આ વાતો સાંભળીને હું આગળ વધ્યો અને હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે જોડાઈ ગયો. અમે આગળ ચાલ્યા. સફરમાં આગળ જતાં જોયું કે બીજા કેટલાક મિત્રો પણ જમી રહ્યા હતા. તે લોકોએ કહ્યું યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જમવાનું હાજર છે. આપે ફરમાવ્યું ભલે અમારા માટે જગ્યા કરો. આમ કહી આપ

બે માણસોની વચ્ચે બેસી ગયા. હું પણ બેસી ગયો. જયારે આપે રોટલીનો ટુકડો લઈને સાલન (શાકના રસ) તરફ જોયું અને પુછયું કે કયા શાકનો રસ છે ? લોકોએ જવાબ આપ્યો ગધેડાના (ગોશ્તનો). આ સાંભળીને હઝરત (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના હાથમાંથી ટુકડો ફેંકી દીધો, અને ઊભા થઈ ચાલ્યા ગયા. અબુ સઈદ કહે છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તો ચાલ્યા ગયા. પણ હું ત્યાં રોકાઈ ગયો. મેં

જોયું તો અહીં પણ લોકોમાં વિવાદ શરૂ થઈ ગયો. અને જુદા-જુદા અભિપ્રાયવાળા બે સમૂહ થઈ ગયા. એક સમૂહે કહ્યું કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ગધેડાનું ગોશ્ત હરામ કર્યું, તેથી આપે ખાધું નહીં. બીજા સમુહે કહ્યું કે ના તેઓને એ પસંદ ન હતુ તેથી (આ શાક) ખાધુ નહીં. જો આ ગોશ્ત ખાવુ હરામ હોત તો આપણને પણ આ ખાવાની મનાઈ કરતે. હું આગળ વધીને હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

સાથે જોડાઈ ગયો. પછી આગળ અમે એક જગ્યાએ પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો ત્યાં આગ ઉપર અમૂક દેગ ચડાવેલી હતી. તેમાં કંઈ રંધાઈ રહ્યુ હતુ. ત્યાંના લોકોએ દેગ તૈયાર થઈ જાય ત્યાં સુધી રોકાઈ જવા અને જમીને જવા વિનંતી કરી. આપે પુછયું કે તમારી દેગમાં શું (રંધાઈ રહ્યું) છે ? લોકોએ કહ્યું : અમારી સવારીનો (પાળેલો) ગધેડો ચાલી શકતો ન હતો, તેથી તેને ઝબ્હ કરીને પકાવી રહ્યા છીએ. આ સાંભળીને હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તે

દેગની પાસે ગયા અને પોતાના પગથી તે દેગને ઉલટાવી દીધી અને ત્યાંથી આગળ વધી ગયા. ત્યાંના અમૂક લોકો કહેવા લાગ્યા કે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પાળેલા ગધેડાનું ગોશ્ત હરામ ગણાવ્યું છે. જયારે બીજા કેટલાક લોકોએ કહ્યું કે એવુ હરગીઝ નથી. પણ હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ દેગને એટલા માટે ઉલટાવી નાખી કે જેથી ભવિષ્યમાં આપણે આપણી સવારીના (પાળેલા) ગધેડાને ઝબ્હ ન કરીએ. અબુ સઈદ કહે છે કે આ વાતો

સાંભળીને હું આગળ વધી ગયો. અને હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે જોડાઈ ગયો. ત્યારે હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ મને કહ્યું અય અબુ સઈદ, બિલાલને બોલાવો. બિલાલ આવ્યા ત્યારે આપે તેઓને હુકમ આપ્યો કે અય બિલાલ, અબુ કુબૈસના પહાડ ઉપર ચડી જાવ અને મોટા અવાજે એલાન કરો કે હઝરત (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ બામ-છિલ્કા વગરની માછલી, ગધેડા અને પાળેલા ગધેડા (નું ગોશ્ત) હરામ

જાહેર કર્યું છે. અલ્લાહથી ડરો અને માછલીઓમાંથી એવી માછલીઓ જ ખાવ, જેની ઉપર છીલ્કા (ભીંગડા) હોય. અલ્લાહ તઆલાએ (૭૦૦) સાતસો કૌમને માત્ર એ માટે જ મસ્ખ (વિકૃત પ્રાણી જેવા શરીરની) કરી નાખી હતી કે તેઓએ રસૂલો પછી તેમના અવસીયાની નાફરમાની કરી હતી. તે કૌમ પૈકીની (૪૦૦) ચારસો કૌમ (પ્રાણીઓ સ્વરૂપે) જમીન ઉપર છે. અને (૩૦૦) ત્રણસો કૌમ પાણીમાં છે. ત્યાર પછી આ આયતની તિલાવત કરી. (સૂરએ સબા / આયત નં ૧૯

નો ભાગ) “ફજ અલ્નાહુમ અહાદીસ વ મઝઝકનાહુમ કુલ્લ મોમઝઝક.” જેથી અમોએ પણ તેમને (ભવિષ્યના લોકો માટે દાખલારૂપ) કહાની કિસ્સા બનાવી દીધા, અને અમોએ તેમને તદ્દન ધૂળ ધાણી કરી દીધા.

## (૨૪૯) જુમ્આના દિવસે સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફેકૂનની તિલાવત કરવા વિશે

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ની એક લાંબી હદીસમાં રિવાયત કરે છે કે જેમાં આપે ફરમાવ્યું જુમ્આના દિવસે નમાઝમાં સૂરએ જુમ્આ અને

સૂરએ મુનાફેકૂન પડવા જોઈએ. કારણ કે જુમ્આના દિવસે નમાઝે સુબ્હ, નમાઝે ઝોહ્ર અને નમાઝે અસ્રમાં આ સૂરા પડવા મુસ્તહબ છે. તમારા માટે એ યોગ્ય નથી કે જુમ્આના દિવસે નમાઝે ઝોહ્રમાં તમે આ બંને સૂરા સિવાયના કોઈ સૂરા પડો. ભલે પછી તમે નમાઝની ઇમામત કરી રહ્યા હો કે ન કરી રહ્યા હો.

## (૨૫૦) સફા અને મરવા (બંને પહાડ, જે મકકા એ મોઅઝઝમામાં આવેલા છે.) વચ્ચે સઈ કરવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જયારે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ)ને મકકામાં મૂકીને ચાલી નિકળ્યા ત્યારે બાળક હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) તરસ્યા થયા. જે બંને પહાડીની વચ્ચે હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) અને તેમની માતા હાજરાને છોડી મૂકવામાં આવ્યા હતા તે પહાડીનું નામ સફા અને મરવા છે. ત્યાં એક ઝાડ પાસે હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ)ને મૂકીને

તેમની માતા સફા નામના પહાડ ઉપર ચડી ગયા. અને અવાજ બલંદ કર્યો કે આ પહાડીમાં કોઈ સહાય કરે તેવા મદદગાર છે ? આ મદદ માટેના પોકારનો કોઈ જવાબ ન મળ્યો ત્યારે મરવાની પહાડી ઉપર ગયા. ત્યાંથી પણ મદદ માટે એવી જ રીતે અવાજ બલંદ કર્યો. ત્યાંથી કોઈ જવાબ ન મળ્યો. ત્યારે સફાની પહાડી ઉપર પાછા ગયા. ત્યાંથી ફરી મદદ માટે બુમ પાડી. આવી રીતે જનાબે હાજરાએ સફા અને મરવાની વચ્ચે સાત વખત આવ-જા કરીને ચક્કર માર્યા તેથી અલ્લાહ તઆલાએ

(હાજીઓ માટે) આ કાર્ય સુન્નત કરી નાખ્યુ. પછી હઝરત જીબ્રઈલ (અલય્હિસ્સલામ) આવ્યા. તેઓએ આવીને પુછયું કે તમે કોણ છો ? ત્યારે એ મોઅઝઝમાએ કહ્યું હું હઝરતે ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના ફરઝંદની માતા છું. હઝરત જીબ્રઈલે તેણીને પુછયું તેઓએ અહીં તમને કોના ભરોસે મુકયા છે ? ત્યારે તેણીએ જવાબ આપ્યો કે જયારે હઝરત ઇબ્રાહીમ જતા હતા ત્યારે મેં તેઓને પુછયું હતું કે આપ અમને અહીં કોના હવાલે કરતાં જાઓ છો ? ત્યારે તેઓએ કહ્યું હતું કે

અલ્લાહના ભરોસે. ત્યારે હઝરત જીબ્રઈલએ કહ્યું ભલે, તેઓ જેના હવાલે કરી ગયા છે, તે કાફી છે.

એ જમાનામાં લોકો મકકાની આજુ બાજુના વિસ્તારમાંથી (પ્રવાસ દરમિયાન) પસાર થતા ન હતા. કારણ કે તે વખતે ત્યાં પાણીની કોઈ સુવિધા ન હતી. તરસના લીધે બાળક (હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ) જમીન પર પગ મારવા લાગ્યા ત્યારે ઝમ ઝમ નામનો કુવો ફૂટી નિકળ્યો.

(આજે પણ આ કૂવો મકકાએ મોઅઝઝમાના સહેનમાં મૌજૂદ છે. અને લાખો લોકોને તેમાંથી પાણી પ્રાપ્ત થઈ રહ્યુ છે. -અનુવાદક)

(જયારે હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ)ની માતાએ આ દ્રશ્ય જોયુ ત્યારે) જનાબે હાજરા મરવા નામના પહાડ તરફ પાછા ફર્યા, પાણી વહેતું જોઈને પાણીની આજુ બાજુ માટીની પાળ બાંધવા લાગ્યા. જેથી પાણી નકામુ વહી ન જાય. હકીકતમાં જો તે વખતે ઝમ ઝમના કુવાની આજુ બાજુ પાળ

બાંધી દેવાઈ ન હોત તો પાણી રોકાઈ ન રહેત. તેણીએ ફરમાવ્યું જયારે પક્ષીઓએ એ જગ્યામાં પાણી જોયું ત્યારે તેની ઉપર ઉડવા લાગ્યા. યમનનો એક કાફલો તે જગ્યાએથી પસાર થઈ રહ્યો હતો. તેના લોકોએ જયારે પક્ષીઓને ઉડતા જોયા ત્યારે વિચાર્યુ કે આ જગ્યામાં પાણી હોવું જોઈએ. જયારે કાફલો ત્યાં આવ્યો ત્યારે જનાબે હાજરાએ તેઓને પાણી પીવરાવ્યું. અને કાફલાના લોકોએ તેમને ખવડાવ્યું. આ રીતે અલ્લાહ તઆલાએ જનાબે હાજરાને રિઝક પહોંચાડયું. ત્યાર પછી

જે કાફલા પસાર થતા તે અહીં પાણી પીવા આવતા અને કાફલામાંથી ખોરાકના સામગ્રી તેમને મળી જતી.

## (૨૫૧) સફા અને મરવાની વચ્ચે હર્વલહ (દોડીને ચાલવાનું) કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે સફા અને મરવાની વચ્ચે ઝડપથી ચાલવાનો હુકમ એ માટે થયો કે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની સામે ઇબ્લીસ આવ્યો હતો જયારે હઝરત જીબ્રઈલે કહ્યું હતું કે આને

મારો. હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)એ તેને દોડાવ્યો. ત્યારે તે ભાગી ગયો. તેથી હર્વલહ (દોડીને ચાલવા) ને સુન્નત કરવામાં આવેલ છે.

## (૨૫૨) રમી જમારનું કારણ

રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત મૂસા બિન જઅફર (અલય્હિસ્સલામ)ને પુછયું કે રમી-એ-જમાર શા માટે મુકર્રર કરવામાં આવેલ છે ? જવાબમાં આપે ફરમાવ્યું "જમરહ" ના સ્થળે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને ઇબ્લીસ નજરે પડયો.

ત્યારે તેઓએ શયતાનને પત્થર માર્યો હતો. તે કારણે આ કામનો રિવાજ અને સુન્નત શરૂ થઈ છે.

## (૨૫૩) જાનવરોની કુરબાનીનું કારણ

હઝરત ઇમામ જઅફર બિન મોહમ્મદ (અલય્હિસ્સલામ)એ તેઓના પિતા અને દાદાથી રિવાયત કરી છે કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ જાનવરોની કુરબાની એટલા માટે રાખી છે કે તમારા લોકો પૈકીના ગરીબો અને ફકીરોને ગોશ્ત (માંસ)

મળવામાં સરળતા થાય. તમે લોકો ગરીબોને કુરબાનીનું ગોશ્ત ખવરાવો.

## (૨૫૪) મોઅમિનના મરવાથી જમીન અને આસમાનના ફરિશ્તા રડે છે, તેનું કારણ

હઝરત અબુલ હસન મૂસા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે જયારે કોઈ મોઅમિન મરે છે, ત્યારે તેની મૌત ઉપર ફરિશ્તાઓ રડે છે, જમીનનો એ ટુકડો રડે છે, જેની ઉપર તે અલ્લાહની ઇબાદત કરતો હોય છે. આસમાનનો એ દરવાજો રડે છે જે દરવાજેથી તેના આમાલ પ્રવેશીને ઉપર જતા

હોય છે. મોઅમિનના મરવાને લીધે ઇસ્લામમાં એક તિરાડ પડી જાય છે. જે પૂરાતી નથી. મોઅમિનો ઇસ્લામના એવા કિલ્લા સમાન હોય છે, જેવી રીતે એક ગામની આજુ બાજુમાં દીવાલ બનેલી હોય છે.

## (૨૫૫) કાતિલ અને મકતુલ (કત્લ કરનાર અને કત્લ થઈ જનાર) બંને જહન્નમમાં જશે.

હઝરત અલી (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જો બે મુસલમાનો પોતપોતાની

તલવાર (શસ્ત્ર) લઈને એકબીજાની સામે (ગૈર સુન્નત પર) લડશે, તો કાતિલ અને મકતુલ બંને જહન્નમમાં જશે. આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પૂછવામાં આવ્યું યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ કાતિલ તો બરાબર છે (સમજાય તેવી વાત છે) પરંતુ મકતુલ શા માટે ? (જહન્નમમાં જશે) ત્યારે આપે ફરમાવ્યું મકતુલે (કત્લ થઈ જનારે) પણ તેને મારી નાખવાનો ઇરાદો કર્યો હતો.

**(રપ૬) મોઅમિન ઉપર વિજળી પડતી નથી.**

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) ફરમાવ્યું મોઅમિન ઉપર કયારેય વિજળી પડતી નથી. ત્યારે એક માણસે પુછયું કે અમે જોયુ છે કે તે (એક માણસ) મસ્જિદે હરામમાં નમાઝ પડી રહ્યો હતો ત્યારે તેની ઉપર વિજળી પડી. ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું તે હરમના કબૂતરોને મારી રહ્યો હતો. (તેના કારણે.)

## (૨૫૭) મુસ્તહબ કાર્યો કરવાથી તકર્રુબે ઇલાહી (અલ્લાહ તઆલાની નિકટતા) વધે છે.

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં એક માણસે આવીને પુછયું કે અલ્લાહ તઆલાએ ફરાએઝ (વાજીબ બાબતો) સિવાય બીજી કોઈ વસ્તુ (ઇબાદતો) નો આગ્રહ રાખ્યો છે. આપે ફરમાવ્યું નહીં, તે માણસે કહ્યું એ ઝાતની કસમ, જેણે આપને હકની સાથે મોકલ્યા છે, હું વાજીબાત સિવાય બીજી કોઈ બાબતથી અલ્લાહની નિકટતા મેળવવાનો પ્રયત્ન નહીં કરૂં. આપે પુછયું શા માટે ? તેણે જવાબ આપ્યો કે એ માટે કે અલ્લાહ તઆલાએ મને

કદરૂપો બનાવ્યો છે. નબીએ કરીમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ વાત સાંભળીને થંભી ગયા. ત્યાં જીબ્રઈલ વહી લઈને નાઝિલ થયા. તેમણે કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમારો રબ તમને સલામ કહે છે કે મારા ફલાણા (પ્રશ્ન પૂછનાર) બંદાને મારા સલામ કહો. અને કહી દયો કે શું તું એ વાતમાં રાજી નહીં થાય કે કાલે આખેરતમાં તારો રબ તને અમાન (સુરક્ષા) પ્રાપ્ત કરનારાઓમાં પુન:જીવીત કરે ? તે માણસે પુછયું યા

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ખરેખર, અલ્લાહ તઆલાએ મને યાદ રાખ્યો છે ? આપે ફરમાવ્યું હા, તો તેણે કહ્યું તો પછી મને એ ઝાતની કસમ, જેણે આપને હકની સાથે નબી બનાવ્યા છે. હવે હું અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થઈ શકે તેવા તમામ મુસ્તહબ કાર્યો કરીશ.

## (૨૫૮) સેહમે ઇમામ (ઇમામના હક)ની અદાયગી

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જો કોઈ

મુસલમાન એવા માણસની સાથે જેહાદ માટે જાય જે ખુદાના હુકમ ઉપર ઈમાન રાખતો ન હોય. અને તેણે જે કાંઈ માલે ગનીમત મળે તેને અલ્લાહ તઆલાએ આપેલા હુકમ મુજબ ખર્ચ કરતો ન હોય તો તેવો માણસ મરી જાય ત્યારે અમારો હક ગસબ કરનાર છે. (તેવો માણસ) અમારા લોહીથી હાંડી (ખાણું) પકાવનાર અમારા દુશ્મનોને સહાયરૂપ બનાવનાર ગણાશે. તેની મૌત જાહેલીયતની મૌત છે.

## (૨૫૯) અલ્લાહ સિવાય બીજા કોઈ માટે અમલ કરવામાં આવે તે બેકાર છે.

હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કેટલાક લોકોને જહન્નમ તરફ લઈ જવાનો હુકમ આપવામાં આવશે. ત્યારે અલ્લાહ તઆલા જહન્નમના (મુખ્ય) વ્યવસ્થાપકને કહેશે કે આના પગ ન બાળે કારણ કે એ લોકો તેમના પગોથી મસ્જિદો તરફ જતા હતા. તેમના ચહેરાને ન સળગાવે કારણકે તેઓ એ ચહેરા પર વુઝુ કરતાં હતા તેઓના હાથ પણ ન

સળગાવવામાં આવે કેમકે એ હાથ તેઓ દુઆ માંગવા માટે બુલંદ (કર્યા) કરતાં હતા. તેમની જીભને ન સળગાવવામાં આવે, કેમકે એ જીભથી તેઓ તિલાવતે કુરઆન કરતાં હતા. આ વાત સાંભળીને જહન્નમનો સંચાલક એ લોકોને (જહન્નમીઓને) પૂછશે કે અય બદબખ્ત લોકો તમારા કાર્યોની હકીકત શું છે ? ત્યારે એ લોકો કહેશે કે અમે એ બધા કાર્યો ગૈરે ખુદા (ખુદા સિવાયના) માટે કરતાં હતા. ત્યારે એ લોકોને કહેવામાં આવશે કે (લ્યો) હવે તમે જેની ખુશી માટે એ કામ કરતાં હતા

તેમની પાસેથી જ સવાબ મેળવો. (આ હદીસથી સ્પષ્ટ થાય છે અલ્લાહ સિવાય બીજા કોઈની ખુશી માટે કરવામાં આવેલા કામનો સવાબ મળવો મુશ્કેલ છે)

## (૨૬૦) કયામતના દિવસ માટે આજે જ અમલ કરો.

વહબ બિન મુનીય્યહના જમાનામાં એક પત્થર મળી આવ્યો. જેની ઉપર અરબી સિવાયની ભાષામાં કંઈક લખેલું હતું. તેથી એવા માણસને શોધવામાં આવ્યો જે આ લખાણ વાંચી શકે. ઇબ્ને મુનીય્યહને લાવ્યા

તેઓએ ઘણી કિતાબોનું સંપાદન કર્યું હતુ. તેણે આવીને એ લખાણ વાંચ્યુ તેમાં આ પ્રમાણે લખ્યું હતું.

અય આદમની ઔલાદ ! જો તું જાણી લઈશ કે તારી મૌતનો સમય કેટલો નઝદીક રાખવામાં આવ્યો છે તો તું તારી તમામ આશાઓ અને તમન્નાઓને છોડી દઈશ. તારી લાલચ અને લોભ ઓછા થઈ જશે. અને તને વધુમાં વધુ સારા (નેક) કાર્યો કરવાની ઇચ્છા થશે. એ માટે જ તને આજે મોહલત આપવામાં આવી છે. ત્યાર પછી (મરી જવા

પછી) તને તારા કુટુંબ પાસે આવવાની રજા નહીં મળે અને ન તું તારા અમલમાં વધારો કરી શકીશ. તેથી કાલે કયામતના દિવસે તમારે ભોંઠપ અને શરમીંદગીનો સામનો કરવો પડે તે પહેલાં આજે જ કયામતના દિવસ માટે અમલ કરી લ્યો.

## (૨૯૧) હઝરત અલી (અલય્હિસ્સલામ)નો દુશ્મન યહૂદીનો વંશજ

રાવી કહે છે કે મારા દાદાએ ફરમાવ્યું જો તમે અન્સારમાંથી કોઈને હઝરત અલી

(અલય્હિસ્સલામ) સાથે બુગ્ઝ રાખતા જુઓ તો સમજી લ્યો કે તેની નસ્લ યહૂદી છે.

## (૨૬૨) નમાઝે વિત્ર એક રકાત પણ કબૂલ થશે.

હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું નમાઝે શબ બે બે રકાત કરીને પડવાની હોય છે. પરંતુ જ્યારે સવાર પડી જવાનો (નમાઝે સુબ્હનો સમય થઈ જવાનો) ડર હોય ત્યારે વિત્રની એક રકાત પડો. એવા સમયે પડવામાં

આવેલી એક રકાતને અલ્લાહ તઆલા પસંદ કરે છે. કારણ કે અલ્લાહ પણ એક છે.

### (૨૬૩) દરેકની ચાર ખ્વાહીશ હોય છે.

હઝરત ઇમામ જઅફર સાદિક બિન મોહમ્મદ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું આ ફાની દુનિયામાં લોકોની ચાર વસ્તુઓ માટેની ખ્વાહીશ હોય છે. (૧) ગની થવું. (૨) આરામ (૩) ઓછામાં ઓછી ફીકર ચિંતા (૪) ઇઝઝત.

તો (૧) ગની થવું એ બેનિયાઝી (જરૂરતોથી મુકત રહેવા)માં અને સંતોષમાં

મૌજૂદ છે. જો કોઈ માણસ પોતાની સંપતિ વડે ગની થવા ચાહે તો તે શકય નથી.

(૨) આરામ અને શરીરની રાહત પોતાના કાર્યને હળવા રાખવામાં છે. જો કોઈ પોતાના કાર્યોને ભારે રાખીને આરામ અને રાહત શોધે તો તે શકય નથી.

(૩) ગમ અને ફિકર ચિંતા ઓછી કરવી હોય તો તે વ્યસ્તતા ઓછી રાખવામાં છે. (વધુ પડતા કાર્યનો ભાર ન રાખવામાં છે.) જો કોઈ પોતાના કામકાજ અને જવાબદારી

વધારી દે તો તેના માટે ફિકર અને ચિંતા ઓછી થવાનું શકય નથી.

(૪) ઇઝઝત પોતાના ખાલિકથી ખિદમત અને ઇતાઅતમાં છે. જો કોઈ મખ્લૂકની ખિદમત અને ઇતાઅતમાં ઇઝઝત મળે તેવું ઇચ્છે તો તે શકય નથી.

## (૨૬૪) હઝરત અલી (અલય્હિસ્સલામ) રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના વસી કઈ રીતે ?

હઝરત સલમાને ફારસીએ આ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને

પુછયું કે યા નબી અલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું દરેક નબીના વસી હોય છે ? આપના વસી કોણ છે ? આ સવાલના જવાબમાં હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મૌન રહ્યા. બીજા દિવસે આપે સલમાનને દૂરથી જોયા ત્યારે કહ્યું યા સલમાન ! સલમાન “લબ્બેક” કહીને દોડતા દોડતા આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે પહોંચી ગયા. આપે ફરમાવ્યું તમને ખબર છે કે હઝરત મૂસા

(અલય્હિસ્સલામ)ના વસી કોણ હતા ? હઝરત સલમાને કહ્યું હઝરત યૂશાઅ બિન નૌફેલ. આપે ફરમાવ્યું તેનું કારણ એ હતુ કે તેઓ (હઝરત યૂશાઅ) એ જમાનામાં સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ ઇલ્મ ધરાવનાર વ્યક્તિ હતા. પછી આપે ફરમાવ્યું હું ગવાહી આપું છું કે આજના જમાનામાં હઝરત અલી (અલય્હિસ્સલામ) સૌથી બહેતર અને સૌથી અફઝલ છે. તેઓ જ મારા વલી અહદ, મારા વસી અને મારા વારિસ છે.

## (૨૬૫) મા બાપની નાફરમાની કરવી હરામ હોવાનું કારણ

હઝરત ઇમામ અલી રઝા (અલયહિસ્સલામ)એ એક પત્રના જવાબમાં લખ્યું કે અલ્લાહ તઆલાએ માં બાપની નાફરમાની કરવાને હરામ ગણાવેલ છે. કારણ કે તેના કારણે (માં બાપની નાફરમાની કરવાથી) માણસ અલ્લાહની ઇતાઅત કરવાની તૌફીકથી અને મા બાપની ઇઝઝતની નજરોમાં)થી હટી જાય છે. અને તેના કારણે કુફ્રાને નેઅમતમાં ફસાઈ જાય છે. અને નાશુક્ર

ગુઝાર બની જાય છે. આ ઉપરાંત નસ્લ તોડનાર અને કાપનાર બની જાય છે. નાફરમાનીનો અર્થ એ છે કે છોકરા માં બાપની ઇઝઝત ન કરે. અને તેના હકને ન ઓળખે. (હક અદા ન કરે) અને તેમ કરીને કત્એ રહેમ કરતાં હોય છે. આમ થવાને લીધે મા બાપને છોકરાઓ પ્રત્યે દિલચસ્પી રહેતી નથી. અને મા બાપ છોકરાઓને તરબીયત કરવાનું છોડી દે છે, કારણ કે છોકરાઓએ તેમની સાથે નેકી કરવાનું છોડી દીધું હોય છે.

## (૨૬૬) ઝીના (વ્યભિચાર) હરામ હોવાનું કારણ

હઝરત અબુલ હસન અલી ઇબ્ને મૂસા રઝા (અલયહિસ્સલામ)એ તેમને પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં લખી જણાવ્યું કે ઝીનાને એ માટે હરામ કરવામાં આવેલ છે કે તેમાં ઘણી મોટી ખરાબી છે. ઝીનાના કારણે નફસ કત્લ થઈ જાય છે. વંશનો અંત આવી જાય છે. બાળકોની તરબીયત થતી નથી. વારસામાં ખરાબી ઊભી થાયછે. ઝીનામાં આ પ્રકારની બીજી પણ ઘણી ખરાબીઓ છે.

## (૨૬૭) હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું તમે લોકો ઝીનાથી બચો. કારણ કે તેમાં છ ખરાબી છે. ત્રણ દુનિયામાં અને ત્રણ આખેરતમાં

જે ખરાબી દુનિયામાં છે તે આ પ્રમાણે છે. (૧) ઇન્સાનની ખૂબસુરતી અને રૌનક ચાલી જાય છે. (૨) રિઝકે હલાલ મળતું બંધ થઈ જાય છે. અને (૩) તે બહુ જ ઝડપથી તેને ફના કરીને જહન્નમ સુધી પહોંચાડી દે છે.

જે ખરાબી આખેરતમાં છે તે આ મુજબ છે. (૧) તેનો હિસાબ સૌથી ખરાબ (કનિષ્ટ) રીતે

લેવામાં આવશે. (૨) અલ્લાહ જે રહમાન અને રહીમ છે. તે (ઝીના કરનાર ઉપર) ગુસ્સે થશે. અને (૩) તેને હંમેશ હંમેશ માટે જહન્નમમાં રહેવું પડશે.

## (૨૯૮) વ્યાજને હરામ કરવાનું કારણ

રાવી કહે છે કે એક દિવસ મેં હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને વ્યાજ હરામ હોવાનું કારણ પુછયું. ત્યારે આપે ફરમાવ્યું વ્યાજ હલાલ હોત તો લોકો વેપાર કરવાનું છોડી દેત. લોકો માટે વેપાર કરવાની જરૂરત રહેતે નહીં. અલ્લાહ તઆલાએ વ્યાજને

હરામ કરી દીધું. જેથી લોકો વેપાર અને ખરીદ વેચાણમાં વ્યસ્ત રહે. અને (તેમનો આ વ્યવહાર) વેપાર પરસ્પર કર્ઝ લેવા દેવામાં ફાયદાકારક બને.

## (૨૬૯) વ્યાજ......

હઝરત ઇમામ અબુ જઅફર મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ વ્યાજ એ માટે હરામ ઠેરાવ્યું છે કે જેથી લોકો કોઈની સાથે નેકી અને અહેસાન કરવાનું છોડી ન દે.

(૨૭૦) હઝરત અબુ જઅફર હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ વ્યાજ એ માટે હરામ ઠેરાવ્યુ છે, તેનાથી દુનિયામાંથી સદવ્યવહાર નાબૂદ ન થઈ જાય.

(૨૭૧) હઝરત ઇમામ અબુલ હસન અલી બિન મૂસા રઝા (અલય્હિસ્સલામ)એ તેમના એક પત્રમાં વ્યાજ હરામ હોવાનું આ કારણ પણ જણાવ્યું કે અલ્લાહ તઆલાએ વ્યાજને એ માટે હરામ કર્યું છે કે તેમાં માલની બરબાદી છે, કારણ કે જો એક દિરહમને બે દીરહમથી

ખરીદવામાં આવે તો એ દીરહમની કિંમત તો એક દીરહમ જ હોય છે. બીજો દિરહમ (વ્યાજનો) બાતિલ અને નાહક હશે. તેથી વ્યાજ સાથેના ખરીદ વેચાણમાં ખરીદનાર અને વેચાણ કરનાર બંને માટે ખોટની ખોટ જ રહેશે. તેથી અલ્લાહ તઆલાએ વ્યાજ ઉપર પ્રતિબંધ મુકયો છે. કારણ કે તેમાં માલની બરબાદી છે. જેવી રીતે અણસમજુ (બાળકો કે પાગલ)ને હવાલે તેનો માલ કરી શકાતો નથી, જયાં સુધી એ વાત જાણી ન લેવાય કે તે એ માલને સંભાળી શકશે કે કેમ ત્યાં સુધી

અણસમજુના હવાલે તેનો માલ કરી દેવાથી તેનો માલ બરબાદ થઈ જવાની શકયતા છે. એ જ કારણોસર અલ્લાહ તઆલાએ એક દીરહમને બે દીરહમથી હાથોહાથ વેચવાનું હરામ ગણાવેલ છે. કોઈ વ્યવહાર વ્યાજનો હોવાનું સ્પષ્ટ રીતે સાબિત થયા પછી, વ્યાજ લેવું હરામ એ માટે છે કે તેમાં વ્યાજને હરામ કરનાર (અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા)ના હુકમને હલકો સમજવા સમાન છે અને આ ગુનાહે કબીરા છે. વ્યાજનો વ્યવહાર સ્પષ્ટ થઈ ગયા પછી વ્યાજ લેવું ખુલ્લમ ખુલ્લા

વ્યાજને હરામ કરનારના (અલ્લાહના) હુકમની અવગણના છે. અને તેમ કરનાર કુફ્રની હદમાં પ્રવેશી જાય છે. ઉધારના સોદા ઉપર વ્યાજ લેવું નેકી અને અહેસાનનો અંત લાવી દે છે, માલનો નાશ કરે છે. લોકોને નફાખોરી તરફ પ્રેરણા આપવાથી કર્ઝ, નેક વ્યવહાર અને એહસાન કરવાનું છોડી દેવાય છે. આ ઉપરાંત તેમાં બરબાદી, ઝુલ્મ અને માલનો નાશ થવાનો પણ સમાવેશ થાય છે.

## (૨૭૨) કાગડાનું ગોશ્ત ખાવું શા માટે મકરૂહ છે ?

હઝરત ઇમામ જઅફર બિન મોહમ્મદ (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે કાગડાનું ગોશ્ત ખાવાનું મકરૂહ ગણાવ્યું કરણ કે તે ફાસિક (બદકાર-જુઠ્ઠુ) પક્ષી છે.

## (૨૭૩) મોઅમિનથી ગુનાહ થઈ જાય છે અને કાફરોથી નેક કાર્યો થાય છે તેનું કારણ

રાવી કહે છે કે હું હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો અને કહ્યું મૌલા હું આપના ઉપર કુરબાન થઈ જાઉં. એ કહો કે શું કોઈ મોઅમિન ઝીના (વ્યભિચાર) કરે છે ? આપે ફરમાવ્યું નહીં. મેં

કહ્યું શું લવાત (સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય) કરે છે ? આપે ફરમાવ્યું નહીં. મેં કહ્યું શું તે શરાબ પીવે છે ? આપે ફરમાવ્યું નહીં, મેં અર્ઝ કરી કે શું બીજા ગુનાહો કરે છે ? આપે ફરમાવ્યું હા, મેં કહ્યું હું આપની ઉપર કુરબાન થાઉં જયારે મોઅમિન ઝીના, લવાત જેવા ગુનાહ અને બીજી બુરાઈ નથી કરતો તો પછી તેના બીજા કયા ગુનાહ બાકી રહી જાય છે ? આપે રાવીને સંબોધીને ફરમાવ્યું અય અબુ ઇસ્હાક અલ્લાહ તઆલા ફરમાવે છે.

"જે (લોકો) કબીરા (અક્ષમ્ય) ગુનાહોથી તથા બેહયાઈની વાતોથી બચતા રહે છે સિવાય કે નાના સુના પાપ, તો બેશક તારો પરવરદિગાર ક્ષમા કરવામાં ઉદાર છે." (સૂરએ નજમ / આ. ૩૨)

આમ મોઅમિનથી ઘણી વખત એવા ગુનાહે સગીરા થઈ જતા હોય છે જે તે ઇરાદાપૂર્વક કરતો નથી. મેં અર્ઝ કરી, તો પછી એ કહો કે આપ લોકોના દુશ્મનો અને નાસબી લોકો કયારેય પણ ગુનાહોથી પાક રહે છે ? આપે ફરમાવ્યું નહીં, મેં અર્ઝ કરી, પરંતુ

અમે કયારેક કયારેક જોઈએ છીએ કે એ મોઅમિન અને મોવહ્હિદ જે મોઅમિન હોવાનો આપણે સ્વિકાર કરીએ છીએ તેનો (કાફરનો) એ કાતિલ છે. તે મોઅમિન આપ લોકોની વિલાયતનો સ્વિકાર કરે છે, તેમ છતાં તે શરાબ પણ પીવે છે, ઝીના પણ કરે છે, લવાત કરે છે. તેની પાસે અમે કોઈ હાજત લઈને જઈએ છીએ તો તેનું મુખ બગડેલુ જોઈએ છીએ. (એટલે કે અમારી હાજત પુરી કરવી તેને ગમતી નથી.) તેનો રંગ બદલાઈ જાય છે, અમારી હાજત પ્રત્યે તેને અણગમો

થાય છે. તે અમારી હાજત પૂરી કરવામાં સુસ્તી દર્શાવે છે. આનાથી ઉલ્ટુ કયારેક અમે જોઈએ છીએ કે આપના વિરોધીઓ અને દુશ્મનો જે અમને શિયા તરીકે ઓળખે છે. તેમની પાસે અમારી હાજત રજુ કરીએ છીએ તો તેઓ વિનય સાથે મને મળે છે અને મારી હાજત પૂરી કરવામાં ઊતાવળ કરે છે. અને મારી હાજત પૂરી કરવા માટે પ્રયત્નો કરે છે તે બહુ જ નમાઝ પડે છે. ઘણો જ સદકો આપે છે. ઝકાત અદા કરે છે. તેની પાસે કોઈ અમાનત મૂકવામાં આવે તો તેને અદા કરે છે.

આપે ફરમાવ્યું અય અબુ ઇસ્હાક, તમને ખબર છે કે તમારામાં આ બુરાઈ કયાંથી આવી ? મેં અર્ઝ કરી. ના, ખુદાની કસમ જયાં સુધી આપ કહેશો નહીં ત્યાં સુધી અમને ખબર નહીં પડે. આપે ફરમાવ્યું અય અબુ ઇસ્હાક અલ્લાહ તઆલા એક અને અજોડ છે. તેણે કોઈ વસ્તુની બીજી વસ્તુનો આધાર લઈને નહીં પણ ખુદ પોતે જ બનાવી છે. તેણે જ હકીકતનો પ્રારંભ કર્યો છે.

અલ્લાહ તઆલાએ એક પાકો પાકીઝા જમીન ઉપર પાક અને મીઠુ (SWEET) પાણી

સાત દિવસ અને રાત માટે વહેતું કર્યું. એ પાણી જમીન ઉપર સુકાઈ ગયું ત્યારે તેની ઉપરથી બિલકુલ સાફ-સ્વચ્છ, મીઠી માટી ઉપાડી અને એ જ અમો એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની માટી છે. (જે માટી વડે અમે લોકો બન્યા છીએ.) પછી એ માટીની નીચે જે માટી વધી હતી તે અમારા શિયાઓની તીનત અને માટી છે. પછી અમો લોકોને તેણે પોતાની ઝાત માટે પસંદ કર્યા. અલ્લાહ તઆલાએ જે રીતે અમારી માટીને સંપૂર્ણ શુધ્ધ રાખી તેવી જ રીતે અમારા

શિયાઓની માટીને પણ સંપૂર્ણ શુધ્ધ રાખી. તેથી અમારા શિયાઓમાંથી કોઈ ઝીના કરતું નથી. ચોરી કરતું નથી. લવાત કરતું નથી. અને ન શરાબ પીવે છે. તેમજ તમે કહ્યું તેવી કોઈપણ બુરાઈ (ગુનાહ) કરતાં નથી. પરંતુ અલ્લાહ તઆલાએ એક જમીને મલઉના ઉપર એક ખારૂ અને કડવુ પાણી સાત દિવસ અને રાત વહાવ્યું. એ તીનતે મલઉના એ સડેલી ખણ ખણતી માટી માંથી બનેલી છે. જે એક અધૂરી (ઉણપવાળી) અને ખરાબ તીનત છે. એ અમારા દુશ્મનોની તીનત છે. જો અલ્લાહ

તઆલાએ માટીને તેના મૂળ સ્વરૂપમાં જ છોડી દેત તો તમે તે લોકોમાં ઇનસાનના ગુણો જોઈ ન શકતે. તેઓ કલમએ શહાદતૈન ન પડત. ન રોઝા રાખત, ન નમાઝ પડત, ન ઝકાત આપત, અને ન તો હજ્જે બયતુલ્લાહ માટે જાત. તમને તે લોકો પૈકી એકનામાં પણ ખૂશ-અખ્લાકી ન દેખાત. પરંતુ અલ્લાહ તઆલાએ બંને તીનતોને એકઠી કરીને બંનેનું મિશ્રણ કરી દીધું. એ મિશ્રણ ચામડીના મિશ્રણની જેમ કરવામાં આવ્યું. બંને માટી પગથી ગુંદાવી નાખવામાં આવી. હવે તમે

તમારા બિરાદરે મોઅમિનમાં જે બુરાઈ જુવો છો તે એટલે કે કોઈ ઝીના કરે છે, અથવા તેને શરાબ પીતા જુઓ છો તો આ તેના ઈમાન અને જોહર કે તીનતના પરિણામે નથી. પરંતુ નાસબીઓની તીનતના કારણે છે. (એટલે કે તેમની તીનત નાસબીઓની તીનતમાં વિકૃત રીતે રૂપાંતરીત બની ગઈ છે.) તમે નાસબીઓના સારા કાર્યો જુવો છો તે જેમકે નમાઝ, રોઝા, હજ કરવી, સદકો આપવો અથવા બીજી કોઈ નેકી જે તમે જુવો છો તે નાસબીઓની અસલ તીનતને કારણે નહીં પણ

બધા કામ ઈમાનનો સ્પર્શ થવાને કારણે છે. તેમની તીનતને ઈમાનનો સ્પર્શ થવાને લીધે આમ બન્યું છે. મેં અર્ઝ કરી હું આપ ઉપર કુરબાન થાઉં કયામતનો દિવસ આવશે ત્યારે (શું થશે) ? આપે જવાબ આપ્યો અય અબુ ઇસ્હાક, શું અલ્લાહ તઆલા ભલાઈ અને બુરાઈ બંનેને એક જગ્યાએ ભેગી થવા દેશે ? સાંભળો, જયારે કયામતનો દિવસ આવશે ત્યારે અલ્લાહ તઆલા ઈમાનની અસર જે લોકોમાં ચાલી ગઈ હશે તેને પાછી લઈ લેશે અને અમારા શિયાઓને પાછી આપી દેશે.

તેવી જ રીતે નાસબીઓની તીનતનો સ્પર્શ થવાથી જે અસર અમારા શિયાઓમાં આવી ગઈ હશે તેને કારણે જે બુરાઈઓ અને ગુનાહ કર્યા હશે તે શિયાઓમાંથી કાઢીને નાસબીઓના હવાલે કરી દેશે. અને દરેક વસ્તુ તેના મૂળ સ્વરૂપે, તેની મૂળ જગ્યાએ (અસલ સ્થાન) તરફ પાછી ફરશે. શું તમે સુર્યને નથી જોતા કે જયારે તે ઉદય થાય છે ત્યારે તેની કિરણો તેનામાં ભેગી રહે છે કે ફેલાઈ જાય છે ? મેં જવાબ આપ્યો હું આપ ઉપર કુરબાન થાઉં જયારે સુર્ય અસ્ત થાય છે ત્યારે તેના

કિરણો જે રીતે ઉદય વખતે નિકળે છે તેવી જ રીતે સમેટાઈ જાય છે. જો સુર્યની કિરણો તેનાથી અલગ થઈ ગઈ હોત તો હરગીઝ પાછી સમેટાઈ ન શકત. આપે ફરમાવ્યું અય અબુ ઇસ્હાક, દરેક વસ્તુ તેના અસલ મૂળ તરફ પાછી ફરે છે. મેં કહ્યું હું આપની ઉપર કુરબાન થાઉં આનો અર્થ એમ થયો કે તે લોકો જે નેકીઓ કરી રહ્યા છે, તેઓ પાસેથી તે લઈને અમને આપવામાં આવશે અને અમે લોકો જે બુરાઈ અને ગુનાહ કરી રહ્યા છીએ તે અમારી પાસેથી તે નાસબીઓને હવાલે કરી

દેવામાં આવશે ? આપે ફરમાવ્યું હા, એ ખુદાની કસમ જેની સિવાય બીજો કોઈ ખુદા નથી. મેં કહ્યું હું આપ ઉપર કુરબાન થાઉં, આ વિષયની કોઈ દલીલ કિતાબે ખુદામાંથી મળશે ? આપે ફરમાવ્યું હા, અય અબુ ઇસ્હાક, મેં કહ્યું તે કઈ જગ્યાએ (કઈ આયતમાં) છે ? આપે ફરમાવ્યું અય અબુ ઇસ્હાક શું તેં આ આયતની તિલાવત નથી કરી ? તો પછી તેઓ જ તે છે કે જેમની બદીઓ અલ્લાહ નેકીઓથી બદલી નાખશે. અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

તો અલ્લાહ તઆલા તમારા લોકો સિવાય બીજા કોઈના ગુનાહોને નેકીઓથી બદલશે નહીં. ખુદાની કસમ, એ તમારા લોકોના ગુનાહોને જ બદલશે. (સૂરએ ફુરકાન / આયત નં ૭૦)

## (૨૭૪) અલ્લાહ તઆલા બદ અખ્લાક માણસની તૌબા કબૂલ કરતો નથી.

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલા બદ અખ્લાક (ચારિત્ર્ય વિહોણા) માણસની દુઆ કબૂલ કરવાનો ઇન્કાર કરે છે.

ત્યારે આપને પૂછવામાં આવ્યું કે કેવી રીતે ? આપે ફરમાવ્યું તે હજી એક ગુનાહમાંથી નિકળે છે કે તરત જ તેનાથી મોટા ગુનાહમાં ફસાઈ જતો હોય છે.

## (૨૭૫) માખી પૈદા કરવાનું કારણ

એક દિવસ હઝરત અબુ અબ્દિલ્લાહ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ) મન્સૂર સાથે વાતચીત કરી રહ્યા હતા. ત્યારે એક માખી મન્સુર ઉપર બેસી ગઈ. મન્સૂરે તે માખીને ઉડાડી તો ફરી બેસી ગઈ. આમ ઘણી વખત બન્યું ત્યારે મન્સૂર

કંટાળી ગયો. તેણે કહ્યું યા અબુ અબ્દિલ્લાહ ! આ માખીને અલ્લાહ તઆલાએ શા માટે પૈદા કરી ? આપે ફરમાવ્યું ઝાલિમો અને અત્યાચાર કરનારાઓને પરેશાન કરવા.

## (૨૭૬) માખીનો ફાયદો

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જો લોકોના ખાણા ઉપર માખી ન બેસે તો લોકોમાંથી કોઈ પણ એક (માણસ) એવો ન મળે કે જેને કોઢ ન હોય

## (૨૭૭) પુરૂષ માટે ચાર સ્ત્રીઓ સાથે નિકાહ કરવા જાએઝ છે, જ્યારે સ્ત્રીઓ માટે એક પુરૂષ (પતિ)થી વધુ જાએઝ નથી તેનું કારણ

ઉપરના પ્રશ્નના જવાબમાં હઝરત ઇમામ રઝા (અલયહિસ્સલામ)એ લખી જણાવ્યુ કે પુરૂષે ચાર સ્ત્રીઓને નિકાહમાં રાખવી જાએઝ છે. અને સ્ત્રી માટે એકથી વધારે પુરૂષ સાથે નિકાહ કરવા હરામ છે. કારણ કે પુરૂષને ચાર પત્ની હોય અને તેનાથી સંતાન થાય તો તે બધા સંતાનો (ચારેય પત્નીના બાળકો) એ પુરૂષ સાથે સંબંધિત થશે. (એટલે કે પુરૂષના

સંતાનો ગણવામાં આવશે.) જો સ્ત્રી બે કે વધારે પુરૂષ સાથે નિકાહ કરે તો સંતાનોની ઓળખ થઈ શકે નહીં (કે કયુ સંતાન કયા પુરૂષથી પૈદા થયુ છે ?) કારણ કે સ્ત્રીને એકથી વધુ પતિ હોય છે. આ કારણસર વંશ, વારસો અને ઓળખ કરવામાં પણ વિખવાદ ઊભો થવાની સંભાવના રહે છે.

મોહમ્મદ બિન સનાનનું બયાન છે કે એક પુરૂષ માટે ચાર આઝાદ સ્ત્રીઓ હલાલ હોવાનું એક કારણ એ પણ છે કે સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં વધારે હોય છે. અને અલ્લાહ

સૌથી વધારે જાણનારો છે. અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે.... તો એવી ઔરતોમાંથી તમને જે પસંદ પડે બબ્બે ત્રણ ત્રણ ચાર ચાર સાથે નિકાહ કરી લ્યો. (સૂરએ નિસા / આયત નં 3)

અલ્લાહ તઆલાએ આ નકકી કર્યું છે જેમાં ગની અને ફકીર બંનેને છૂટછાટ આપવામાં આવી છે કે તેઓ તેમની શક્તિ અને હેસિયત પ્રમાણે જેટલી ઔરતો સાથે નિકાહ કરી શકતો હોય તેટલા (ચારની મર્યાદામાં) કરે.

## (૨૭૮) તાજા જન્મેલા બાળક (નવજાત શિશુ)ના માથાના વાળ મુંડાવવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે તાજા જન્મેલા બાળકના માથાના વાળ ઊતારવા (માથુ મુંડાવવા)નું શું કારણ છે ? આપે જવાબ આપ્યો કે તેના કારણે પેટના વાળથી તાજુ જન્મેલું બાળક પાક થાય છે.

## (૨૭૯) ખત્નાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે

કહેવાય છે કે ખલીલે ખુદા હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ) પોતાની ખત્ના પોતાની મેળે કરી હતી ? (શું એ વાત સાચી છે ?) આપે ફરમાવ્યું સુબ્હાનલ્લાહ, લોકો જેવું માને છે તેવું નથી. એ લોકો હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) માટે ખોટી માન્યતા રાખે છે. રાવી કહે છે કે તો પછી આપ ફરમાવો કે હકીકત શું છે ? ત્યારે આપે ફરમાવ્યું અંબિયા (અલય્હેમુસ્સલામ)ની ખત્નાની ખાલ (ચામડી) તેમની નાળ (જન્મની વખતે બાળકના શરીરમાં દુંટી સાથે જોડાયેલી નળી) સાથે

સાતમાં દિવસે આપ મેળે નિકળી જતી હતી. પરંતુ જયારે હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ના ફરઝંદ હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) જનાબે હાજરાના પેટથી અવતર્યા ત્યારે એક દિવસ જનાબે સારાએ તેમને કનીઝોને જે શબ્દો કહેવાતા હતા તેવા શબ્દોમાં મેણું માર્યું. એ મેણું સાંભળીને જનાબે હાજરા રડવા લાગ્યા. એ મેણું તેણીને ખૂબ જ દુ:ખદ લાગ્યું. જયારે હઝરત ઇસ્માઈલે તેમની માતાને રડતા જોયા ત્યારે તેઓ પણ રડવા લાગ્યા. એટલામાં હઝરત ઇબ્રાહીમ

(અલય્હિસ્સલામ) ઘરમાં આવ્યા. તેઓએ હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ)ને રડવાનું કારણ પુછયું ત્યારે હઝરત ઇસ્માઈલે કહ્યું કે જનાબે સારાએ મારી માતાને આવા શબ્દોમાં મેણું માર્યુ છે. તેથી મારી માતા રડવા લાગ્યાં અને હું પણ રડું છું. આ સાંભળીને હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) પોતાના ઇબાદતના મુસલ્લા ઉપર ઊભા રહી ગયા અને પોતાના રબને મુનાજાત સાથે દુઆ કરી કે યા અલ્લાહ તું હાજરાનાં દિલમાંથી આ સદમાને દૂર કરી દે. ત્યારે અલ્લાહ તઆલાએ

એ સદમાને હાજરાના દિલમાંથી દૂર કર્યો. પછી જયારે જનાબે સારાના પેટથી હઝરત ઇસ્હાક (અલય્હિસ્સલામ) પૈદા થયા ત્યારે તેમની નાળ તો ખરી થઈ, પરંતુ ખત્નાની ચામડી એમની એમ જ રહી. આ જોઈને જનાબે સારા વ્યાકુળ થઈ ગયા. તેણી હઝરત ઇબ્રાહીમ પાસે આવ્યા અને કહ્યું અય ઇબ્રાહીમ, આપની અવલાદ અને અંબિયાની અવલાદમાં આ તફાવત કેમ (શરૂ) થયો ? જુઓ આપના ફરઝંદ ઇસ્હાકની નાળ સાતમા દિવસે ખરી ગઈ, પરંતુ ખત્નાની ખાલ

(ચામડી) ખરી નથી. આ સાંભળીને હઝરત ઇબ્રાહિમ ઇબાદતના મુસલ્લા પર ગયા અને પોતાના રબથી મુનાજાત કરી અને કહ્યું પરવરદિગાર, અવલાદે ઇબ્રાહીમ અને અવલાદે અંબિયામાં આ નવી વાત શરૂ થવાનું કારણ શું છે ? આ મારો ફરઝંદ ઇસ્હાક છે. તેની નાળ તો ખરી ગઈ છે પણ ખત્નાની ખાલ ખરી નથી. અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) તરફ વહી ફરમાવી. જનાબે સારાએ હાજરાને જે મેણા ટોણા માર્યા છે, તેનું આ પરિણામ છે. હવે મેં

કસમ ખાઈ લીધી છે કે અંબિયાની અવલાદમાંથી કોઈ (બાળક)ની ખત્નાની ખાલ (આપમેળે) ખરશે નહીં. તેથી તમે ઇસ્હાકના ખત્નાની ચામડી લોઢાના કોઈ હથિયાર વડે કાપી લો. અને તેમને લોઢાના હથિયાર વડે થતી ઈજા (દુ:ખાવા)ની મજા ચખાડો. અત : હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)એ હઝરત ઇસ્હાક (અલય્હિસ્સલામ)ની ખત્નાની ચામડી લોઢાના હથિયારથી કાપીને જુદી કરી, ત્યાર પછી ખત્ના કરાવવાની સુન્નત લોકોમાં પ્રચલિત બની ગઈ.

## (૨૮૦) ઝીનાના ગુનાહમાં ચાર ગવાહ અને કત્લના ગુનાહમાં બે ગવાહની જરૂર શા માટે?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું એવું શા માટે છે કે ઝીનાની સાબિતી માટે ચાર ગવાહ (સાક્ષી) અને કત્લની સાબિતી માટે બે ગવાહની જરૂર શા માટે હોય છે ? આપે જવાબ આપ્યો અલ્લાહ તઆલાએ તમો લોકો માટે મુતા હલાલ કર્યો છે, અને તે એ વાત જાણે છે કે એ કારણોસર તમારી ઉપર

(ઝીનાનો) આક્ષેપ મૂકવામાં આવશે. તેથી અલ્લાહ તઆલાએ ઝીનાના ગુનાહ માટે ચાર ગવાહ હોવાનું જરૂરી ગણાવ્યું છે. જો એમ ન હોત તો વિરોધીઓ તમારી ઉપર ઝીનાનો આક્ષેપ સાબિત કરવાની કોશિશ કરતે. પણ આવા એક વ્યવહારમાં (ગુનાહીત કૃત્ય માટે) ચાર ગવાહ મળવા મુશ્કેલ હોય છે.

(૨૮૧) હઝરત ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવેલ કેટલાક મસાએલના જવાબમાં આપે પત્ર લખ્યો. જેમાં આપે એ પણ લખ્યું કે ઝીનાની સાબિતી માટે

ચાર ગવાહની જરૂર રહે છે. આ સિવાયના તમામ વ્યવહારની (ગુનાહની) સાબિતિ માટે બે ગવાહ જરૂરી ગણવામાં આવ્યા છે. કારણ કે એક પાકદામન પરણેલા પુરૂષ માટે સંગસાર (પત્થરો મારીને મારી નાખવા)ની સજા બહુજ સખ્ત હોય છે. અને તેમાં કત્લની સજાપણ છે. તેથી ઝીનાના ગુનાહ માટે ચાર ગવાહ જરૂરી ગણવામાં આવ્યા છે. આ ગુનાહમાં કત્લે નફસ થાય છે. અને બાળકનો વંશ નાબુદ થઈ જાય છે. તેમજ વારસામાં ફસાદ થતો હોય છે.

## (૨૮૨) કયા ગુનાહ વધારે સખ્ત ? ઝીના કે કત્લ ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે ઝીના અને કત્લ આ બંનેમાંથી કયા ગુનાહ વધુ સખ્ત છે ? આપે ફરમાવ્યું કત્લ. ત્યારે રાવીએ કહ્યું તો પછી કત્લના ગુનાહ માટે બે ગવાહ અને ઝીનાના ગુનાહ સાબિત થવા માટે ચાર ગવાહ શા માટે જરૂરી છે ? ત્યારે આપે ફરમાવ્યું આ વિષયમાં તમારી પાસે શું (આધાર) છે ? રાવી કહે છે કે અમારી પાસે

ફકત હ. ઉમરની એક હદીસ છે કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ ઉપર શહાદતની સાક્ષી માટે બે કલમા ફર્ઝ કર્યા છે. આપે ફરમાવ્યું અય અબુ હનીફા એવુ નથી, પણ ઝીનામાં બે હદ (સજા) છે. અને દરેક હદ માટે બે ગવાહી હોય તે જાએઝ નથી. (કારણ કે) ઝીનામાં પુરૂષ અને સ્ત્રી બંનેને સજા થાય છે. તેથી બે સજા માટે ચાર ગવાહ હોવા જરૂરી છે. જયારે કત્લના ગુનાહમાં કાતિલ ઉપર હદ જારી (સજા) કરવામાં આવે છે. કત્લ થનારને કોઈ સજા હોતી નથી.

## (૨૮૩) પુરૂષોને સ્ત્રીઓ ઉપર અગ્રતા આપવામાં આવી હોવાનું કારણ

હઝરત ઇમામ હસન બિન અલી બિન અબી તાલિબ (અલય્હેમુસ્સલામ) ફરમાવે છે કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે કેટલાક યહુદી પુરૂષો આવ્યા. તેઓમાંથી જે સૌથી વધુ વિધ્વાન હતો તેણે આપને કેટલાક પ્રશ્નો પૂછયા. જેમાંનો એક પ્રશ્ન આ પણ હતો કે પુરૂષોને સ્ત્રીઓ ઉપર કેટલી ફઝીલત (શ્રેષ્ઠતા) અને કૈફીયત (અગ્રતા, ઉત્તમતા) છે ? નબી

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જવાબ આપ્યો જેવી શ્રેષ્ઠતા આસમાનને જમીન ઉપર છે અથવા જેવી શ્રેષ્ઠતા પાણીને જમીન ઉપર છે તેટલી. પાણી જમીનને જિંદગી (ફળદ્રુપતા) આપે છે. પુરૂષોના કારણે સ્ત્રીઓ  જીવિત રહે છે. જો પુરૂષો ન હોત તો સ્ત્રીઓને પેદા જ કરવામાં ન આવતે. અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે. (સૂરએ નિસા / આયત નં 34)

“પુરૂષો સ્ત્રીઓ ઉપર સત્તા ધરાવનારા છે, (એક તો) એ મોટાઈના કારણે કે જે અલ્લાહે

એક મેક ઉપર આપી છે અને બીજુ પોતાનો માલ (સ્ત્રીઓ માટે) ખરચતા હોવાના કારણે”

યહુદીએ પુછયું એવું શા માટે થયું ? આપે ફરમાવ્યું અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને માટીથી પૈદા કર્યા અને તેઓને પૈદા કર્યા પછી જે માટી વધી તેમાંથી હવ્વાને પૈદા કર્યા હતા. સૌથી પહેલાં જેમણે (જે પુરૂષે) સ્ત્રીની ઇતાઅત કરી હતી તે હઝરત આદમ (અલય્હિસ્સલામ) હતા. તેથી તેઓને જન્નતમાંથી ઊતારી મૂકવામાં આવ્યા હતા. (અને એ રીતે) અલ્લાહ તઆલાએ

સ્ત્રીઓ ઉપર પુરૂષોની ફઝીલતને સ્પષ્ટ કરી દીધી. શું તમે એ નથી જોતા કે ઔરતોને હૈઝ કઈ રીતે આવે છે ? તે દિવસોમાં ગંદકી અને નજાસતના કારણે ઇબાદત કરવાથી તે વંચિત રહે છે. પુરૂષોને હૈઝ વગેરે કાંઈ આવતું નથી. યહુદીએ કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! આપે સાચું કહ્યું.

## (૨૮૪) ઔરતોની ઇતાઅત કરવાની મનાઈ હોવાનું કારણ

રાવી કહે છે કે એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના અસ્હાબ પૈકી એક માણસે પોતાની સ્ત્રીઓ વિશે ફરિયાદ કરી ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ)એ ઊભા થઈ ખુત્બો આપ્યો. અને ફરમાવ્યું કે અય લોકો (પુરૂષોના સમુહ) સ્ત્રીની ઇતાઅત કોઈ પણ સંજોગોમાં ન કરો. તેણીઓને તમારા માલની અમીન ન બનાવો. તેણીને તમારા કુટુંબની વ્યવસ્થા કરવા માટે બિલ્કુલ ન છોડો. જો તમે તેને કુટુંબની વ્યવસ્થા સોંપશો તો તે એવી વ્યવસ્થા કરશે

જે આપણને હલાકતમાં નાખી દેશે. તે માલિકની નાફરમાની કરશે. કારણ કે તેણી (પોતાના સ્વાર્થ) પોતાની જરૂરતના વખતે અલ્લાહના હુકમનું પાલન અને પરહેઝગારી છોડી દેતી હોય છે. પોતાની ખ્વાહીશ પૂરી કરવાના વખતે તેને સબ્ર રહેતી નથી. તેનામાં અભિમાન અવશ્ય મૌજૂદ હોય છે. ભલે પછી તેનું પરિણામ ગમે તેવું ખરાબ આવે. તેનામાં આત્મ પ્રશંસાના ગુણનું પ્રમાણ વૃધ્ધાવસ્થા સુધી પહોંચી જવા છતાં રહેતું હોય છે. તેની ખુશી તેની શર્મગાહમાં સમાએલી હોય છે. તેને

વધુમાં વધુ આપવામાં આવે તેમ છતાં તે શુક્ર અદા નહીં કરે. જો તેણીને કોઈ થોડી વસ્તુ પણ ન મળે તો તે (અગાઉની) બધી જ ભલાઈને ભુલી બેસશે. માત્ર ખરાબીને યાદ રાખશે. તે બોહ્તાનોની વર્ષા કરે છે. હદ ઓળંગી જાય છે. અને તે (સ્ત્રીઓ) શયતાનના હુમલાનું કેન્દ્ર હોય છે. તેણીની સાથે સારી સારી વાતો કરો. કદાચ તેનો અમલ સારો બની જાય.

## (૨૮૫) (નિકાહ સમયે આપવાની થતી રકમ) મહેર ચુકવવી પુરૂષ માટે શા માટે જરૂરી છે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું મહેર અદા કરવાની જવાબદારી પુરૂષની છે. સ્ત્રી ઉપર નથી. વાસ્તવમાં બંનેનું કામ એક હોય છે. પરંતુ પુરૂષ જયારે પોતાની હાજત પુરી કરી લે છે ત્યારે સ્ત્રીને છોડી દે છે અને ઊભો થઈ જાય છે. તેણીની મુક્તિ (આરામ)ની રાહ જોતો

નથી. તેથી મહેર ચુકવવી પુરૂષની જવાબદારી છે. સ્ત્રીની નથી.

## (૨૮૬) મૂંછ, બગલ અને ગુપ્ત ભાગના વાળ વધારવાની મનાઈ હોવાનું કારણ

હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું તમે લોકો તમારી મૂછો, પેડુ (ગુપ્ત ભાગો) અને બગલના વાળને લાંબા ન થવા દો, કારણ કે શયતાન છુપાઈ જવા માટે એવી જગ્યા શોધતો હોય છે.

## (૨૮૭) લસણ, ડુંગળી અને ગંદના ખાવાનું મકરૂહ હોવાનું કારણ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને લસણ (ખાવા) વિષે પુછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેની વાસ દુર્ગંધને કારણે ખાવાની મનાઈ ફરમાવી છે. અને કહ્યું છે કે જે માણસ (લસણ, ડુંગળી અને ગંદના) આ દુર્ગંધ મારતી વનસ્પતિ ખાય તો તે અમારી મસ્જિદો પાસે ન આવે અને જેણે તે ખાધી હોય

તે મસ્જિદમાં ન આવ્યો હોય તો કોઈ વાંધો નથી.

## (૨૮૮) ડુંગળી ખાવી

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને ડુંગળી અને 'ગંદના' ખાવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું તે ખાવામાં કોઈ વાંધો નથી. ભલે રાંધેલી (આગ ઉપર પકાવેલી) હોય કે કાચી હોય. પરંતુ જો કોઈ તે ખાય તો મસ્જિદમાં ન આવે. કારણ કે તેનાથી તેની બાજુમાં બેસનારને કરાહત (અણગમો) થશે.

(૨૮૯) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યું કે જે માણસ આ વનસ્પતિ (લસણ, ડુંગળી અને ગંદના) ખાય તે અમારી મસ્જિદ પાસે ન આવે. પરંતુ આ વસ્તુઓ ખાવી હરામ હોવાનું ફરમાવ્યું નથી.

## (૨૯૦) અલ્લાહ તઆલા બંદાઓની સજાને અઝાબ રૂપે આવતી શા માટે અટકાવે છે ?

હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલા જમીનના રહેવાસીઓ ઉપર અઝાબ નાઝિલ કરવાનો ઇરાદો કરે છે, તે પહેલાં અઝાબને રોકી લે છે અને કહે છે કે જો જમીન ઉપર એવા લોકો ન હોત જે મારા અઝાબથી ડરે છે, મારી મસ્જિદોને આબાદ રાખે છે. પરોઢિયાના સમયે મગફેરત ચાહે છે (જો એવા લોકો ન હોત) તો હું મારો અઝાબ તે લોકો ઉપર નાઝિલ કરી દેત.

## (૨૯૧) ગુનેહ્ગારો ઉપર ત્વરીત અઝાબ નાઝિલ કેમ નથી થતો ?

હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જયારે જમીનના રહેવાસીઓ ગુનાહ કરે છે અને બહુ જ ખરાબ કાર્યો કરે છે ત્યારે અલ્લાહ તઆલા ઇચ્છે છે તો જમીન વાસીઓને (સમગ્ર પૃથ્વીને) અઝાબ કરે અને તેમાંનો કોઈ એક પણ ન બચે. પરંતુ અલ્લાહ તઆલા જયારે એ બુઢ્ઢાને જુએ છે જે પોતાના લથડતા પગલે નમાઝ પડવા જઈ રહ્યો છે અને બાળકોને જુએ છે જે કુરઆન પડી રહ્યા

છે તો તેને રહમ આવી જાય છે. અને તે પોતાનો અઝાબ (કરવાનું) ટાળી દે છે.

## (૨૯૨) આમ અને ખાસ (સામાન્ય અને વિશેષ) બંને પ્રકારના લોકો ઉપર અઝાબ નાઝિલ થવાનું કારણ

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અય લોકો, જયારે (કોઈ) કૌમના 'ખાસ' લોકો એવી રીતે છુપાઈને ગુનાહ કરે છે કે સામાન્ય લોકો (આમ જનતા)ને ખબર પડતી નથી. ત્યારે ખાસ લોકોના ગુનાહને કારણે અલ્લાહ તઆલા

'આમ' લોકો ઉપર અઝાબ નાઝિલ કરતો નથી. પરંતુ જયારે ખાસ (વિશેષ) લોકો ખુલ્લમ ખુલ્લા ગુનાહ્ કરવા માંડે છે અને 'આમ લોકો' તેની સુધારણા નથી કરતાં ત્યારે ખાસ અને આમ બંને પ્રકારના લોકો અઝાબે ઇલાહીને પાત્ર બની જાય છે.

(૨૯૩) રાવી કહે છે કે મેં હઝરત ઇમામ રઝા (અલય્હિસ્સલામ)ને આ પ્રમાણે ફરમાવતા સાંભળ્યા કે જયારે બંદાઓ એવા એવા ગુનાહ્ શોધીને કરવા લાગે છે કે તેવા ગુનાહોને પહેલાં કોઈ જાણતુ ન હોય તો

અલ્લાહ તઆલા પણ તેને એવી એવી નવી બલાઓમાં સપડાવી દે છે જેને તે પહેલાં કોઈએ જોઈ ન હોય.

## (૨૯૪) જન્નતમાં જનારા કાયમ જન્નતમાં રહેશે અને જહન્નમમાં જનારા પણ કાયમ જહન્નમમાં જ રહેશે તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને જન્નત અને જહન્નમમાં હંમેશા હંમેશા રાખવામાં આવશે, તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું જહન્નમવાસીઓ હંમેશા માટે જહન્નમમાં રહેશે

કારણકે તેમની નિય્યત એ જ હતી કે જો તે હંમેશા માટે દુનિયામાં રહેશે તો હંમેશા (જયાં સુધી દુનિયા રહેશે ત્યાં સુધી) અલ્લાહ તઆલાની નાફરમાની (ગુનાહ) કરતો રહેશે. અને જન્નતવાસીઓ જન્નતમાં એ માટે હંમેશા માટે રહેશે કારણ કે તેઓની નિય્યત એ હતી કે તેઓ હંમેશા માટે દુનિયામાં રહેશે. તો હંમેશા માટે અલ્લાહના હુકમનું પાલન કરતાં રહેશે. આમ તેઓ પોત પોતાની નિય્યતો અનુસાર હંમેશા માટે જન્નત કે જહન્નમમાં રહેશે. ત્યાર બાદ આપે અલ્લાહ તઆલાના

આ કૌલની તિલાવત કરી (સૂરએ બની ઇસરાઈલ / આયત નં ૮૪) (હે રસૂલ) તું કહે કે દરેક શખ્સ પોત પોતાના સ્વભાવ પ્રમાણે વર્ત્યા કરે છે.

## (૨૯૫) મોઅમિનની નિય્યત તેના અમલ કરતાં બહેતર હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે (રાવી કહે છે કે) મેં આપને ફરમાવતા સાંભળ્યા હતા કે મોઅમિનની નિય્યત તેના અમલ કરતાં બહેતર છે. તો એ સમજાવો કે નિય્યત

અમલથી બહેતર હોઈ શકે ખરી ? આપે ફરમાવ્યું કે કયારેક કયારેક અમલ લોકોને દેખાડવા માટે પણ હોઈ શકે છે અને નિય્યત (જે દેખાડવા માટે હોઈ શકતી નથી.) ફકત ખાલિસ (નિર્મળ) રબ્બુલ આલમીનના માટે હોય છે. કારણ કે અલ્લાહ તઆલા નિય્યત ઉપર એટલું બધું અતા કરે છે, જેટલું અમલથી અતા નથી કરતો.

ઇમામ (અલયહિસ્સલામ) આગળ ફરમાવ્યું (જો કોઈ) બંદાએ દિવસના સમયે એવી નિય્યત કરી હતી કે (રાતે) નમાઝે શબ

પડીશ પરંતુ તેની ઉપર ઊંઘ છવાઈ ગઈ અને તે સુઈ રહે તો અલ્લાહ તઆલા તેના અઅમાલનામામાં તેની નમાઝે શબ લખી નાખશે. તેના દરેક શ્ર્વાસમાં તસ્બીહનો સવાબ આપશે અને તેની ઊંઘની ગણત્રી સદકો આપવામાં કરશે.

## (૨૯૬) અલ્લાહ તઆલાએ ઇબ્લીસને નિશ્ર્ચિત સમયની મુદ્દત આપી હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ ઇબ્લીસને એવુ શા માટે

કહ્યું કે જા તને નિશ્ચિત સમય સુધીની મુદ્દત આપી.

(અલ્લાહે) ફરમાવ્યું જે લોકોને મોહલત આપવામાં આવી છે, તું પણ તેઓ માહેનો છે. તે જાણીતા (કયામતના) દિવસના સમય સુધી (સૂરએ હિજર / આયત નં ૩૭/૩૮)

આપે ફરમાવ્યું એ માટે કે તે પહેલાં એ (ઇબ્લીસ) અલ્લાહનો શુક્ર અદા કરી ચુકયો હતો. અલ્લાહ તઆલા તેનો બદલો આપવા માંગતો હતો. (રાવી કહે છે) મેં પુછયું (ઇબ્લીસનો) શુક્ર કેવો ? (એટલે કે ઇબ્લીસે

કેવી રીતે શુક્ર અદા કર્યો હતો ?) આપે ફરમાવ્યું તે આસમાન ઉપર બે રકાત નમાઝે શુક્ર બે હજાર વર્ષ અથવા ચાર હજાર વર્ષ સુધી અદા કરતો રહ્યો હતો.

## (૨૯૭) કર્ઝ લેવું મકરૂહ હોવાનું કારણ

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું તમે લોકો કર્ઝ લેવાથી બચો. કારણ કે તેના કારણે રાતના સમયે ચિંતા રહે છે અને દિવસે અપમાનિત થવાનો ભય રહે છે.

(૨૯૮) રાવી કહે છે કે મેં હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આ પ્રમાણે ફરમાવતા સાંભળ્યા "હું કુફ્ર અને કર્ઝથી અલ્લાહની પનાહ માંગુ છું." રાવીએ અર્ઝ કરી યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું આપ કર્ઝને કુફ્ર સમાન સમજો છો ? આપે ફરમાવ્યું : હા.

(૨૯૯) હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું દરેક ગુનાહોનો કફ્ફારો રાહે ખુદામાં કત્લ થવાનો છે. સિવાય

કર્ઝનો. કારણ કે કર્ઝ અદા કર્યા (પરત ભરપાઈ કરી દીધા) સિવાય તેનો કફફારો તેના (કર્ઝદાર) તરફથી અદા કરવામાં આવે અથવા જેનું કર્ઝ હોય તે માફ કરી દે.

(300) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના જમાનામાં એક માણસનો ઇન્તેકાલ થઈ ગયો. તેની ઉપર બે દિરહમનું કર્ઝ હતું. તેની ખબર હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આપવામાં આવી ત્યારે આપે તેની નમાઝે જનાઝા પડાવવાનો ઇન્કાર કરી

દીધો. જેથી લોકો સંકોચ વગર કર્ઝ લેવાનો વ્યવહાર કરવા ન લાગે.

(301) (૧) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું આંખના દર્દથી વધુ બીજું કોઈ દર્દ નથી, અને કર્ઝની ફિકર કરતાં મોટી બીજી કોઈ ફિકર નથી.

(૨) આપે ફરમાવ્યું કર્ઝ એ જમીન ઉપર અલ્લાહ તઆલા તરફથી એક નિશાની છે, અલ્લાહ તઆલા જેને ઝલીલ (હડધૂત) કરવા

માંગે છે તેની ગરદનમાં આ (કર્ઝની) નિશાની નાખી દે છે.

## (૩૦૨) બંદા ઉપર ચાલીસ પર્દા અને તેના કારણો

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું મોઅમિન ચાલીસ ગુનાહ્રાને કબીરા ન કરે ત્યાં સુધી તેની ઉપર ચાલીસ પરદાઓ પડેલા રહે છે. જો કોઇ મોમિન ચાલીસ ગુનાહ્રાને કબીરા કરે તો એ ચાલીસ પરદાઓ હ્રટી જાય છે અને એ મોમિનની સુરક્ષા માટે જે ફરિશ્તો તેની સાથે

હોય છે તે કહે છે કે અય પરવરદિગાર ! આ બંદા ઉપરથી (તો) ચાલીસ પરદા હટી ગયા. (ત્યારે) અલ્લાહતઆલા તે ફરિશ્તાને વહી કરીને કહે છે (જો મારા બંદાના પરદા હટી રહ્યા છે તો) તમે લોકો તમારી પાંખોથી પરદા કરો. પછી ફરિશ્તા પોતાની પાંખોથી પરદા કરે છે. પછી જયારે બંદો કોઇ ગુનાહ એવા છોડતો નથી જે ગુનાહ તેણે કર્યા ન હોય. એટલે સુધી કે તેના (એ ખરાબ) કાર્યોની લોકો પ્રસંશા કરવા લાગે છે, ત્યારે ફરિશ્તાઓ બારગાહે ઇલાહીમાં અર્ઝ કરે છે કે પરવરદિગાર ! આ

બંદો તો કોઇ ગુનાહને છોડતો નથી અને હવે તો અમને પણ તેના ગુનાહોને જોઇને શરમ આવે છે. ત્યારે અલ્લાહતઆલા હુકમ આપે છે કે હવે તમે તમારી પાંખોને તેની ઉપરથી ઉઠાવી લ્યો. હવે જો તે અમો એહલેબૈતના બુગ્ઝમાં ફસાએલો હશે તો અલ્લાહતઆલા આસમાનો ઉપરથી તેની ઉપરના પરદા હટાવી લે છે. અને જમીન તરફના પરદા તેની ઉપર ઢાંકેલા રહેવા દે છે. ત્યારે ફરિશ્તા કહે છે કે અય પરવરદિગાર ! હવે તો આ બંદો બિલ્કુલ બેપરદા થઇ ગયો. ત્યારે

અલ્લાહ્તઆલા તેની તરફ વહી કરે છે કે: જો મને તેનો કોઇ સ્વાર્થ (ગરજ) હોતે તો હું તમો લોકોને તમારી પાંખોને બંદા ઉપરથી હ્ટાવી લેવાનો હુકમ હરગિઝ ન આપત.

## (303) ઝીના કરનારને ૧૦૦ (એકસો) કોરડા ફટકારવાની અને શરાબ પીનારને (૮૦) કોરડા ફટકાવાની સજાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું ઝીના (વ્યભિચાર) અને શરાબખોરી (દારૂ પીવામાં) બંનેમાંથી કઈ બાબતની ખરાબી (બુરાઈ)

વધારે છે ? આપે ફરમાવ્યું શરાબમાં. રાવી કહે છે કે મેં પુછયું તો પછી શરાબ પીનારને ૮૦ (એંસી) કોરડા અને ઝીના કરનારને ૧૦૦ (એકસો) કોરડાની સજા શા માટે (કરવામાં આવે) છે ? ઇમામ (અલયહિસ્સલામ)એ રાવીને સંબોધીને કહ્યું અય અબુ ઇસ્હાક હદ અને સજા કાયમ માટે એક જ સરખી હોય છે. પરંતુ વ્યભિચારને ૨૦ (વીસ) કોરડા વધારે એ માટે મારવામાં આવે છે કે તેણે પોતાનું વીર્યબીંદુ વેડફી નાખ્યું છે. અલ્લાહે તેને જે

જગ્યાએ વિર્યબિંદુ નાખવાનો હુકમ આપ્યો હતો ત્યાં ન નાખ્યું.

## (304) ઝીનાકારને સખ્ત કોરડા મારવાની સજા શા માટે ?

હઝરત ઇમામ રઝા (અલયહિસ્સલામ)એ આ પ્રશ્નના જવાબમાં લખ્યું તેમાં આ પ્રમાણે પણ લખ્યુ હતુ. ઝીના કરનારના શરીર ઉપર સખ્ત કોરડા એ માટે મારવામાં આવે છે કે તેણે ઝીના (વ્યભિચાર) કર્યા. તેની લઝઝત આખા શરીરે મેળવી છે. કોરડા મારવાની આ સજા એ માટે રાખવામાં આવી છે. બીજા લોકો

માટે બોધપાઠ છે. અને વ્યભિચાર એ સૌથી મોટો ગુનોહ છે.

## (૩૦૫) ગીબતના ગુનાહ ઝીના (વ્યભિચાર)ના ગુનાહ કરતાં પણ વધારે સખત હોવાનું કારણ

હઝરત નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું ગીબત એ ઝીના કરતાં પણ સખત ગુનાહ છે. ત્યારે આપને પૂછવામાં આવ્યું યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ કેવી રીતે ? જવાબમાં આપે ફરમાવ્યું ઝીના

કરનાર અલ્લાહની બારગાહમાં તૌબા કરે તો અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ કરી લે છે. અને ગીબત કરનાર તૌબા કરે છે તો જયાં સુધી જે (વ્યક્તિ)ની ગીબત કરવામાં આવી હોય તે માફ ન કરે ત્યાં સુધી અલ્લાહ તેની તૌબા કબૂલ કરતો નથી.

## (૩૦૬)(અ) મોઅમિન કયારેક જરૂરત કરતાં વધુ તેજ મીજાજનો, વધારે લોભી, કંજુસ અને જરૂરતથી વધારે નિકાહ કરનારો થઈ જતો હોવાનું કારણ ?

## (બ) મોઅમિન પોતાના દીનમાં પહાડથી પણ વધારે અડગ રહેતો હોવાનું કારણ:

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ તેમના પિતા (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે કે એક દિવસ આપને પૂછવામાં આવ્યું કે મોઅમિન સખત (કડક) સ્વભાવનો કેમ હોય છે ? આપે ફરમાવ્યું કે તેના દિલમાં કુરઆનની ઘણી અઝમત હોય છે. તેની છાતીમાં ઈમાન છલકતુ હોય છે. તે અલ્લાહ અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

ઇતાઅત કરનારો અને તેમને સાચા સમજનારો બંદો હોય છે.

પછી પૂછવામાં આવ્યું કે મોઅમિન કયારેક કયારેક જરૂરત કરતાં વધારે લોભી અને કંજુસ કેમ થઈ જતો હોય છે ? આપે ફરમાવ્યું તે હલાલ રસ્તેથી રોઝી કમાતો હોય છે, તે હલાલ રોઝી તેને ખુબ જ વહાલી હોય છે. તે એ વાત જાણતો હોય છે કે હલાલ રોઝી કમાવવી એ કેટલું મુશ્કિલ કામ છે ? તેથી તે હલાલ રોઝીને વેડફવા તૈયાર થતો નથી. તે પોતાના નફસ ઉપર કાબૂ રાખે છે અને

અયોગ્ય સ્થાને અને અયોગ્ય સમયે તે રોઝીને વેડફતો નથી. પછી પુછવામાં આવ્યું કે મોઅમિન જરૂરત કરતાં વધારે નિકાહ શા માટે કરતો હોય છે ? જવાબમાં આપે ફરમાવ્યું હરામથી બચવા માટે અને જયારે તેની ખ્વાહિશ એક કે બીજીથી પૂરી નથી થતી ત્યારે તે વધારે નિકાહ કરે છે. જયારે તેને તેના હેતુ મુજબની હલાલ પત્નિ મળી જાય છે, ત્યારે તે અટકી જાય છે. અને તે મુસ્તગની થઈ જાય છે. (એટલે કે પછી તેની એ બાબતની ઇચ્છા રહેતી નથી.) પછી આપે ફરમાવ્યું હકીકતમાં

મોઅમિનની કુવ્વત તેના દિલમાં હોય છે. શું તમે નથી જોયું કે મોઅમિન જાહેરમાં તો નબળો અને કમજોર દેખાય છે. પરંતુ આખી રાત ઇબાદતમાં હોય છે. અને દિવસે રોઝા રાખતો હોય છે.

મોઅમિન તેના દીનના મામલામાં પહાડથી વધુ મજબૂત (અડગ) હોય છે. જોકે પહાડમાં તો કયારેક તિરાડ પણ પડી જતી હોય છે. પરંતુ મોઅમિનના દીનમાં કોઈ તિરાડ પાડી શકવાંની હિંમત કરતુ નથી તે

દીનના મામલામાં એટલો કંજુસ અને લોભી હોય છે.

## (૩૦૭) મોઅમિન મુકફ્ફીર (એવો માણસ જેનો કોઈ આભાર માનતું ન હોય) શા માટે હોય છે?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું મોઅમિન મુકફ્ફીર હોય છે (એટલે કે તેની નેકી માટે કોઈ તેનો આભાર વ્યકત કરતુ નથી.) કારણ કે તેની નેકી બલંદ થઈને અલ્લાહ તઆલાની બારગાહમાં પહોંચી જાય છે. લોકોમાં તેની

નેકીનો પ્રચાર થતો નથી. અને કાફરની નેકીઓનો લોકોમાં પ્રચાર થાય છે. કારણ કે કાફર લોકો બંદાઓની ખુશી માટે નેક કાર્યો કરતાં હોય છે. જેથી બંદાઓમાં તેની નેકીનો પ્રચાર થતો હોય છે અને તેની નેકી આસમાન સુધી પહોંચતી નથી.

(૩૦૮) હઝરત અલી ઇબ્નુલ હુસૈન (અલયહિસ્સલામ)એ તેમના પિતાથી, તેઓએ હઝરત અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)થી રિવાયત કરી. આપે ફરમાવ્યું હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ) મુકફ્ફીર હતા. તેઓના અહેસાનનો કોઈ શુક્ર અદા કરતું ન હતું. હકીકતમાં તેમનો અહેસાન દરેક અરબી, કુરેશી અને અજમી ઉપર હતો. મખ્લૂક ઉપર હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી વધારે અહેસાન કરનાર બીજુ કોણ હોઈ શકે ? એવી જ રીતે અમો એહલેબૈત પણ મુકફ્ફીર છીએ. અમારા અહેસાનનો પણ કોઈ શુક્રીયા અદા કરતું નથી. (તેવી જ રીતે) મોઅમિન પણ મુકફ્ફીર છે. તેનો શુક્ર લોકો અદા કરતાં નથી.

## (૩૦૯) રીયાકારી શિર્ક છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું તમારામાંથી કોઈ પહાડની ટોચ ઉપર રહેતુ હોય, એટલે સુધી કે તેની ઉમર પુરી થઈ જાય તો પણ તેના માટે કંઈ નથી. શું તમે એ વાત નથી જાણતા કે લોકોને દેખાડવા માટે કરવામાં આવતા કામનું શું પરિણામ છે ? તો સાંભળો કે જો કોઈ માણસ કોઈ કામને લોકોની ખુશ્નુદી માટે કરે તો તેનો સવાબ આપવાની ફરજ દુનિયાના લોકોની છે. અને જો કોઈ માણસ

અલ્લાહની ખુશ્નુદી માટે કોઈ કામ કરે તો તેનો સવાબ આપવાની જવાબદારી અલ્લાહ ઉપર છે. અને દરેક રીયાકારી (દેખાવ માટે કરવામાં આવતું કામ) શિર્ક છે.

## (૩૧૦) મોઅમિનને તેના ગુનાહની સજા દુનિયામાં જ ઝડપથી આપી દેવામાં આવતી હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલા કોઈ બંદાની સાથે ભલાઈ કરવા ચાહે છે ત્યારે તેને ગુનાહ કરવાનો મૌકો આપે છે

અને તેની સજા આપે છે. તેમજ તેને ઇસ્તગ્ફાર કરવાનું યાદ દેવડાવે છે. અને જયારે અલ્લાહ તઆલા કોઈ બંદા સાથે બુરાઈ કરવાનું ઇચ્છે છે. ત્યારે તેને એક ગુનાહ (કરવા)નો મૌકો આપે છે. જેથી તે ઇસ્તગ્ફાર કરવાનું ભુલી જાય અને ગુનાહ કરવાનું સતત ચાલુ રાખે. અલ્લાહ તઆલાનો કૌલ છે. અને જે લોકોએ અમારી આયતો જુઠલાવી છે તેમને ખબર પણ ન પડે તે બાજુથી ધીમે ધીમે નાશ તરફ ખેંચતા જઈશુ. (સૂરએ અઅરાફ / આયત નં ૧૮૨)

## (૩૧૧) બામ માછલી વગેરે દરિયાઈ જંતુ ખાવાની મનાઈનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે તમે લોકો બામ માછલી, માર માહી (સાપ આકારની માછલી) પાણી ઉપર તરતી મરેલી માછલી, દરિયાઈ બતક અને તઆલ (ખેખડા) ન ખાવ કારણ કે તે લોહીનું ઘર અને શયતાનનો કોળિયો છે.

## (૩૧૨) મોઢાથી સીટી વગાડવી મકરૂહ હોવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે હઝરત લૂત (અલય્હિસ્સલામ)ને એ વાતની ખબર કઈ રીતે પડી જતી કે તેઓને ત્યાં મહેમાન આવી રહ્યા છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે તેઓની પત્ની (બહાર) નિકળીને સીટી વગાડતી હતી અને જયારે લોકો સીટી સાંભળતા ત્યારે લોકોને ખબર પડી જતી હતી તેથી સીટી વગાડવી મકરૂહ છે.

## (૩૧૩) કયામતના દિવસે લોકોને તેમની માતાના નામથી બોલાવવામાં આવશે તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કયામતના દિવસે અલ્લાહ તઆલા લોકોને તેમની માતાઓના નામથી સંબોધશે કે અય ફલાણા ઇબ્ને ફલાણા આ અલ્લાહ તઆલા તરફથી તેમની પર્દાપોશી હશે.

## (૩૧૪) વલદુઝ ઝીના (વ્યભિચારના પરિણામે પૈદા થએલ સંતાન) જન્નતમાં પ્રવેશ નહીં પામે તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ જન્નતને પાકો પાકીઝા પૈદા કરી છે. તેથી તેમાં એ જ દાખલ થશે જેની પૈદાઈશ પાક હોય. આ ઉપરાંત ફરમાવ્યું એ લોકો ખુશનસીબ છે જેની મા પાકદામન હોય.

## (૩૧૫) વારસાની વહેંચણીમાં એક છોકરાને બે છોકરીઓ જેટલો હિસ્સો શા માટે ?

રાવી કહે છે કે હઝરત ઇમામ રઝા (અલય્હિસ્સલામ)એ તેમના પ્રશ્નોના જવાબમાં લખ્યું કે વારસામાં પુરૂષને જે આપવામાં આવે છે તેની કરતાં સ્ત્રીને અડધો ભાગ એ માટે આપવામાં આવે છે કે જયારે લગ્ન થાય છે ત્યારે સ્ત્રી (મહેર વગેરે) રકમ લે છે અને પુરૂષોને તે રકમ આપવાની હોય છે તેથી (વારસામાં) પુરૂષનો ભાગ બમણો હોય છે. વારસામાં પુરૂષને બમણો ભાગ મળે છે. તેનું બીજુ કારણ એ છે કે સ્ત્રી પુરૂષની અયાલ ગણાય છે. જો સ્ત્રી મોહતાજ હોય તો પુરૂષે

તેનું ભરણપોષણ કરવાની ફરજ છે. પતિ માટે પત્નિની ખાધા ખોરાકી આપવી ફરજીયાત (વાજીબ) છે. પરંતુ પત્નિ ઉપર પોતાના પતિનું ભરણપોષણ કરવું જરૂરી નથી. ભલે પતિ મોહ્તાજ કેમ ન હોય ? આમ પુરૂષ વારસામાં વધારે હક મેળવવાને પાત્ર બને છે. આ વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે. (સૂરએ નિસા / આ. ૩૪)

“પુરૂષો સ્ત્રીઓ ઉપર સત્તા ધરાવનાર હોય છે. (એક તો) એ મોટાઈના કારણે જે અલ્લાહે

એક મેક ઉપર આપી છે. અને બીજું પોતાનો માલ (સ્ત્રીઓ માટે) ખર્ચતા હોવાના કારણે...”

## (૩૧૬) કેટલાક ઝાડ ફળ આપે છે, કેટલાક ફુલ આપે છે અને કેટલાક કાંટાળા હોય છે તેનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ બધા જ વૃક્ષોને ફળદાર પૈદા કર્યા હતા. એટલે સુધી કે દરેક વૃક્ષના ફળને ખાઈ શકાતા હતા. પરંતુ જયારે લોકોએ એમ કહ્યું કે અલ્લાહે એક પુત્ર બનાવી લીધો છે. ત્યારે

અડધા વૃક્ષોના ફળ જતા રહ્યા. અને જયારે લોકોએ અલ્લાહની સાથે બીજા એક અલ્લાહને માન્યો ત્યારે અમુક વૃક્ષો કાંટાળા બની ગયા.

## (૩૧૭) દિકરીના લગ્નમાં ઊતાવળ શા માટે કરવી જોઈએ ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું એક દિવસ હઝરત જીબ્રઈલ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર નાઝિલ થયા અને કહ્યું અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

આપનો રબ આપને સલામ કહે છે અને ફરમાવે છે કુંવારી છોકરીઓ (આંબાના) ઝાડ ઉપર લટકતી કેરીઓ જેવી હોય છે. જયારે ફળની કેરીઓ પાકી જાય છે ત્યારે તેને તોડી લેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. જો તે કેરીઓને તોડી લેવામાં ન આવે તો તડકા અને હવાને કારણે ખરાબ થઈ જતી હોય છે. તેવી જ રીતે જયારે છોકરીઓ મોટી થઈ જાય ત્યારે ઔરત (સ્ત્રી) બની જતી હોય છે. તેના માટે પતિ સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. (એટલે કે દીકરી મોટી થાય ત્યારે તુરત

જ તેના નિકાહ કરી દેવા જોઈએ) નહીંતર તે ફીત્ના (બુરાઈ)થી સુરક્ષિત રહી શકતી નથી. આ ઇલાહી પયગામ સાંભળીને હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા અને લોકોને સંબોધન કર્યું અને લોકોને અલ્લાહ તઆલાના સંદેશાથી વાકેફ કર્યા. જયારે લોકોએ આ સંદેશો સાંભળ્યો ત્યારે પુછયું કે યા રસૂલુલ્લાહ (અમારી) દિકરીઓની શાદી કોની સાથે કરીએ ? આપે ફરમાવ્યું જે તેના કુફવ (સમકક્ષ) હોય તેની સાથે શાદી

કરો. લોકોએ પુછયું કે કુફવ કોણ છે ? આપે ફરમાવ્યું મોઅમિન એક બીજાના કુફવ છે. પછી આપે ઝબ્બાઅહના નિકાહ મિકદાદ બિનલ અસ્વદી સાથે કર્યા નહીં ત્યાં સુધી મિમ્બર ઉપરથી નીચે ન ઊતર્યા. પછી ફરમાવ્યું અય લોકો મેં મારા કાકાની દિકરીના નિકાહ મિકદાદ સાથે કરી દીધા, જેથી આ કામનો પાયો નખાઈ જાય.

## (૩૧૮) અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

## વસલ્લમ)નો ઝિક્ર કરનાર માટે દસ નેકી શા માટે ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે જે કોઈ અલ્લાહ તઆલાનો ઝિક્ર કરશે. તેના નામએ આમાલમાં દસ નેકીઓ લખવામાં આવશે. જે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો ઝિક્ર કરશે, તેના નામએ આમાલમાં પણ દસ નેકીઓ લખવામાં આવશે. કારણ કે અલ્લાહ તઆલાએ પોતાના

રસૂલના ઝિક્રને પોતાના ઝિક્ર સાથે સંબધિત કરેલ છે.

## (૩૧૯) ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) બદલો લેનાર તરીકે કામ કરશે તેનું કારણ ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું જયારે અમારા કાએમ કયામ કરશે ત્યારે એક સ્ત્રીને તેઓ તરફ મોકલવામાં આવશે. જેથી તેઓ તેણીની ઉપર હદ જારી કરીને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

દુખ્તર જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નો બદલો તેણી પાસેથી લઈ શકે. રાવી કહે છે કે મેં પુછયું હું આપના ઉપર કુરબાન થાઉં. તેણી ઉપર હદ શા માટે જારી કરવામાં આવશે ? (એટલે તે સ્ત્રીને કોરડા શા માટે મારવામાં આવશે ?) આપે ફરમાવ્યું તેણીએ હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની માતા ઉપર જુઠ અને તોહમત લગાવ્યું હતું. રાવીએ પુછયું તો પછી અલ્લાહ તઆલાએ તેની હદ અને સજાને હઝરત ઇમામ કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)ના

જમાના સુધી બાકી કેમ રાખી ? આપે ફરમાવ્યું એ માટે કે અલ્લાહ તઆલાએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને રહમત બનાવીને મોકલ્યા હતા. અને ઇમામે કાએમ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)ને સખ્તી અને સજા કરવા માટે મોકલશે.

## (૩૨૦) પિતાના મિત્રો સાથે સંબંધ તોડી નાખવાનું પરિણામ શું આવશે ?

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું તમે તમારા

પિતાના દોસ્તો સાથે સંબંધ તોડી ન નાખો, જો તેમ કરશો તો દિલની રૌશની બુઝાઈ જશે.

## (૩૨૧) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવેલા રોજીંદા જીવનમાં ઉપયોગી થાય તેવા કેટલાક આદેશો

(૧) ગોશ્તનો રૂમાલ (ચરબી) ઘરમાં ન રાખો, એ શયતાનનું કેન્દ્ર છે.

(૨) દરવાજાની પાછળ ધૂળ ભેગી ન થવા દયો. એ શયતાનનનું આશ્રયસ્થાન છે.

(૩) જયારે તમારામાંથી કોઈ પોતાના કપડા ઊતારે ત્યારે “બિસ્મિલ્લાહ” કહે જેથી જીન તે કપડાને પહેરી ન લે. જો તમે બિસ્મિલ્લાહ નહીં કહ્યું હોય તો એ કપડાને જીન સવાર સુધી પહેરી રાખશે.

(૪) તમે લોકો શિકારનો પીછો ન કરો, એ તમારા અનુભવનો અભાવ છે.

(૫) જયારે તમે તમારા ઓરડા (રૂમ) ના દરવાજા પાસે પહોંચો ત્યારે “બિસ્મિલ્લાહ” કહો તેનાથી શયતાન ભાગી જાય છે.

(૬) જયારે તમારા ઘરે પહોંચો ત્યારે “બિસ્મિલ્લાહ” કહો, તેનાથી બરકત નાઝિલ થશે અને ફરિશ્તા આકર્ષાશે.

(૭) એક સવારી ઉપર ત્રણ વ્યક્તિ ન બેસો. તેનાથી તે ત્રણ પૈકીનો એક મલઉન (લાનતને પાત્ર) થશે અને તે આગળ બેસનારો હશે.

(૮) કોઈ રસ્તાનું નામ “સકકહ” (સીધો રસ્તો) ન રાખો. કારણ કે જન્નતના રસ્તા સિવાય બીજો કોઈ સીધો રસ્તો નથી.

(૯) તમારા સંતાનોના નામ ‘હકમ’ કે ‘અબુલ હકમ’ ન રાખો. કેમકે અલ્લાહ તઆલા જ હકમ છે.

(૧૦) ઉખરા (પાછળના લોકો)નો ઉલ્લેખ ભલાઈ સિવાય ન કરો કારણ કે અલ્લાહ તઆલા જ ઉખરા છે.

(૧૧) દ્રાક્ષને કરમ ન કહો, કારણ કે મોઅમિન જ કરમ (મહેરબાન) હોય છે.

(૧૨) તમે એક ઊંઘ પછી ઘરની બહાર ન નિકળો, કેમકે અલ્લાહે પૈદા કરેલા કેટલાક

ચાર પગા (પ્રાણીઓ) એ પ્રમાણે કરે છે, જેનો તેમને હુકમ આપવામાં આવેલ છે.

(૧૩) જયારે તમે કુતરાનો ભોંકવાનો અવાજ સાંભળો અથવા ગધેડાનો અવાજ સાંભળો ત્યારે શયતાને રજીમથી અલ્લાહની પનાહ માંગો. (એટલે કે અઊઝો બિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ કહો) કારણ કે તે જે કંઈ જુએ છે તે તમે જોઈ શકતા નથી. તમે એ કરો જેનો તમને હુકમ આપવામાં આવ્યો છે.

(૧૪) એક સાલેહ સ્ત્રી માટે શ્રેષ્ઠ કાર્ય સૂતર કાંતવું છે.

## (૩૨૨) કયા ગુનાહનું શું પરિણામ ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું :

* એવા ગુનાહ જેના કારણે નેઅમતમાં પરિવર્તન થઈ જાય છે, તે બગાવત છે.

* જે ગુનાહથી ઇન્સાનને શરમીંદગી ઉઠાવવી પડે છે તે કત્લ છે.

* જે ગુનાહથી અઝાબ નાઝિલ થાય છે તે ઝુલ્મ છે.

* જે ગુનાહથી ઇન્સાનના કાર્યો પરથી પરદો હટી જાય છે તે શરાબનું સેવન છે.

⁕ જે ગુનાહના કારણે રોઝીના દરવાજા બંધ થઈ જાય છે તે ઝીના (વ્યભિચાર) છે.

⁕ જે ગુનાહથી નાશ વહેલો થાય છે અને બરબાદી આવે તે કત્એ રહ્મ (એટલે સગા વ્હાલાઓ સાથે સંબંધ તોડી નાખવો) છે.

⁕ જે ગુનાહથી દોઆ રદ થઈ જાય છે અને ચારે બાજુ અંધારૂ છવાઈ જાય છે તે માં-બાપની નાફરમાની અને આક થઈ જવું છે.

## (૩૨૩) બાળકો કારણ વગર હસે અને રડે છે શા માટે ?

મુફઝઝલ નામના રાવીએ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે (સાવ નાના) બાળક કોઈ ખુશી વગર શા માટે હસતા હોય છે, અને કોઈ તકલીફ પહોંચ્યા વગર શા માટે રડતા હોય છે ? આ પ્રશ્નના જવાબમાં ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું અય મુફઝઝલ ! દરેક નાનું બાળક ઇમામને જુવે છે. અને ઇમામ સાથે વાતો કરે છે. ઇમામ જ્યારે તેનાથી ગાએબ થઈ જાય છે ત્યારે તે રડવા લાગે છે. અને જ્યારે ઇમામ તેની પાસે આવે છે ત્યારે હસવા માંડે છે.

પરંતુ જયારે તેની જીભ ખુલે છે (એટલે કે તેની સમજણ અને બોલવાની શક્તિ વિકાસ પામે છે) ત્યારે આ દરવાજો (તેના માટે) બંધ થઈ જાય છે. અને તેના દિમાગમાંથી (કુદરતી રીતે) તે વાત ભુલાઈ જાય છે.

## (૩૨૪) શર્મગાહ અને જમીનની વચ્ચે પરદો રાખવાનું કારણ શું ?

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું અલ્લાહતઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની તરફ વહી મોકલી કે

તમારી શર્મગાહ જોવાને કારણે જમીન શરમાઈને ફરિયાદ કરે છે તેથી શર્મગાહ અને જમીનની વચ્ચે કોઈ પરદો રાખો. તેથી આપે એક કપડુ લીધુ જે પૈરહનથી મોટૂં અને શલવારથી નાનુ હતુ. તેને પહેરી લીધુ. જે આપના ગોઠણ સુધી પહોંચ્યું.

### (૩૨૫) કર્ઝ લેનાર માટે....

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે અમારા સુધી આ રિવાયત પહોંચી છે કે અન્સારમાંથી એક માણસનું મૃત્યુ થયું. તેની ઉપર કોઈનું કાંઈક

કર્ઝ હતુ. તો આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેની નમાઝે જનાઝા પડી નહીં. અને લોકોને કહ્યું કે જયાં સુધી તેનું કર્ઝ અદા ન થઈ જાય ત્યાં સુધી તેની નમાઝે જનાઝા ન પડે. ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું આ રિવાયત સહીહ છે. પછી ઇમામે ફરમાવ્યું હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આમ કહ્યું તેનું કારણ એ હતુ કે હકને અદા કરવામાં આવે. લોકો એક બીજાના કર્ઝને અદા કરે. લોકો કર્ઝને મામુલી ન સમજે. નહીંતર જોવામાં

આવે તો હકીકતમાં હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત થઈ ત્યારે તેઓ ઉપર કર્ઝ હતુ. હઝરત અલી (અલય્હિસ્સલામ) અને હઝરત ઇમામ હસન (અલય્હિસ્સામ) અને ઇમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત વખતે તેઓ ઉપર પણ કર્ઝ હતુ.

## (૩૨૬) સૂતી વખતે પડવાની દોઆ અને તેનું કારણ ?

નબીએ કરીમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું તમે લોકોમાંથી

કોઈ પોતાની પથારી (ફર્શે ખ્વાબ) ઉપર જાવ ત્યારે એ નથી જાણતા કે ઊંઘની હાલતમાં તેની શું હાલત થશે ? તેથી તે પોતાની ઈજાર (લેંઘા)ની આજુ બાજુ હાથ ફેરવીને આ પ્રમાણે દુઆ પડે.

"અલ્લાહુમ્મ ઇન અમ્સકત ફી મનામી ફગ્ફીર લહા વઇન અરસલતહા ફહ ફીઝહા તહફઝો બેહી એબાદેકસ્સાલેહીન"

(પરવરદિગર ! તું મારી રૂહને રોકી લે છે, તો તેની મગ્ફેરત ફરમાવ અને જો રૂહને પાછી મારા શરીરમાં મોકલનાર હો તો તેની

હિફાઝત કર, મારી રૂહનું એવી વસ્તુઓથી રક્ષણ કર જેનાથી તું તારા સાલેહ બંદાઓનું રક્ષણ કરે છે.)

## (૩૨૭) ઇમામની શોધમાં નિકળવાનું કારણ

હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે રાવી કહે છે કે એક દિવસ મેં આપ (ઇમામ અલય્હિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી, કે જો કોઈ ઇમામ (અલય્હિસ્સલામ)નો ઇન્તકાલ (શહાદત-વફાત) થઈ જાય અને જે લોકો ત્યાં હાજર ન હોય અને તેમને ઇમામ

(અલયહિસ્સલામ)ના ઇન્તકાલની ખબર મળે તો તેણે શું કરવું જોઈએ ? ઇમામે ફરમાવ્યું તે લોકો ઇમામની શોધમાં નિકળે જયાં સુધી તેઓની તલાશ અને શોધ ચાલુ રહેશે ત્યાં સુધી તેઓને લાચાર સમજવામાં આવશે. રાવીએ પુછયું કે ઇમામની શોધમાં આખી કૌમ નિકળે કે અમુક લોકો જ નિકળે તો પૂરતું ગણાશે. આપે ફરમાવ્યું અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે "અને મોઅમિનો માટે આ કાંઈ અગત્યનું નથી કે તેઓ એકી વખતે બધા નિકળી પડે માટે તેમના દરેક ટોળામાંથી એક

નાનકડો જથ્થો એ હેતુસર શા માટે નિકળતો નથી કે તે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરે અને જયારે તે પાછો ફરે ત્યારે પોતાની કૌમને ડરાવે કે જેથી તેઓ પણ (દુષ્ટ કાર્યો કરતાં) સાવધ રહે.” (સૂરએ તૌબા / આયત નં ૧૨૨)

ત્યાર પછી આપે ફરમાવ્યું જે લોકો ઘરે રહી જશે તે લોકો ઇમામ (અલય્હિસ્સલામ)ની શોધ માટે જનારાઓ પાછા ન ફરે ત્યાં સુધી લાચાર ગણાશે.

## (૩૨૮) ઊંઘનાર (સુઈ રહેનારના)ના ચાર પ્રકાર

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું ઊંઘના ચાર પ્રકાર છે.

(૧) અંબિયા (અલય્હેમુસ્સલામ) તેમની પીઠ ઉપર ચત્તા (સીધા) સૂવે છે. પરંતુ તેમની આંખો સુતી નથી. તેઓને પોતાના રબની વહીની પ્રતિક્ષા રહેતી હોય છે.

(૨) મોઅમિન જમણા પડખે કિબ્લાની સામે મોઢું રહે તેમ સુવે છે.

(3) બાદશાહ અને તેના સંતાનો ડાબા પડખે સુવે છે, અને હંમેશા શું ખાશું ? તેનો વિચાર કરતાં રહેતા હોય છે.

(૪) ઇબ્લીસ અને તેના સંતાનો તેમજ દરેક પાગલ દીવાના અને મુસીબતમાં ફસાએલા લોકો ઉંધા (મોઢાભેર) સુતા હોય છે.

## (૩૨૯) નાસ્બી અને મુરતદ (ઇસ્લામથી ફરી ગએલા) ને કત્લ કરવાનો હુકમ

રાવીએ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછયું કે નાસ્બી અને મુરતદને કત્લ કરવા વિશે આપ શું ફરમાવો

છો ? આપે ફરમાવ્યું તેમનું ખુન હલાલ છે. (આ હદીસ સલમાન રશ્દીને લાગુ પડે છે.)

## (330) નમાઝે શબ શા માટે જરૂરી ?

(૧) શૈખ સદુક (અ.ર.) ફરમાવે છે કે ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે તમો લોકો નમાઝે શબ પડો. એ માટે કે એ તમારા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સુન્નત છે. તમારામાંના સાલેહીનનો નિયમ છે. એના લીધે બીમારી દૂર રહે છે. ઇમામે ફરમાવ્યું નમાઝે શબ ચહેરાને નૂરાની બનાવે છે.

ખૂશ્બુદાર બનાવે છે. અને રિઝકને ખેંચી લાવે છે.

(૨) .... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અય સુલૈમાન ! તમે નમાઝે શબને કયારેય નહીં છોડતા, કારણ કે નમાઝે શબને છોડનાર નુકસાનમાં રહે છે.

(૩) ......હઝરત અબુલ હસન (અલય્હિસ્સલામ)એ કુરઆને મજીદની (સૂરએ હદીદની ૨૭મી) આયતની તફસીરમાં ફરમાવ્યું આ આયતનો અર્થ નમાઝે શબ છે.

“વ રહબાનિય્યત નીલ તદઉહા મા કતબનાહા અલયહિમ ઇલ્લબતેગાઅ રીઝવાનિલ્લાહ.” ...અને રહબાનિય્યત (સંસાર ત્યાગ) તેમણે (પંડે જ) નવીન શરૂ કર્યો, (તે) અમોએ તેમના પર વાજીબ (અનિવાર્ય) કર્યો ન હતો. પરંતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે (તેમણે તેમ કર્યું હતુ.) ...

(૪) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવતા સાંભળ્યા કે રાતના વચ્ચેના ભાગમાં પડવામાં આવેલી બે રકાત નમાઝ મને દુનિયા અને

તેમાની તમામ વસ્તુઓ કરતાં વધારે પસંદ છે.

(૫) .....તેણે એ શખ્સથી જેણે આ હદીસ બયાન કરી, હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ કૌલે ખુદા (કુરઆને મજીદની આ આયત સુરએ હુદની આયત નં ૧૧૪)

“ઇન્નલ હસનાતે યુઝહિબ્નસ્સય્યેઆત”

નિસંશય ! નેકીઓ બદીઓને મારી હટાવે છે. વિષે સવાલ કરવામાં આવ્યો, ત્યારે આપે ફરમાવ્યું મોઅમિનની નમાઝે શબ એ

ગુનાહોને દૂર કરી દે છે. (ભાગ : ૨, કારણ નં ૮૩, પા. ૨૮૫)

## (૩૩૧) નમાઝે શબ પડવાથી શા માટે વંચિત રહેવાય છે ?

શૈખ સદ્દુક (અ.ર.) ફરમાવે છે. મારા પિતાને મોહમ્મદ બિન અત્તારે, તેઓને ઇમરાન બિન મુસાએ, તેઓને હસન બિન મુસાએ તેઓને હસન બિન અલી બિન નોમાને તેઓને તેમના પિતાથી અને તેઓએ અમૂક લોકોથી રિવાયત કરી છે કે એક માણસ હઝરત અમીરૂલ મોઅમેનીન

(અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી "યા અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) હું તો નમાઝે શબથી બિલકુલ મહરૂમ (વંચિત) રહ્યો છું. આપે ફરમાવ્યું તને તારા ગુનાહોએ કૈદ કરી લીધો છે.

(૨) શૈખ સદુક (અ.ર.) ફરમાવે છે......હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું જુઠ્ઠુ બોલનાર, નમાઝે શબથી વંચિત રહે છે તો રિઝકથી પણ વંચિત રહે છે.

(૩૩૨) .... હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવતા સાંભળ્યા કે રાતના વચ્ચેના ભાગમાં પડવામાં આવેલી બે રકાત મને દુનિયા અને તેમાંની તમામ વસ્તુઓ કરતાં વધારે પસંદ છે.

## (333) એ કારણ જેના લીધે પુરૂષે નમાઝે શબ મોટા અવાજે પડવી જોઈએ.

.... હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને એવા માણસ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો કે તે જયારે રાત્રિના છેલ્લા

ભાગમાં નમાઝે શબ પડવા માટે ઊભો થાય છે. ત્યારે મોટા અવાજે કિરઅત કરે છે. આપે ફરમાવ્યું કે માણસ (પુરૂષ) માટે બહેતર છે કે જયારે નમાઝે શબ પડે તો એવી રીતે પડે કે તેના ઘરના માણસો સાંભળે, જેથી ઊંઘનારા ઉઠી જાય અને તેઓમાં હલન ચલન (હરકત) પૈદા થઈ જાય.

## (૩૩૪) બીમારી અને આફતો મોહતાજો ઉપર શા માટે આવે છે ?

શૈખ સદુક (અ.ર.) ફરમાવે છે કે તેમને તેમના વાલિદ રહમલ્લાહે બયાન

કર્યું.....તેઓને.... તેઓએ હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી. આપે ફરમાવ્યું સામાન્ય રીતે આફતો અને બીમારીઓ મોહતાજો પર એ માટે રાખવામાં આવી છે જેથી તે છુપાઈ ન શકે. શ્રીમંતોમાં રાખવામાં આવી હોત તો તેઓ (બીમારી-આફતોને) છુપાવી રાખતે.

## (૩૩૫) લોકોમાં અકકલ હોવાનું અને ઇલ્મ ન હોવાનું કારણ

એક દિવસ મેં હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)ને પુછયું એ વાતનું

શું કારણ છે કે લોકો અકકલ અને સમજ ધરાવે છે, પરંતુ ઇલ્મ ધરાવતા નથી ? આપે ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને પૈદા કર્યા ત્યારે તેઓની અજલ તેઓની બંને આંખોની સામે રાખી અને તેઓની ઉમ્મીદો અને તમન્નાઓને તેઓની પીઠ ઉપર રાખી. પરંતુ જયારે તેઓથી (સારૂ કામ છોડવાની) ભુલ થઈ ગઈ ત્યારે તેઓએ પોતાની ઉમ્મીદો અને ખ્વાહીશોને સામે રાખી અને અજલને પીઠ પાછળ નાખી દીધી. આથી લોકો અકકલ અને

સમજ ધરાવતા હોવા છતાં ઇલ્મ ધરાવતા નથી.

## (336) હજ કરવા માટે કોણ જાય ?

(૧) હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું કે લોકોમાંથી કોઈ એક વખત હજ કરે છે, કોઈ વધુ વખત કરે છે અને અમુક લોકો હજ માટે જતા નથી, તેનું કારણ શું ?

આ પ્રશ્નના જવાબમાં ઇમામે ફરમાવ્યું જયારે અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) અને હઝરત ઇસ્માઈલ

(અલય્હિસ્સલામ)ને ખાનએ કાબા બનાવવાનો હુકમ આપ્યો અને ખાનએ કાબા બનીને તૈયાર થઈ ગયુ ત્યારે તેઓએ હુકમ આપ્યો કે તમે એક થાંભલા ઉપર મોટા અવાજે કહો કે “હજનો જમાનો આવી ગયો.” “હજનો ઝમાનો આવી ગયો.” તે અવાજ સાંભળીને જેટલા લોકો આવ્યા તેટલા જ લોકો હજ કરતે, પરંતુ જયારે તેઓ (હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) અને હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ) એ અવાજ બલંદ કર્યો ત્યારે જે લોકો તેમના પિતાની પીઠમાં હતા તેઓએ

પણ કહ્યું “લબ્બૈક” અય અલ્લાહની તરફ બોલાવનાર અમે હાજર છીએ. એ વખતે જે લોકો દસ વખત “લબ્બૈક” કહ્યું હશે તેઓ દસ વખત, જે લોકોએ પાંચ વખત લબ્બૈક કહ્યું હશે તે પાંચ વખત હજ કરશે. જે લોકો એક વખત પણ લબ્બૈક નહીં કહ્યું હોય તેઓ એક પણ હજ નહીં કરે.

(૨) .....હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જે માણસનું (નામ) હાજીઓના લિસ્ટમાં એ રાતે લખવામાં ન આવ્યું હોય, જે વિશે કુરઆને મજીદની

આયત છે. (સુરએ દોખાન / આયત નં ૪) એ (રાત)માં દરેક હિકમતવાળા કામનો ફેંસલો કરવામાં આવે છે.

એ લોકો હજ નહીં કરી શકે. કેમકે એ રાત્રિમાં દુનિયાની તમામ હિકમત અને મસ્લેહતના આખા વર્ષના નિર્ણય લેવામાં આવે છે. એ રાત માહે મુબારકની તેવીસમી રાત "શબે કદ્ર" છે. એ રાતમાં એ વર્ષમાં હજ માટે જનારા હાજીઓના સમુહની યાદી લખવામાં આવે છે.

રાવીએ પુછયું કે એ વર્ષમાં જેનું નામ નહીં લખવામાં આવે તે હજ નહીં કરી શકે ? ....એવુ કેમ થઈ શકે ?

ઇમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું હું તમારી સાથે ચર્ચા કરવા નથી માંગતો, પણ હકીકત આ જ છે.

## (૩૩૭) વુઝુ અને મસાહ શા માટે ?

(૧) શૈખ સદુક (અ.ર.) ફરમાવે છે કે મને ...તેમણે હઝરત ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી. આપે ફરમાવ્યું એક દિવસ કેટલાક યહુદીઓ હઝરત

રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા. તેઓએ ઘણા સવાલ કર્યા. જેમાંથી એક સવાલ આ પણ હતો કે અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) કહો કે આ શરીરના ચાર અવયવો ઉપર વુઝુ શા માટે કરો છો ? હકીકતમાં આ ચાર અવયવો તો શરીરના બીજા અવયવોથી વધારે પાક અને સાફ રહેતા હોય છે. આપે ફરમાવ્યું જયારે શયતાને હઝરત આદમ (અલય્હિસ્સલામ)ના દિલમાં વસવસો પૈદા કર્યો ત્યારે તેઓ ઝાડની પાસે

ગયા. તે ઝાડ ઉપર નજર કરી ત્યારે તેમના ચહેરાનો પ્રભાવ ચાલ્યો ગયો. પછી ઊભા થઈને એ ઝાડની પાસે ગયા. અલ્લાહની નાફરમાની કરવા માટે હઝરત આદમ (અલય્હિસ્સલામ)નું આ પ્રથમ ડગલુ હતું. ત્યાર પછી હઝરત આદમ (અલય્હિસ્સલામ)એ ઝાડનું ફળ તોડીને ખાધું. એ ફળ ખાવાની સાથે જ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ના શરીર ઉપરથી તમામ વસ્ત્રો (ઊતરીને) પડી ગયા. હઝરત આદમ (અલય્હિસ્સલામ) પોતાનું માથુ પકડીને બેસી ગયા. અને રડવા

લાગ્યા. જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની દુઆ કબૂલ કરી તો તેમની ઉપર અને તેમની ઝુર્રિયત ઉપર શરીરના એ ચાર અવયવોને ધોવા ફર્ઝ કરી દીધા. હઝરત આદમ (અલયહિસ્સલામ)એ ઝાડ તરફ જોયું તેથી મોઢા ધોવાનો હુકમ આપવામાં આવ્યો. તેઓએ ઝાડમાંથી ફળ તોડીને ખાધુ હતુ તેથી હાથને કોણી સુધી ધોવાનો હુકમ આપવામાં આવ્યો. માથાના મસાહનો હુકમ એ માટે આપવામાં આવ્યો કે હઝરત આદમ (અલય્હિસ્સલામ) માથા ઉપર

હાથ રાખીને બેસી ગયા હતા. પગ ઉપર મસાહ કરવાનો હુકમ એ માટે કરવામાં આવ્યો કે તેઓ બંને પગથી ભુલ કરવા માટે ગયા હતા.

(૨) શૈખ સદુકે બયાન કર્યું કે મને.....તેઓએ મોહમ્મદ બિન સનાનથી રિવાયત કરી કે હઝરત અબુલ હસન ઇમામ રઝા (અલય્હિસ્સલામ)એ એક પત્રના જવાબમાં લખ્યું કે વુઝુ માટે મોઢું અને (બંને) હાથ ધોવા અને માથા અને પગના મસાહ ફર્ઝ થવાનું કારણ એ છે કે (નમાઝી) પોતાના

જાહેરી અવયવોને પાક અને સાફ કરીને અલ્લાહ તઆલાની હુઝુરમાં ઊભો રહે તેમજ એ હાલતમાં અલ્લાહ સાથે મુલાકાત કરે. મોઢું ધોવાનું કારણ ખુઝુઅ અને ખુશુઅ માટે છે. બંને હાથ ધોવાનું કારણ બંદો દુનિયા સાથેના સંબંધ કાપીને અલ્લાહ સાથે રગબત (નિકટતા) ચાહે. અલ્લાહનો ખૌફ વ્યકત કરે. માથા અને પગના મસાહ કરવાનું કારણ એ છે કે આ બંને અવયવ જાહેર અને ખુલ્લા રહે છે તેમજ કાયમ બાહ્ય રીતે દેખાય તેવી હાલતમાં રહે છે. મોઢું અને હાથ જે દુનિયા સાથેનો

સંપર્ક કરવા માટે અને ખુઝુઅ વ્યકત કરવા માટે ધોવામાં આવે છે. જયારે માથા અને પગથી જાહેરી રીતે સંપર્ક થતો નથી. (તેથી માથા અને પગના ફકત મસાહ કરવામાં આવે છે.)

*(નોંધ :- બંને મઅસુમ (અલય્હેમુસ્સલામ) ની ઉપરોકત હદીસો અલગ અલગ સંજોગોમાં બયાન કરવામાં આવી છે, તેથી તેમાં વિરોધાભાસ હોવાનું અર્થઘટન કરી શકાય નહીં. - અનુવાદક)*